# શ્રી સંતરામ સ્તોત્રમ

## શ્રી સંતરામ સ્તોત્ર (૧૭) પુષ્પ

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઇ સુતરીયા<br>શ્રીમતી ઉષાબેન આર. સુતરીયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br><br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | કારતક સુદ-૧ સંવત ૨૦૭૭ નૂતન વર્ષ |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |


## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

|| જય મહારાજ ||

# સત્સંગ અનુક્રમણિકા


| સત્સંગ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૦૪ | અપરોક્ષાનુભૂતિ | ૧ |
| ૧૦૫ | અનંતાનંદ જય મહારાજ | ૧૧ |
| ૧૦૬ | સત્યમેવ સંતરામ્ | ૨૦ |
| ૧૦૭ | એવં પરંપરા પ્રાપ્તમ્ | ૩૦ |
| ૧૦૮ | માયા ખલુ નર્તકી બિચારી | ૩૫ |
| ૧૦૯ | શાન્તં મહાભારતમ્ | ૪૬ |
| ૧૧૦ | અમે સુખસાગરમાં જઇ ભળ્યા | ૫૬ |
| ૧૧૧ | યથા નામ તથા ગુણ | ૬૭ |
| ૧૧૨ | આનંદ સ્વરૂપા પરમાત્મા જય મહારાજ | ૭૮ |
| ૧૧૩ | તન-મન એજ સાચું ધન | ૮૮ |
| ૧૧૪ | આત્મવત્ સર્વ ભૂતેષુ | ૯૮ |
| ૧૧૫ | શ્રીપાદ ગંગા ફલક | ૧૧૦ |
| ૧૧૬ | વયં અમૃતસ્ય પુત્રાઃ | ૧૧૮ |
| ૧૧૭ | યોગક્ષેમ વહામ્યહમ્ | ૧૩૦ |
| ૧૧૮ | જીવનમંથન.......અમૃત | ૧૪૨ |
| ૧૧૯ | વો ફરે આપ સમાન | ૧૫૩ |
| ૧૨૦ | તવાસ્મિ તવાસ્મિ, નાથ હું તમારો છું | ૧૬૨ |
| ૧૨૧ | શ્વેતધ્વજં સંતરામમ્ | ૧૭૪ |

## સત્સંગ-૧૦૪

# અપરોક્ષાનુભૂતિ

**''સચ્ચિતજ્ઞાનમનન્તમક્ષરમહદ્દીપ્તિસ્વરૂપં પ્રભુંમ્**
**આનંદમદ્વજમદ્વિતીયમમમિતં શ્રીસંતરામં ગુરુમ્**
**માયાતીતમપારસત્ત્વગુણગં શાન્તં મહાભારતં**
**કૈવલ્યં પ્રણમામ્યહં કવિવરં શ્રીપાદગંગાફલમ્ ।।''**

જય મહારાજ આપ કેવા છો..? અમે કેવી રીતે આપને ઓળખી શકીએ? જય મહારાજને જેમણે સેવ્યા છે એ લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું અને બતાવ્યું કે જય મહારાજનું સ્વરૂપ આ પ્રમાણે છે. જેમણે પ્રત્યક્ષ અનુભવ્યા છે, પ્રત્યક્ષ સેવ્યા છે. આપણે તો જય મહારાજની અપરોક્ષાનુભૂતિ કરીએ છીએ. નથી જોયા કે નથી દેખાતા છતાં પણ છે એવી પ્રતીતિ થાય છે તેને અપરોક્ષાનુભૂતિ કહેવાય છે. આપણે સૌ એ અપરોક્ષની અનુભૂતિ કરી રહ્યા છીએ. જય મહારાજને આપણે જાણી શકીએ છીએ, માણી શકીએ છીએ અને અનુભવી પણ શકીએ છીએ. બસ, આનું જ નામ 'અપરોક્ષાનુભૂતિ'. જોયા નથી પણ છે જ. અપરોક્ષાનુભૂતિનો લક્ષ્મણદાસજી મહારાજ પરિચય આપે છે, કે જય મહારાજનું સ્વરૂપ એટલે....

**"સત્ ચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમહદ્દીપ્તિસ્વરૂપં પ્રભુમ્"**

આપ દેદીપ્યમાન સ્વરૂપ છો, જ્ઞાનસ્વરૂપ છો, સત્-ચિત્-આનંદ સ્વરૂપ છો. જેને સચ્ચિદાનંદ કહેવામાં આવે છે તે.

**"સચ્ચિદાનંદરૂપાય"**

ભાગવતજીના પહેલા શ્લોકની શરૂઆત તો જુઓ, ક્યાંથી કરી?

**"સચ્ચિદાનંદરૂપાય વિશ્વોત્પત્ત્યાદિ હેતવે**

**તાપત્રયંવિનાશાય શ્રીસદ્ ગુરુદેવાય નમઃ"**

ભાગવતજીના ઉપર્યુક્ત મૂળ શ્લોકમાં ગુરુદેવાયની જગ્યાએ ક્રિષ્નામ્ છે. વ્યાસજીએ ભગવાન શ્રીકૃષ્ણ માટે 'સચ્ચિદાનંદરૂપાય' એમ કહ્યું. આવી જ અનુભૂતિ લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજનામાં કરી છે.

**"સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમહદ્દીપ્તિસ્વરૂપં પ્રભુમ્"**

આપ દેદીપ્યમાન સ્વરૂપે શોભી રહ્યા છો, આપ જ્ઞાનસ્વરૂપ તો ખરા જ, પણ સત્યસ્વરૂપ પણ છો. જેને પરમ સત્ય કહેવાય છે તે.

**"સત્યસ્ય સત્યં નિહિતં ગુહાયાં**

**સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ"**

આપણે સૌએ પરમ સત્યને શરણે છીએ. ભાગવતમાં પણ આ સ્તુતિ છે. આપણને પ્રશ્ન થાય કે, 'સત્ય શું છે?' તો આ જગતમાં પરમ સત્ય છે એ જ સત્ય. સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. બાકી ગમે તેટલાં મકાનો ઊભાં કરી તેની ઉપર નામ લખાવી દઇએ, પણ એ બધાં જ એક દિવસ તૂટી જવાનાં. **નામ એનો નાશ.** તમે કોઇ પણ મકાન બંધાવ્યું હોય અને તેની ઉપર નામ લખાવ્યું

હોય એટલે એનો નાશ ચોકકસ છે. જો ન લખાવ્યું હોય તો થોડો સમય વધારે પણ રહે, પણ નામ માત્રનો નાશ નક્કી. પચાસ, પંચોતેર, એંસી વર્ષ કે આખરે સો વર્ષ પછી પણ નામવાળાનો નાશ તો થવાનો જ. કોઇ પણ રહ્યું છે ખરું? જેમ ચોમાસું પુરું થાય અને ફસલ (પાક) તૈયાર થઇ ગયા બાદ ખેડૂતો તેને કાપવા બેસે ત્યારે કેવું તેને બધું જ એક સામટું કાપી નાંખે છે, કેમ? કારણ કે તેનો સમય પૂરો થઇ ગયો. એમ કાળ હોય કે પાક (ઘઉં-બાજરી હોય તો બે-ત્રણ મહિને, કેળ હોય તો ચૌદ મહિને અને શેરડી હોય તો બે વર્ષે એમ) પાંચ-પચાસ વર્ષે કે સો વર્ષે પણ જવાનું તો છે જ. તો સત્ય આખરે છે શું? નામ એનો નાશ. જેટલાં શરીર જન્મે એટલા તેના નામ પાડી દેવામાં આવે છે, જો જન્મ્યાં પછી નામ ન પડ્યું હોય તો તે મરે નહીં, અનામી. જેનું નામ છે તેનો નાશ સુનિશ્ચિત છે. પણ જે સત્ય છે તેનો કયારેય નાશ થતો નથી, તેને પરમ સત્ય કહેવાય છે અને આ પરમ સત્ય પરમાત્મા જ છે, આપણું આત્મતત્ત્વ એ પણ પરમ સત્ય છે. શરીર સત્ય નથી, શરીર તો નાશવંત છે માટે તે સત્ય હોઇ જ ન શકે, પણ આત્મા સત્ય છે, એટલા માટે જ કહ્યું કે

**''સત્યમ્ પરમ્ ધીમહિ''**

જય મહારાજને પણ આપણે 'શ્રી સંતરામ મહારાજ સત્ય છે' એમ જ કહીએ છીએ. પણ એ સત્ય એટલે કયું સત્ય? પરમ સત્ય, જે આદિ છે, પરબ્રહ્મ સ્વરૂપ આત્મા છે, ચૈતન્ય છે એ જ આદ્ય સત્ય, પરમ તત્ત્વ.

**''સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ''**

ઉપર્યુકત દર્શાવિલ શ્લોકમાં જુઓ, ત્યાં પ્રભુ કે ભગવાન શબ્દ નથી વાપર્યો, પણ 'સત્ય' શબ્દ વાપર્યો છે. જય મહારાજનું સ્વરૂપ પરમ સત્ય સ્વરૂપ છે. તેમનો કયારેય પણ નાશ થવાનો

નથી, તેઓ શાશ્વત છે. પરમ સત્ય હંમેશાં શાશ્વત હોય છે જે નાશવંત છે તે સત્ય નથી. તો હવે પ્રશ્ન થાય કે સત્ય કોને કહેવાય? તો જે હંમેશાં (શાશ્વત) રહે તેનું નામ સત્ય. પણ જેમ અંગ્રેજીમાં શબ્દ છે 'Inconsistent' એવું નહીં. એ પ્રવાહ સતત અખંડ રીતે વહ્યા જ કરતો હોય છે. સત્ય એ એક આત્મા છે, પરબ્રહ્મ પરમાત્મા છે એનાથી બીજું કશું પણ સત્ય કે શાશ્વત અમર નથી. **અમરત્વને જ સત્ય કહેવામાં આવે છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણ અપરોક્ષ રીતે સત્ય છે એમ જય મહારાજ પણ અપરોક્ષ રીતે સત્ય છે,** આપણે તેમની અપરોક્ષ રીતે અનુભૂતિ કરવાની છે, તેઓ સમાધિસ્થાનમાં સમાધિસ્થ છે તેવી અપરોક્ષાનુભૂતિ કરવાની છે. આપણે શ્રદ્ધાપૂર્વક ભાવથી જય મહારાજની સેવા-પૂજા-વંદન-ભક્તિ કરીએ છીએ માટે આપણને અનુભૂતિ થાય છે કે, જય મહારાજ તો અહીં બેઠેલા જ છે. તેમણે મને આ શક્તિ આપી, મારું આ કામ પાર પાડ્યું, હું તેમના થકી આટલો બધો સુખી થયો. હવે જય મહારાજને આપણે જોયા તો નથી, પણ અનુભવ્યા તો છે ને? બસ, એ અનુભવયુકત જે સૂક્ષ્મ તત્ત્વ છે, તેનું નામ સત્ય. શરીરનો ઉપયોગ તો આપણે બધાં જ કરીએ છીએ, બધા જ પ્રકારના વ્યવહાર કરીએ છીએ, બધા જ સુખ-દુઃખના અનુભવો કરીએ છીએ. જે સુખ દુઃખ આપણે અનુભવીએ છીએ એ પ્રત્યક્ષ છે, કારણ કે શરીરને આપણે જોઇ શકીએ છીએ, પણ આત્મા એ અપરોક્ષ છે. જેમક કે, કોઇ વ્યક્તિ આપણને કહે કે, 'અમેરિકામાં આ વસ્તુ (જેમ કે, સ્ટેચ્યુ ઓફ લિબર્ટી) આ જગ્યાએ આવેલી છે.' **હવે આ વસ્તુ આપણે તો જોઇ નથી, પણ કોઇક વ્યકિતએ કહ્યું એટલે આપણે તેનો સ્વીકાર કરી લીધો. બસ, આનું જ નામ 'પરોક્ષ' બીજી વ્યક્તિ દ્વારા આપણને જાણ થઇ હોય તેનું નામ પરોક્ષ, પણ જે સર્વોપરી છે તે સ્વયં પરમાત્મા પોતે છે અને એ જ સત્યસ્વરૂપ છે. સત્યને અનુભવવાનું હોય છે,** સત્યનો માત્ર અનુભવ કરવાનો છે

માટે જય મહારાજનું સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે હંમેશાં પ્રસન્ન છે...

**''આનંદમાનંદકરં પ્રસન્નમ્''**

જય મહારાજ પોતે આનંદ સ્વરૂપ છે, ત્યાંથી જ સર્વ પ્રકારના આનંદ ઉદ્ભવે છે. ત્યાં જ સર્વ તીર્થો અને ત્યાં જ હરિદ્વાર. માટે જ તો 'સચ્ચિદાનંદ' કહ્યું અને આગળ જય મહારાજને માટે એમ પણ કહયું કે,

**''દીપ્તિસ્વરુપં પ્રભુમ્''**

જેને સત્યનું જ્ઞાન થયું હોય, જેને આત્માની અનુભૂતિ થઇ હોય તેવું જ્ઞાન જેની પાસે છે. એ અક્ષર કે જેનો કયારેય નાશ થતો નથી. જેમ કે, ભગવાન..., આત્મા... કે જેનો કયારેય નાશ થતો નથી એટલા માટે જ તેમને 'અક્ષર' કહ્યા. જય મહારાજને દર્શનમાં જ્ઞાન સ્વરૂપ કહ્યા. જય મહારાજ તો સચ્ચિદાનંદ સ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ છે તેની સાથે એમ પણ કહ્યું કે,

**''દીપ્તિસ્વરૂપમ્''**

તેઓ ખૂબ જ જાજ્વલ્યમાન છે, ખૂબ જ તેજ ધરાવનાર પ્રકાશમાન છે. આપનું સ્વરૂપ સત્-ચિત્ અને આનંદથી તેમજ જ્ઞાનથી શોભી ઉઠે છે. જયારે માણસ આનંદથી પ્રફુલિત થયો હોય ત્યારે કેવો સરસ લાગે? કેવો શોભી ઊઠે છે? જયારે અહીં તો આત્માનો આનંદ છે. આત્માની અનુભૂતિ મેળવેલી છે, એટલે એ આનંદ કેવો હોય ? એ આનદનું સ્વરૂપ આપણા જય મહારાજ પોતે જ છે.

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમહદ્દીપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

અહીં આપણને જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં કે જુઓ, આ જય મહારાજનું સ્વરૂપ છે.

**''જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તમ્''**

જેમણે આત્માનુભૂતિ કરી લીધી છે, આત્માનો અનુભવ કરી લીધો છે તેનું નામ છે 'નિજબોધ'. જેની પાસે નિજબોધ સ્વરૂપે આટલી મોટી સંપન્નતા છે, ચિત્તની શાંતિ છે, જેમણે સત્યનો આનંદ મેળવ્યો છે એમણે પોતાના ચિત્તમાં પણ એ આનંદની અનુભૂતિ સદાયને માટે કરેલી છે. જય મહારાજ આપ સત્-ચિત્-આનંદ સ્વરૂપ અમારા માટે પ્રત્યક્ષ છો. આપ દેખાતા નથી છતાંય અમારા જીવનની સાથે વણાયેલા છો, અમને આપનો અપરોક્ષ અનુભવ થઇ રહ્યો છે. જય મહારાજના નિત્ય દર્શન કરીએ, તેમની સેવી કરીએ એટલે એમાંથી આપણને જે આનંદ મળે, શાંતિ મળે, ભક્તિ મળે એ જ જય મહારાજના સ્વરૂપની અપરોક્ષાનુભૂતિ.

**''દીપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

જય મહારાજ આપ ખૂબ જ દેદીપ્યમાન છો. આપનું જ્ઞાન સ્વરૂપ, આનંદસ્વરૂપ અને સત્યસ્વરૂપ ચિત્ત દ્વારા અનુભવાઇ રહ્યું છે. આટલા સુંદર ભાવ વડે ચિત્ત પણ સત્યસ્વરૂપ બની જાય છે.

**''આનંદમ્ હ્યજમાદ્વિતીયમ્''**

હે જય મહારાજ, આપ તો અદ્વિતીય આનંદની અનુભૂતિ કરવાવાળા છો, એવો આનંદ કે તેના જેવો બીજો કોઇ આનંદ હોઈ જ ન શકે. જય મહારાજના સૂક્ષ્મ સ્વરૂપને પામવું થોડુંક અઘરું છે, પણ હા જો સમજાય તો સહેલું જ છે. જય મહારાજના સ્વરૂપને સમજીએ તો ખૂબ જ સરસ છે, પણ આપ કોણ છો?

**''અક્ષરાતીત અલખ હરિ આપ અખંડ અવિનાશ''**

હે જય મહારાજ! આપ અખંડ, અવિનાશી અને અકળ છો. જેને કળી ન શકાય તેવું ગહન કે ગૂઢ છો, જેને સમજાવી પણ

ન શકાય તેને અકળ કહેવામાં આવે છે માટે આવું આપનું સ્વરૂપ છે.

પરમ પુરુષ પરમાત્માની એ અનુભૂતિ જે જે સંતો-મહાપુરુષોને તેમજ સાધકોને પ્રાપ્ત થઇ તે સૌએ જય મહારાજને ઓળખ્યા, જય મહારાજના સ્વરૂપનાં દર્શન કર્યાં અને તેમની અનુભૂતિ પ્રમાણે જય મહારાજને પ્રાર્થના કરી. પ્રાર્થના એ જય મહારાજનું શબ્દસ્વરૂપ છે અને તેના થકી જ જય મહારાજ સુધી પહોંચી શકાય છે, તેમને પામી શકાય છે. તેમને પામવા માટે સત્ ચિત્ અને આનંદની ઉપાસના કરવી પડે. સત્યની ઉપાસના કરવી પડે, ચિત્ત વડે આનંદની અનુભૂતિ કરવી પડે. આ સત્-ચિત્-આનંદ સ્વરૂપ એટલે સ્વયં પરમાત્મા પોતે જ છે.

**''જેને નામ રૂપ આકાર નથી''**

છતાં પણ,

**''કો સંતે કહાડ્યો સભર મથી''**

કોઈક સંતે આ સંસાર સાગરનું મંથન કરીને કહ્યું કે, આત્માની અને સત્યની અનુભૂતિ આના વળે જ કરવાની છે, માટે આનંદનું સ્વરૂપ શાશ્વત છે.

**''અજમ્ અદ્વિતીયમ્''**

અન્ય કયાંયથી ન મળે તેવું આ આનંદનું સ્વરૂપ જય મહારાજનું છે. એ આનંદના સ્વરૂપમાં જે સમાઇ ગયો તે આનંદનું સ્વરૂપ થઇ જાય છે. એટલે સુધી કહ્યું કે, જય મહારાજના ચરણોને જે ભજે છે,

**''શ્રીપાદગંગાફલમ્''**

જય મહારાજના શ્રી ચરણોની સેવા ગંગાના સ્નાનનું ફળ

આપનારી છે. કેવી પવિત્રતા હશે? કેવો ત્યાગ, કેવું જ્ઞાન કે લક્ષ્મણદાસજી મહારાજને સાક્ષાત્ ગંગાજીની અનુભૂતિ જય મહારાજના ચરણોમાં થઇ....

**''ગુરુનું પ્રેમે ચરણોદક પીધું ।। જાણે તેણે ત્રિલોકનું તીરથ કીધું''**

જેણે ત્રણેય લોકનાં તીર્થ કરી લીધાં તેમનો ગુરુ મહિમા કેટલો બધો મહાન અને ગહન છે! આપણા વેદોમાં જેને 'સત્ ચિત્ આનંદ' કહ્યું, તે આનંદનું સાક્ષાત સ્વરૂપ એટલે જય મહારાજનું સ્વરૂપ. તેને ઉપાસના વડે પામવાનું છે. જે કંઇ સેવા-ભકિત કે ઉપાસના થાય તે કરવાની છે. જય મહારાજના ચરણોમાં જે ગંગાજી વહી રહ્યા છે તે ગંગાજી આપણને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાની છે.

**''શ્રીપાદગંગાફલમ્''**

જય મહારાજના શ્રી ચરણોનું દર્શન એટલે ગંગાજીનું દર્શન. જેમા ગંગાજીના દર્શન કરતાં જે કંઇ ફળ પુણ્ય પ્રાપ્ત થાય, તે બધાં જ ફળ પ્રાપ્ત કરાવનાર જય મહારાજના શ્રી ચરણ છે. જુઓ તો, લક્ષ્મણદાસજી મહારાજે આપણને એમ કહી દીધું કે, ''ગંગાજીના દર્શન કરવા હરિદ્વાર જવાની જરૂર નથી, જય મહારાજના શ્રી ચરણોમાં જ ગંગાજી રહેલા છે.''

**''શ્રીપાદગંગાફલમ્''**

જુઓ તો કેટલો સરસ છે ભાવ છે, એટલા માટે જ તો આગળ કહ્યું કે,

**'કૈવલ્યં પ્રણમામ્યહમ્''**

હું તેમને વંદન કરું છું,

**''પ્રણમામ્યહમ્''**

આપ કોણ છો? કવિ છો. સૌ પહેલાં 'બ્રહ્મપદ'ને કવિ કહેવામાં આવતું હતું. ત્યારબાદ 'બ્રહ્મા'ને કવિ કહેવાયા. પછી તો મહર્ષિ વ્યાસ અને વાલ્મીકીજીને પણ કવિ કહેવામાં આવતા. એમ ધીરે ધીરે કવિનું સ્થાન નીચે ઊતરતું ગયું. આજે તો ચાર લીટી લખી દે એટલે તેના નામની આગળ કવિ લાગી જાય છે, પણ અહીં પરબ્રહ્મ સ્વરૂપ કવિ એમ સંબોધન કર્યું છે.

**''કવિવરમ્''**

હે જય મહારાજ! આપ પરબ્રહ્મ સ્વરૂપ પરમ શ્રેષ્ઠ છો.

**''કવિવરમ્કૈવલ્યમ્''**

જેની પાસે માત્રને માત્ર પોતાનું આત્મસ્વરૂપ જ છે, તેના સિવાય બીજું કંઇ જ નહીં. અરે, શરીર પણ નહીં. હવે આવી પરિસ્થિતિ જેની હોય તેને **કૈવલ્ય** કહેવાય. માત્ર એક જ, અન્ય કંઇ જ વસ્તુ છે જ નહીં. આ કૈવલ્ય આપણને અદ્વૈત સુધી લઇ જાય છે. 'માત્ર એક જ' કે જેને કૈવલ્ય કહ્યું. કેવળ બ્રહ્મ કે તેના સિવાય આ સૃષ્ટિમાં બીજું કંઇ જ નથી. જે કંઇ પણ જડ-ચેતન છે તે બધામાં એ જ પરમ કૈવલ્ય બેઠેલું છે. જય મહારાજને માટે કરવામાં આવેલ સંબોધનમાં પણ એ 'કૈવલ્ય' જ છે. 'ગંગાફલમ્' પણ કહ્યું છે કે, ગંગાજીનું ફળ આપના શ્રી ચરણોમાંથી મળી રહે છે પછી બીજે દૂર ક્યાં જવાની જરૂર છે?

**'કૈવલ્યં પ્રણમામ્યહમ્''**

હું એ પરમપદને વંદન કરું છું. એ શ્રી ચરણો જ પરમપદ આપવાવાળા છે, તેના સિવાય બીજે કયાંય એ પરમપદ પ્રાપ્ત નહીં થઇ શકે, માટે ગુરુ મહારાજના શ્રી ચરણ પકડો, તેમને શરણે જાવ. એ જ સાચું કૈવલ્ય આપશે. એટલા માટે જ તો કહ્યું છે કે,

ગુરુ મહારાજના ચરણોનો આશ્રય આપણા સૌ માટે બ્રહ્મતત્ત્વ સમાન છે. અરે, સ્વર્ગથી પણ વિશેષ છે. તો આવા અનેક ભાવ સાથે જય મહારાજના એ સ્વરૂપને લક્ષ્મણદાસજી મહારાજ પામ્યા અને તેમના સાનિધ્યમાં જે-જે અનુભવ થયાં, જેવા- જેવાં દર્શન કર્યાં, એ બધું જ આપણી પાસે મૂકી દીધું છે. તમારે જય મહારાજને સમજવા હોય, અનુભવવા હોય, દર્શન કરવાં હોય તો તમારી પાસે આ સ્તુતિ છે,

સમજણપૂર્વક રોજ નિત્યનિયમથી સ્તુતિ કરજો. જય મહારાજના જરૂર દર્શન થશે, પણ ઝડપથી પાઠ બોલી ગયા એમ નહીં. બિલકુલ શાંતિથી પાઠ કરો, ભલે અડધો કલાક થાય. દસ માળાની બદલે એક માળા કરો, પણ બિલકુલ શાંતિથી... "**ૐ શ્રી સંતરામ સદ્‌ગુરુ શરણં મમ... ૐ શ્રી સંતરામ સદ્‌ગુરુ શરણં મમ**..." એટલે મંત્ર જાપ એક સામટા બહુ બધા કરી દઉં એમ નહીં, **મંત્ર જાપ ઝડપથી કરશો તો એ માત્ર ક્રિયા થઇ જશે.** ત્યાં અનુભવ મળતો નથી, માત્ર ક્રિયા રહી જાય છે. આટલા વાગ્યા છે અને હજી માળા પૂરી નથી થઇ એમ નહીં. **ભગવાનના નામ-જપ શાંતિ તથા એકાગ્રતા મેળવવા માટે કરીએ છીએ,** જયારે આપણે માળા લઇને બેસીએ છીએ ત્યારે એકાગ્રતા, શાંતિ આ બધું તો ક્યાંય રહી ગયું... પણ અરે, સાડા આઠ થઇ ગયા! હજી તો માળા બાકી છે, શું થશે? **જે પણ કાંઇ કરો તે પ્રેમથી કરો, સદ્‌ભાવપૂર્વક કરો, પ્રભુને રાજી કરવા માટે કરો. આપણને પોતાને સંતોષ થાય કે, હાશ...**! જલ્દી જલ્દી મંત્ર જપાય નહીં. ધીરેથી શાંતિથી જ મંત્ર જાપ થાય. પછી જુઓ કેટલી શાંતિ મળે છે? એમાં આનંદ આવશે. ભગવાનનું નામ આનંદ માટે છે, નામ-સ્મરણ પણ આનંદના ગુણધર્મોવાળું છે. હંમેશાં ભજન કરીએ ત્યારે શ્રદ્ધાપૂર્વક શાંતિથી કરીએ.

## સત્સંગ–૧૦૫

# અનંતાનંદ જય મહારાજ

પરબ્રહ્મ સ્વરૂપ જય મહારાજ, જેમના સ્વરૂપનાં દર્શન આપણને પ્રાપ્ત થાય છે, તે સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન કેવું છે?

**''અનંતમ્''**

**એનો અંત નથી, સત્યનો કલ્યાણનો, સત્યના સુખનો કયારેય અંત આવતો નથી. સત્ય એ સત્ય છે, પરમ સત્ય છે, એ સત્યમાંથી જે જ્ઞાન થાય એ જ્ઞાન દ્વારા જે સુખ પ્રાપ્ત થાયઃ એનો કયારેય અંત આવતો નથી.**

**''અનંતંસચ્ચિત જ્ઞાનમ્''**

સત્ અને ચિત્તનું જ્ઞાન. સત્ એટલે આત્મા, જે પરબ્રહ્મ છે એ. પરબ્રહ્મનું જ્ઞાન જેને સત્ય સ્વરૂપે થઇ ગયું, એના જીવનમાં એટલો અનંતાનંદ, એટલું અનંત સુખ હોય છે એની કોઇ સીમા હોતી નથી, તાત્પર્ય એટલું જ કે જીવનમાં કયારેય પણ આનંદ કે સુખ ખૂટે જ નહીં. વ્યવહારિક આ જીવનના દુન્યવી સુખ કયાં ખૂટી ગયાં, ક્યાં ખોવાઇ ગયાં એ જ માણસને ખબર પડતી નથી, હાય હાય મારું સુખ ક્યાં ગયું, અમે તો દુઃખી થઇ ગયા, પણ સત્

ચિત્‌નું જે જ્ઞાન છે, સત્યનું જ્ઞાન અને ચિત્‌નું જે જ્ઞાન છે તે અનંત છે.

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમ્''**

**જેનો અંત આવે એ તો મરણધર્મા છે, પણ જે અંતરહિત છે, અંત સાથે જેને કોઇ સંબંધ જ નથી, શાશ્વત અવ્યય જેને કહેવાય, કયારેય પણ ખૂટે જ નહીં. તો પરબ્રહ્મ સ્વરૂપ એ જય મહારાજ સુખનું જ સ્વરૂપ છે, એટલા માટે તો સુખસાગર કહ્યા છે. જયાં સુખસાગર અનંત છે, અગાધ છે, ત્યાં આગળ કોઇ ક્ષતિ કે નુકશાન કે ખોટ છે જ નહીં, અનંત. કેટલો સરસ અર્થ સમજાવ્યો છે? અનંત, બસ જોવાનું જ નહીં. આયુષ્યનો અંત આવે, સુખનો અંત આવે, વૈભવનો અંત આવે, આ શરીરનો પણ અંત આવી જાય, પણ સત્ ચિત્ સ્વરૂપ છે, સુખ છે, જે આનંદ છે, એનો કયારેય પણ નાશ થતો જ નથી.**

**''ન અંતઃ ઇતિ અનંતઃ''**

કે જેનું સ્વરૂપ જ એવું છે, જે તે સ્વરૂપની સાથે સતત બન્યું રહે એને દુઃખ જોવાનો વારો જ ન આવે, એ માણસના જીવનમાં કલેશ હોય જ નહીં, બસ હંમેશાં આનંદ આનંદ આનંદ.

**''કહે વીરો આનંદ ભરપૂર છે''**

જેણે સ્વરૂપનું દર્શન કર્યું, સ્વરૂપનું જ્ઞાન મેળવ્યું, એના માટે વીરા જેવો, વીરો ભગત ગાય ભેંસ ચરાવતો હતો, વીરો ગામડાનો, એવા કાંઇ શાસ્ત્રો ભણ્યા નહોતા છતાં પણ વીરા ભગત કહે છે કે,

**''કહે વીરો આનંદ ભરપૂર છે''**

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમ્''**

ભરપૂર,

**''સત્ ચિત્ સુખ ધામાં શ્રી સંતરામા , પૂરણ કામા આપ હરે''**

પૂર્ણકામ છે. સત્ ચિત્‌નું જ્ઞાન પણ અનંત છે. બધા જ મહાપુરુષોએ, બધા જ સંતોએ ગાયું અને બતાવ્યું પણ ખરું, કે આ સાંસારિક સુખો, આ દુન્યવી સુખો ગમે એટલાં સાચવશો, તો પણ એ હાથમાં રહેવાનાં નથી, વધતાં-ઓછાં પણ થવાનાં, ખૂટવાનાં પણ ખરા. જય મહારાજની સ્તુતિ કરતાં સ્વામી જાનકીદાસજી મહારાજ બોલ્યા છે, સમાધિ મંદિરમાં છેલ્લે છે ને, એમને સ્વરૂપના દર્શન થયાં છે.

**''સત ચિત સુખધામા શ્રી સંતરામા''**

જય મહારાજ આપ તો સત્ ચિત્ આનંદનું પરમધામ છો, સામાન્ય નહીં ચિત્તનું સુખ અને આનંદ, સત્યનો આનંદ સત્યનું સુખ, પણ સત્ય શું? આત્મા, એટલે આત્મસુખનો જે આનંદ છે એ અપાર છે. આત્મસુખ એ આપણું પોતાનું છે, પરાયું નથી, ઉછીનું નથી, એટલે એની ઉપર આપણો પૂરેપૂરો હક છે. કોઇ અપેક્ષિત સુખ નથી, વાસ્તવિક સુખ છે, અપેક્ષિત સુખ એટલે કોઇની પાસેથી મેળવવાની ઇચ્છા રાખવી, અપેક્ષિત સુખ કેટલાં પૂરેપૂરાં મળવાના? અધૂરાં જ મળવાનાં, પણ સત્ ચિત્ આનંદનું જે સુખ છે, એમાં કોઇ ઘટાડો નહીં કોઇ વધારો નહીં, અને એ સુખ જેટલું તમારી પાસે છે એ તમારું જ છે. એમાં તમારે વધારે પણ આપી દેવાનું નથી અને ઓછું લઇ લેવાનું નથી, એમાં જે તમારું છે એટલો આનંદ, જેટલું સુખ મેળવવું હોય એટલું બધું જ તમે મેળવી શકો છો.

**''પૂરણકામ''**

જય મહારાજનું સ્વરૂપ પૂર્ણ છે,

**''તમે પૂર્ણ બ્રહ્મ અવિનાશી''**

કેટલાં સંબોધન કર્યાં છે જય મહારાજના ભકતોએ સ્તુતિ કરતાં કરતાં, કે આપ તો પૂર્ણબ્રહ્મ છો અને અવિનાશી છો. આટલાં વર્ષો ગયાં, ભલે બધા જ સંતો બદલાયા હશે, પણ જય મહારાજ તો એકના એક જ છે ને? અનંત પૂર્ણ પરબ્રહ્મ, એ શાશ્વત છે, એનો નાશ થતો નથી, એમ જય મહારાજનું આ સ્વરૂપ પણ શાશ્વત છે, પૂર્ણ છે, અને એ સત્ય સ્વરૂપ પરમાત્મા ભાવથી, બ્રહ્મભાવથી પોતાનું આત્માનું અનુસંધાન કરીને બેઠા છે, એ જ્ઞાન કેવું હશે? એમના સ્વરૂપના કેવાં દર્શન કર્યાં હશે આ સંતોએ?

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમ્''**

કેવી અનુભૂતિ કરી હશે, કે જય મહારાજનું સાનિધ્ય અચલ સુખ છે. જય મહારાજનું શરણ, એમનું દર્શન, એમની સેવા, એ અવ્યય સુખ, જે ગમે તેટલું વાપર્યા કરો, ગમે તેટલું આપ્યા કરો, ખૂટે જ નહીં, ખૂટે જ નહીં. જેમ અગાધ સાગર છે, જય મહારાજ સુખસાગર છે. એક વરસાદમાં વધારે પાણી આવે તો કેટલી બધી રેલમછેલ, અને કેટલાય માણસો મરી જાય સંસારમાં. સાગરમાં આટલું બધું પાણી છે, અને એ પાણી વાદળ દ્વારા સમુદ્રમાંથી ઊઠે છે, કોઇ દિવસ આ સમુદ્રમાંથી પાણી ખૂટયું ખરું? ઓછું થયું ખરું? અને એ ગમે તેટલો વરસાદ આવે, આપણે બધા કરીએ કે ઓહો બહુ વરસાદ થઇ ગયો, રેલ આવી ગઇ, તણાઇ ગયું બધું, બૂમો પાડીએ, હવે સમુદ્ર તો અનંત છે અવ્યય છે, સમુદ્ર માટે તો પાણી કયારેય પણ ખુટતું નથી, ને વાદળ પણ પાણી સ્વરૂપ છે, વરસાદ પણ પાણી સ્વરૂપ છે આપણા શરીરમાં પણ લગભગ પોણા ભાગનું પાણી જ છે, આ બધું વહેતું ફરતું

ઢોળાતું અંતે સમુદ્રમાંથી જ એ લેવાતું હોય, છતાં પણ સમુદ્ર અચલ અવ્યય છે, એમ બ્રહ્મસ્વરૂપ પણ અવ્યય છે અચલ છે, સાહજિક સ્વરૂપે દુનિયાના વ્યવહારમાં વિચરતા હોય, એમ ને એમ જ બેઠેલા હોય છે. ગમે તેટલા વર્ષો સુખપૂર્વક આ ધરાતલ પર બિરાજ્યા હોય પણ, મહાપુરુષો  આનદમાં જ હોય, એમનું સુખ કયારેય ખૂટે જ નહીં. કેવો ભંડાર ભરેલો હશે કે અનંત કહી દીધું. આ સુખ? ઘરનાં સુખ, એટલે અનંત સુખ કયાં છે? ચાલો સચ્ચિત્ જ્ઞાન સુખ પાસે જઇએ, સત્ ચિત્ એટલે જે ભગવત સ્વરૂપ છે, દિવ્ય વિભૂતિઓ છે, એ મહાપુરુષો એ સત ચિત સુખ છે, કારણ કે એમણે એનો પોતાના જીવનમાં આવિર્ભાવ કરી લીધો છે, સત્ ચિત્ સુખનો, પરબ્રહ્મનો. દુનિયાના અનેક વ્યવહારના તાપથી દુઃખથી ઘરાયેલો માણસ, જયારે એ વિભૂતિઓના સાનિધ્યમાં જાય, એવા મહાપુરુષોના સાનિધ્યમાં બેસે, એમના શરણમાં શાંતિ છે, એટલો બધો આનંદ મળે છે, કેવો સુખનો અનુભવ થાય છે.

**''દુઃખદ્નોઃ યત્ર વાતિ પ્રણતજનમનોઃ અલ્હાદકારી ચ વાયુઃ''**

આવો પરમ આનંદ આપનારો આલ્હાદકારી વાયુ છે, અને પાછું કહી દીધું,

**''યં પ્રાપ્યાહં વિમૂઢો''**

મને પ્રાપ્ત થયું? ક્યાં? જય મહારાજના સાનિધ્યમાં, કયું સુખ?

**''યં પ્રાપ્યાહં વિમૂઢો વિગતભવભયો''**

જન્મ મરણનો ભય પણ ન રહ્યો, એ સુખ કહ્યું,

**''લ્હાદકારીચ વાયુ''**

પરમાનંદકારી જેને કહેવાય કે આલ્હાદકતા, આશ્ચર્ય, આનંદ, આશ્ચર્ય કયારે થાય? જેને કયારેય જોયું ન હોય અને સામે આવીને ઊભું રહે, હેં! દસ પાંચ ગ્રામની વીટીંઓ પહેરી હોય અને કોઇક સામે એક કિલો મૂકી દે, ઓહો આટલું બધું? એમ સત્ ચિત્ સુખ પણ. ઘરમાં તો એ શોધવું પડે, ઘરના સુખ કેટલાં?

**''સંસરીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું''**

એ સાચું તો નહીં જ, ઝાંઝવાનાં નીર જેવું, સાચું લાવવું કયાંથી? બગસરાનું જ લાવવું પડે પણ આ તો અનંત સુખના ધામ છે, કે જય મહારાજના સાનિધ્યમાં આવી બેઠા ને તો

**''લ્હાદકારીચ વાયુ''**

અને પાછું

**''યંપ્રાપ્યાહં''**

એને હું પ્રાપ્ત કરી શક્યો જય મહારાજનું જે સાંનિધ્ય છે એ જ આલ્હાદકારી છે, એ જ સુખદાયક છે. બેસો ને અહીં, ઘર તો છે જ ને, લખેલું જ છે ને, ઘર કયાં જતુ રહેવાનું છે, બેસો શાંતિથી મંદિરમાં આવ્યા છીએ તે, ઘરે જઇને લમણાં તો લેવાનાં જ છે ને, પછી તો અલ્હાદકારી વાયુ પ્રાપ્ત થાય એમના સાનિધ્યમાં, કેમ કે પોતે અનંત ભંડાર પોતે સ્વયં છે.

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમ્''**

પોતે અનંત સુખના ભંડાર છે, એ પોતે જ છે કે સુખ ખૂટે જ નહીં, એ સુખ એમના સાનિધ્યમાં જયારે અહીંયા મળે અને અહીંથી હાશકારો મેળવી અને ઘરે જઇએ, મંદિર ગયા હતા ત્યાં બહુ જ શાંતિ મળી હોં, કાંઇક ઊર્જા મેળવીને આવ્યા, જેને કહીએ

કે ચાર્જ થઈને, ઘરની અશાંતિ થોડો સમય તો દૂર રહે મનમાંથી. ખૂબ આનંદ આવ્યો, શાંતિથી બેઠા હતા, મન પ્રસન્ન થઇ ગયું, કેટલો સરસ આનંદ આવતો હતો? જ્યાં સુધી મંદિરમાં બેઠા છીએ ત્યાં સુધી આનંદ તો ખરાને? જય મહારાજના શરણે જય મહારાજના સાનિધ્યમાં બેઠાં હોઇએ, અને પોતે તો સચ્ચિત્ સ્વરૂપ, બ્રહ્મનું સ્વરૂપ, અનંત સ્વરૂપ છે, અને એમના અલ્હાદકારી વાયુના સ્પંદનોથી પણ આપણને,

**"વિગતભવભયો"**

સંસારના બધા જ ભય, મંદિરમાં જય મહારાજના સાનિધ્યમાં બેસાતાંની સાથે જ બળી જાય, શાંત થઇ જાય, અને

**"લ્હાદકારી ચ વાયુઃ યં પ્રાપ્યાહં વિગતભવભયો"**

આગળ શું મળ્યું?

**"જાતસચ્ચિત્ સ્વરૂપઃ"**

સત્ ચિત્ સ્વરૂપ પોતે જ થઇ ગયો.

**"ખોળી જોતા તું જ ખોવાયો બીજો નથી બોલતો"**

પોતે જ સચિત સ્વરૂપ થઇ ગયો.

**"સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમહદ્દીપ્તિ સ્વરૂપમ્"**

અનંત જ્ઞાન છે. ફકત જ્ઞાન જ છે બીજું કશું પણ નથી. તો આવા આનંદ જ્ઞાન સ્વરૂપ પરમ પરમાત્મા જય મહારાજનું સાંનિધ્ય આપણા સૌના જીવનમાં પોષણ આપવાનું છે, જય મહારાજનું સાહિત્ય જ આપણને પોષણ આપે છે. એમનું દર્શન, એમનું સાંનિધ્ય, તેમના વિચારો, એ સ્પંદનો આપણને પોષણ આપે છે. જેમ હવામાં વાયુ આપણો શ્વાસોશ્વાસ એ આપણને

પોષણ આપે છે, એમ જય મહારાજના સાનિધ્યનો અલ્હાદકારી વાયુ જ છે, એના સ્પંદનો, આપણા મનને, તનને, શાંતિને, સંયમ અને સદાચારને પોષણ આપે છે. કોઇક દુરાચારી જગ્યાએ જઇ ને ઊભા રહો, તો એ બધા જ ખલાસ થઇ જાય અને દુરાચારને જ પોષણ મળ્યા કરે પછીથી, સદાચારનું પોષણ જોઇતું હોય, અલ્હાદકારી વાયુ જોઇતો હોય પ્રસન્નતાનો, તો જય મહારાજનું સાનિધ્ય એ જ આપણા માટે સુખદાયી છે, આનંદદાયી છે. જય મહારાજના આનંદ સ્વરૂપ છે, અને પાછા અનંત પણ છે. કોણ માણસ એવો છે કે કાયમી સુખ ન ઇચ્છે? જેને ઉપનિષદની ભાષામાં કહીએ તો આત્યંતિક સુખની પ્રાપ્તિ અને આત્યંતિક દુઃખની નિવૃત્તિ. દુઃખ કોઇ નહિ ઇચ્છે, ભગવાને કહ્યું કે માંગ માંગ, તો કહ્યું કે ભગવાન દુઃખ જ આપો, કુંતા માતાએ પણ દુઃખ જ માગ્યું હતું ને.

પ્રભુ, જ્યાં વિપત્તિઓની શાશ્વતતા છે ત્યાં જ તમે છો, જયાં સુખ છે ત્યાં તમે નથી, **સુખે સાંભળે સોની દુખે સાંભરે રામ.** અનંત સુખનો ભંડાર જય મહારાજ, જય મહારાજનું સ્વરૂપ આપણે સહુને મળ્યું છે, સહજ મળ્યું છે, એને રોળી ના નાખશો. જયાં ભજનમાં બેસીએ ત્યારે મનને ખાસ ટકોર કરીએ કે જો મન અત્યારનો આ જે સમય છે, તે માત્ર ધ્યાન ભજન એકાગ્રતાનો જ છે, જય મહારાજના સાનિધ્યમાં બીજું કશું પણ કામ કરીશ નહીં, બીજી કોઇ પણ પ્રવૃત્તિ કરવાની નહીં, આમાં જ સાથ આપ. મન જો સહેજ આઘું પાછું થયું, તો એ સમયનો દુર્વ્યય થયો, એટલો સમય બગાડ્યો. માળા લઇને બેસીએ અને મન બીજે ભટકવા જાય, એટલો સમય બગાડ્યો, પણ ધ્યાન સમયમાં એકાગ્ર રહીએ મનને સાચવીને કહીએ, કે જો ડાહ્યું થઇ જજે, તોફાન કરીશ નહીં,

બેસ જય મહારાજની જોડે, બેસ અત્યારે હું પણ બેસું છું, એમ ધ્યાનમાં એકાગ્રતાથી મનને સતત પોતાની સાથે બેસાડી રાખવાનું, બીજે ક્યાંય પણ નહીં જવા દેવાનું, જેટલો સમય મન આઘું પાછું થયું, એટલો જ આપણો ત્યાં ના સમયનો એણે દુવ્યર્ય કર્યો. ભજનના સમયમાં મન જયારે બીજા વિચારો કરવા જાય ને, ત્યારે સમજવાનું કે મારો આટલો સમય બરબાદ થયો. ઉઠ્યો હતો વહેલો સાધન ભજન કરવા, ધ્યાનમાં બેસવા, અને આ મને મારો સમય બરબાદ કર્યો, એને સમજાવીને બેસાડી દો.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૦૬

# સત્યમેવ સંતરામ્

જય મહારાજનું સદ્ગુરુ સ્વરૂપ આપણને સદ્ગુરુ ભગવાનના ભાવથી દર્શન આપે છે. સત ચિત્ત આનંદ, સત્યમાં જ આનંદ રહેલો છે. જે દિવ્ય આત્માઓ વિભૂતિઓ પોતના જીવનમાં સાધન ભજન દ્વારા સંયમ સદાચાર જેટલા કેળવે છે, એટલા જ એ સત્ય સ્વરૂપ બનતા હોય છે. અને સત્ય સ્વરૂપ એટલે પરમ સત્યનું સ્વરૂપ. મહાપુરુષો પોતના જપ-તપથી, પોતાના સાધન ભજનથી સત્યને પ્રાપ્ત કરે છે. સંતો પણ કંઇકને કંઇક સત્કાર્ય કરીને, નિસ્વાર્થ કાર્ય કરીને માત્ર સત્યની જ આરાધના કરતા હોય છે. મહાપુરુષોને કશાયની આવશ્યકતા હોતી નથી, બધું જ ત્યાગ કરીને બેઠા હોય છે, એ ત્યાગમાં જે સાચું સમર્પણ છે એના દ્વારા, એ સાચા ત્યાગમાં, સાચા સમર્પણમાં પણ પરમ સત્યની પ્રાપ્તિ થાય છે. મહાપુરુષો જે રીતે સાધન ભજન કરતા હોય છે, અને એમાંથી એમને જે શાંતિ મળે છે, તેમના જીવનનું આચરણ સત્ય હોય, એમનો જીવન વ્યવહાર સત્ય હોય, અને એ બધાની ઉપાસના વડે માત્ર સંકલ્પ સત્ય એક જ, કે પોતે જ સત્ય સ્વરૂપ છે.

**''સત્યસ્વરૂપં અચલં કરુણાનિધાનમ્''**

પરમ સત્યનું સ્વરૂપ આપ પોતે જ છો, અને સત્ ચિત્ આનંદ આપ આનંદસ્વરૂપ છો. જયાં પરમ સત્ય સ્થાપિત થયેલું હોય, અનુભવાયું હોય, ત્યાં માત્ર આત્માનો જ આનંદ, ઉપનિષદના ઋષિઓ કહે, કે આત્મા તો આનંદસ્વરૂપ છે! સત્યને સમજીએ અને સત્ય આનંદ દ્વારા જ સત્ ચિત્ આનંદ સ્વરૂપ આગળ વધી શકાય છે. જુઓ એ જ્ઞાન અનંત છે, એ જ્ઞાન શાશ્વત છે, અનંત એટલે એનો કયારેય અંત ન હોય. જ્ઞાનનું કયારેય મૃત્યુ ન હોય, જ્ઞાન સદાય જાગ્રત રહે છે, જ્ઞાન સદાય અવિનાશી છે. પરમ જ્ઞાન એ અવ્યય છે એ કયારેય ખૂટતું નથી. જય મહારાજના સ્વરૂપને અનંત કહ્યું, જય મહારાજનું સ્વરૂપ પણ જ્ઞાન સ્વરૂપ છે, એ પણ અનંત છે.

**''કેવલં જ્ઞાનમૂર્તિમ્''**

આપ તો માત્ર જ્ઞાન સ્વરૂપ છો, આપનું બીજું કોઇ સ્વરૂપ નથી, બીજો કોઇ આકાર નથી, માત્ર જ્ઞાન. અને અનંત જ્ઞાન એટલે? પરબ્રહ્મ પરમાત્મા એ સ્વયં અનંત જ્ઞાન છે, કયારે પણ એ સત્ય દુઃખી થાય જ નહીં, ભલે દુનિયાની દૃષ્ટિએ દુઃખી દેખાતો હોય, પણ એનું અંતઃકરણ એટલું શુદ્ધ હોય, તે સત્યની સાથે રમ્યા કરતું હોય. **સત્ય એટલે કયારેય પણ આ સંસારના કોઈપણ સુખ ભોગની અંદર એ ખેંચાય જ નહીં, સત્ય એટલે જ આત્મતત્ત્વ, સત્ય એટલે હું પોતે જ જેનો અનુભવ કરી રહ્યો છું, સત્યના સ્વરૂપનું નિદાન, સત્યના સ્વરૂપની અનુભૂતિ વ્યક્તિને થાય ત્યારે જ્ઞાન વડે જ, પોતાનામાં જ્ઞાન હશે તો જ સત્યનું દર્શન થશે,** સત્યની અનુભૂતિ થશે, પણ જો માત્ર જડતા જ રહેલી હોય મનમાં, વિચારોમાં, તો એ મનના વિચારોની જડતાને કારણે એ સત્યને નહીં પ્રાપ્ત કરી શકે, અને સુખ કે આનંદ પણ નહીં મેળવી શકે. જ્ઞાનની

આવશ્યકતા છે, જ્ઞાન એ તો જીવનને પરિપૂર્ણતા તરફ લઈ જવાનું સાધન છે. જ્ઞાન અનંત છે, **જે કોઇ વ્યકિત જ્ઞાન પ્રાપ્ત કરે છે, એ શાશ્વતને પ્રાપ્ત કરી લે છે. જ્ઞાન વડે કોઈ પણ પરિસ્થિતિમાં એ દુઃખી થતો નથી. દુઃખની વચ્ચે રહેતો હોય, છતાં પણ એના મનમાં દુઃખનો સહેજ પણ અણસાર ન હોય, ભલે શરીરમાં પીડા થતી હોય, એમાં કીડા પડ્યા હોય, તો પણ એ પ્રસન્ન ચિત્તથી એની સામે જોઇ ને હસ્યા કરતો હોય** એટલે જેમણે પરમાત્મ તત્ત્વની આરાધના કરી છે, ઉપલબ્ધિ કરી છે, એને શરીરની કોઇપણ પીડા સહેજ પણ અસર નહીં કરે, કેમ કે પોતે શું પ્રાપ્ત કર્યું છે? અનંત જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. અનંત જ્ઞાન એટલે કયું જ્ઞાન? આત્માનું, આત્મા અવિનાશી છે, અભય છે, આત્માના સ્વરૂપને કયારેય સુખ દુઃખાદિનો અનુભવ સ્પર્શ થતો જ નથી, જે થાય છે, જે વ્યવહાર છે, તે બધો શરીરનો છે, સુખ દુઃખનો સ્પર્શ પણ શરીરનો જ છે, શરીરને જ અનુભવાય છે. ઉપનિષદના ઋષિઓ એ પણ આ શરીરને એક વૃક્ષ કહ્યું છે કઠોપનિષદમાં, એ વૃક્ષ ઉપર બે પક્ષીઓ બેઠેલા છે. બે પક્ષીઓમાંથી એક પક્ષી છે તે વૃક્ષ ઉપર આવનારા ફળોને ખાય છે, અને ખાટા તીખા કડવા એવા એ ફળના સ્વાદને કારણે એ સુખી દુઃખી થાય છે. બીજું પક્ષી જે છે એ વૃક્ષ ઉપર રહે છે ખરું, પણ એ વૃક્ષના કોઇ પણ ફળને એ ચાંચ પણ મારતું નથી. વૃક્ષ એક જ છે પણ એ પક્ષી સુખી છે. જયારે જયારે આ જીવન વ્યવહારના ભોગોનો સ્વાદ લેવાની ઇચ્છા થાય છે, ત્યારે આ શરીરરૂપી વૃક્ષ ઉપર બેઠેલું એ મનરૂપી પક્ષી છે, જીવ ભાવ જેને કહીએ છીએ, અને બીજું આત્મભાવ છે, જીવભાવવાળું પક્ષી ઇન્દ્રિયોના ભોગ રૂપી અનેક ફળો ખાઇ ખાઇને સુખી દુઃખી થાય છે. જે માણસે ઉપવાસ કર્યો હોય, અને એક બાજુ બેસી જાય,

અને બીજો માણસ ઉપવાસ કર્યા વગરનો હોય અને મરચાંનાં ભજીયાં ખાય, અને ભજીયાંમાં ખૂબ જ તેજ મરચું હોય, પેલો પાણી પીવે તો પણ એ શાંતિ ન મળે એટલું તીખું લાગે, પણ જેણે મરચાંના ભજીયાંનો સ્વાદ જ નથી લીધો એ સુખી છે, એને ત્યકતા કહ્યો. ભોકતા આ જીવ ભાવે મન ઇન્દ્રિયોના બધા જ ભોગોના રસાસ્વાદ લેતો હોય છે, પહેલાં તો ખાઇ લે, ગળ્યું ખૂબ જ ખાઇ લે અને અંદર ડાયાબિટીસ થાય, બીજી ઘણ બધી એવી વસ્તુઓ ખાઇ બેસે પછી કબજિયાત થઇ જાય, આમ દરેક રીતે જીવભાવથી માણસ દુઃખી થતો હોય છે, કેમ કે વાસનાઓની પૂર્તિ માટે ભોગો ભોગવતો હોય છે, ખાવાનું પીવાનું જોવાનું બધું જ, જયારે આત્મા સ્વરૂપે આ જ શરીરના વૃક્ષ ઉપર બેઠેલો એ માત્ર જોયા જ કરે, અગ્નિને અડીએ તો દઝાવાના જ છીએ, મરચું જીભે અડે તો તીખુ લાગવાનું છે, એમ સંસારના ભોગો અને ઇન્દ્રિયો, જયારે પણ એનો રસ ચાખવા જાય ત્યારે એ ભોગો એને દુઃખી કરવાના જ છે, આગળ પાછળ દુઃખી કરશે, પહેલાં સુખની અનુભૂતિ થશે, ભજીયાંના મરચાં ખાધાં તો સ્વાદ તો બહુ જ સરસ લાગશે, પણ ખાધા પછી શું થાય? એસીડીટી થાય, પેટમાં લાય બળે, તો એ છે ભોકતા. કઠોપનિષદમાં ઋષિઓ કહે છે કે

**''દ્વાસુપર્ણા સયુજા''**

એક જ વૃક્ષ ઉપર બે પક્ષી બેઠા છે, એકમાત્ર દ્રષ્ટા છે અને બીજું ભોક્તા છે, દ્રષ્ટા છે તે સુખી છે આત્મા તરીકે અને ભોક્તા તરીકે આ મન અને જીવ એ પારાવાર દુઃખી છે, હાય હાય કરે, કકળાટ કરે, રડે માથું કૂટે તો પણ એનાં દુઃખ ઓછાં ન થાય. સમજણપૂર્વક આત્મતત્ત્વ આ જ શરીરમાં અલિપ્ત થઇને બેઠું છે. એક વૃક્ષ ઉપર ઘુવડ બેસી ગયું હોય અને કોયલ પણ બેઠી હોય

એવી દશા છે આ શરીરની. એટલે જે જ્ઞાન છે એ અનંત છે, એનું કયારેય મૃત્યુ થતું નથી, એ જ્ઞાન કયારેય ઓછું થતું નથી. ગમે તેટલું જ્ઞાન વાપરવામાં આવે.

**''વ્યયે કૃતે વર્ધત એવ નિત્યં વિદ્યાધનંમ્ સર્વપ્રધાનમ્''**

**મોટામાં મોટું જો કોઇ ધન હોય તો તે વિદ્યાધન છે.**

જેમ વાપરો એમ જ્ઞાન વધે. તમે જ્ઞાન બીજાને આપો તો એ વધ્યા કરે વધ્યા કરે, જો એ તમે કોઇને આપો નહીં  ના વાપરો કંજૂસની માફક, નોટો સડી જાય, પડી પડી ઉધઇ ખાઇ જાય, જ્ઞાન પણ કટાઇ જાય, તો જ્ઞાનને અવ્યય કહ્યું છે, શાશ્વત કહ્યું છે, અનંત કહ્યું છે.

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમ્''**

આદિ અને અનંત છે એનો કયારેય નાશ થતો નથી. ભગવાને ગીતામાં કહ્યું કે આ જ્ઞાન પહેલા સૂર્યે મનુને કહ્યું, મનુએ ઇવાક્ષુને કહ્યું, ત્યાર પછીથી લુપ્ત થયેલું હતું તેને ફરી જાગ્રત કરવા માટે હું આવ્યો છું, **જ્ઞાનનો નાશ થતો નથી, જ્ઞાન અમર છે, જ્ઞાન અવ્યય છે, કયારે પણ ખૂટી જતું નથી. જે માણસોની પેઢી આગળ વધતી જાય છે, એક પેઢીથી બીજી પેઢી, બીજી પેઢી ત્રીજી પેઢી એમ જ્ઞાન વધતું જાય છે તો જ્ઞાન આગળ વધવા માટે જ છે, પાછળ પડવા માટે નથી. જય મહારાજનું સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ છે, જય મહારાજના સાનિધ્યમાં જઇએ** એમના દર્શન કરીએ, એટલે એમાંથી પણ આપણને કાંઇક જીવન જીવવાની સાચી સમજણ મળે, એનું નામ જ્ઞાન. જય મહારાજ પાસે ગયા હતા, ભલે કાંઇ ન બોલ્યા, પ્રણામ કર્યા દીપ જયોતને, એમાંથી કંઇક આનંદ મળ્યો, બસ ફરીથી આવવાનું થયું, શાંતિ મળી, ફરી આવવાની ઇચ્છા થઇ કે

ચાલોને જઇએ, ઓહો આજે તો મને ખૂબ જ શાંતિ લાગી, વારંવાર રોજ આવતા થાય, પછી લાગે કે ના સાચો આનંદ તો અહીંયા જ મળે છે.

**''ગેહે વાદિત્રઘોષા વિગતબહુજના યસ્ય નિત્યં ભવન્તિ''**

જયાં ખૂબ જ મજાનાં સાત્ત્વિકતનાં સ્પંદનો, સદાચારનાં સ્પંદનો સતત વહી રહ્યા છે, અને એ સ્પંદનોની વચ્ચેથી પસાર થાય, જેમ એક બગીચો છે, બગીચામાં પુષ્પો ખીલ્યાં છે, અને એની બાજુથી તમે નીકળતા હોવ તો એ બગીચાના પુષ્પની સુગંધ આવવાની જ છે, તમને મળવાની જ છે, તમે નહીં સૂંઘો તો પણ, ઓહો બહુ જ સરસ સુગંધી આવે છે, રાતરાણી ખૂબ જ ખીલી છે, તમે એની પાસે ન જાવ એને અડો નહીં, એને સૂંઘો નહીં, તો પણ તમને એની સુવાસ મળી જાય, એમ આ જ્ઞાનનો પ્રકાશ, આ જ્ઞાનનાં સાત્ત્વિક સ્પંદનો, સંયમનાં સ્પંદનો એવાં અડે, કે પતિ-પત્ની સાથે આવ્યા હોય તો એકબીજા પ્રત્યે સદ્‌ભાવ સંયમના વિચારો આવ્યા કરે, અહીં બહુ જ સારું લાગે છે, બીજો કોઇપણ ગૃહસ્થ ભલે ન આવે, એમાં માત્ર સાત્ત્વિકતા, તો એ જે જ્ઞાન શાશ્વત છે, એ જ જ્ઞાન અનંત છે, એકવાર સમજાય પછી એ જ્ઞાન ભલે શાંત થઇ જશે પણ લુપ્ત નહીં થાય, એટલે અહીં કહ્યું કે,

**''જ્ઞાનમનંતમ્''**

અને એ અનંત જ્ઞાનને પણ કહ્યું કે,

**''સચ્ચિત્ જ્ઞાનમનન્તમક્ષરમહદ્દીપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

એ અક્ષર છે, અને અક્ષર એટલે શાશ્વત, અમર. આત્મા અમર છે અને શરીરથી પર છે, આત્મા અક્ષર છે, પણ જે પરમાત્મા છે  એ અક્ષરથી પણ છેક આગળ છે, અને એટલા માટે કહ્યું કે,

**''ક્ષરમતિ મેલી પરી''**

શરીર ભાવ છોડી દો,

**''અક્ષર મતિ ઉર ધાર''**

આત્મભાવ કેળવો. શરીરની દેહાશક્તિ છોડી, હું આત્મચેતના છું, હું જડ શરીર નથી, આ ભાવ કેળવ્યા પછીથી માત્ર ત્યાંને ત્યાં અક્ષર ભાવમાં બેસી નથી રહેવાનું.

**''અક્ષરાતીત પરમાત્મા''**

પરમાત્મા છે એ અક્ષરથી પણ ઉપર છે. અક્ષરાતિત.

**''ક્ષરમતિ મેલી પરી અક્ષરમતિ ઉર ધાર''**

માત્ર પોતાના આત્મા સાથે ક્યાં સુધી રમશો? કે જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી, પણ આખરે આ શરીર તો, નાશવંત જયારે એનો નાશ થઇ જશે ત્યાર પછીથી શું કરશો? તો એ અક્ષર આત્માને પરમ તત્ત્વ અક્ષરાતીતમાં લઇ જઇ મૂકી દેવાનું છે, એટલે વાસ્તવમાં તો અક્ષરાતીત પરમશ્રેષ્ઠ પરમાત્મા જ છે. અક્ષરની સાથે જઇને અટકી જાવ તો જુદી વાત છે, પણ જય મહારાજ તો અક્ષરથી આગળ જાય છે, કે આત્મભાવમાંથી પરમાત્મભાવમાં જવાનું, વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં જવાનું, એ જે જ્ઞાન છે, જ્ઞાન કયારે પણ નાશ પામતું નથી.

**''અવિનાશી તત્ત્વ દર્શન''**

જે તત્ત્વદર્શીઓ છે એ જ્ઞાનને અવિનાશી બનાવી દે છે. આટલું મોટું પરમસત્ય એને સમજાવતું જે જ્ઞાન છે, સમજણ છે.

**''સમજણ સમજ્યા વીણ સહુ કાચું''**

સમજણને પહેલી સમજી લેવી પડે, મારામાં સમજણ છે, પણ એ સમજણને સમજ્યા ખરા? ના. ચોપડી વાંચી ખરી યાદ

પણ રહ્યું પણ એ યાદ રહી ગયા પછીથી એ ચોપડીની અંદર જે પણ કાંઇ કહ્યું છે તે સમજાયું? ના, પૂરેપૂરું તો નથી સમજાયું, થોડું થોડું સમજણ પડે છે, પણ યાદ રહી ગયું છે, જેમ નાના બાળકને શીખવાડો, પોપટની માફક બધું જ બોલી જાય, પણ એને પૂછો કે તને આનો અર્થ ખબર છે? ના, તો એ માત્ર પોપટિયું જ્ઞાન થઇ ગયું. પણ એ જ્ઞાન મેળવ્યા પછી એમાં અંદર ઉતરે કે,

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમ્''**

આત્મા તે હું છું, સત્ સ્વરૂપ, પણ એનું જ ભાન ન હોય, આપણે પોતે આત્મસ્વરૂપ છીએ છતાં પણ શરીરભાવમાં જ રચ્યાપચ્યા રહેતા હોઇએ. આત્મા આપણે પોતે જ છીએ, આ શરીરમાં જ છીએ, છતાં પણ ખબર નથી. ભાઇ તારા શરીરમાં આત્મા છે એ ખબર નથી, જીવું છું ખરો, કોઇ દિવસ જોયો આત્મા, તો કહે કે ના. પોતે પોતાનું સ્વરૂપ પોતે નથી પામી શકતો, જયારે એ આત્માને સમજે છે, જાણે છે, ઉપનિષદના ઋષિઓ એમ કહે કે

**''આત્મા વા અરે દૃષ્ટવ્યો નિદિધ્યાસીતવ્યઃ''**

આત્મા તો નીરખવા લાયક છે, એનું ધ્યાન અને મનન કરવાને લાયક છે, આ ઉપનિષદના ઋષિ કહે છે. તો એ જે અનંત જ્ઞાન છે સૃષ્ટિનું જયારથી ચાલી આવ્યું,

**''એવં પરમ્પરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુઃ ।**

**સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરંતપ ।।''**

જે શાંત થઇ ગયું હતું, એને ફરી કહેવા માટે આવ્યો છું, અર્જુન તને નિમિત્ત બનાવીને. પરંપરાથી જ્ઞાનની ધારા વહેતી જ આવે, એ કયારે સુકાતી નથી, એનો નાશ થતો નથી. કોઇને કોઇ

ઋષિઓ, કોઇ મહાપુરુષો, કોઇ તપસ્વીઓ એ જ્ઞાનની ધારાને સતત વહાવ્યા જ કરતા હોય છે, પેઢીઓની પેઢીઓ સુધી. આજે વેદો છે તે કયાંથી આવ્યા? કેટલા યુગ થઇ ગયા વેદોને, પણ એ પરંપરા ચાલે છે. આ ઋષિઓની પરંપરા શાશ્વત છે, અનંત છે, અને એટલા માટે જ મહારાજ શાશ્વત સ્વરૂપ છે, અને જ્ઞાન કયું? સત્યનું, અને સત્ય કયું? આત્મા. તો આત્મા પરમ સત્ય છે, એ એક પ્રકારનું જ્ઞાન આજ સુધી ભુંસાયું નથી, સતત કોઇને કોઇ મહાપુરુષો એને ધારણ કરી રાખે છે. દેહાધ્યાસ જરા પણ ન રહે, અરે ગમે તેટલું શરીરમાં થયું હોય પણ પોતે નિરાંતમાં હોય, આનંદથી હસતો હોય, શરીરની પીડા એને સહેજ પણ સ્પર્શ થતી ન હોય. એવા સત્યજ્ઞાન આત્માના જ્ઞાનને લઇને, અનંત સ્વરૂપ ધારણ કરી આજ સુધી આપણા પર્યંત આપ્યું છે. આપણે જીવી રહ્યા છીએ આપણી આગળની કેટલી પેઢીઓ વિરામ પામી ગઇ, છતાં પણ આ જ્ઞાન શાશ્વત છે.

**''એવંપરંપરાપ્રાપ્તમ્''**

આમ પરંપરાથી પ્રાપ્ત થયેલું આ જ્ઞાન, એ જ્ઞાન છે એટલા માટે જય મહારાજને પણ અનંત સ્વરૂપ કહ્યા, જ્ઞાનસ્વરૂપ કહ્યા, આપ સત્યસ્વરૂપ છો, જ્ઞાન સ્વરૂપ છો, શરીર અનંત છે ખરું? આપણે એક દિવસ વારાફરતી બધાયને જવાનું જ છે, કેમ કે બધા જ એક જ લાઇનમાં ઊભા છીએ, દરેકનો વારો આવવાનો જ છે, આટલું સમજાય એનું નામ પણ જ્ઞાન છે. અને એ જ્ઞાન વડે માણસ દીપે.

**''દીપ્તિસ્વરૂપંપ્રભુમ્''**

પ્રકાશમાન જ્ઞાન છે, જ્ઞાનનું સ્વરૂપ દૈદિપ્યમાન છે, એટલા માટે કહ્યું કે,

**''દીપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

આપનું સ્વરૂપ તો આવું તેજસ્વી છે ઓજસ્વી છે, આમ કહીને જય મહારાજના સ્વરૂપનાં દર્શન આપણને લક્ષ્મણદાસજી મહારાજે કરાવ્યાં છે. એમણે પ્રત્યક્ષ દર્શન કરેલાં છે, કર્યાં છે, અને એ લક્ષ્મણદાસજી મહારાજે આપણને પરોક્ષ અનુભૂતિ કરાવી, પોતાના મુખેથી કહીને અને પાછા અપરોક્ષાનુભૂતિમાં લઇ જાય છે. પરોક્ષ પણ નહીં, પ્રત્યક્ષ પણ નહીં, અને અપરોક્ષ અનુભૂતિમાં લઇ જાય છે. **સામે દેખાય છે તે પ્રત્યક્ષ, કોઇક જોઇને આવ્યો અને અહીં કહ્યું તે પરોક્ષ, પણ પ્રત્યક્ષ અને પરોક્ષ આગળ એક પાછું પગથિયું છે, એનું નામ અપરોક્ષ, બીજા એ કહેલું નહી, તમારું પોતાનું જ, એને કહ્યું કે અપરોક્ષ, અને અપરોક્ષાનુભૂતિ એટલે પોતાના આત્માની જ અનુભૂતિ એનું નામ અપરોક્ષાનુભૂતિ.** જય મહારાજનાં આવાં, જાજવલ્યમાન જ્ઞાન સ્વરૂપ, અનંત સ્વરૂપ, સત્ય સ્વરૂપ, એવાં દર્શન આપણને લક્ષ્મણદાસજી મહારાજ કરાવે છે.

।। જય મહારાજ ।।

## સત્સંગ-૧૦૭

# એવં પરંપરા પ્રાપ્તમ્

અનંત પરમાત્મા જય મહારાજના સ્વરૂપમાં આપણને સહુને દર્શન આપી રહ્યા છે. સમગ્ર સૃષ્ટિમાં જે વ્યાપક છે તેને અનંત કહેવામાં આવે છે, જેનો ક્યારેય પણ અંત ન આવે એને પણ અનંત કહેવામાં આવે છે, અને એ અનંત સ્વયં પોતે જ છે આત્મા. અને પરમાત્માનો પણ અંત નથી, આ સૃષ્ટિનો પણ અંત નથી. જે સૃષ્ટિ પરમાત્માએ બનાવી હોય એનો અંત કેવી રીતે હોય? પરમાત્મા સૃષ્ટિનું સર્જન કરે છે, એને નિભાવે છે એટલે એનો અંત નથી. જગત શાશ્વત નથી, પણ બદલાતું રહે છે, જયારે પરમાત્મા અને આત્મા અનંત છે, એ ક્યારેય બદલાતા નથી, અંત પણ આવતો નથી. ભલે જગત, આ સૃષ્ટિ નાશવંત છે, પણ સંપૂર્ણપણે એનો ક્યારેય નાશ થતો નથી, એ પરમાત્માની સૃષ્ટિનો તંતુ એનો પ્રવાહ પણ ચાલ્યા જ કરે ચાલ્યા જ કરે, તૂટે નહીં અંત ન આવે. એટલે સુધી કહે છે કે બ્રહ્મ સત્ય, જગત સત્ય, જગત પણ સત્ય છે, અને બ્રહ્મ પરમાત્મા પણ સત્ય છે, સમસ્ત સૃષ્ટિમાં જે વ્યાપે છે એટલે સમસ્ત સૃષ્ટિ પણ અનંત છે, એનો નાશ ક્યારેય પણ મૂળમાંથી થતો નથી, એક વૃક્ષ છે, એને ઉપરથી કાપી નાખો એ ફરી ફૂટે, એટલે એ વૃક્ષ તો કાપ્યા પછી પણ એવું ને એવું જ દેખાય, એમ આ જગત પણ જન્મે છે અને નાશ પામે છે, નાશ

પામે છે અને જન્મે છે, એટલે એ પણ અંત વગરનું છે. સૃષ્ટિ અનાદિ કાળથી છે, અને એમાં માણસ જન્મતા જ રહ્યા જન્મતા જ રહ્યા, પશુ પક્ષી બધું જ એકદમ સંપૂર્ણ કશું પણ નાશ પામે છે? એ જગતની અનંતતા, આત્માની પણ અનંતતા, અને અનંતતા એ રીતે છે કે કશાનો પણ નાશ થતો નથી, પણ એનું પરિવર્તન થતું હોય છે, સંપૂર્ણ નાશ કશાનો થતો નથી. તળાવમાં પાણી હોય ચોમાસામાં, પછી ઉનાળો આવે અને ખૂબ તાપ પડે, પાણી સુકાઇ જાય, એટલે કહે કે તળાવમાં પાણી ખલાસ થઇ ગયું, પાણીએ એની જગ્યા બદલી એનો અકાર બદલ્યો, સ્વરૂપ બદલ્યું, પાણી નાશ નથી પામ્યું. ભલે તળાવ ખાલી થયું પણ એ પાણીનું પરિવર્તન થયું, એમ આ શરીરનો પણ આકાર નાશ પામે છે, પણ એની અંદર રહેલું જે પણ કાંઇ, પૃથ્વી જળ તેજ આકાશ વાયુ, એનો નાશ નથી થતો, એનું રૂપાંતર થઇ જતું હોય છે. જે અગ્નિસંસ્કાર થાય એનો ધુમાડો થાય, ધુમાડો આકાશમાં જાય અને એમાંથી વાદળ બને, અને એ વાદળા વરસાદ રૂપે વરસે છે, પાછું ધરતીમાં આવે છે, અનાજ પાકે છે, માણસ ખાય છે, માણસમાં આવે છે, એમ સૃષ્ટિ આખી પરિવર્તનશીલ છે, નાશ નથી પામતી બદલાયા જ કરે છે, અને એટલા માટે જ,

**''સચ્ચિત જ્ઞાન''**

એટલે આનું સાચું જ્ઞાન થાય છે અનંતનું, કે જ્યાં નાશ જેવું દેખાય છે ત્યારે એને દર્દ અને પીડા થાય છે, એ દુઃખી થાય છે, અરે આ મરી ગયો, આ નાશ પામ્યો, પણ સૃષ્ટિનો ક્રમ, એને જો સમજી લો, કે એનું એ જ પાછું આવવાનું છે, ક્યાં જવાનું છે? આ જે શરીર જમીનમાં દટાઇ ગયું, કોઇ ઘાસ વૃક્ષના રૂપે ઉગે, એમાંથી ફળ અનાજ થાય, એને ખવાય છે, એ ફરી પાછું

પરિવર્તિત થાય છે, પાછું આવી જાય છે, એટલે એ છે આપણા ઋષિમુનિઓના ચિંતન પ્રમાણે પુનર્જન્મના સિદ્ધાંતની સ્થાપના કરી. પુનર્જન્મની વિચારધારા ત્યાંથી જ પ્રસ્થાપિત થયેલી છે. ભગવાન કૃષ્ણએ પણ ગીતામાં કહ્યું કે જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય છે, અને જે મરી જાય છે તેનો જન્મ પણ નકકી જ છે, જમીનમાં દાટી દીધા તો વૃક્ષ ઘાસના રૂપે ઉગશે, અગ્નિસંસ્કાર કર્યો તો આકાશમાં વાદળના સ્વરૂપે ફરી ફરી વરસશે, એ જ પાછા અનાજ અને ફળ બનશે, અને એ પાછું ફરી પરિવર્તિત થશે, તો

**''પરિવર્તત્મનિ સંસારે મૃતઃ કો વા ન જાયતે''**

આ પરિવર્તનશીલ સંસારમાં મરેલો કોણ નથી જન્મતો? એટલે પ્રકૃત્તિનું સંપૂર્ણ દર્શન કર્યા પછીથી ઋષિઓએ વૈજ્ઞાનિક પદ્ધતિથી, વૈજ્ઞાનિક ઢબે પુનર્જન્મના બધા જે નિયમો છે, એને ધર્મગ્રંથોમાં પ્રસ્થાપિત કર્યા છે, કે જન્મવાનું ચોકકસ છે જ, એટલે રૂપાંતર થાય, એટલે નાશ નથી થતો. જેમ કે એક માટલું છે, માટીમાંથી બન્યું છે, ભાગી ગયું કચરાતાં ઘસાતાં, એ ફરી પાછું માટી થઇ જવાનું છે, એને માટીમાં રૂપાન્તર થતા સમય લાગ્યો પણ આખરે એ માટીમાં માટી મળી ગઇ, એમ પાંચ ભૌતિકતાનું એકત્રિત થઇને શરીર બન્યું, સમય આવે એ પાછું પાંચ ભૌતિકતામાં મળી ગયું. સતત આ ક્રિયા છે એની સમજણ જેને છે, તે જ અનંતને પામી શકે છે. જય મહારાજનું સ્વરૂપ છે સતત જ્ઞાનસ્વરૂપ, સત્યનું જ્ઞાન પરિપૂર્ણ થયું છે, પરિપૂર્ણ રીતે પ્રાપ્ત કર્યું છે એ જ,

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરં દિપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

એમ કહી દીધું, પ્રભુમ્ કહ્યું, કે આપ તો પ્રભુ ભગવાન સ્વયં છો, આ પ્રભુતા છે, આ વૈભવ છે આપનો, પ્રભુ ઉપરથી

પ્રભુતા, અને પ્રભુતા એટલે સંપન્નતા, વૈભવ જેને કહીએને, કે રાવણની પ્રભુતા તો ખૂબ હતી, એમ સંત મહાપુરુષોના જીવનમાં પણ એમના તપની, એમના સંયમની, તેમના સદાચારની, એ બધી જ પ્રભુતા, એવા ત્યાગી સંતને પણ ભગવાન કહીએ, આપણે એમને સ્તવીએ છીએ, પૂજીએ છીએ, સેવા કરીએ છીએ. જય મહારાજને કહી દીધુ કે,

**''સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમ્''**

અને એ આ જ્ઞાન છે, એ અનંતને સમજવા માટેનું જ્ઞાન છે. જય મહારાજ પોતે પણ અનંતનું જ સ્વરૂપ છે, જેમણે અનંતને પ્રાપ્ત કરી લીધું છે, એમને આ જગતમાં કશું પણ પરાયું નથી લાગતું, કશું પણ જુદું નથી લાગતું, સર્વત્ર સર્વમાં પરમાત્મા છે જ, મારામાં પણ છે અને બધામાં છે.

**''અનંતમ્ જ્ઞાનમ્''**

**જેને આ સત્ય સમજાય, સત્યની પરખ થઇ જાય, વાસ્તવિક સત્યને જે સમજે છે એ જ જીવનમાં સુખી થાય છે, અને એ જ શાંતિ મેળવી શકે છે. પણ જેની પાસે જે વાસ્તવિક સત્યની સમજ જ નથી એને સુખ શાંતિ કયારેય પણ નહીં મળે. જેમ નાના બાળકો ઘડીકમાં રડે રમે તોફાન કરીને મારામારી કરે, અને પાછા થોડીવાર રહીને સાથે બેસીને રમવા માંડે, એમ આ જગત છે, એટલે એનું જ્ઞાન એની સમજણ આપણા મનમાં પૂરેપૂરી ઠસાવી દઇએ, તો કોઇ પણ પ્રકારનું દુઃખ નહીં થાય.**

**''અક્ષરમ્''**

એ નાશવંત નથી, છે જ.

**''દીપ્તિસ્વરૂપં પ્રભુમ્''**

આપનું સ્વરૂપ દૈદિપ્યમાન છે, આટલી સમજણ કેળવયા પછી, આપ કેવા તેજસ્વી લાગો છો?

**''તમે જ્ઞાનમાં તો બહુ ગળ્યા''**

જ્ઞાનને પ્રકાશ કહ્યો છે, જ્ઞાનને અગ્નિ કહ્યો છે, એ અજ્ઞાનને બાળી નાખે છે. જ્ઞાનને દીવો કહ્યો છે, એ દીવાના અજવાળે માણસ પોતે સમજે છે અજ્ઞાન અને પાપને છોડે છે.

આપ દૈદિપ્યમાન જ્ઞાનવાળા છો, અને દિવ્ય જ્ઞાનનું સ્વરૂપ આપ પોતે જ છો, બધી જ પ્રભુતા બધી જ સંપન્નતા આપની પાસે છે, માટે આપ પ્રભુ છો.

|| જય મહારાજ ||

## સત્સંગ–૧૦૮

# માયા ખલુ નર્તકી બિચારી

પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ જય મહારાજના શ્રીચરણોમાં વંદન કરી, એમના સ્વરૂપનાં દર્શન કરી સત્સંગ કરીશું, અદ્વિતીય આનંદ કેવો હોય ?

**"આનંદમ્ હ્યજમ્ અદ્વિતીયમ્"**

જય મહારાજનું સ્વરૂપ સ્વયં આનંદ સ્વરૂપ છે, અને એ આનંદ પણ અદ્વિતીય આનંદ છે, જે અમાપ છે, અવ્યય છે, અપાર છે. માયાથી પર છે. આવા જય મહારાજના સ્વરૂપને આપણે ચિંતવ્યે, એનું મનન કરીએ, ત્યારે જય મહારાજના સાચા સ્વરૂપનું દર્શન થાય. જય મહારાજનું જે મૂળ સ્વરૂપ છે એમનાં દર્શન કરવા માટેનો આ મંત્ર છે, આપ અદ્વિતીય આનંદ સ્વરૂપ છો.

**"માયાતીતમ્"**

માયાથી પર, રહિત, કોઇપણ માયાનો સહેજ પણ સ્પર્શ થઇ શકે જ નહીં. આખા જગતને કઠપૂતળીની માફક નચાવનાર હોય તો માયા છે, પણ એ માયા ગુરુ ભગવાનને સહેજ પણ સ્પર્શી શકે નહી.

**''માયાતીતમ્''**

માયાથી તદ્દન અલિપ્ત, કશાની પણ માયા લાગે નહીં, ન કીર્તિની, ના યશની, ના પૈસાની, ના ધનની, કોઇ માયા નહીં, માત્ર પોતાનું નિજસ્વરૂપ-નિત્યસ્વરૂપ છે એ માયાથી પર છે. આત્મસ્વરૂપને માયા ક્યારેય પણ સ્પર્શી શકતી નથી. માયા એટલે જગતનો વ્યવહાર છે,

**''માયા ખલુ નર્તકી બિચારી''**

ભગવાનના ઇશારે આ જગતમાં નાચવાવાળી છે.ો જગત આખાને નચાવે પણ એ ભગવાનને વશ થઇને રહતી હોય છે, ત્યાં બિલકુલ શાંત થઇ જાય, એનું કશું પણ ઊપજે નહીં, આખી દુનિયાને, બધાને નચાવે, પણ પરમાત્મા ભગવાન આગળ એ શાંત થઇ જાય. જય મહારાજ તો માયાથી પર છે, માયા એમને સહેજ પણ સ્પર્શી શકે નહીં, કોઇપણ પ્રકારની માયા કોઇ દૃશ્ય. માયાનું સ્વરૂપ સ્થૂળ અને ભૌતિક છે, દરેક આસક્તિમાં માયા રહેલી છે, દરેક વૈભવમાં દરેક રૂપમાં માયા રહેલી છે. જે પરબ્રહ્મ છે, જે શુદ્ધ ચૈતન્ય છે એ માયાથી રહિત છે.

**''માયાતીતમ્ પાર''**

માયાથી પાર

**''સત્ત્વ ગુણગં''**

જય મહારાજનું આપણા ભગવાનનું સ્વરૂપ માયાતીત છે. માયા શું છે? આ જગતમાં જીવનમાં દરેકને ખબર પડે છે, જે પણ કાંઇ પ્રપંચ છે, જે દંભ છે, જે વ્યવહાર નામે માયાનો છે. જે પણ કાંઇ લેવડદેવડ, જે પણ કાંઇ વ્યવહાર છે એ બધું જ માયામય છે, માયાથી પર થઇ જાય છે, એ કોઇપણ જાતના વ્યવહારમાં લિપ્ત

થતો જ નથી, જરા પણ લેપાય નહીં, એટલે માયા એને સ્પર્શ કરે જ નહીં. ગમે તેટલું સરસમાં સરસ, અને મિષ્ટાન પડયા હોય, ભાવતા ભોજન, છતાં પણ એને સ્પર્શ પણ ન કરે, મન એના તરફ જાય જ નહીં, કે બહુ સરસ છે. મન વખાણ કરવા લાગી જાય ત્યારે સમજવાનું એનામાં કંઇક આસક્તિ છે, મન જ આસક્તિઓ ઊભી કરતું હોય છે. મન જ માયાને પોતાની પાસે ખેંચી લાવતું હોય છે, અથવા મન માયા સુધી પહોંચી જતું હોય છે, બાકી મન જો જય મહારાજમાં રહે તો પછી કશું પણ નથી સ્પર્શતું, આવા અનંત આનંદસ્વરૂપ અદ્વિતીય.

**''અપ્રમેયમ્''**

પરબ્રહ્મને કોઇ પણ માપી શકતું નથી. માયાને માપી શકાય પણ પરબ્રહ્મને ન માપી શકાય. તમારી પાસે જે પણ કાંઇ સંપત્તિ છે તે બધી જ તમારી માયા છે, એને તમે માપી શકો, કે મારી આટલી માયા છે તમારા પરિવારની માયાને તમે માપી શકો, કે મારા પરિવારની માયા આટલી છે, પણ પરબ્રહ્મને, આત્મતત્તવને માપી શકાતું નથી, એ સર્વ વ્યાપક છે. એ માયાથી પર, ઉપર ઉઠેલા છે એ પરબ્રહ્મ સ્વરૂપ, અને કેવા છે? શાંત, નિતાંત શાંત છે. આ વ્યવહારની કે આ દુનિયાની, આ જગતની કોઇપણ પરિસ્થિતિ એમને સહેજ પણ હલાવી શકે નહીં, એમનું ચિત્ત જ આત્મપરાયણ સ્થિતિમાં અંદર જઇને સ્થિર થઇ ગયું હોય, એમનું ચિત્ત જ આત્મપરાયણ સ્થિતિમાં અંદર જઇને સ્થિર થઇ ગયું હોય, એને કોણ હલાવી શકવાનું હતું? પોતાના નિજ સ્વરૂપમાં જ આશ્રય કરી લીધો હોય, મન ઇન્દ્રિયો બધું જ, મન જ જ્યાં અંદર બેસી ગયું અને જેટલો આનંદ આવી ગયો, પછી એ માયા તરફ જોવા જ નહીં જાય, હવે મારે શું કામ છે? મને તો

ઘણી બધી સંપત્તિ મળી ગઇ, મારા આત્માની બહાર નીકળી આ દુનિયાના કીચડમાં મારા મનને કયાં એમાં ફસાવું? માયાના કીચડમાં એકવાર રગદોરાયા પછી એમાંથી બહાર નીકળવાનું બહુ જ મુશ્કેલ છે. માયાનો કીચડ જ્યાં શરીરે લાગ્યો, મનમાં લાગ્યો, પછી જલ્દી નીકળે નહીં, કેમ કે એમાં માયા થઇ ગઇ, મારું છે, મને પ્રિય છે, મને વહાલું છે, પરિણામે પોતે દુઃખી થાય, એ છોડી ન શકે. એક વાંદરાએ ખાવાનું જોયું, પણ સાંકડા મોઢાવાળો ભોટવો હતો એની અંદર થોડા ચણા હતા. વાંદરા એ જોયું કે અંદર ચણા છે, મુઠ્ઠવાળી અને જ્યાં બહાર કાઢવા ગયો, પણ હાથ બહાર નીકળે જ નહીં ને, કેટલું બધું મથ્યો પણ હાથ બહાર નીકળ્યો નહીં, ચણા ખાવા જ છે એટલા માટે મુઠ્ઠી ખોલતો નથી, અને જ્યાં સુધી મુઠ્ઠી ના ખુલે ત્યાં સુધી હાથ બહાર કયાંથી નીકળે?

**''મર્કટની પેરે મૂકે નહિ મૂર્ખો મનની મૂઠ''**

મૂર્ખે જેમ હાથ અંદર નાખ્યો, ખાલી હતો, એ મમતા ને, માયાના ચણા છોડી દે, તો હાથ બહાર નીકળે. પણ માયાને પકડી મુઠ્ઠી વાળીને, પછી એ ભોટવો કયાંથી છોડે? માયા છૂટે નહીં અને પોતાના બંધનમાંથી એ બહાર નીકળે નહિ. જગતના દરેક જીવની આ જ સ્થિતિ છે, સંસારમાં હાથ નાખ્યો, માયાની મુઠ્ઠીવાળી, હવે હાથ બહાર નીકળતો નથી, જો મૂઠી છૂટી જાય તો જ હાથ બહાર નીકળે, એને વાંદરો કહ્યું,

**''મર્કટની પેરે''**

વાંદરાની માફક,

**''મૂકે નહી''**

પણ શું?

**''મિથ્યા મનની મૂઠ''**

કેવી રીતે નીકળે આ સંસારમાં ફસાયેલો માણસ. આ તો મારી જવાબદારી છે, આ તો મારે કરવું જ પડે, આ તો ચાલે જ નહીં, આ તો મારા વગર થાય જ નહીં, આ મૂઠ મમતાની, પૂરું ન થાય, એટલે દેવાં કરવા પડે, લોન લેવા જવું પડે, ભીખ માગવા જવું પડે, કેમ? મારે ત્યાં અવસર છે, તમે આટલું કાંઇક કરો, તમે આટલી મદદ કરજો, ભીખ માગતા ફરવાનું ને? અવસર કર્યા વગર ચાલે એમ નથી, પહેલ વહેલો અવસર છે, કાંઇક મદદ કરોને તમે, અરે ભાઇ સાદું કરોને, સાદું થતું હશે?

**''મર્કટની પેરે મૂકે નહીં મૂરખો મનની મુઠ''**

મનમાં આવી ગ્રંથિઓ બાંધી જ રાખી હોય, કે આ પ્રમાણે થવું જોઇએ, અને આ પ્રમાણે કરવું જ પડે, ચાલે જ નહીં, બસ આ જે મૂઠીઓ છે એનાથી દુ:ખી થતો હોય છે તમે વ્યવહારમાં હાથ નાખ્યો એટલે ત્યાં તમે બંધાઇ જ જવાના, તમારી પોતાની મૂઠ્ઠીમાં. હવે જો પોતાની જાતે જ અંદર ફસાઇ ગયો એને બહાર કોણ કાઢે? કદાચ બહુ થાકીને કંટાળીને નાછૂટકે ના મને મૂઠ છૂટે તો બહાર નીકળે, પછી એમ થાય કે હાશ બહાર નીકળી ગયો, કેમ કે માયાની મૂઠ્ઠી, મમતાની મૂઠ્ઠી મૂકી દીધી, બધું જ બચી ગયું, પણ એમ કાંઇ મમતાને મૂકી દેવાય?

**''મમતાની મૂર્તિ મારી રહી ગઇ ગોકુળમાં''**

એ તો ભગવાનની સાથે મૂઠ્ઠી વળી ગઇ, એ તો સારું જ છે, પણ દુનિયાના વ્યવહારની જ્યારે મૂઠ્ઠીઓ વાળીએ ત્યારે બહુ જ ભારે પડી જાય. આનંદ એ તો સહજ સ્વરૂપ છે, આનંદ એ તો

આપણું પોતાનું સ્વરૂપ છે.

**''આનંદમ્ હ્યજમ્ અદ્વિતીયમ્''**

એ આનંદ તો અજન્મા છે, સદાય સાથે રહેવાવાળો છે. હવે આવો અદ્વિતીય આનંદ હોય, અને એ મળવાનો હોય, આટલો સરસ મનુષ્ય અવતાર મળ્યો હોય છતાં પણ આપણે સમજી ન શકીએ, અલ્યા ઘર આંગણે આવ્યો છું, આ લક્ષ્મી કપાળે ચાંદલો કરવા આવી છે ત્યાં મોઢું ધોવાની વાત કરે છે? પહેલા ચાંદલો કરાવીને પછી આજુબાજુનું મોઢું ધોઇ નાખજે, પણ માયાને કારણે એવા આંટાફેરામાં એવી દોટ મૂકે, કે આતમધનની લક્ષ્મી ત્યાંથી જતી રહે. આનંદ એ તો દરેક માણસ ઇચ્છતો હોય છે, આખી સંસ્કૃતિ ઇચ્છતી હોય કે આનંદ છે કયાં આ પ્રકૃતિનો, લાવો આનંદ માણીએ. આનંદ મેળવવા માટે તો ખર્ચા કરતા હોઇએ છીએ, ત્યારે એ આનંદ તો ખરીદવો પડે, જયારે આત્માનો આનંદ છે એ સહજ આનંદ છે, એ અદ્વિતીય આનંદ છે, પણ સમજાતું નથી, મહારાજ તમે વાતો કરો છો, પણ અઘરી લાગે છે. આનંદ જોઇએ છીએ બધાયને, પણ સસ્તો આનંદ જોઇએ છે, અરે ભગવાને આ દાંત કેટલા સરસ આપ્યા છે, એને કાઢી નાખવાનું મન થાય છે? ચાલો ને આ દાંત કાઢી નાખીને પેલા બજારમાં મળતા પંદર હજાર વીસ હજાર વાળા દાંત નાખીએ, થાય છે એવું મન? આપણા પોતાના દાંત છે, એમાં કેટલો બધો આનંદ આવે છે? કેટલી બધી નિરાંત અને શાંતિ છે, પણ આ તો બહારથી ખરીદવા જાય આનંદ, તારો પોતાનો આનંદ અંદર જ છે. આત્માનો આપણો આનંદ છે.

**''આનંદમ્ હ્યજમ્ અદ્વિતીયમ્''**

અજ છે. અજન્મા છે, આનંદ અદ્વિતીય આનંદ છે, કે

એનો કોઇ પાર નથી, એના જેવો બીજો કોઇ જોટો નથી, પણ એ આનંદ લેવો નથી, ભજનનો, ભગવાનના સત્સંગનો, નામ સ્મરણનો, એને કંઇક બીજું દેખાય. મહાભારતના લેખક, વ્યાસજીએ આખું મહાભારત, સરસ મજાનો ગ્રંથ લખ્યો,

**''ભારતં પંચમો વેદઃ''**

મહાભારતએ પાંચમો વેદ છે એમ આપણા વિદ્વાનોએ કહ્યું છે. લખી રહ્યા પછીથી ગંગાકિનારે એમણે બૂમ પાડી, કે અહીં આવો, તમે બધા મારી પાસે આવો, હું તમને બધાને દુઃખમાંથી બહાર નીકળવા માટે, સાચા સુખનો માર્ગ બતાવવા માટે અહીંયા બેઠો છું, તમારા માટે આ બધી તૈયારીઓ કરી છે. પણ આ ત્યાં આગળ એક ગારુડી એની ડુગડુગી વગાડીને વાંદરાને નચાવતો હતો, ત્યાં બધા ભેગા થયા હતા, આ બાજુ કોઇ આવે જ નહીં એ જોવા માટે, વ્યાસજીનું કોઇ સાંભળે જ નહીં, અરે ભાઇ હું તો તમને સાચી દિશા બતાવું છું, જીવનનું સાચું તત્ત્વ સમજાવું છું, સાચો રસ્તો બતાવું છું, તમે આવો આવો, બે હાથ ઊંચા કરીને બૂમ પાડીને પોકારીને બોલાવે છે, પણ કોઇ આવતું નથી. હું આટલી સરસ વાત આપું છું પણ કોઇ સાંભળતું નથી, વ્યાસજી નિરાશ થઇ જાય છે, અરે તમને સાચું માર્ગદર્શન આપું છું જીવનનું, બધા કહે કે અમારે નથી જોઇતું, અમે તો આ વાંદરા માંકડાના ખેલ જોયા કરીએ છીએ આ જગતના.

**''ઉમા દારૂ યોષિત કી નાઇ સબહી નચાવત રામ ગોસાંઇ''**

**લાકડાની કઠપૂતળીની માફક ભગવાનની માયા આ બધાને નચાવ્યા કરે છે, કોઇને પણ આત્મસુન્મુખ થવું નથી, કોઇને પોતાના નિજસ્વરૂપ એવા આત્મા ભગવાન, પરમાત્માને જોવાની ઇચ્છા જ નથી.** બસ અમને આ બધું મળ્યું છે ને, ઘર મળ્યું છે, મોટર મળી

છે, બંગલો મળ્યો છે, ખાવા-પીવાનું, વૈભવ મળ્યો છે, અમે આ કઠપૂતળીના ખેલ જોયા કરીશું, ભગવાન તારી જરૂર નથી. આજે પણ એ જ દશા છે, ભગવાન નથી જોઇતા મહારાજ ગાડી આપજો, સારો બંગલો આપજો, સારુ વૈભવ આપજો, આવી અનેક વસ્તુઓ માગે ભગવાનના નાટકના ખેલ બધા જ જોવા માગે, પણ નાટકના માલિકને નથી જોવું, કે ભાઇ આટલાં સરસ નાટક બનાવ્યાં છે લાવોને માલિકને તો જોઇએ, કે કેવો માલિક છે! તમે બહુ જ સારા છો એમ કહેવાય. શેકસપિયર પણ આ વાતને જ કહે છે, કે આખી દુનિયા એ તો રંગમંચ છે, અને આ બધા જ જીવો એના કલાકારો છે નાટકના the whole universe is a drama stage and we all are actors and actresses, આ દુનિયા છે, પણ ભગવાનની એ નાટકશાળામાં બધાને નાટક જોવા ગમે છે, પણ આટલું સારો મોટો માલિક છે નાટક કંપનીનો, અને તો મળીએ કે તમે બહુ જ સારા નાટકો લાવ્યા છો, એના તરફ નજર જ નથી, દ્રષ્ટિ જ નથી.

**''આનંદમ્ હ્યજમ્ અદ્વિતીયમ્ મિતં''**

આટલો બધો સરસ ભાવ છે એમ થાય કે આ દુનિયા આટલી સરસ છે, આ દુનિયાના નાટકમાં આટલા બધા હસવા રડવાના, દુઃખી થવાના સુખી થવાના, હારવાના જીતવાના ઘણાં બધાં દ્રશ્યો આવીને સામાં ઊભાં રહેતાં હોય છે આ નાટકમાં. એ નાટકને જોયા જ કરીએ છીએ, પણ લક્ષ્ય નથી પેલી તરફ, કે ચાલો ને આવા સરસ નાટક બનાવનાર છે, આટલી મોટી કંપનીઓ છે આખા વિશ્વની, એના દર્શન તો કરીએ, જો નાટકો આવાં છે તો નાટક બનાવવાવાળો કેવો હશે ને કોણ હશે? ભગવાનના સંસારને જોઇએ છીએ, જો સંસાર આવો બનાવ્યો છે

તો સંસારને બનાવનારો કેવો હશે, ચાલોને, પણ કોઇની દ્રષ્ટિ નથી જતી વ્યાસજી હાથ ઊંચા કરીને કહે કે તમે મારી પાસે ચાલ્યા આવો, હું તમને તમારા જીવનની વાસ્તવિકતા બતાવું છું, પણ પેલો ડુગડુગી વગાડવાવાળો મદારી હતો ને, એ વાંદરા નચવાતો હતો, ત્યાં બધું જ ટોળું ભેગુ થયું હતું, વ્યાસજી બાજુ કોઇ આવ્યું જ નહીં. વ્યાસજી નિરાશ થઇ ગયા, અરે કેવું! આ દુનિયાનું નાટક છે, હું સાચી વસ્તુ કહેવા માગું છું છતાં પણ કોઇ સાંભળવા તૈયાર નથી, આવા નાટકના સમજમાં આપણને જય મહારાજ મળ્યા છે પરમાત્મા અને ભગવાન સ્વરૂપે, એ નાટકના માલિકને મળી લઇએ, કે નાટકના માલિક આપ છો બાપજી. તો કહે કે હા, જગત બહુ જ સરસ છે, સંસાર કેવો જાતજાતનો બનાવ્યો છે, આશ્ચર્ય થાય છે તો પછી એને બનાવનારો કેવો કારીગર હશે, કે આટલા બધા માણસોને જન્મ આપે છે, સાડી સાતસો કરોડ માણસો છે દુનિયામાં, એકબીજાના સિમિલર શોધી લાવો જોઇએ, એક શોધી લાવો, તો કેવો શક્તિશાળી એ ભગવાન,

**''શાંતમ્ મહાભારતમ્''**

પણ એ પોતે શાંત છે. કેમ? જે નોકર-ચાકરો છે, કાર્યકર્તાઓ છે, જે સંચાલકો છે તે બધું સંચાલન કર્યા કરે છે, પોતે તો નિરાંત બેઠા છે. **આટલા મોટા જગતના નાટકનો માલિક પોતે શાંત છે,** એ સ્વાભાવિક છે. આપણા જીવનમાં આપણા શરીરની અંદરના, આ જીવનના અનેક વ્યવહારો થયા કરે છે, આંખના હાથ-પગ મન-મગજ બધા જ થાકી કંટાળી આઘાપાછા ઊંચાનીંચા થાય, પછી એ બધાનો એનો માલિક આત્મા પોતાની ચેમ્બરમાં નિરાંતે બેઠો છે, અને એ ના હોય એની સાથે આ બધું જ નાટક પતી ગયું, અરે આવડા મોટા જગતની અંદર એ માલિક

ઊભો થઇ ગયો એટલે એ નાટક સમાપ્ત થઇ ગયું,

**''માયાતીતમ્''**

આટલું બધું જગતનું નાટક થતું હોય, આજીવનનું નાટક, ઘણું બધું ભજવાતું હોય પણ અંદરનો આત્મા તો સ્થિર શાંત, આ રીતે જો સમજતાં આવડે આપણને, તો જય મહારાજ પોતાના પરબ્રહ્મમાં

**''શાંતમ્ મહાભારતમ્''**

પોતાના આત્મામાં જ સ્થિર છે, આત્મતત્ત્વમાં,

**''આનંદમ્ હ્યજમ્ અદ્વિતીયમ્ મિતિ''**

એ એવો આનંદ છે અદ્વિતીય આનંદ છે, આટલા બધાની વચ્ચે પોતે જ પોતામાં સ્થિર બેસી રહે,

આ શરીરરૂપી જીવનવૃક્ષ છે, એની ઉપર બે પક્ષીઓ બેઠેલા છે, એક મન અને જીવ ભાવથી બેઠેલું છે, એ આ બધું જ ખાય છે, ચાખે છે, કડવું લાગે છે, તીખું લાગે છે, રડે છે હાય હાય કરે છે, હસે છે મીઠું ખાઇને સારા પ્રસંગોનું, અને એક આત્મા છે ત્યાં, પણ અંદર બેઠેલો જ છે આ બધું જ જોયા કરે છે, ખાતું નથી. પક્ષીઓ બે છે પણ એક ભોકતા છે અને અને એક દ્રષ્ટા છે, દ્રષ્ટા છે તે નિરાંતે બેઠો છે અને પેલો ભોગવે છે તે દુઃખી છે, રડે છે, હાય હાય કરે છે, નાચે કૂદે છે, તો આ જગતની માયામાં અખંડ આનંદ,

**''આનંદમ્ હ્યજમ્ દ્વિતીયમ્''**

એ માત્ર આત્માનો જ આનંદ છે,

**''આત્મા વા નિધિ હાસ્ય''**

આત્મા એ જ આનંદ છે, અને આત્માનો આનંદ એ જ સાચો આનંદ છે, આમ કહીને જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં અદ્વિતીય એવા જય મહારાજનું સ્વરૂપ આત્માનું સ્વરૂપ છે, સદાયને માટે પોતાના સ્વરૂપમાં બિરાજેલા છે, જગતની માયા એમને સહેજ પણ સ્પર્શતી નથી, અલિપ્ત કહેવાય. ચારે બાજુ બધું જ ચાલ્યા કરતું હોય, આપણા શરીરમાં પણ ઘણું બધું ચાલ્યા કરતું હોય, એનો વ્યવહાર, બોલવાનું, જોવાનું, ખાવા-પીવાનું, ફરવાનું સાંભળવાનું બધું જ થયા કરતું હોય, સુખ-દુઃખ, આઘાપાછા, પણ અંદર આત્મતત્ત્વ તો સ્થિર અને શાંત બેઠું છે, બધું જ જૂએ છે, અનુભવે છે. મનની સાથે વૃત્તિઓ ગઇ એનું નામ જીવ, અનુભવ જીવને કરવાનો, મન ઇન્દ્રિયો અને વિષયો મળીને, અને આત્માને તો માત્ર જોયા કરવાનું છે.

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમ્''**

બસ એ ભાવથી જય મહારાજનાં દર્શન કરીશું, તો સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાનનાં જ એમનામાં દર્શન થશે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૦૯

# શાન્તં મહાભારતમ્

માત્ર એક જ આત્માના પ્રકાશમાં સતત જે રમમાણ છે, જેની બધી જ વૃત્તિઓ પોતાના સ્વરૂપનો જ એક પ્રકાશ છે, અજવાળું જેને કહીએ, સમજણનું અજવાળું જે કહીએ, એ સમજણના અજવાળામાં પોતે પોતાની જાતને સમાવી લીધી હોય, કે અણ સમજણના અંધારામાં કયાં ભટકાઇશ એમ કરીને પોતાના આત્મપ્રકાશ સમજ, જ્ઞાનમાં પોતામાં જાય. આપણે આપણા પરિવારમાં, ઘરમાં એક જ પરિવાર છે, પણ એ પરિવારમાં અંદરોઅંદર વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કંઇક સમસ્યા ઊભી થાય, કંઇક સંઘર્ષ ઊભો થાય, ગેરસમજ ઊભી થાય ત્યારે એ વ્યવહાર કેવો બની જાય છે? એક જ ઘરનું જીવન કેવું બની જાય છે? શંકાસ્પદ, અવિશ્વાસ, કલેશ. પરિવાર એક છે છતાંય પરસ્પરના કોઇક મનભેદ, વિચારભેદ, વ્યવહારભેદને કારણે ઊભી થયેલી અણસમજ, ગેરસમજ કે પરસ્પર સંઘર્ષ અને વૈમનસ્યમાં પરિણમે, કેમ કે એનામાં પૂર્ણ જાગૃતિનો પ્રકાશ નથી, સમજણનું અજવાળું ખોઇ બેઠા છે. પોતાના ઘરમાં જ અણસમજના અંધારામાં, પરિવાર હોવા છતાંય એકબીજા વચ્ચે કૂટાઇ મરે છે, જેને સમજફેરનું નાટક કહેવામાં આવે છે. માણસ જયારે પણ જીવનમાં, પરિવારમાં, વ્યવહારમાં સમજણ ગુમાવી બેસે ત્યારે

એક ખળભળાટ મચી જાય, પોતે પોતાની જાતને સમજાવી નથી શકતો કે સમજી નથી શક્યો. પણ જય મહારાજનું જે સ્વરૂપ છે, એક એવું અકળ છે, એટલે તો આપણે દિવ્ય કહીએ છીએ, કે આટલી મોટી વિભૂતિ, પોતાના જીવનમાં ક્યારે કયાંય પણ કોઇપણ જાતનું અંધારું ન થવા દે. જય મહારાજને આત્મ પ્રકાશવાળા કહ્યા. એ પોતે મહાન આત્મપ્રકાશમાં રત રહે, બહારની કોઇ પણ પરિસ્થિતિ તરફ લક્ષ્ય ન રાખે, લોકો તો પોતાની જાતને નથી સંભાળી રાખતા એટલા માટે તો દુઃખી છે, જેને આત્મ પ્રકાશ કહેવાય,

**''શાંતમ્ મહાભારતમ્''**

ભા એટલે બ્રહ્મ અને સતત બ્રહ્મની અંદર જે રત છે તે. ભારત આપણા દેશનું નામ છે, ભારત નામ આપેલું છે.

**''ભા નામ્નિ રત ઇતિ ભારતઃ''**

જે પ્રેમમાં, પોતાના સ્વરૂપમાં, પરમાત્મામાં લીન છે. આખી સંસ્કૃતિની પરંપરા છે, અરે નામ પણ કેટલું ઊંચુ આપ્યું છે દેશનું, ભારત, એટલે જે સતત પોતાના સ્વરૂપના ચિંતનની અંદર લાગેલું છે, દુઃખી નથી. ઇન્ડિયામાંથી શું અર્થ કાઢીશું? કાઢો જોઇએ, એનો અર્થ શું? પણ અંગ્રેજીનું આપણને ઘેલું લાગ્યું છે એટલે ઇન્ડિયા ઇન્ડિયા કરીએ છીએ, એનો અર્થ શું? એની પાછળનો હેતુ લક્ષ્ય શું? કશું નહીં. જયારે ભારત, જે પોતે શક્તિશાળી છે, જે પોતાની અંદર જ વ્યસ્ત છે, વ્યસ્ત રહેવું એનું નામ પણ ભારત છે. ભારત એટલે, બ્રહ્મમાં જે સતત તરબોળ રહે, રત રહે પોતાના સ્વરૂપમાં, એનું નામ છે ભારત. ભારત શબ્દનો અર્થ કેટલો બધો ઊંચો અને સરસ છે, શાંત પરિપૂર્ણ રીતે જે પોતાના જ સ્વરૂપની અંદર રત છે, બહાર કયાંય પણ, તળપદી

ભાષામાં કહીએ તો ડાફોરીયુ મારવાની સહેજ પણ ઇચ્છા નહીં, બસ પોતાના નિજ સ્વરૂપમાં જ બેઠા હોઇએ, શાંતિથી બેઠા હોઇએ, સ્થિરતાનો અર્થ છે તમે તમારામાં સ્થિર થઇ જાવ. જ્યાં ચંચળતા છે ત્યાં જ અશાંતિ છે, અને અશાંતિ છે ત્યાં જ દુઃખ છે. એટલે જય મહારાજના સ્વરૂપમાં તો એ જ છે, કે પોતે બિલકુલ શાંત થઇ જઇને, જયારે પણ વ્યવહારમાં નીકળીશુ તો વ્યવહાર તો રાગદ્વેષ અને ખખડાટ તો ઊભો કરશે જ, પણ નિજસ્વરૂપમાં કેટલું સરસ કહ્યું કે,

**''શાંતમ્ મહાભારતમ્ માયાતીતમ્''**

આ બધી ઉપાધિઓથી પર થઇ જઇને. અંતર્મુખ કયારે થવાય? માયાથી પર થઇ જઇએ તો. પણ માયાનો વળગાટ જ એવો હોય કે તમને અંતર્મુખ થવા જ ન દે. અંદર તમારે સ્થિર થવું હોય, અંતર્મુખ થવું હોય તો પણ માયા બારણે જ ઊભી હોય, કે અંદર પેસવાનું નથી, બહાર જ ભટક્યા કરો, આ બધો વ્યવહાર જોયા કરો, રડ્યા કરો, ઝઘડ્યા કરો. એક નાટક છે અને એ નાટકની અંદર એણે મોકલ્યા છે. રડવાનું, હસવાનું, સુખી થવાનું, વાગવાનું, ઊંઘવાનું, ખાવાનું, આ બધા જ તમારા માટે ગોઠવી મૂકેલા છે, આ પ્રમાણે જ ચાલવાનું છે, નાટકના રંગમંચ ઉપર આ પ્રમાણે જ કરવાનું છે, અને તે પણ પાછું સાચે સાચું, હસવાનું સાચે સાચું, દુઃખી થવાનું પણ સાચું તમે સાચેં જ રડતા હો કે સાચા દુઃખી થતા હો માથું પછાડતા હો પણ એ છે તો એક નાટક જ, વાસ્તવિકતા નથી.

**''માયાતીતમપારમ્''**

એનાથી પર કયાં? સત્વગુણ છે, સત્વગુણ એટલે સંયમ

સદાચાર શાંતિ અંતર્મુખતા, કયારેય પણ એ છળ કપટ દંભમાં ન આવે, એનું નામ સાત્વિકતા છે. આ જગતના વ્યવહારોથી સમજણપૂર્વક ઉપર ઊઠી જાય,

**''માયાતીતમ્''**

એનાથી પર, કિનારે. જેમ કિનારે માણસ ઊભો હોય, નદી વહેતી હોય, જોયા કરે જોયા કરે જોયા કરે, પણ નદીમાં પડે તો પલળવું પડે અને તરવું પણ પડે. પણ કિનારે ઊભો રહ્યો હોય તો શાંતિથી, કેમ?

**''માયાતીતમ્''**

એટલે જગતના જે પણ કાંઇ દ્રશ્યો છે, જે પરિસ્થિતિ છે, એનો સાક્ષીભાવે એક બાજુ ઊભો રહી અને જોયા કરે, અંદર કૂદકો મારે નહીં, એનું નામ છે.

**''માયાતીતમ્''**

નહિતર તો અંદર ડૂબી જવાય, પલળી પણ જવાય, તરવું પણ પડે, થાકી પણ જવાય, પણ માયાથી અતીત, પાર થઇ જઇએ, માયાથી ઉપર ઊઠીને માત્ર પોતાના જ સ્વરૂપમાં પોતાની સ્થિતિ, એનું નામ

**''માયાતીતમ્ શાન્તમ્ મહાભારતમ્''**

શાંત, એને કોઇ ઉપાધિઓ નડે નહીં. ભલે દુઃખો ગમે તેવાં આવે, ગમે એટલાં આવતાં હોય, પણ એ વ્યથીત ન થાય, એનું નામ શાન્તમ. ઉપાધિઓ, દુઃખો બધાં જ આવતાં હોય, શરીરમાં વ્યાધિ પીડા પણ હોય, ગુણાતીત એને એ પણ ન સ્પર્શે, શરીરને થાય છે, મારે શું? આમ શરીરથી ઉપર વૃત્તિ, શરીર પ્રત્યે દેહાધ્યાસ હોય, શરીરમાં પીડા હોય, તો એમ જ થાય કે શરીરને

છે મારે કયાં છે? અને આનું નામ છે,

**''માયાતીતમ્''**

એનાથી પર થઇ પાર નીકળી જઇને કયાં પહોંચવાનું?

**''સત્વમ્''**

**સાત્ત્વિકતામાં પહોંચવુ એટલે એની દ્રષ્ટિ સાત્ત્વિક હોય, એની વાણી સાત્ત્વિક હોય, એનો વ્યવહાર સાત્ત્વિક હોય, કોઇને એ દુભાવે નહીં, કોઇને એ દુઃખી ન કરે.**

**''પારસત્ત્વગુણગમ્''**

જે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો છે, એનાથી ઉપર ઊઠીને, જેને ગુણાતીત અવસ્થા કહીએ છીએ, ગીતાજીના ચૌદમા અધ્યાયમાં બહુ જ સરસ કહ્યું છે,

**''ગુણાતીતઃ સ ઉચ્ચતે''**

ગુણાતીત એ છે કે જે આ બધાથી, માન-અપમાનથી ઉપર ઊઠી જાય, વ્યવહારથી ઉપર ઊઠી જાય, માયાતીત થઇ જાય, કોઇપણ વ્યવહાર એને સ્પર્શે જ નહીં, ભલે ને જે થવાનું હોય તે થાય, હું આત્મા છું, મારું કશું પણ નુકસાન જવાનું નથી, મને કશું પણ થતું નથી, આ રીતે પોતે પર થઇ જાય, જેને કહેવાય જીવનમુકત, અને બીજા શબ્દોમાં કહીએ તો જીવનમુકતની સાથે વિદેહી, શરીર હોવા છતાં શરીરમાં નહિ.

**''તમે દેહી છતાં વિદેહી થયા''**

છતે શરીરે શરીરથી બહાર, શરીરથી બહાર હોઇએ પછી શરીરને શું થયુ છે એ ખબર પડે પછી? શરીરથી બહાર નીકળવા માટે બે રસ્તા છે, તમે સાત્ત્વિકતાના માર્ગે, ભજનના માર્ગે

ભગવાનના માર્ગે ચડી જાવ, તો તમે ભગવદ્ ભક્તિમાં ધ્યાનમાં શરીરથી પર થઇ શકો, ભાન ભૂલી જવાય શરીરનું. ચૈતન્ય મહાપ્રભુ નામ સંકીર્તન કરતા કરતા દેહભાન ભૂલી જતા હતા. કયારેય કોઇક માણસ પોતાની એવી કોઇક ખ્વાઇશમાં દૂર દૂર મનથી એવો ફરતો હોય, તો શરીરને ભૂલી જાય, અનુભવ કર્યો છે? કર્યો હશે. ઘણીવાર એવું થાય કે માણસ મનથી ખૂબ દૂર નીકળી ગયો હોય, પછી કોઇ ભાઇબંધ કહે કે અરે કયાં ખોવાઇ ગયો, કયાં ફરું છું? એ પોતે આવી વ્યવહારિક સાંસારિક વૃત્તિઓથી, એ શરીરથી પર થઇ જાય, પછી એને ઢંઢોળવો પડે, જાગે પછી, હા હા શું છે કહે એ, પોતે ચમકી જાય, તો એ દેહાતીત વૃત્તિ છે, પણ એ વિકૃત્તિ છે, અને પરમાત્માના, પોતાના આત્માસ્વરૂપમાં ભળી જવાની જે દેહાતીત વૃત્તિ છે તે સાત્ત્વિક છે.

**''પારસત્ત્વગુણગમ્''**

એ જે ત્રણ ગુણો છે એનાથી પર. દેહાતીત કહીએ એટલે એ પોતાની જાતને માટે કશું પણ વિચારે જ નહીં, પોતે શાંત વૃત્તિમાં બેઠો હોય, આવનારી કોઇ પણ પરિસ્થિતિ એને સહેજ પણ હલાવે ડગાવે નહીં, કેમ કે પોતાની સ્થિતિમાં બેઠો છે. જેમ દરિયાનો કિનારો છે, અને પાણીના મોજાં આવે છે, એને અથડાય છે અને પાછા જતાં રહે છે, એમ જીવનમાં એ દરિયા કિનારાની દિવાલની જેમ સહન કર્યા કરવાનું, પોતે એની એ જ જગ્યાએ. એવા તો કેટલાય અગણિત મોજાઓ એની સાથે પછડાઇને જતાં રહે, છતાં પણ દિવાલ એમની એમ જ રહે, એમ વ્યવહાર ગમે એટલો આપણને ટકરાયા કરે, સમજવાની વાત છે, છતાં પણ આપણી સ્થિતિ અડગ જ રહે, આવી પરિસ્થિતિઓ તો

આવવાની અને જવાની, રહેવાની નથી, **સુખની પરિસ્થિતિ હોય એ રહેવાની નથી, દુઃખની પરિસ્થિતિ હોય એ પણ રહેવાની નથી, એ બધી જ પરિસ્થિતિઓ જવાની જ છે,** એના માટેની જે સહનશક્તિ આ સ્થિતિને ધીરે ધીરે કેળવવી એનું નામ છે,

**''માયાતીતમ્''**

જીવનભર પરિવારની વચ્ચે રહીને પણ જે કાંઇ પરિસ્થિતિઓ આવે, એ પરિસ્થિતિઓને સહન કરી ઉકેલીને આગળ વધી જવાનું. માણસની પરિસ્થિતિ સારી ન હોય, ગરીબ કુટુંબ હોય, પોતે પોતાના કુટુંબને લઇને આગળ વધતો હોય, સગવડો મળે કે ના પણ મળે, આર્થિક સગવડ ન હોય તો એની જરૂરિયાતો પૂરી થાય કે ન પણ થાય, એના વગર ચલાવીને જીવવાનું, આગળ ચાલવાનું. ભલે દુઃખ લાગે, આ વસ્તુ ન મળી જીવન તો આગળ વધવાનું જ છે, પરિસ્થિતિઓ તમને ટકરાતી જ રહેવાની છે, અને થપાટો ખાતાં ખાતાં પણ જીવન આગળ વહેતું જાય છે, નીકળતું જાય છે. તો આ પરિસ્થિતિને સુખે દુઃખે, સમજણથી કે રડતા રડતા, હાય હાય કરતાં કે હરી હરી કરતાં એને પસાર તો કરવાની જ છે, પણ એના પોતાનામાં એક હિમ્મત હોય, શક્તિ હોય, સમજણ શક્તિ હોય, તો એ બધી જ પરિસ્થિતિઓને હળવાશથી પાર કરી દેશે. ભલે ઘરમાં બધી પરિસ્થિતિ સારી નહીં હોય, અને રોટલો જ હશે, તો કદાચ રોટલો અને મરચું ખાઇને પણ એ દિવસ પૂરો કરશે, પણ જો રડશે કે હાય હાય આજે મને ખાવાનું ન મળ્યું, એક મજૂર હશે તે પણ જે પણ કાંઇ એની પાસે ખાવાનું હશે એનાથી દિવસ પૂરો કરી, અને બીજે દિવસે સવારે ઉઠીને કામ કરશે, અને કોઇક વિભૂતિ તેવા મહાપુરુષ શિક્ષા માટે નીકળ્યો છે, નારાયણ હરિ કર્યું પણ કયાંથી

ભિક્ષા ન મળી, પાછો આવ્યો અને સૂઇ ગયો નિરાંતે, હરિ ઇચ્છા, મને ભિક્ષા ન મળી તો ચલાવી લઇશ, એક ખોબો પાણી પીને સૂઇ જશે, પણ ક્યારેય દુઃખી નહીં થાય, એનું નામ એ માયાતીત, આવેલી પરિસ્થિતિને સહન કરીને આગળ નીકળે. અને જીવન કોઇનું પણ અટક્યું છે ખરું? જીવન તો એની ગતિએ ચાલ્યા જ કરવાનું છે, સમયની ગતિની સાથે સાથે આપણુ આયુષ્ય ચાલ્યા જ કરે છે, જીવન પણ ચાલ્યા જ કરે છે, કોઇનું ક્યાંય પણ અટકતું નથી. કોઇ બહુ પૈસાવાળો હોય અને બધી રીતે સુખી હોય તો પણ એનું જીવન પણ અટકતું નથી જ, બધાં જ જીવન એક સાથે ગતિ કરી રહ્યાં છે, પણ એમાં સમજણની ફેરને કારણે, સમજણની બદલીને કારણે એક માણસ દુઃખી થાય છે. એક માણસને અડધી રાત્રે ધકકો મારીને ઘરની બહાર કાઢી મૂક્યો, રડે છે. બારણું બંધ કર્યું તો પછાડે છે, અને બીજો માણસ એક છે, રાત્રે છાનોમાનો બારણું ઉઘાડીને ચાલ્યો જાય છે, પરિસ્થિતિ ઘરમાંથી બહાર નીકળવાની એક જ છે, ક્રિયા એક જ છે, પણ એક જણ માયાવાળો છે એનાથી છૂટતું નથી, એના કારણે એ ઘરના બારણામાં માથુ પછાડશે કે તું ખોલ ખોલ ખોલ, અને બીજો છે માયાતીત, ઘરની અંદર હશે તો પણ સાંકળ ઉઘાડીને છાનોમાનો કોઇને ખબર ન પડે એમ ચાલ્યો જશે. ક્રિયા એકની એક જ છે, એમાં સમજણનો ફરે છે, એક માણસ દુઃખી થાય છે અને એક માણસ સુખી થવા માટે નીકળી જાય છે.

**''માયાતીતમ્ પારસત્ત્વગુણગમ્''**

અને કેવો?

**''શાંતમ્ મહાભારતમ્''**

એ પોતાની એવી વ્યાપક બ્રહ્મ સ્થિતિમાં પોતે સ્થિર થઇ

ગયો હોય, એને જગતનું, શરીરનું કે પોતાના ઘરના વ્યવહારનું કશું પણ ભાન ન હોય, ભાન ન હોય એટલે બે ભાન નહીં, સ્વસ્થ ચિત્તેથી. રાત્રે ઊંઘી જવું એ અજ્ઞાન અને બેહોશી છે, પણ જાગ્રતની અંદર, **જેમ ઊંઘમાં મન શાંત થઇ જાય છે. એમ જાગ્રત અવસ્થામાં મનને શાંત કરીને બેસવું, એનું નામ છે અંતર્મુખતા, એનું નામ છે સમાધિ.** ક્રિયા એક જ છે ઊંઘી જઇએ ત્યારે મન શાંત થઇ જાય છે, પણ કયારેક સ્વપ્નાવસ્થામાં નીકળી જાય ખરું, જાગ્રતની અંદર પણ **જ્યારે ધ્યાન કે સમાધિમાં બેસીએ ત્યારે એ ધ્યાનની પ્રક્રિયામાં મનને પોતાનામાં સ્થિર કરી દેવાનું છે, કે બીજે કયાંય ન જાય, પણ ઊંઘમાં અને જાગ્રત અવસ્થામાં મનને સ્થિર કરવામાં ફેર છે, ઊંઘમાં મન સ્થિર થાય છે તે તામસ છે, પણ જાગ્રત અવસ્થામાં ધ્યાન ભજન સમાધિમાં જ્યારે મન સ્થિર કરવા બેસીએ છીએ એનું નામ સાત્ત્વિકતા છે,**

**''માયાતીતમ્ પારસત્વગુણગમ્''**

માયાથી પર અને શાંત ચિત્તે, સ્વાભાવિક છે કે આ રીતે સ્થિતિ પ્રાપ્ત કરેલો હશે તે પોતાના કુટુંબમાં, પોતાના શરીરમાં, પોતાના વ્યવહારમાં, પોતાના ઘરમાં આવી ઘણી બધી પરિસ્થિતિઓ હોય, છતાં પણ પોતે સ્વચ્છ ચિત્ત હોય, એને કશું પણ ન થાય, કે ભાઇ આવ્યું છે આ પ્રમાણે, બધા જ સ્વીકારી લો અને ચાલો આગળ. કોઇક પરિવારની અંદર એક નિધન થયું મૃત્યુ થયું, હાહાકાર મચી ગયો, રડારોડ થઇ ગયું ખૂબ જ, પણ સમય જતા પાછું એનો એ જ જીવન વ્યવહાર, ફરી પાછું એની એ જ ઘરેડમાં રહેવા માંડ્યો, આ અજ્ઞાનની સ્થિતિ છે, પણ પેલું તો સમજણપૂર્વક કેળવાયેલું છે, કે જવાનું તો છે જ, અને ગયું એની પાછળ જો શાંત રહીશું તો પણ એ જ સ્થિતિ છે અને રડીશું તો પણ એ પરિસ્થિતિ બદલાવાની તો નથી જ.

**''માયાતીતમ્''**

એ સમજણપૂર્વક શાંત રહે, કયારેય પણ વ્યથીત ન થાય, દુઃખી ન થાય, શોક ન કરે, એ પરિસ્થિતિમાં સમજ્યા કે જવાનું તો દરેકને છે, એક ગયો અને આપણે એની લાઇનમાં જ ઊભેલા છીએ. વિચારવાનું એટલું જ કે એક ગયો અને આપણે જીવીએ છીએ, તો હવે શું કરવું? અને એ જે કરવાનું છે, વિચારે છે ને પોતાના સ્વરૂપની માટે, એનું નામ છે,

**''શાન્તમ્ મહાભારતમ્''**

એ શાંત થઇને પોતાની જાતને, પોતાના સ્વરૂપને ઓળખવા માટે પ્રયત્ન કરે છે. તો જય મહારાજ તો એ સ્થિતિમાં હંમશને માટે બિરાજેલા છે, અને એટલા માટે કહ્યું કે આપ તો માયાથી પર છો, શાંત છો, ત્રિગુણાતીત છો, સ્વરૂપમાં હંમેશાં બિરાજેલા છો.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૦

# અમે સુખસાગરમાં જઈ ભળ્યા

અદ્વિતીય અજન્મા આનંદસ્વરૂપ, જે સત્ત્વગુણથી હંમેશાં સંપન્ન છે, જય મહારાજના સ્વરૂપમાં આપણને દર્શન થાય સત્ત્વગુણનાં એટલે બધી જ પ્રકારના સદ્‌ગુણોનો ભંડાર જય મહારાજના સ્વરૂપમાં આપણને સાત્ત્વિકતાનાં દર્શન થાય, સંયમનાં દર્શન થાય, સદાચારનાં દર્શન થાય. બધા જ સદગુણોનો ભંડાર એ જય મહારાજનું સ્વરૂપ, એમાં સ્વયમ શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ છે, એટલે એમાં કોઇ પણ પ્રકારની સહેજપણ કચાશ રહે જ નહીં. પરિપૂર્ણ પરબ્રહ્મ જેને કહેવાય, એ સ્વરૂપ જય મહારાજનું છે, જેને કહ્યું કે સત્ ચિત્, જેનું ચિત્ત સત્યમાં જ સમાયેલું છે. સત્ય એટલે આ જગતના, જીવાત્માનો, શરીરનો જે સત્ય સ્વરૂપ છે તે સત ચિત્ત, અને ચિત્તમાં એ સત્યનો સમાવેશ થયેલો છે. પોતાના ચિત્તમાં બીજું કોઇ દ્રશ્ય નથી, કોઇ વિચાર નથી, કોઇ સંકલ્પ નથી, કોઇ વ્યકિત નથી, કોઇ વસ્તુ પણ નથી, માત્ર એક સત્ય, અને સત્ય એટલે માત્ર પોતાના આત્માનું જ સ્વરૂપ, અન્ય કશું પણ નહીં, જેમ માટીની વસ્તુ બનાવેલી હોય એટલે એમાં માટી જ હોય, બીજું કશું પણ ન હોય, સોનાની વસ્તુ બનાવેલી હોય એટલે એમાં સોનું જ હોય, સત્ ચિત્, એ ચિત્તની અંદર માત્ર

પરમ તત્ત્વ પરમાત્માનું સ્વરૂપ હોય, પોતે જ પરબ્રહ્મ છે, પોતે જ શાંત બ્રહ્મ છે, અને પોતાના સ્વરૂપમાં જ પોતે બેઠલા છે.

**''પોતે પોતામાં ભળી રહ્યા ને પોતે જોયું પોતાનું આપ''**

સત્ ચિત્ અને એનો આનંદ. પોતાના ચિતમાં મનન જે ગણો તે, માત્ર સત્ય સ્વરૂપ એવા આત્માનું જ્ઞાન, એનો જ આનંદ, સચ્ચિદાનંદ, સત્ ચિત્ આનંદનું એ સ્વરૂપ છે, એને પરમાત્મા કહે છે. સત્ય એ જ ચિત્તમાં છે, અને એ ચિત્તમાં સત્યનો આનંદ છે, સચ્ચિદાનંદ, અને એ સ્વરૂપ જ પરમાત્માનું છે, એટલા માટે તો કહે છે કે જય સચ્ચિદાનંદ. ભગવાન જયારે દંડકારણ્યમાં વિચારતા હતા ત્યારે આકાશ માર્ગે થઇને શિવ પાર્વતી જતાં હતાં કૈલાસ, ભગવાન શિવને થયું કે લાવ ભગવાન છે તો દર્શન કરતો જાઉં, પગે લાગતો જાઉં. ભગવાન શિવે ઉપરથી અવાજ કર્યો કે જય સચ્ચિદાનંદ જગ પાવન. જય સચ્ચિદાનંદ, **જેના ચિતમાં સત્યનો આનંદ છે એવા એ પ્રભુ આપને મારા વંદન. જ્યાં પરમ તત્ત્વ પરમાત્માને સચ્ચિદાનંદ સ્વરૂપે જ ઓળખવામાં આવે છે, એનું જ જ્ઞાન, એ સિવાય બીજું કશું પણ નહીં. ચિત્તમાં સત્ય પ્રસ્થાપિત હોય, અને એનો આનંદ અને એ આનંદનું સાચું જ્ઞાન અને એની સાચી સમજ,**

**''સચ્ચિત્ જ્ઞાનમનંતરમ્''**

અને એ જ્ઞાન પણ કેવું? અનંત. આનંદ પણ કેવો? કયારે નાશ ન પામે એવો. બીજા આનંદ-પ્રમોદ મનોરંજનએ તો થોડી ક્ષણો માટે હશે, પણ પાછળ કકળાટ પણ એવા જ હશે, પણ આ તો સત્ ચિત્ આનંદનું જ્ઞાન, એ અનંત કહ્યું, કયારે ખૂટે જ નહીં. હવે એવો આનંદ કોણ ન ઇચ્છે?

**''સદાય આનંદમાં સદ્‌ગુરુ મહારાજ''**

સત્ય આનંદ એ જ આત્માનું સ્વરૂપ હોય, શાશ્વત સુખ એ જ આત્માનું સ્વરૂપ હોય, તો પછી બીજે કયાંય ડાફોરિયાં મારવા કયાં જવું? જે વસ્તુની માણસ ઝંખના કરે છે, જેની આવશ્યકતા છે, જેની જરૂર છે એ એના પોતાનામાંથી જ મળી જાય છે, તો પછી દુનિયાની બહારની વસ્તુમાં કયાં શોધવા જવો આનંદ? એને સંસારમાં શોધો, સંસારમાંથી સાચો આનંદ નથી મળતો, એમાં તો કલેશ પણ આવવાના, બધું જ મીઠું મરચું હળદર રઇ મેથી બધું જ અંદર ભેગું થવાનું. સંસારનો આંનદ એ ક્ષણભંગુર છે, ક્ષણિક છે જય મહારાજની પાસેનો જે પોતાના સ્વરૂપનો આનંદ છે, પોતે પરબ્રહ્મ છે, એ જ્ઞાન છે એ આનંદ છે એ અનંત છે. કેટલું સરસ સંબોધન કર્યું છે, કે આપનું સ્વરૂપ શું છે,

**''સચ્ચિત્ જ્ઞાનમનન્તમક્ષરમ્''**

એ જ્ઞાન, આનંદ, સુખ, અક્ષર, નાશ ન પામે તેવો કહો, આપણો આનંદ તો ઘડીકમાં ખૂટી જાય, ખલાસ થઇ જાય, આ સંસારનાં સુખ, કપ રકાબીની ચા જેવા, બે પાંચ ઘુંટડામાં પુરુ થઇ જાય. પણ જે સત્‌ચિત્‌જ્ઞાનનો જે આનંદ છે એ અનંત છે, કયારે ઓછો થતો નથી, ખૂટતો પણ નથી, અવ્યય જેને કહેવાય, ગમે એટલું વાપરો તો પણ.

**''વ્યયે કૃતે વર્ધત એવ નિત્યમ્''**

**''સચ્ચિત્ જ્ઞાનમ્''**

સત્ ચિત્‌નું જ્ઞાન એટલે, આપણા પોતાનું જ્ઞાન આપણને પોતાને હોવું જોઇએ, મારું જ્ઞાન મને છે જ, હું આ નામનો છું, આ ગામનો છું, હું આનો દીકરો છું, આટલું ભણેલો છું, આ કામ કરું

છું, મારા માતા-પિતા આ છે, મારા સગા વ્હાલા છે, પણ એ જ્ઞાન નહીં, પોતાનો પરિચય હાથ નાક પગ એ નહીં, એ તો જેમ શરીર ઉપર કપડાં પહેરેલા છે એમ આત્માએ પહેરેલું વસ્ત્ર છે, એનું નામ છે શરીર. શરીર તો લખ ચોરાસી બદલાયા જ કરવાનાં છે, નાના-મોટા આઘાપાછા, હાથીના જેટલું પણ હોય અને કીડી કરતાં નાના જંતુઓ જેટલું પણ હોય, એટલે માત્ર શરીરનો પરિચય કરવાથી આત્માની ઓળખ થતી નથી. શરીર જુદું છે, આત્મચેતના જુદી છે, એટલે ચિત્તમાં સત્યનું જ્ઞાન એ સચ્ચિત જ્ઞાન છે, એ જ સાચું જ્ઞાન છે. અને એ જ્ઞાન કેવું? ભૂલી ન જવાય. ભણ્યા છીએ, ડીગ્રી મેળવી લીધી વર્ષો ગયા, એ ભણેલું યાદ છે? શું કરીએ આટલાં બધાં વર્ષો થયાં ભૂલાઇ ગયું બધું, પણ જે આ સત્ ચિત્નું જ્ઞાન છે એ કયારે પણ ભૂલાય નહીં, કારણ કે એ પોતે જ છે, પોતાનું જ સ્વરૂપ છે, અને પોતાનું જ જ્ઞાન છે, કે હું આત્મા છું, એનું જ્ઞાન થાય.

**''અમે સુરત નરતને પાર રહીએ,**
**ત્યાં ચંદ્ર સૂરજ તો નવ પઇએ**
**જેને ગુરુ ગમ હોય એને કહીએ''**

બધાયને ન કહેવાય,

સુરત એટલે આપણી બધી જ વૃત્તિઓ એકાગ્ર થઇ જાય, ખૂબ જ એકાગ્ર થઇ જાય, એનું નામ સુરત. બહાર કયાંય ભમે નહીં, દ્રષ્ટિ ક્યાંય ડાફોળિયાં ના મારે, કાન કોઇ પણ શબ્દની પાછળ ડહોળાય નહીં બધી જ ઇન્દ્રિયો શાંત માત્ર પોતાનામાં, ત્યારે જ એ ભાવ પ્રાપ્ત થાય.

**''પહોંચ્યા તે પાછા નવ વળ્યા,**

**અમે સુખ સાગરમાં થઇ ભળ્યા''**

એ આત્મસ્વરૂપ એ જ સુખનો સાગર છે, કે જ્યાં સુખ ખૂટે જ નહીં. ગમે તેટલાં વાદળાં પાણી ઉડાડી જાય, સાગરમાંથી કેટલું પાણી ઊઠતું હશે? આપણે તો સહેજ વરસાદ વધારે પડે તો ત્રાહિમ્‌મામ ત્રાહિમામ્ થઇ જઇએ છીએ, એ બધું જ પાણી સમુદ્રનું મોટાભાગનું. આ જગતના પાણીને ત્રણ જગ્યાએ વહેંચયા છે, એક તો સમુદ્ર સ્વરૂપે, બીજા વાદળ સ્વરૂપે અને ત્રીજું બરફ સ્વરૂપે, જો એ ત્રણ એક જગ્યાએ ભેગાં થઇ જાય તો? વાદળનું પાણી થઇ જાય, બરફનું પાણી થઇ જાય અને સમુદ્રનું પાણી, આ બધું ભેગું થાય તો આ દુનિયાનું શું જાય? સારું છે કે આ ભગવાને સૃષ્ટિની રચના કરીને પાણીને ત્રણ ભાગમાં વહેંચી નાખ્યાં છે. એક રેલ આવે છે, કેટલું નુકસાન કરી નાખે છે? કેટલા માણસોને મારી નાખે છે? કેદારનાથમાં જોયું ને? આ બધું જ પાણી ભેગું થાય તો શું દશા થાય? સારું છે કે ભગવાને થોડુંક ફિકસમાં મૂકયું છે, થોડું કરંટમાં મૂકયું છે, એટલે નિરાંત છે. આ સૃષ્ટિ છે એને સમજવા માટે, એ આત્માના સ્વરૂપને પણ એમાંથી જ ઓળખવાનું છે. આત્માનું સ્વરૂપ અનંત છે, સુખસગાર છે, જેમ સાગરમાંથી પાણી ન ખૂટે એમ પોતાના નિજ સ્વરૂપનું જે સુખ છે એ સાગરના જેવું, કયારેય ન ખૂટે, કયારેય ન ખૂટે, ભરપૂર, એનો ભંડાર ભરેલો જ હોય.

**''અમે સુખસાગરમાં જઇ ભળ્યા''**

જય મહારાજના, પરમાત્માના સ્વરૂપમાં જઇને ભળી ગયા.

**''પહોંચ્યા તે પાછા ન વળ્યા''**

જે અંદર ગયા તે પાછા જ ન નીકળ્યા

**''સમજણને અજવાળે ગળ્યા''**

ગળવું એટલે ઓગળી જવું.

**''જેમ લુણ ઉદક માંહી ગળ્યા''**

**એમ મન સદ્‌ગુરુમાં ભળ્યાં**

સમુદ્રમાં તમે નજર નાખો જોઇએ, બિલકુલ ચોખ્ખું લાગશે, પણ જો એ પાણીને ઉડાડી મૂકો તો નીચેથી શું મળશે? મીઠું નીકળશે. પાણીમાં નજર નાખીએ તો મીઠું નથી દેખાતું.

**''જેમ લુણ ઉદક માંહી ગળ્યા''**

ઉદક એટલે પાણી. પાણીમાં મીઠું ઓગળી જાય પછી એ દેખાય જ નહીં, છતાં પાણી મીઠા વગરનું નથી, ચાખીએ તો અરે ખારું લાગે છે, એટલે અંદર મીઠું છે જ, એમ આ આપણા જીવનમાં પણ સુખ-આનંદની અનુભૂતિ થાય છે, એ શરીરની નહીં, કોઇ ભોગ કોઇ વસ્તુની નહીં, પણ અંદર આ આનંદસ્વરૂપ આત્મા બેઠો છે એને કારણે આ શરીર આ ઇન્દ્રિયો આ ભોગો આનંદ જેવા લાગે છે. જો એ આત્મચેતના શરીરમાં હોય જ નહીં, ઇન્દ્રિયો હોય ભોગો હોય, તો એમાં કોઇ રસ સ્વાદ આવશે ખરો? ના.

**''સચ્ચિત્ જ્ઞાનમ્''**

આપણા ચિત્તમાં સતત, એટલે પરમાત્મા આત્માનું જ્ઞાનએ જ આપણને આપણા પોતાના સાચા સ્વરૂપનું દર્શન કરાવે છે. સાચું સ્વરૂપ એટલે માત્ર આત્મા. આ શરીર તો જેમ આગળ કહ્યું એમ વસ્ત્ર છે, શરીર વડે આપણો પોતાનો પરિચય કયારેય

પણ નહીં મળી શકે. શરીર એ તો લખ ચોરાસી કપડાં છે, પહેરે રાખો ડ્રેસ, ભગવાને આપ્યા જ છે, ખૂટે જ નહીં. અહીં તો ઘરમાં એક કબાટ ભર્યું હોય, બહુ બહુ તો પાંચ પચ્ચીસ પચાસ સો હશે, પણ ભગવાને કેટલા આપ્યા છે? લખ ચોરાસી, એક પછી એક આ જીવને કપડાં પહેરવાના અને ઉતારવાના, શરીર એ સાચો પરિચય નથી, આપણો આત્મા, આપણું પોતાનું સ્વરૂપ એ જ આપણો પોતાનો સાચો પરિચય છે. આટલી સમજણ આપણામાં ઉતરવી જોઇએ. ભગવાને ગીતામાં પણ કહ્યું કે, આ શરીર એ તો વસ્ત્ર છે, જૂનું થાય એટલે ઉતારી દેવાનું.

**''વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય''**

પાછાં બીજાં કપડાં પહેરી લેવાનાં.

**''નવાનિ ગૃહણાતિ નરોપરાણિ''**

આ સમજણ આપણા પોતાનામાં આવે, પોતાનો સાચો પરિચય આપણને મળી જાય.

**''સચ્ચિત્ જ્ઞાનમ્''**

કયારેય પણ નાશ ન પામે. આત્મા પણ કયારેય નાશ નથી પામતો, અને આત્માનું જ્ઞાન પણ નાશ નથી પામતું, પણ જીવભાવમાં આવી ઇન્દ્રિયો સાથેના કર્મ વડે લેપાતા એ આત્માભાવ ભૂલી જાય છે. ઇન્દ્રિયો વડે જીવ લેપાય છે ત્યારે આત્મભાવ ભૂલી જવાય છે, માત્ર ઇન્દ્રિયોના સુખ અને ભોગો તરફ એ લાલચુ બની જતો હોય છે, એમાંથી જે આનંદ મળે છે એ આનંદ કંઇક ક્ષણિક આનંદ હશે, ક્ષુલુક હશે, જેને કહેવાય કે છીછરો, માણસ છીછરો હોય એની વાતોમાં પણ ઊંડાણ ન હોય છે, છીછરા જ હોય, અને એ છીછરી અવસ્થામાં જીવે છે, જીવન

વિતાવે છે, એનું નામ છે જીવ ભાવ. આત્મભાવ તો તે છે, કે પોતાના બધાયથી ઉપરામ થઇને, જે વ્યવહાર છે જે જીવન છે એનાથી ઉપરામ થવાનું. રસ્તે ચાલવા હોઇએ, ઘણા બધા માણસો આવતા જતા બોલતા કંઇક કામ કરતા હોય, તો એમાંથી આપણે ઉપરામ વૃત્તિ રાખીને જ ચાલીએ છીએ ને? એની સામે જોઇએ છીએ કે આ શું કરે છે કેમ કરે છે ક્યાં જાય છે? ઉપેક્ષા, ઉપરામ વૃત્તિ, એમ આપણા પોતાના જીવનમાં પણ, માત્ર સચ્ચિત્ જ્ઞાનમ. સત્ એ મારો આત્મા, એ મારા ચિતની અંદરનો સદાનો આનંદ, અને એ અક્ષર એ જ અવિનાશી, બીજું કશું પણ મારે જોવાની જરૂરત રહેતી જ નથી. એ તરફ આપણું લક્ષ્ય રાખવાનું જ નહીં, સીધા જ આપણા કાર્ય માટે આપણા લક્ષ્ય સુધી પહોંચવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ, એમ જે શાશ્વત છે.

**''અક્ષરમ્''**

**''નક્ષમરતિ''**

કયારે પણ નાશ પામતું નથી. ખરી પડવું એના ઉપરથી કહીએ છીએ ને? ક્ષર, ક્ષરી પડ્યું, ખરી પડ્યું, આ અપભ્રંશ થયેલા શબ્દો છે. અક્ષર એટલે ન ખરનારો, ના નાશ પામનારો શાશ્વત, તો તે છે આપણું જ્ઞાન, આપણો આનંદ એ જ આપણું સાચું જ્ઞાન. એ આપણા પોતાના સ્વરૂપની સાચી સમજણ. જય મહારાજ પોતે તો એ સ્વરૂપ છે જ, અને એમની શરણમાં જે પણ કોઇ આવે છે જિજ્ઞાસાથી, અપેક્ષાથી, એને જય મહારાજ સ્વરૂપ આપે જ છે.

**''સચ્ચિત્ જ્ઞાનં અનંતં અક્ષરંમ આનંદસ્વરૂપમ્''**

માણસ જ્યાં સુધી થાકતો નથી, હારતો નથી, કંટાળતો નથી, ત્યાં સુધી તેને પરમાત્મા તરફ કે પોતાના આત્મા તરફ સહેજ પણ સૂઝ સરખી પણ નથી હોતી, એથી આગળ કહીએ, તો અકકલ જ નથી હોતી, માત્ર પોતાના વૈભવ ભોગો અને એની સાથે સમયની સાથે દોટ જ મૂકતો હોય છે, દોડતો જ હોય છે, દોડી દોડી દૂર સુધી જાય, કે આમાંથી સુખ મળશે, આ મેળવી લઇશ, આટલું કમાઇશ, ઘરમાં આમ કરી નાખીશ, આવું લઇ આવીશ, સુખેથી રહીશ, આટલા બધા પ્રસંગો ઉકેલી નાખીશ, આટલું તો જોઇશે જ, એ છેક સુધી દોડી જીવનમાં અંદર આટલા બધા લક્ષ્યે દોડ્યા કરે, પણ એ સફળતા મેળવવા માગે છે તેવી સુખ ભરી સફળતા એને ક્યાંય મળતી નથી, ઝાંઝવાના જળ જેવી, અહીં મળશે ત્યાં મળશે, બસ આ રહી આટલી જ છેટી છે, બહુ દૂર નથી, હવે આવી ગયું નજીક જ છે, પણ એ ત્યાં હોય જ નહીં. ગમે તેટલો દૂર દૂર ભાગે, પણ એને પોતાના જીવનની સફળતાનું સુખ હાથમાં આવે જ નહીં, આખરે જીવન સમાપ્ત થઇ જાય. જે મેળવવાનું છે, જે સમજવાનું છે, જે ઓળખવાનું છે, એ તો ક્યાંય દૂર પાછળ રહી ગયું હોય, અને ઝાંઝવાના જળ પાછળ ક્યાંય દોડતો દોડતો ગયો હોય, પાછું આવવું હોય તો પણ મુશ્કેલ થઇ જાય છે, હવે પાછું આવવું કેવી રીતે? ફસાઇ ગયો, કયાંય કશું પણ ન મળ્યું, ઘણો દૂર નીકળી ગયો, હવે કરવું શું? જ્યાં કશું પણ સુખ નથી મળતું ત્યાં ને ત્યાં રખડયા કરો, એ જ થયું ને? જય મહારાજના સ્વરૂપમાં આપણે જ્યારે પહોંચીએ.

**''અમે સુખ સાગરમાં જઇ ભળ્યા''**

બસ અમે તો એમાં ભળી ગયા. સુખસાગરમાં ભળી ગયા પછીથી ઝાંઝવાના જળ પાછળ દોટ મૂકવાની ઇચ્છા થાય ખરી?

એ તો રેતીની ઝાળ છે, પાણી કયાં છે? પાણી તો આ રહ્યું, સુખસાગર અહીં બેઠા છે. પેલા તો સંસારના સુખના ઝાંઝવાના જળ દેખાયા જ કરશે પણ હશે નહીં, સુખ લેવા માટે દોડશો પણ હાથમાં જરા પણ નહીં આવે, જયારે સુખ સાગરને કિનારે બેઠા છીએ, અનંત સાગર ભરેલો છે સુખનો, કયારેય ખૂટવાનો નથી, અમે તો ઝાંઝવાના જળ તરફ નહીં પણ

**''સુખસાગરમાં જઇ ભળ્યા''**

અને,

**''પહોંચ્યા તે પાછા ન વળ્યા''**

આમ અવળી દિશામાં ઝાંઝવાના જળ તરફ દોડી દોડીને થાકશે, તો પણ કશું જ હાથમાં નહિ આવે, એ ઝાંઝવાનાં જળ એટલે સંસાર. સીધી રીતે આવવું હોય તો સુખસાગરને કિનારે આવી જજો, નહીં દોડવું પડે, નહિ ભૂખ્યા રહેવાય, નહિ તરસ્યા રહેવાય. જય મહારાજ જ્ઞાન સ્વરૂપ છે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ હશે અને એ જય થાય કોનો? સત્ ચિત્ આનંદનો. આપણો પોતાનો, આપણા ચિત્તમાં સત્યનો આનંદ, એનું નામ સત્ ચિત્ આનંદ, અને તે આપણું પોતાનું સ્વરૂપ છે, આપણું પોતાનું સ્વરૂપ કયાં ખૂટવાનું હતું? કોની પાસે લેવા જવાનું હતું? સ્વયં છીએ આપણે પોતે જ. એ સમજૂતી આપણા જીવનની, આપણને સાચી કામ લાગવાની છે, અને એમાંથી જ આપણે આપણા પોતાના જીવનને ખૂબ સરસ રીતે, આનંદપૂર્વક જીવીને આપણે પાર ઉતરી જઇશું. જે લક્ષ્ય છે આપણું, આ મનુષ્ય શરીરનું જે ધ્યેય છે, ત્યાં આપણે પહોંચી જવાશે.

કોઇપણ હેતુ વગર આપે કે લઇ જા, જા મનુષ્ય શરીર લઇ

જા, વાપરતાં આવડે કે ન આવડે એતે જોવાનું, ભગવાન તો કરુણા કરીને,

**''કરી કરુણા કહું કરી નર તનું દેહિ''**

ક્યારેક કરુણા કરી અને મનુષ્ય શરીર આપી દે, કે લે લઇ જા, બાકી લખ ચોરાશીમાં કયારે વારો આવે? ચોરાસી લાખમો નંબર હોય, અરે એની આગળ આવ્યા હોય માનો કે એંસી લાખ, એંસી લાખ હટે ત્યાર પછી વારો આવે ને? પણ જીવમાત્રને, ચલ અહીં ઊભો છું, લાગવગ, પહેલો ચાલ, મનુષ્ય શરીર લઇ જા, પણ જઇને આવ્યો, શું કરીને આવ્યો? ટીવી જોઇને આવ્યો, સિરિયલોના ઝઘડા મગજમાં લઇને આવ્યો, જે આપ્યું હતું તે બધું મારીને વેડફીને આવ્યો, ખાલી હાથે આવ્યો, હિરો ધોધે હાથ દઇને આવ્યો, કમાયા વગર. સંસાર સહુને માટે ભગવાને રચ્યો છે, માણસના જીવનનું લક્ષ્ય છે આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાનું. એના વગર એમ ને એમ પાછો ચાલ્યો જાય છે, એ દુઃખી થાય છે.

**''અમે સુખસાગરમાં જઇ ભળ્યા''**

**''પહોંચ્યા તે પાછા ન વળ્યા''**

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૧

# યથા નામ તથા ગુણ

પરબ્રહ્મ પરમાત્મા જય મહારાજ સ્વરૂપનાં દર્શન, એ આપણા સહુના જીવનનું એક અહોભાગ્ય છે, કે જય મહારાજના સંબોધન વડે આપણે જય મહારાજનાં દર્શન કરી શકીએ છીએ. જે જે સંબોધનો છે, એ બધાં જ જય મહારાજના સ્વરૂપમાં છે. જય મહારાજનું સ્વરૂપ પણ જુદા જુદા સદ્‌ગુણોના નામ વડે જ ઓળખાય છે. અંતર્યામી છો, સદ્‌ગુરુ છો, વિદેહી છો, આ બધાં જ નામ,

**''યથા નામ તથા ગુણ''**

જેવા ગુણ હોય એ પ્રમાણે નામ પડે. કોઇપણ વ્યકિત વેપાર કરતો હોય તો એની ઓળખ થશે વેપારી, કોઇ પણ ભણાવતો હશે તો એ છે પ્રાધ્યાપક, કોઇ માણસ ખેતી કરતો હશે તો એનું નામ છે ખેડૂત, એમ જય મહારાજના જુદા જુદા સ્વરૂપ, જુદા જુદા એમના સદ્‌ગુણો, અને એમનું જે પણ કંઇ ક્ષેત્ર છે એમના દ્વારા એ ઓળખાય. જય મહારાજ યોગીરાજ તરીકે ઓળખાય, કેમ? નિર્વિકલ્પ સમાધિમાં અંદર જ છે, સમાધિમાં યોગી જ રહી શકે એટલા માટે યોગીરાજ, એ પરમતત્ત્વ અનેક નામોથી, એમ કહેવાય કે,

**''અનામીનાં નામ અનેક સર્વ જાતાં રહેશે તે જ લહુ''**

નામ પણ ન રહે, રૂપ પણ ન રહે, પણ એમાં રહેલું જે આત્માના પ્રકાશનું તેજ છે ને તે રહે,

**''સર્વ જાતાં રહેશે તે જ લહુ''**

એ તેજ એને જ હું સ્વીકારું છું, લહુ એટલે સ્વીકારવું, આત્માનો પ્રકાશ સ્વીકારવાનું છે. તો,

**''શ્રીપાદગંગાફલમ્''**

આપના ચરણોમાં, આપના ચરણોના આશ્રયે અમને ગંગાજીનું ફળ આપી રહ્યા છો. ગંગાજી પાવન છે, ગંગાજી શીતળ છે, ગંગાજી મધુર છે, ગંગાજી પવિત્ર છે, તો જય મહારાજના ચરણોમાં શરણ એટલું જ મધુર, પાવન, પવિત્ર, અને શીતળ છે. જેમ ગંગાજીમાં શીતળતા મળે, તરસ છીપે, ટાઢક મળે, એમ જય મહારાજનાં ચરણો, શ્રીપાદ, એ ગંગાજી સમાન છે, ગંગાજીથી સહેજ પણ ઊતરતાં નથી. ગંગાજી હંમેશને માટે પવિત્ર છે, એમ જય મહારાજની જીવનયાત્રાનો પ્રવાહ, એ પ્રવાહ જ્યાં જ્યાં જાય તે બધી જ જગ્યાએ ગંગા સમાન થાય છે, એટલા માટે કહ્યું કે,

**''શ્રીપાદગંગાફલમ્''**

આપના ચરણો ગંગા સમાન છે, ગંગાનું ફળ આપે છે. જય મહારાજનાં ચરણો જે માર્ગે ગયાં એ માર્ગે આપણે ચાલીશું તો, આપણને પણ એ જ પવિત્રતા મળશે જે જય મહારાજના શ્રી ચરણોની પવિત્રતા છે, ગંગા જેવી પવિત્રતા છે, શીતળતા છે, એની આપણા જીવનમાં અનુભૂતિ થશે, સાક્ષાત્કાર થશે, જય મહારાજનો ચીંધેલો જે માર્ગ છે એને વંદન કરી લઈએ. ચરણોમાં વંદન કરવાનો ભાવ છે કે જે માર્ગે આપે આપના જીવનનું લીલા

કાર્ય કર્યુ છે એ માર્ગે, આપે બતાવેલા માર્ગે અમે ચાલીએ તો અમારું જીવન પણ એવું સાત્ત્વિક સદાચારી બને. અમે આપના ચરણના શરણમાં અંદર છીએ, અમને પણ એવી જ સદ્ગતિ પ્રાપ્ત થાય, અમને એ જ અવસ્થા પ્રાપ્ત થાય આપની પ્રસાદી સ્વરૂપે. જય મહારાજની પાસે તો એ અવસ્થા સ્થિતિ છે જ, પણ એ આપણે મેળવવાની છે. જય મહારાજ અમારું જીવન પાવન થાય, અમે પણ સદાચારી અને સાત્ત્વિક બનીએ, એટલે આપના જીવનમાંથી અમને એ પ્રસાદરૂપે મળે. આ બીજો બધો પ્રસાદ નહીં, આપની કૃપા આપનો અનુગ્રહ, અને આપનો જે વૈભવ છે દિવ્યજયોત તીર્થનો, પરમ સ્વરૂપનો, એ વૈભવમાંથી થોડું થોડું અમને મળે ને તો અમારું જીવન પાર ઉતરી જશે. જય મહારાજ તો દિવ્ય છે, ભવ્ય છે, સંપૂર્ણ છે, પરિપૂર્ણ છે, સર્વ રીતે અધૂરા અને અપૂર્ણ તો આપણે છીએ, એમના શરણે આવ્યા છીએ એમની પાસેથી કંઇક મેળવવા માટે, અમને પણ સાધન, ભજન, તપ આપનામાંથી પ્રાપ્ત થાય. જય મહારાજનાં દર્શન કરીએ, એમ થાય કે ઓહો આવા તપસ્વી છે! આપણને પણ માળા ફેરવવાનું મન થાય, વિષ્ણુસહસ્રના પાઠ કરવાની ઇચ્છા થાય. ભજન સાધન અને સાત્ત્વિકતા એ જય મહારાજના સદગુણો પ્રેરક છે, એમનું દર્શન જ પ્રેરક છે. દર્શન કરીએ ને એટલે અંદરથી પ્રેરણા મળતી જાય, જય મહારાજ કેવા શાંત છે, હું દર્શન કરું છું મને પણ શાંતિ મળે છે દર્શન કરતાં કરતાં, પ્રણામ કરતાં કરતાં,

**''શાન્તંમ્ શ્રી સંતરામમ્''**

આપનું સ્વ એ જ શાંત છે, દર્શન કરવાવાળો, આપને પ્રણામ કરવાવાળો ગમે તેવો આવ્યો હશે, આપના શરણમાં આવી, આપનાં દર્શન કરી ગંગા ફળ પ્રાપ્ત કરીને એ શાંત થઇ

જશે. એના મનના, તનના, વ્યવહારના જે તાપ છે, **જય મહારાજના શ્રીચરણ જે ગંગાસ્વરૂપ છે, ગંગાસાગર છે, એ બધું જ એને પ્રાપ્ત થશે, કે હાશ જય મહારાજને શરણે ગયો, એમના શરણમાં બેઠો, મને બધી જ ટાઢક આવી ગઇ, બધું જ શાંત થઇ ગયું. જે જય મહારાજને શરણે આવે છે, દર્શન કરે છે, એમને આમાંનું કાંઇક ને કાંઇક પ્રાપ્ત થતું હોય છે એટલે આવે છે.** દરેકને પોત પોતાના અંતઃકરણમાં સ્ફુરણા થાય, પ્રેરણા થાય, એમની કોઇને કોઇ સમસ્યાઓ દૂર થાય, એમના દુઃખ દૂર થાય એટલે, જય મહારાજના દર્શનમાંથી આટલું પ્રાપ્ત થયું, અમે જય મહારાજના દર્શને જઇએ છીએ, જય મહારાજ અમને સંભાળે છે, એટલે જ એને અંદરથી સંતોષ મળે, ન આવીએ એક દિવસ તો એમ થાય કે આજે દહાડો પડ્યો. જેમ ખાવાનું ન મળે તો એમ થાય કે આજે ભૂખ્યા રહ્યા, **એમ જય મહારાજના સમાધિસ્થાનના, જ્યોત પાદુકા શ્રીના દર્શન કરવા દિવસમાં એક વખત ન અવાયે, તો લાગે કે જીવન ખાલી થઇ ગયું.** જમવાનું ન મળે તો ખાલી પેટ જ ખાલી રહે, આ તો મન આખું ખાલી લાગે, કે આજે દર્શન કર્યા સિવાયનો દહાડો રહી ગયો. અને કદાચ કોઇ એવા પણ હોય, એક ભાઇ આવ્યા, એરપોર્ટ ઉપરથી ઉતરીને રાત્રે બે વાગ્યે આવી મંદિરની ધજાના અને પેલી તિરાડમાંથી જ્યોતનાં દર્શન કરી પછી ઘરે ગયા, કે ચાલ મને ત્યાં શાંતિ મળવાની છે, મારું મન, મારા વિચારો, મારા વ્યવહાર પવિત્ર થવાના છે, કેમ કે જય મહારાજ પવિત્ર છે, એમનાં દર્શન કરીશ તો હું પણ પાવન થઇ જઇશ, આવા સદ્ભાવથી જય મહારાનાં શ્રી ચરણોનાં દર્શન, પાદુકાશ્રીનાં દર્શન કરવાનાં,

**''શ્રીપાદ''**

આપના શ્રી ચરણ કેવા છે?

**''ગંગાફલમ્''**

ગંગાજીમાં જે સ્નાન કરીએ, ગંગાજીનું શાસ્ત્રોમાં જે પણ કાંઇ મહાત્મ્ય બતાવ્યું છે, એમનું જે પુણ્ય બતાવ્યું છે, એમની જે પવિત્રતા બતાવી છે, તે બધી જ પવિત્રતા, ગંગાજી તો ઘણા જ દૂર છે ત્યાં સુધી કયાં જઇએ, સમય ક્યાંથી કાઢવો જવા માટે? અહીં જય મહારાજ બિરાજ્યા છે, જય મહારાજનાં શ્રી ચરણોમાં જ ગંગાજી પધાર્યા છે. ભગવાનના શ્રીચરણોમાંથી ગંગાજીનો પ્રાદુર્ભાવ થયો છે, એટલે જય મહારાજના ચરણોમાં પણ વિષ્ણુપાદ છે, વિષ્ણુચરણ છે, અને વિષ્ણુચરણમાંથી જે ગંગાજીનું પ્રાગટય થયું છે, એટલે જય મહારાજના ચરણોમાં પણ વિષ્ણુપાદ, વિષ્ણુચરણ છે, એટલા માટે એ ચરણોમાં જઇને બેસી જઇશું, પાદુકાજીનાં દર્શન કરીશું, ચરણામૃત લઇશું, તો પણ છેક ગંગાજી જઇને આવ્યાનું ફળ પ્રાપ્ત થાય.

**''શ્રીપાદ્‌ગંગાફલમ્''**

જેમ મૃત્યુ સમયે અંતકાળે મુખમાં ગંગાજી પધરાવવામાં આવે અને એની મુક્તિ થાય, એનો આત્મા સદ્‌ગતિએ જાય, એમ જય મહારાજના શ્રીચરણોનું સ્મરણ માત્ર પણ બંધનો કાપી સદ્‌ગતિ આપે. લક્ષ્મણદાસજી મહારાજને જે અનુભવ થયો, જે પ્રેરણા મળી સ્તુતિ કરતાં, જય મહારાજને જે સેવ્યા આટલા વર્ષો સુધી, અને એમાંથી દર્શન થયું કે જય મહારાજના ચરણ કેવા છે,

**''શ્રીપાદગંગાફલમ્''**

લક્ષ્મણદાસજી મહારાજ કહે છે કે, ભાઇ ના જાણતા હોય તો જાણી લેજો, જય મહારાજના શ્રીચરણોમાં તો ગંગાજીનું ફળ

મળવાનું છે, કયાંય આઘા પાછા ન થશો.

**''અળગા અફળાઇને મરશો''**

આઘા ક્યાંય રઝળવાની રખડવાની જરૂર નથી.

**''કોટી તીરથ ગુરુ ચરણે''**

એકલા ગંગાજી જ નહીં,

**''કોટી તીર્થ ગુરુને ચરણે ગુરુ સમાન નહીં કાંઇ''**

કશું પણ નહીં કરો તો ચાલશે,

**''જોગ જપન વ્રત તપ સર્વે ગુરુના ચરણ માંહી''**

આવી ગયાં બધાં જ તીર્થોનું, બધાં જ યજ્ઞનું, શું બાકી રહ્યું? જય મહારાજના શરણે પહોંચ્યા પછીથી માત્ર ચૂપ થઇ જવાનું, કાંઇ પણ બોલવાનું નહીં, નહીં કહીએ તો પણ જય મહારાજ બધું જ સંભાળી લેવાવાળા છે, બધું જ સમજવાવાળા છે. જય મહારાજ તમારા જીવનને સમજે છે, તમારી સમસ્યાઓને જાણે છે, તમારાં દુ:ખ એમણે પૂરેપૂરાં જોયાં છે, એ દૂર કરવાના જ છે, શાંતિ રાખો નિરાંત રાખો, જય મહારાજનું સ્વરૂપ એ સામર્થ્યવાળું છે. જે પણ કોઇ શરણે આવે એને માથે સદાય મહારાજશ્રી બન્યા જ રહે.

**''તમારે શરણે જે કોઇ આવે તેને સદાય શિર પર ગાજો છો.''**

બસ ગરજતા જ રહે છે, હું ગભરાઇશ નહીં, બીશ નહી.

**''તેને સદાય શિર પર ગાજો છો''**

આવી દૃઢતા આણવી, વિશ્વાસ આટલો હોય, કે જય મહારાજ મારા માથે જ બેઠેલા છે, અમેના ચરણો મારા મસ્તક ઉપર છે જ. આ ભાવ આપણા મનને પવિત્ર કરશે, આપણા

વિચારોને પવિત્ર કરશે, આપણું જીવન પાવન થશે, વ્યવહાર પણ એટલું જ નિર્મળ થશે, હૃદય પણ એટલું જ નિર્મળ અને શાંત થશે, કે જય મહારાજ હૃદયમાં બેઠેલા જ છે. કહી દીધું છે ને કે,

**''ચૈતન્યમ્ શિષ્યમધ્યે''**

મારા હૃદયમાં આપ જ બેઠેલા છો,

**''પ્રભુ મારા રૂદિયા કમળ વચ્ચે રહો છો''**

પતી ગયું, આપ સ્વયં છો, મારામાં આપ જ બિરાજેલા છો. તો જો જય મહારાજનું સાક્ષાત સ્વરૂપ જ આપણા અંતઃકરણમાં બિરાજેલ હોય, તો પછી બીક શાની, ભય શાનો, અશાંતિ શા માટે? નિરાંત હોવી જોઇએ, બિલકુલ શાંતિ એટલે સુધી કે કશું પણ ન બોલીએ, કશું પણ ન કરીએને, જેને ચૂપ સાધના કહેવામાં આવે છે, કશું પણ કરવાની જરૂર નથી, કે બસ હું જય મહારાજનો છું અને જય મહારાજ મારા જ છે, જય મહારાજ મને જોવે છે અને મારી સંભાળ રાખે છે, હું એકમાત્ર જય મહારાજનો છું, મારૂં અંતઃકરણ સદાય સાફ રાખવાવાળા છે. જેમ ગંગાજીમાં ગમે એટલો કચરો પડે, જય મહારાજના સ્વરૂપ, એમના વિગ્રહમાં એટલી અફાટ દિવ્ય શક્તિ ભરેલી છે, કે શ્રી ચરણમાં જ એકલા ગંગાજી આવી બિરાજ્યા છે. તો આપણું જીવન સાર્થક કરવા માટે જય મહારાજ પધાર્યા છે, આ વિગ્રહ લઇને આપણા સહુના માટે જ અવતાર લીધો છે એમ માનજો, બાકી એમને આવવાની કયાં જરૂર હતી? એ આ ભવાટવીમાં ભટકવાવાળા જીવાત્માની માફક થોડા આવ્યા છે? એ દિવ્ય ચેતનાઓ કંઇક આત્માઓનો ઉદ્ધાર કરવા માટે આવે છે, એમનું ભલું કરવા માટે આવે છે, બાકી એમને જન્મ કર્મ હોતા નથી.

**"જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ"**

મારા જન્મ કર્મ દિવ્ય છે, એને જ તત્ત્વ જાણે છે તે જ સાચું સમજી શકે છે.

**"એવં યો વેત્તિ તત્ત્વતઃ"**

કે જે તાત્વિક રીતે એને જાણે છે, કે જય મહારાજનો વિગ્રહ જય મહારાજનું પ્રાગટય આ ધરાતલ ઉપર શેને માટે છે.

**"એવં યો વેત્તિ તત્ત્વતઃ"**

જે જય મહારાજને તત્વ પૂર્ણ જાણે કે આ તત્વ છે, સત્ ચિત્ જ્ઞાન, જેમના ચિતમાં સત્યનું જ્ઞાન ભરેલું છે,

**"સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમ્"**

અને એ પણ અનંત છે, જેનું સ્વરૂપ શાંત છે, જેનું સ્વરૂપ અનંત છે, અને જે સત્ય છે અને એ ચિતમાં સ્થિર થયેલું હોય,

**"સચ્ચિત્ જ્ઞાનમનંતમક્ષરમ્"**

એ આત્માનું જ્ઞાન એ જ સત્ય છે, અને એ જ સત્યનો આનંદ છે, જેને આત્માનંદ કહેવાય, આપણને જય મહારાજનાં દર્શન પ્રાપ્ત થયાં, જય મહારાજનાં સ્વરૂપ કેવાં દોહ્યલાં છે, કેટલાં બધાં ઝળહળતાં છે, ઝળહળતો પ્રકાશ, એ તો જેને દર્શન થાય એને જ થાય. બધાને ન થાય. પણ પ્રાર્થના કરીએ, ભાવના કરીએ, તો અવશ્ય એ તેજપૂંજના દર્શન આપણને પણ જય મહારાજ આપે. જ્યાં સુધી રાગ દ્વેષ ઈર્ષા મગજમાં પડ્યાં હોય, ત્યાં સુધી એ તેજનાં દર્શન કરવાના અધિકારી બની શકતા નથી. એટલું સાચવજો, જયારે પણ સાધન ભજનમાં બેસો ત્યારે રાગદ્વેષને ઓળખી રાખજો, રાગ અને દ્વેષ સાધન ભજન થવા દેતા જ નથી, કયારેય નહીં થવા દે. કોઇની જોડે લડી ઝઘડીને

ગુસ્સો કરીને આવ્યા હોવ, રાતે સૂઇ ગયા, બીજા દિવસે સવારે ઊઠીને નાહી ધોઇને ધ્યાનમાં, ભજનમાં કે નિત્ય નિયમમાં બેસો જોઇએ, પેલો દ્વેષ, ગઇકાલે પેલો આવું કહી ગયો, મને આ મારી ગયો, આવું બોલી ગયો, હું આવું કરી દઇશ, અલ્યા ભાઇ તું અત્યારે ભજન કરવા બેઠો છું. સાધન ભજન કરવા બેઠો છું, આટલો વહેલો સવારમાં ઊઠી નહાઇ-ધોઇને આ વિચારો માટે ઊઠ્યો છું, એના કરતાં તો સૂઇ જવું સારું, આટલા માટે નથી ઊઠાડ્યો વહેલો તું ભગવત સ્મરણ કરવા માટે ઊઠ્યો છું, રાગદ્વેષ નહિ રાખો તો, નિત્યનિયમ ભજન સાધન માળા જપ શાંતિથી કરવા દેશે, ત્યાં સુધી મનને અંદર પેસવા દેવાનું નહીં, બહાર રહે, ખબરદાર અંદર પેઠો તો, એટલું કડક રહેવું પડે. જેમ ઘરમાં તોફાની છોકરો હોય તો એની ઉપર થોડો દાબ રાખવો પડે, એમ મનની ઉપર પણ દાબ રાખવો પડે, કે ચૂપ બેસ, અત્યારે આનો સમય નથી, બેસવું હોય તો બેસ, ગરબડ નહીં કરવાની, મન સાથે બેસી જશે. એટલે **મનને સ્થિર કરવા માટે જય મહારાજના સ્વરૂપમાં, જય મહારાજના દર્શનમાં નિત્ય ટેવ પાડવી પડે. નિત્યની ટેવ પડેલી હશે તો એમાં એકાગ્ર થવાશે.** જેમ રોજ આખો દિવસ વેપારી ફોન ઉપર બેઠો હોય, રાત્રે ઊંઘમાં પણ ફોન ઉઠાવી અને, આટલા લીધા અને આટલા આપ્યા એમ બબડે, રાત્રે ઊંઘમાં પણ એ બબડે, કેમ? મનનો અભ્યાસ થઇ ગયો છે, રાતે ઊંઘમાં પણ બોલે. મનને જેવું કેળવ્યું હશે એ પ્રમાણે જ એના મનમાં ચિવારો આવશે, પ્રયત્ન કરો, મનમાંથી ખોટા વિચારો જાય, રાગ-દ્વેષ જતા રહે. જેમ દ્વેષ પજવે છે એમ રાગ આસક્તિ પણ પજવે. સાધન ભજન કે પાઠમાં બેઠા હો, જેના પ્રત્યે વધારે આસક્તિ હોય, વધારે મોહ હોય, એ પાછું મનમાં તો આવી જ જાય. આમ

ચોપડી લઇને પાઠ કરવા બેઠા હોય, માળા લઇને જપ કરવા બેઠા હોઇએ, પણ ત્યાં સુધી મન ફરી આવે, અરે તું બહુ જ સરસ છે, સારો સ્વભાવ છે, બહુ જ સુંદર છો, એટલે રાગ અને દ્વેષ સાધન ભજનમાં, બંને અડચણરૂપ છે. જો સાધન ભજન કરવાં હોય તો રાગ-દ્વેષથી બહાર નીકળી જવું પડે, કોઇના માટે દ્વેષ નહીં, કોઇના માટે રાગ નહીં, નહીંતર સાધન ભજનમાં બંને સતાવશે, બંને પજવશે, સાધન ભજન નહીં કરવા દે. મનને જય મહારાજના ચરણોમાં મૂકીએ, સાધન ભજન કરતી વખતે રાગદ્વેષ પજવવાવાળા છે જ, વિક્ષેપ નાંખશે જ, એટલે જયારે પણ ભજન સેવા પૂજા કરવા જઇએ ત્યારે રાગદ્વેષને અંદર બેસવા દેવા નહીં, બહાર કાઢી નાખવા પડે. જયાં સુધી રાગદ્વેષ હશે ત્યાં સુધી સાચી ભક્તિ નહીં થઇ શકે, માણસના અધ્યાત્મના માર્ગે ઉપર જો કોઇ મોટામાં મોટું દુશ્મન હોય તો તે રાગ-દ્વેષ છે, એ અધ્યાત્મના માર્ગે આગળ વધવા જ ન દે, ભજન કર, પણ મન ત્યાં દોડતું હોય એ ભજન શું થાય? એ જ રીતે કોઇપણ વ્યકિતમાં આસક્તિ થઇ હશે ને તો એ તમને પજવ્યા વગર નહીં છોડે, એટલે કોઇની સાથે અતિ આસક્તિ પણ નહીં અને કોઇની સાથે દ્વેષ પણ નહીં, સાધનના માર્ગે આ બધા અડચણો છે, દુશ્મનો છે, એટલે હંમેશાં જય મહારાજની પ્રાર્થના કરો કે આપને શરણે છીએ, આપના ચરણોમાં શાંતિ મળવાવાળી છે, શીતળતા મળે છે, કેમ કે આપનાં ચરણ તો,

**''શ્રીપાદગંગા ફલમ્''**

આપનાં ચરણ ગંગાજી જેવું ફળ આપવાવાળા છે. પવિત્ર તો છે જ, શીતળ છે, મધુર છે, તરસ અને તાપ બંને મટાડવાવાળા છે. **માનવજીવનને શાંત કરનાર હોય તો જય મહારાજના શ્રીચરણ છે.**

**જેણે જય મહારાજના શ્રીચરણોનાં દર્શન કર્યાં, જય મહારાજના ચરણોમાં જે શાંતિથી બેઠો એને અવશ્ય શાંતિ મળશે જ, કોઈ તીર્થ કરવાની જરૂર નથી, એને ઘરે બેઠા ગંગાજી પ્રાપ્ત થશે. જય મહારાજના ચરણોમાં ગંગાજીના દર્શન કરો.**

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૨

# આનંદ સ્વરૂપા પરમાત્મા જય મહારાજ

અતિ આનંદ સ્વરૂપ પરમતત્ત્વ જય મહારાજ આનંદનું બીજું સ્વરૂપ છે, આનંદનું સ્વયં સ્વરૂપ છે, કે પોતે આનંદ સ્વરૂપ છે, અને બીજાને આનંદ સ્વરૂપ બતાવે છે. દરેકના જીવનમાં આનંદનું પ્રદાન કરવાવાળા જય મહારાજ છે, જીવમાત્રને આનંદ સુખ આપવા માટે જય મહારાજનું પ્રાગટ્ય છે, અવિર્ભાવ થયો છે. **સતત સદ્‌વિચાર વડે, સત્કાર્ય વડે, સેવા વડે આનંદમાં રહેવું એ જ આપણા જીવનમાં જય મહારાજનો આવિર્ભાવ છે. સેવા કરો, નિશ્વાર્થ સેવા કરો, અકિંચન સેવા કરો, એનો આનંદ લો. કોઈપણ સત્કાર્ય સેવાકાર્ય પરોપકાર કરવામાં હંમેશા આનંદ જ આવશે,** કદાચ સહકાર્ય કે ઘરનું કાર્ય કરવામાં કંટાળો આવે, કલેશ પણ થાય, પણ સેવા કાર્યમાં ક્યારેય કલેશ આવે નહિ, અશાંતિ આવે નહીં, સંતોષ થાય આનંદ થાય જય મહારાજ સ્વયં આનંદસ્વરૂપ છે.

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમ્''**

એ અદ્વિતીય આનંદ આપવાવાળા છે, અલૌકિક આનંદ આપવાવાળા છે, માણસને હાશ થાય કે હું સાચો સુખી છું, એને સેવા કરતાં કરતાં થાય. કદાચ ઘરના માણસો પ્રત્યેનું કામ કરવાનું હોય, તો એકબીજા પ્રત્યે ભાવ કુભાવ ઊભો થાય, કે ક્યાં કરવાનું

આવ્યું, પણ સેવા કાર્ય એવું નિખાલસ છે કે તમને સહજભાવ થાય કે લાવ આટલું કરી દઉં અને આટલું કરી આપું. એ સેવાકાર્યમાંથી અનિર્વચનીય આનંદ પ્રાપ્ત થતો હોય છે, કારણ કે એમાં કોઇ સ્વાર્થ નથી, માત્ર મારે સેવા કરવી છે, મારો સગો છે એટલે સેવા કરવી છે એમ નહીં. કોઇપણ જાતનો પરિચય ન હોય, કોઇ સંબંધ ન હોય, કોઇ લેવડ-દેવડ પણ ન હોય, અને એનું કોઇ કાર્ય કરવું સેવાનું, ત્યારે ખૂબ જ આનંદ થશે કે હાશ. એ છે સેવાનું કાર્ય કર્યાનો સંતોષ આનંદ. જય મહારાજ એવા અનંત આનંદને પ્રદાન કરવાવાળા છે. ઘરમાં પણ ઠાકોરજીની પૂજા રાખી હશે, ઘરનાં બીજાં બધાં કામ કરતા હશો, પણ જ્યારે નિત્યનિયમ, ભગવત્પૂજા, જે પણ કાંઇ જપમાળા કરતા હશો, તે વખતે એ આનંદ જુદો હશે, ઘરનું કામ કરતા હશો ત્યારે મનનું વાતાવરણ જુદું હશે, કરવાનું છે કરવાનું છે, અને કયારેક કયારેક અકળામણ થાય, ત્યારે ઘણા બધા શબ્દો બોલી જવાય, ગૃહ કાર્ય કરતી વખતે છંછેડાઇ પણ જાય. પણ સેવા કાર્યમાં નિર્દોષતા, અકિંચનતા, કોઇ સ્વાર્થ નહીં, કોઇ દોષ નહીં, એનો જ આનંદ માણવાનો મળે છે. સેવાનો આનંદ, એ સેવાનો આનંદ બહુ જ અનોખો હોય છે. માણસને પોતાની સેવા કર્યાનો આનંદ કેટલો બધો થાય છે, કે આટલી સેવા થઇ મારાથી, એટલું પુણ્ય થયું, એટલું સેવાકાર્ય થયું. એટલું સત્કાર્ય થયું, એમાં અહોભાવ આપણને રહ્યા કરે, તો જય મહારાજનું સાનિધ્ય આપણને એ અહોભાવ સેવાનો આનંદ આપે છે.

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમ્''**

અદ્વિતીય આનંદ. જય મહારાજની સેવા પૂજા કરો, જય મહારાજનો સત્સંગ કરો, એ જય મહારાજની સેવાનો, સત્સંગનો,

પૂજાનો, એ એટલો જ આનંદ આપવાવાળા છે. જય મહારાજ તો અનંત છે, અને આનંદનું સ્વરૂપ પોતે સ્વયં છે.

**''આનંદમાનંદકરં પ્રસન્નમ્''**

આપ સ્વયં આનંદનું જ સ્વરૂપ છો, અને આનંદનું પ્રાગટ્ય આપનામાંથી જ થાય છે. આપનામાંથી જ આનંદનો ઉદ્ભવ થાય છે. આનંદ કયાંથી ઉત્પન્ન થાય છે? એ તત્ત્વ શું છે એ કોણ છે? અને કલેશ અને દુઃખ અશાંતિ ઊભી કરે છે એ શું છે એ કોણ છે? એ પ્રશ્નને જો તપાસીએ, કે દુઃખ અશાંતિ કલેશ ઉત્પન્ન કરનારું આ શરીર, આ મન અને એનો વ્યવહાર છે, **મન શરીર અને એનો વ્યવહાર આ કલેશ ઉત્પન્ન કરનાર છે. વ્યવહારના સંબંધો હંમેશા રાગ-દ્વેષમાં જબરજસ્તીથી ખેંચી જશે.** એ આનંદના સ્વરૂપની અંદર જ્યારે આટલી બધી પરિસ્થિતિ ઊભી થાય વ્યવહાર દ્વારા, મન દ્વારા, એટલે યાદ રાખજો મન શરીર અને એનો વ્યવહાર એ માત્ર અને માત્ર દુઃખ અને અશાંતિ સિવાય કશું પણ આપી શકતા નથી. પણ જયારે મનમાં કંઇક આનંદ પામીએ, હર્ષ થાય, તો એ શું અને એ કયાંથી? આત્મા આનંદ સ્વરૂપ છે.

**''આનંદમ્ બ્રહ્મ ઈતિ વ્યજાનાત્''**

જયારે પણ આનંદ થાય છે, ત્યારે એ આત્માના આનંદનો કોઇ એક ભાવ પ્રગટ થતો હોય છે. શરીર હોય, ઇન્દ્રિયો હોય, પણ અંદર આત્મચેતના ન હોય તો આનંદ કયાંથી મળવાનો હતો? શરીર નિષ્પ્રાણ થઇ ગયું, ભોગો છે ઇન્દ્રિયો છે શરીર પણ છે, પણ ત્યાં આગળ આનંદ નથી. તો આનંદનો પ્રેરક કોણ છે? અંદર રહેલો આત્મા.

**''અળગો રહી પ્રેરક થાય''**

**મન ઇન્દ્રિયો અને શરીર ભોગો ભોગવે, પણ અંદર આનંદ તો આત્માનો છે, એ બહાર આવતો હોય છે.** બધા જ ઉપકરણો વીજળીના હોય, અને એમાં જો વિદ્યુત પ્રવાહ ન હોય તો એક પણ કામ ન કરે, પણ જો અંદર વિદ્યુત પ્રવાહ પ્રવેશે, બધા જ ઉપકરણો સુંદર રીતે કામ કરશે, એમ આત્માનો પ્રવાહ વિદ્યુત પ્રવાહએ ઊર્જા છે, એ બધી ઇન્દ્રિયોને શરીરને પ્રાપ્ત થાય છે ત્યારે જ એ બધા કામ કરે છે. તો આનંદનું સ્વરૂપ આપણો આત્મા છે. જય મહારાજ સ્વયં પરમાત્મા છે અને કહ્યું કે,

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમ્''**

અદ્વિતીય આનંદ એ જ આપનું સ્વરૂપ છે. નિસ્વાર્થ, નિર્દોષ, નિર્વ્યાજ, નિખાલસ પ્રેમ જોઇતો હોય તો બાપજીની પાસે જઇ ને પ્રણામ કરો, સેવા કરો, જપ કરો, પ્રદિક્ષણા કરો, પાઠ કરો, ધ્યાન કરો, જય મહારાજ આવો અનન્ય પ્રેમ આપશે, અદ્વિતીય પ્રેમ. એ અદ્વિતીય પ્રેમમાં અંદર ક્યારેય ખોટ નહીં આવે, ક્યારેય અધૂરપ નહીં આવે. સંસારના કોઇપણ વ્યવહાર કે સુખો, ઇન્દ્રિયોના સુખ, એ ક્ષણભંગુર એ અલ્પજીવી સુખ હશે, થોડી ક્ષણો માટે. પણ જે આનંદસ્વરૂપ પરમાત્મા એનો અંશ આત્મા, એનો આનંદ કયારેય પણ ખૂટતો નહીં. તમે આત્માનો આનંદ લો, આત્મા તો સ્વયમ આનંદસ્વરૂપ છે એનો આનંદ એનું સુખ કયારેય પણ ખૂટે નહીં, ગમે તેટલો આપણે એ સુખનો, એ આનંદનો ઉપયોગ કર્યા જ કરીએ કર્યા જ કરીએ. તમે જો જો, મહાપુરુષો હંમેશાં પ્રસન્ન ચિત્તથી આનંદમાં જ હશે, હસતા જ હશે, એમના વદન ઉપર કયારેય પણ ગ્લાનિ કે આવેગ કે આવેશનો કોઇ ભાવ નહીં મળે, માત્ર પ્રસન્નતા જ, કેમ? આત્માના આનંદની સતત અનુભૂતિ જ કર્યા કરતા હોય, એમાં જ

રમ્યા કરતા હોય છે.

**''આત્મારામસ્ય મુનયોઃ''**

આવા તપસ્વીઓ મહાપુરુષો પોતાના આત્મારામના આનંદની અંદર જ રમ્યા કરતા હોય છે. નાના નાના બાળકો હોય, બે ચાર પાંચ ભેગાં થઇ અને રમ્યા કરે રમ્યા કરે, કશું પણ ન હોય પણ એ આનંદથી રમ્યા કરે, એમને કોઇ કલેશ જુઓ છો? ભેગા થઇને કેવા સરસ રમ્યા કરે છે? એમ મહાપુરુષો પણ પોતાના નિર્દોષ આનંદમાં સતત રમમાણ, રમ્યા જ કરતા હોય, એમને આનંદની ખોટ ન હોય. જેમ નાના બાળકો ભલે થોડી વાર માટે ઝપાઝપી કરે, ઝઘડે, રડે પણ ખરા, પણ ફરી પાછા એવા ને એવા રમતા થઇ જાય, એમનામાં રાગ-દ્વેષ ન હોય, હમણાં થોડી વાર પહેલાં જ થયું હતું તે બધું ભૂલી જઇ પાછા રમવા માંડે, આ છે નિર્દોષ અને નિખાલસ પ્રેમ, એમ આપણે આત્માની સાથે રમવાનું છે, આત્માની અનુભૂતિ કરવાની છે, એ સતત એના આનંદમાં જ રહે, એની સાથે જ રમ્યા કરે બાળકોની માફક નિર્દોષતાથી. જ્યારે વ્યવહારમાં આવીએ, શરીર અને ઇન્દ્રિયોના ભાવમાં આવીએ ત્યારે બધા જ સંઘર્ષ, કલેશ, દુઃખ, અશાંતિ, ઈર્ષા પણ આવશે. આખું સૈન્ય સામે આવીને ઊભું રહેશે તમને દુઃખી કરવા માટે જ. સંસારનો, આ જીવનનો બધો જ વ્યવહાર માત્ર દુઃખી કરવા માટે જ છે. માત્ર દુઃખી થવા માટેનો જ છે, એમાંથી સુખ-શાંતિ કયારેય પણ નહીં મળે. જડે તો કહેજો. જ્યારે અનુભવ થાય કે આ વ્યવહાર કેવો છે. એકને રાજી કરવા જઇએ ત્યાઃ પાંચ રિસાઇને બેસી જાય, એનો નિવેડો આવે જ નહીં, પાંચને રાજી કરવા જાવ ત્યાં બીજા દસ પાછા એનાથી વિરુદ્ધ આડા જતા રહે. દુનિયાને કોઇ પણ સંતોષ આપી શક્યું નથી અને

આપી શકવાનું પણ નથી, બસ આપણો વ્યવહાર જેટલો આપણે સીમિત રહી આપણા પોતાના નિજાનંદની અંદર,

**''નિજાનંદે મઝી લેજે, હંમેશા બાલ મસ્તીમાં''**

પોતાની મસ્તીમાં આનંદ. બહુ સંબંધો બાંધવા જશો તો બહુ ઉપાધિઓ નડશે, હવે શાંતિથી બેસો, આનંદ કરો, ભજન કરો, સેવા કરો એ આનંદનું સ્વરૂપ જય મહારાજનું છે, જય મહારાજને આશરે-શરણે જે પણ કોઇ આવ્યો, જય મહારાજ બધાયને પ્રસાદરૂપે એ આનંદ વહેંચ્યા કરે છે, એટલે કૃપા પ્રસન્નતા, પ્રસન્નતાપૂર્વક રાજી થઇને જય મહારાજ આપે, તો આવું અદ્વિતીય સ્વરૂપ જેનું છે, જેનો સ્વભાવ પણ આવો અદ્વિતીય છે, ઘરમાં પોતાને વધારે ગમતી ચીજ વસ્તુ હોય તો બહાર પડોશી કે ફળિયામાં કોઇને વહેંચવા જઇએ? ના, તદ્દન સાચી વાત છે ને? કાંઇ પડોશીઓને બધાને વહેંચી દેવાય? ના, આ તો આપણા કામનું છે જરૂરી છે. જય મહારાજ એવા બેઠા છે, કે આટલી જરૂરિયાતની અને કામની બાબત, જો માણસની માફક જય મહારાજ કંજૂસ થઇ ગયા હોત તો? આ દુનિયાના લોકો આનંદ ક્યાંથી લાવત? એ તો સારું છે કે ભગવાન, જય મહારાજ ઉદાર છે, અને સહુને આશીર્વાદના સ્વરૂપે, પ્રસાદના ના સ્વરૂપે આનંદ આપ્યા જ કરતા હોય.

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમ્''**

અદ્વિતીય આનંદ એવો આનંદ બીજે કયાંય ન મળે. અહીં અવીએ દર્શન કરીએ, બેસીએ, મહારાજ આનંદ આવે છે, શાંતિ મળે છે, બસ એનું નામ જ અનુભવ, કે તમે જય મહારાજને આંગણે આવ્યા અને બેઠા છો, કેમ બેઠા છો? શાંતિ મળે છે એટલે બઠો છું, આ સાહજિકતા. જય મહારાજ પ્રસાદ આપે છે

જ, જે આવ્યો તેને, પ્રસાદ લો, આ આનંદ શાંતિ લઇ જાઓ. જય મહારાજના આંગણામાં આનંદ મળે છે, બેસો, જેટલો જોઇએ એટલો લઇ જાવ, એમ થાય કે અહીંયા આવીએ છીએ એટલે તરત જ કાયમ શાંતિ મળે છે. સ્વાભાવિક છે કે જય મહારાજનું સ્વરૂપ જ આનંદ છે, જેમ જેવા પ્રકારના રંગવાળા દીવા નીચે બેસીએ એવો પ્રકાશ દેખાય, જેવા રંગનો હોય એવો પ્રકાશ આપણને મળે, જય મહારાજના સાનિધ્યમાં બેસીએ તો જય મહારાજનો દીવો કેવો છે? આનંદના રંગનો, સુખનો, શાંતિનો. જય મહારાજના સાનિધ્યમાં સુખનો, આનંદનો, શાંતિનો જ પ્રકાશ મળ્યા કરે, જય મહારાજની અખંડ જ્યોતનાં દર્શન, એનો પ્રકાશ આંખ વડે અંતઃકરણમાં જાય, અંતરાત્મા સુધી જાય, એમના સ્વરૂપનાં, જ્યોતનાં દર્શન એનો પ્રકાશ સીધો જ હૃદયમાં,

**''અંતરનું અંધારું ગયું ગુરુ ગમે અજવાળું થયું''**

આપણા પોતાનામાં માત્ર દર્શનથી જ, અજવાળું થાય, એ શાંતિ અને આનંદ કોણ નથી ઇચ્છતું? આ જગતના જન્મેલા જીવમાત્ર આનંદ અને સુખ-શાંતિ ઇચ્છતા હોય છે, પણ બધાયને મળતા નથી એ. સામે રસ્તા ઉપર, રોડ ઉપર ઊભા રહો જોઇએ, લોકો દોડ દોડ દોડ અશાંતિ અશાંતિ, મગજની અંદર કેટલું બધું ભારણ, ચોખ્ખું દેખાય કે આ બધા કેટલા અશાંત થઇને દોડયા કરે છે. રાજમાર્ગ આગળ ઊભા રહેશો, તો એમ લાગે કે ઓહો આ દુનિયા દોડ્યા જ કરે છે, દોડયા જ કરે છે, કોઇ થોભતું નથી, કોઇ ઊભું રહેતું નથી, સતત એકધારો પ્રવાહ ચાલ્યા જ કરતો હોય છે, એમ થાય કે આ બધા માણસો કેટલા દુઃખી હશે, કેટલા અશાંત હશે? એક ઘડી પણ શાંતિથી બેસવાનો વારો?

**''અદ્વિતીયમ્''**

આવો આનંદ કે આવી શાંતિ બીજે ક્યાંય ન મળે, એનું નામ અદ્વિતીય દ્વી એટલે બે અને અ એટલે બે નહીં, એક જ આનંદ મળે અહીંયા આગળ તો, અને આવો આનંદ બીજે ક્યાંય ન મળે.

**''દુઃખઘ્નો યત્ર વાતિ આલ્હાદકારી ચ વાયુ''**

આનંદદાયક, દુઃખોને વ્યાધિઓને દૂર કરવાવાળા સરસ મજાનો પૂણ્યમય પવન વહી રહ્યો છે, એના સ્પંદનો સ્પર્શે છે સાનિધ્યમાં બેસતાની સાથે. જય મહારાજનું સ્થાન કેટલું પવિત્ર છે, કેટલો બધો આનંદ મળે છે, એમ ને એમ સાહજિકતાથી, પ્રયત્ન પણ ન કરવો પડે, માંગવો પણ ન પડે. જય મહારાજના સાનિધ્યમાં આવ્યા, બેઠા, બસ જેમ બહાર દુનિયાનું મન અશાંત અને તોફાનવાળું હતું, એ મન જય મહારાજના સાનિધય્માં દર્શન કરીને બેસતાની સાથે શાંત અને સ્થિર થઇ ગયું.

**''યથા દીપો નીવાતસ્થઃ''**

જેમ હવા વગરના સ્થળમાં દીવો મૂક્યો હોય, કેવો સ્થિર અને એકાગ્ર હોય છે? એનું અજવાળું મળ્યા કરે, અને દીવો બિલકુલ સ્થિર હોય, એમ જય મહારાજની આ અખંડ જ્યોતનો પ્રકાશ સ્થિરતા આપે મનને, મન સ્થિર થઇ જાય, આપણા શરીરનો જે વ્યવહાર છે બધી જ ઇન્દ્રિયોનો, એ પણ શાંત અને સ્થિર થઇ જાય, એમ લાગે કે હાશ કેટલું સરસ અનુભવાય છે, કેટલો સરસ આનંદ આવે છે, કેટલી સ્થિરતા અને શાંતિ મળે છે. આમ દરેક વ્યકિત પોતાના જીવનમાં જય મહારાજના સાંનિધ્યમાં આવી, એમના સંસર્ગથી કઇક આટલું લઇને જતો હોય છે, આ છે અદ્વિતીય આનંદ, જેને કહેવાય કે અનેરો આનંદ આવ્યો,

**''આનંદમ્ હ્યજમદ્વિતીયમમિતં શ્રીસંતરામં ગુરુમ્''**

એવા જય મહારાજ આપણા સદ્ગુરુ છે, જેમને આપણે આપણું શિષ્યત્વ સમર્પિત કરી દીધું છે, જેમણે આપણો શિષ્ય તરીકે સેવક તરીકે સ્વીકાર કરી લીધો છે.

**''શ્રીસંતરામં ગુરુમ્''**

આપણા માટે તો જય મહારાજ એ આ જગતનું સર્વ શ્રેષ્ઠ તત્ત્વ છે, સ્વયં પરમાત્મા સ્વરૂપ આ પરમતત્ત્વ આપણી પાસે છે, એટલા માટે તો આપણે જય મહારાજને કેવા ગણ્યા?

**''ગુરુમ્''**

ગુરુ એટલે સૌથી મોટા, સૌથી શ્રેષ્ઠ. તો એ સદ્ગુરુ એ જયારે આપણને શરણું આપ્યું હોય, આપણી શરણાગતિનો પૂરે પૂરો સ્વીકાર કરી લીધો હોય જય મહારાજે, **અને શરણાગતિ આપે, એટલે આપણને મહોર મારી આપી, કે હું તમારો બાપ અને તમે મારા સંતાનો,** લો કેટલી બધી મજા પડી ગઇ? મહોર મારી આપી, સિકકો વાગી ગયો કોર્ટમાં, ધરો એટલે કહે કે તમે હકદાર છો આ વારસના. તો જય મહારાજ કઇ સંપત્તિ આપે? શાંતિ, સાત્ત્વિકતા, સંયમ, સદાચાર, આ બધાનો વારસો મળે. જય મહારાજ પાસેથી, જમીનનો વારસો તો દરેકના ઘરમાં પડેલો જ છે, પણ આ અદ્વિતીય વારસો છે, એ આપવા માટે બેઠા છે. જેનું **જેનું શરણ જય મહારાજે સ્વીકાર્યું છે, તે બધા જય મહારાજની સાત્વિક સંપત્તિના અધિકારી છે.** ભજન થશે એનાથી, એનાથી નામ-સ્મરણ થશે, એના મનમાંથી ઉચાટ જતો રહેશે, કલેશ જતો રહેશે, ઇચ્છા જતી રહેશે, ત્યારે સમજવાનું કે જય મહારાજ મારામાં પધાર્યા છે જય મહારાજનો મારામાં આવિર્ભાવ થઇ રહ્યો

છે. તો જય મહારાજે આ સાત્ત્વિક સંપત્તિ તો એટલી બધી ખુલ્લી મૂકી છે, એમનો કોઠાર ભંડાર, દરેકને લેવાની છૂટ છે આવું અલૌકિક સાનિધ્ય, અદ્વિતીય શરણ, આપણને પ્રાપ્ત થયું છે, એના માટે આપણે ભાગ્યશાળી છીએ, કે જય મહારાજ આપણને હંમેશાં આવીને આવી શરણાગતિ અમારી સ્વીકાર્યા કરે, અમે આપને શરણે આવેલા છીએ અને આપ અમને આપનું શરણ પદ, શિષ્ય પદ અમને આપો. બસ કૃતાર્થ થવાનો, જીવન સફળ થવાનો આ એક જ માત્ર આપણા જીવનમાં અવસર છે, અને જય મહારાજે શરણ આપીને આપણને અવસર આપ્યો છે, આપણા જીવનના આંગણે અવસર છે, કે જય મહારાજ મને મળ્યા છે, અને મારા જીવનમાં એમના શિષ્ય તરીકે, એમના વારસદાર તરીકે મને આટલું બધુ આપ્યું, સત્સંગ આપ્યો, શાંતિ આપી, સત્સંગનો આનંદ આપ્યો. સત્સંગ વડે જે પણ કાંઇ બે વાતો સાંભળી, એમાંથી સાચી સમજણ આપી, એમાંથી સંયમ મળ્યો, એમાંથી સદાચાર મળ્યો, એમાંથી સાત્ત્વિકતા મળી. કેટકેટલું જય મહારાજની પાસે છે, અને જય મહારાજ કેટલું આપવા માટે તૈયાર છે, આ છે,

**''આનંદંમ્ હ્યજમદ્વિતીયમમિતં શ્રીસંતરામં ગુરુમ્''**

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૩

# તન-મન એ જ સાચું ધન

પરબ્રહ્મ પરમાત્મા યોગીરાજ અવધૂત સ્વયં આનંદનું સ્વરૂપ છે, આનંદમાં સદાય માત્ર સુખ જ છે. જય મહારાજ સ્વયં સુખસ્વરૂપ છે કે જ્યાં દુઃખ છે જ નહીં.

**''સુખસ્વરૂપ રઘુવંશમણિ''**

**સુખસાગરને જે જાણે**

ભગવાનને સુખ સ્વરૂપ કહ્યા છે, એ સુખનો જ વિગ્રહ છે, સુખનો જ આનંદ છે, અને આનંદમાં જ સુખ રહેલું છે, સુખમાં જ આનંદ છે. જય મહારાજના વિચરણકાળમાં પણ અનેક પૂણ્યશાળી જીવો મળ્યા, કોઇને દર્શન થયાં, કોઇને સત્સંગ થયો, કોઇને આશીર્વાદ મળ્યા, કોઇને કૃપાદષ્ટિ મળી. અનેક ભકતોએ જય મહારાજના શ્રીવિગ્રહથી આનંદ પ્રાપ્ત કર્યો. જીવનનું સાફલ્ય સત્સંગમાં રહેલું છે, અનેકોએ જય મહારાજના સાનિધ્યમાં સત્સંગ પણ મેળવ્યો. જય મહારાજે ભકતોને, શ્રદ્ધાળુઓને ઘણું આપ્યું, વીરો, જેઠો, તેજબાઇ, બાલકદાસજી, મુકુંદદાસજી, એવા ભકતોએ જય મહારાજને ખૂબ જ સેવ્યા, એમણે જે જ્ઞાન મેળવ્યું, જય મહારાજે જે જ્ઞાન આપ્યું, જે સત્સંગ આપ્યો છે, તે જ્ઞાન અનંત સ્વરૂપે જેને જેને પ્રાપ્ત થયું. તાપીને કિનારે હરિભાઇને પણ

જય મહારાજે ખૂબ જ સત્સંગ આપ્યો છે. જિતામુની, રામનાથજી, કલ્યાણદાસજી, એ સહુએ જય મહારાજનું સાનિધ્ય મેળવ્યું, એમને સેવ્યા, બધાને ઘણું બધું જય મહારાજે આપ્યું છે, અને આપવા છતાં પોતે અકિંચન રહ્યા છે. એ બધા જ સંતોમાં પોતાના વિગ્રહને છુપાવી રાખ્યો, પ્રગટ થવા દીધો નથી. સામર્થ્ય અને સિદ્ધિઓની શક્તિને ખૂબ જ ગુપ્ત રાખી, કોઇની આગળ સહેજ પણ વ્યકત થવા દીધી નથી. તાપીને કિનારે, રામનાથજીએ જય મહારાજનાં દર્શન કર્યાં, ત્યારે રામનાથજી પાસે વચન લેવડાવ્યું કે રામનાથજી આ વાત કોઇને પણ કહેશો નહીં. સંતોની પંગતમાં જે પાણી પીરસ્યું, તાપી નદી ધસમસતી હતી અને જિતામુનિના આશ્રમે પહોંચી ગયા, આ જે પણ કંઇ જોયું રામનાથજીએ, એનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં પ્રણામ કર્યા. બાલયોગીએ કહ્યું કે તમે પ્રતિજ્ઞા લો કે આ વાત તમે કોઇને પણ નહીં કહો. પણ સમય જતાં જિતામુની પાસે બેઠેલા રામનાથજી, ઘણો સમય થઇ ગયો હતો બાલયોગી પધાર્યા ન હતા, ત્યારે સાહજિકતાથી રામનાથ જિતામુનિને કહે કે જિતામુનીજી, બાલયોગીજીનાં દર્શન ઘણા સમયથી થયાં નથી, જિતામુનીએ કહ્યું હા સાચી વાત છે, અહીંયાં આશ્રમે પણ ઘણા વખતથી દેખાયા નથી, એટલે એ વાતોમાં એક ભાવ ઉઠી આવ્યો, બાલયોગી કોઇ સામાન્ય નથી મહાન શક્તિશાળી છે, કોઇક દિવ્ય ચેતના- આત્મા છે, પરમાત્મા સ્વયં છે. જિતામુનીજીને જજ્ઞાસા થઇ, તો રામનાથજીએ આ બે પ્રસંગો સંભળાવ્યા, કે મારે ત્યાં સંતો ભિક્ષા લેવા પંગતમાં બેઠા હતા, એમના કમંડળ વડે બધા જ સંતોને પંગતમાં પાણી પીરસ્યા કર્યું, પણ ફરી કમંડળ ભરવા ગયા નથી, અને કમંડળમાંથી પાણી ખૂટ્યું નથી. એટલા બધા સંતોને માત્ર પોતાના જ પાત્ર વડે પાણી

પીવડાવ્યા કર્યું, પીવડાવ્યા જ કર્યું, અને એક વખતે સાયં કાલે મારે ત્યાંથી એ નીકળ્યા, મેં પૂછયું કે હવે ક્યાં જશો, આ તાપી મૈયા તો અત્યારે બેઉ કાંઠે વહી રહી છે, બહુ જ પાણી છે, ન જશો, બાલાયોગીજીએ કહ્યું કે તમે તમારી રીતે શાંતિથી ભજન કરો, હું મારી મેતે પહોંચી જઇશ, થોડા સમય પછી બહાર નીકળીને મેં જોયું તો બાલયોગીએ ધસમસતી તાપી મૈયાના જળ ઉપરથી સામે કિનારે દૂર જતા દેખાયા. આ વાત જિતામુનિને જાણ થઇ, કહે કે આવા સિદ્ધયોગી મહાપુરુષ છે? આ વાતો ચાલતી જ હતી ત્યાં બાલયોગી પધાર્યા જીતામુનિના આશ્રમે, જિતામુની વૃદ્ધ હતા તો પણ એમને આદર આપતા, પણ આજે જિતામુનિ ઊભા થઇ ગયા, રામનાથજી ઊભા થઇ ગયા. બાલયોગીજીએ પૂછયું કે કેમ જિતામુની આજે આટલો બધો આદર? તો જિતામુનિએ કહ્યું કે આ રામનાથજીએ બે વાતો કરી, આપ તો બહુ મોટા સિદ્ધ મહાપુરુષ છો, એટલે બાલયોગીજીએ કહ્યું કે પ્રભુ રામનાથજી તો બહુ સીધા, બહુ ભોળા છે, એમની વાત માનશો નહીં, આમ આટલુ સામર્થ્ય હોવા છતાં એને ગુપ્ત રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. પોતાની જે શક્તિ છે એને બીજા કોઇ આગળ ન કહેવી, એને જાહેર ન કરવી, એ એમના પોતાના જીવનનો એક સહજ નિયમ હતો, કોઇની આગળ બહુ સિદ્ધિ બતાવવી નહીં. અહીંયા પણ જય મહારાજ પધાર્યા છે, આટલો સમય બિરાજ્યા, આ મંત્રમંદિરના સ્થાનમાં, એમણે કોઇને પણ સિદ્ધિનાં દર્શન નથી કરાવ્યાં, એને ખૂબ જ ગુપ્ત રાખેલ છે, કારણ એમાં તપ ક્ષીણ થાય, શક્તિ ક્ષીણ થાય **જેમ કોઇપણ વ્યકિત પોતાના શરીરનું તેજ છે એનો ઉપયોગ કરે કે એનો વ્યય કરે, તો શરીર નિસ્તેજ બને, ઝાંખુ બને, એમ સિદ્ધ મહાપુરુષો પણ પોતાના તપનું જે**

**ઓજ છે એ ક્યારેય પણ વેડફતા નથી, એને ગુપ્ત રાખે, ખૂબ જ ગુપ્ત રાખે, એનો સંચય કરે.** જય મહારાજ આવા અનંત શક્તિવાળા છે, જય મહારાજના સ્વરૂપમાં તેજમાં એટલી બધી દિવ્યતા છે, કે એકવાર તો જંગલમાં વિચરતા વિચરતા સંતોને દર્શન થયાં, બાલયોગીમાં એટલું બધું તેજ હતું, કે ત્યાં વનમાં જંગલની અંદર બીજા સંતો ઋષિઓ, એ તેજને સહન કરી ન શકયા, એટલે એક તરફ થઇને સ્તુતિ કરી, કે પ્રભુ અમે તપસ્વીઓ છીએ, સાધકો છીએ, આપને શરણે છીએ, આપને વંદન કરીએ છીએ, અને જે તેજસ્વિતા આપની પાસે છે એ તેજસ્વિતાનું દર્શન અમે કરી શકતા નથી, અમારી આંખો એના માટે સક્ષમ નથી, તો જય મહારાજે તપસ્વીઓને ત્યાં બેસાડી  ખૂબ જ સરસ ઉપદેશ આપ્યો છે, તપ કરો, સાધન કરો, ભજન કરો, સાધન ભજન બિલકુલ એકાંતમાં કરો, ગુપ્ત કરો. **કોઇને પણ દેખાય એમ સાધન ભજન કરવું નહીં, જેટલું થાય એટલું એકાંતમાં શાંતિથી, કોઇને દેખાડવા માટે નહીં, માત્ર પોતાના નિત્ય સ્વરૂપની અનુભૂતિ માટે, પોતાને માટે ભજન કરવાનું છે.** કયારેક સામૂહિક સાધન ભજન થાય, તો એમાં બધાયનું લક્ષ એક જ હોય છે, બધાની સાથે સાધન ભજન, એટલે ત્યાં સામૂહિક સાધન ભજનમાં કોઇને દેખાડવાનું નથી, બધા જ સાથે જ છે, એટલે જે પણ કાંઇ સાધન ભજન બધું છે. **ભજન અને ભોજન હંમેશા એકાંતમાં જ હોય, એને જાહેર ન થાય.** એટલે જ જય મહારાજ એ બધા જ તપસ્વીઓને, વનની અંદર તપ કરતા હતા તે બધાને એકત્રિત કરીને આ પ્રકારનો બેધા આપ્યો, શક્તિઓનો સંચાર કરજો, તપ અને સાધન ભજનને એકાંતમાં રાખજો, એ જ સાચી સંપત્તિ છે, સાધુની એ જ મિલકત છે. જેમ ગૃહસ્થી પોતાની મિલકત્તનું પ્રદર્શન નથી કરતો, જેને ને તેને નથી બતાવતો, એને

સંતાડી રાખે, તાળા ચાવીની અંદર રાખે, એમ સાધુપુરુષો તપસ્વીઓ પણ પોતાની તપરૂપી સંપત્તિને એ ગુપ્ત રાખે, કયારે એને જાહેર ન થવા દે. તો પુણ્ય પ્રગટ કરવું નહીં, અને પાપ કેરો પ્રકાશ, કહેવાથી બંને ઘટે. **તમે તમારા પાપ કોઇને કહેશો તો એ પણ ઘટશે, અને તમારા પુણ્ય સાધન ભજન કોઇને કહેશો તો પણ ઘટશે,** એટલે વ્યવહાર કેવો રાખવો એ સાધકે એ સમજવાનું છે. જય મહારાજે એટલો સરસ ઉપદેશ આપ્યો, એટલો બોધ આપ્યો દરેક તપસ્વીઓને, શાંતિથી ભજન કરજો પ્રભુ રાજી થશે, આત્માનુભૂતિ કરાવે છે, આવા સરસ ભાવો સાથે જય મહારાજ આ જગતનું કાર્ય કરવા માટે પધાર્યા, ત્યારે એમણે આ પ્રમાણે સહુ કોઇને સાંત્વના આપી, કોઇને સુખ આપ્યું, કોઇને શાંતિ આપી, કોઇને બોધ આપ્યો, કોઇને સાત્ત્વિકતા આપી. કયારેક-કયારેક સંસારના દુઃખી માણસોને પણ એના દુઃખ દૂર કરવા માટે પોતાની દૃષ્ટિનુ દાન આપ્યું, મનથી એને આશીર્વાદ આપી એના જીવનને શાંતિ મળે, એ પ્રકારે જય મહારાજે પોતાની લીલા અનેક લોકો પાસે કરી, પણ સહુમાં સમદૃષ્ટિ સમભાવ અને સહુને માટે. કોઇપણ સંત હોય, એમની દૃષ્ટિ સહુ કોઇને માટે એક જ હોય, કે સહુનું કલ્યાણ થાય. તેમના આશરે જે કોઇ આવ્યો, જે કોઇ એમનો આશ્રિત થયો, તે સહુને માટે સમદૃષ્ટિ, એના પ્રત્યે કોઇ પણ જાતનો ભેદ નહિ. જેમ તીર્થમાં કોઇપણ આવે, એના પાપ ધોવાનું જ કામ કરે છે, પછી એ સંપન્ન હોય કે કે ગરીબ હોય, મૂર્ખ હોય કે તપસ્વી હોય, સાધન સંપન્ન હોય કે ભિખારી હોય, દરેકને માટે તીર્થ એ તીર્થ જ છે, દરેકને માટે સમદૃષ્ટિ હોય છે. એટલે જય મહારાજ પણ જંગમ તીર્થ છે, કોઇપણ ગરીબ દુઃખી ભિખારી આવીને જય મહારાજનાં શરણે બેસે તો એને પણ

એટલી જ શાંતિ આપે છે, એટલો જ ભાવ આપે છે, જેટલો કોઇ ભણેલો-ગણેલો હોય એને મળે, જય મહારાજ અત્યંત ઉદાર છે. સામાન્ય માનવીમાં બહુ સંપન્નતા આવે તો અહંકાર આવી જાય છે, અતિ સંપન્નતા હોય તો કંજૂસતા આવી જાય. સામાન્ય માણસ ઉદાર હોય, કોઇક ભિક્ષુકને, કોઇક જરૂરિયાવાળાને પોતાનું જે પણ કાંઇ હોય તેમાંથી મદદ કરે. અતિ સંપત્તિવાળો હશે એ કોઇને પણ આપી નહીં શકે, સ્વભાવ માત્ર ભેગું કરવાનો જ હશે, આપવાનો સ્વભાવ નહીં હોય. તો મહાપુરુષોની પાસે એમની તપસ્યાની સંપત્તિ છે, આશીર્વાદના રૂપે, દૃષ્ટિના રૂપે આપે, એ ક્યારેય પણ કંજૂસાઇ નહીં કરે, આવ્યો છે, એને શાંતિ આપો, એને આશીર્વાદની જરૂર છે, એને કૃપાદ્રષ્ટિ જોઇએ છે એ કૃપાદ્રષ્ટિ પણ આપી દે, સહુના પ્રત્યે સદભાવ નિર્વ્યાજ, કોઇપણ જાતની અપેક્ષા સિવાય, એટલે તો સિદ્ધ મહાપુરુષો છે. પ્રેમ એવી વસ્તુ છે કે કોઇપણ વ્યકિતને તમે જીતી શકો છો, **સદ્‌ભાવ વડે કોઇપણ વ્યકિતને સારામાં સારી રીતે જીતી શકાય,** આકર્ષી શકાય, સદભાવનું ઋણ એની ઉપર એટલું બધું હોય, કે એને એમ થાય કે મને કેટલો સરસ સુખી બનાવ્યો, આનંદ આપ્યો, મારાં કેટલાં દુઃખ દૂર કર્યાં. નિખાલસતા પૂર્ણ દ્રષ્ટિ આપી, આશીર્વાદ આપ્યા, એમાં કોઇ પણ અપેક્ષા નહીં કોઇપણ વ્યકિત આવે શરણે, તો જય મહારાજ એની પાસે માગશે કેટલુ? તારું સાચું ધન મને આપી દે, બીજું નથી જોઇતું, **તન અને મન એ જ સાચું ધન છે, બાકી તન મન અને ધન એ ત્રણ નહીં. તન અને મન એ બે સાચું છે, સાચી મિલકત છે,** એ સિવાયની બીજી મિલકત તો તમારે લેવા જવું પડશે, પણ તન અને મન તો તમારી સાથે જ છે, એ જ તમારું ધન, તો જય મહારાજ તમારું એ ધન માગે, મનથી ભગવાનને

શરણે જાવ, અને તનથી સેવા કરો, સ્મરણ કરો, સત્સંગ કરો. આમ જય મહારાજ કોઇની પણ પાસે સંપત્તિ પૈસા નથી માગતા, માત્ર તમારું તન મન છે એ ભગવાનના ચરણોમાં અર્પણ કરી દો. મન કોઇ પણ માંગવા તૈયાર નથી તો જય મહારાજને સોંપી દો.

**''મન મૂકયું તમ ચરણે રે કિરતારથ કીધો જનને રે''**

આમ મન મૂકી દે જય મહારાજનામાં, મન જય મહારાજને સમર્પિત કરી દીધું, મન મૂકયા પછીથી સંપૂર્ણ રીતે શરણાગતિ, કાંઇ પણ બાકી રહેતું નથી? આખા શરીરનો વ્યવહાર માત્ર મન વડે જ થયા કરતો હોય છે, લેવડદેવડ, સુખ દુઃખ બધું જ, મન જય મહારાજના ચરણમાં અર્પણ કરી દીધું, પછી રહ્યું શું? એ જ સાચું ધન અપાઇ ગયું, આપણું કશું પણ રહેતું નથી, સંપૂર્ણ શરણાગતિ થઇ ગઇ, સંપૂર્ણ રીતે આપણે જય મહારાજને-ભગવાનને વરી ચૂક્યા છીએ, બસ એ રીતે સમર્પિત થયા પછી, શરણાગતિ સ્વીકારી લીધા પછીથી, એને કાંઇ પણ જુદાપણું હોતું નથી. એટલે અનંત સ્વરૂપ છે જય મહારાજ, જય મહારાજના અનંતનો આવિર્ભાવ જેને પ્રાપ્ત થયો એ તરી ગયા, એ મુકત થઇ ગયા. અનંતનો આવિર્ભાવ આખરે આપણા પોતાનામાં થતો હોય છે, આપણા પોતાના આત્મામાં અનંતનો આવિર્ભાવ થાય, કે મેં મારા સાચા સ્વરૂપને ઓળખી લીધું. શરીર જડ છે, આત્મા સૂક્ષ્મ છે. જે જડ છે એમાં વિકૃતિઓ છે, વાસનાઓ છે, એનો નાશ પણ છે, જન્મ પણ છે મૃત્યુ પણ છે, આવી જે સ્થિતિ છે, આત્મચેતનાની અવસ્થા, શાશ્વત છે. શરીર સ્થૂળ છે, પરિવર્તનશીલ છે, શરીરમાં કાંઇક પરિવર્તન આવ્યા જ કરતું હોય, આવ્યા જ કરતું હોય છે, રોગ આવે, પીડા આવે, દુઃખ આવે, શરીર કયારેય એકધાર્યું સ્થિર કોઇનું પણ રહી શકે નહીં, કારણ કે

શરીર શબ્દનો અર્થ છે

**''સમ્યક્ સમ્યક્ સરઇતિ''**

હાથમાંથી સરકી રહ્યું છે એનું નામ શરીર. કહે કે પંચાણું, પંચાવન વરસ કે પચાસ વર્ષ કે પિસ્તાલીસ વર્ષ જીવ્યા, એ જીવ્યા નહીં એ પચાસ પંચાવન વર્ષ આપણાં મૃત્યુ પામી ગયાં. જેમ મરેલો માણસ ફરી હાથમાં આવે ખરો? એમ વપરાયેલું આયુષ્ય ફરી હાથમાં આવી શકે ખરું? તો ભલે આપણે કહીએ કે થયાં, પણ એ ગયાં, રહ્યા કોઇના પણ નહીં. ભલે તમે કહો કે મારી પચીસમી જન્મતિથિ છે, ચાલીસમી છે કે પચાસમી છે, પણ એ બધું જ ગયું સમજી લેવાનું, થઇ ગયું સમજી લેવાનું, એટલે **શરીર હંમેશાં જન્મતાની સાથે જ મૃત્યુ તરફ દોટ મૂકી રહ્યું છે,** જેટલાં વર્ષ આગળ વધીએ એટલાં વરસ આપણે પાછળ જતા ગયા. ગયેલાં વર્ષો આપણા હાથમાં રહ્યા ખરાં? **જન્મ અને મૃત્યુને સમજતા આવડે, તો માણસ પોતાની જિંદગીને સાર્થક બનાવી શકે છે.** કેટલી સરસ વાત છે, કે તમને પોતાને તમારા જીવનનો હિસાબ આવડવો જોઇએ, કે મારા જીવનનો હિસાબ કેટલો? કે આટલાં વરસ થયા, એટલે સમજી લેવાનું કે તમારો હિસાબ ખોટો છે, પણ કોઇ કહે કે આટલાં વર્ષો ગયાં, તો તમારે હિસાબ સાચો છે. હવે જીવનનો હિસાબ મેળવવો કેવી રીતે? જે ગયાં એ તો ગયાં, અને આગળ કેટલાં બાકી છે એ તો ખબર નથી, આ અવસ્થા આપણી આપણે પોતે જ સમજીએ. જીવનની અનિશ્ચિતતા, શરીરનો બદલાવ આપણો સતત સતત, જે બાળપણમાં શરીર હતું તે આજે છે? અને અત્યારે જે છે તે આગળનાં જેટલાં વર્ષો જીવીશું એટલાં વર્ષો પછી આ શરીર આવું ને આવું રહેવાનું છે ખરું? એ પરિવર્તન, અને બીજા શબ્દોમાં કહીએ તો નાશ. આ જીવનને સમજવાની

એક દૃષ્ટિ છે,  જેને કાઉન્ટડાઉન કહીએ, ધીરે ધીરે ધીરે ઓછા થવાવાળું, અને એ શૂન્ય તરફ પહોંચી જાય છલ્લે, એ હિસાબ સાચો,  શૂન્ય તરફ જવાનો ક્રમ એ છે, પણ આપણે એમ માનીએ છીએ એકથી સો તરફ જવાનું, હંમેશાં જીવનને તપાસીએ, જીવન કઇ તરફ વહી રહ્યું છે, માણસને પોતાના જીવનનું વહેણ કઇ બાજુ છે તે ખબર નથી હોતી, ઉલ્ટી ચાલ મછલી ચલે. આખા જીવનનો આ ક્રમ છે. માછલું સામા પાણીમાં જાય, એના પ્રવાહ તરફ ન જાય, એમ આપણી પણ એક ટેવ પડેલી છે, કે કાળના સામા પ્રવાહ તરફ જાય છે, જઇ રહ્યા છે, એનું પરિણામ એને પોતાને ખબર નથી, પણ કાળના પ્રવાહની સામે જાય તો સામે કાળ ઊભો જ છે. જેમ માછલું અવળા પ્રવાહમાં ચાલે, તો કઇ બાજુ જવું પડે? નદીના મૂળ તરફ, ત્યાં શું હોય? ત્યાં પાણી ન મળે. જીવનના ઉલ્ટા પ્રવાહ તરફ દોડનારો આ જીવ, આખરે પાણી વગરના સૂકા પ્રદેશ તરફ આગળ વધી રહ્યો છે. જીવનની સાથે મૃત્યુ પણ છે, અને આખરે માણસના જીવનનું અંતિમ સ્થાન અંતિમ ધ્યેય લક્ષ માત્ર મૃત્યુ જ છે, મૃત્યુ તરફ પહોંચી ગયા પછીથી કશું પણ બાકી ન રહે, આનંદ થઇ ગયો, પરવારી ગયા, મૃત્યુ સુધી પહોંચી ગયા એટલે નિરાંત થઇ ગઇ, હવે સ્વપ્નમાં પણ દુઃખ નહિ, કશી પણ ઉપાધિઓ નહીં, અને એટલે જ

**''કાલોસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો''**

હું પોતે કાળ છું. ભગવાન કહે છે કે હું કાળ છું અને આખી સૃષ્ટિ ધસમતી એ મૃત્યુના પ્રવાહ તરફ જઇ રહી છે, બધાને એમાં મૃત્યુ નથી દેખાતું, ભગવાન ભલે કાળ કહેતા હોય, પણ મારા માટે તો ભગવાન છો,

**''લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો''**

હું તો આ બધાને મારામાં સમાવી લેવા માટે સક્ષમ છું. આવી જય મહારાજની એક અવસ્થા, અને જીવ તરીકે આપણે એમના શરણે હોઈએ, જય મહારાજ આપણું સૌનું કલ્યાણ કરે, એવા ભાવ સાથે એમને કહ્યું,

**''શાંતં મહાભારતમ્''**

પોતે શાંત સ્વરૂપ છે, અને જે બ્રહ્મભાવ છે એ પોતાના બ્રહ્મભાવમાં સહુને સમાવવાવાળા છે.

|| જય મહારાજ ||

# આત્મવત્ સર્વ ભૂતેષુ

આપ પરમ કૈવલ્ય સ્વરૂપ છો. કૈવલ્ય એટલે એક જ, અન્ય બીજું કાંઇ જ નહીં, કોઇ જ નહીં, કશું પણ નહીં. પરબ્રહ્મ પરમાત્મા કૈવલ એક જ અદ્વિતીય છે, જેને કહેવાય અદ્વૈત. પરમાત્મા એકમાં જ સમાયેલો છે, જેને અંગ્રેજીમાં કહેવાયને **Pure** શુદ્ધ આત્મા ચૈતન્ય એ પરમ તત્ત્વ,

**'કૈવલ્યં''**

એ પરમ તત્ત્વ આપ છો. સમગ્ર સૃષ્ટિના જડચેતનામાં કેવલ આપ જ છો. સમસ્ત સૃષ્ટિના સ્વરૂપને જોઇએ તો એ પણ વિરાટના સ્વરૂપમાં અંગો છે. જેમ આપણું એક શરીર છે, શરીરમાં જુદા જુદા અંગો છે, આટલા બધા રૂંવાટા છે, આટલા બધા વાળ છે, અને એ આખું શરીર આપણું એક જ કહેવાય છે, એમ સમગ્ર સૃષ્ટિ એ પરમાત્માનું શરીર છે,

**'કૈવલ્યં''**

એક જ અન્ય કશું જ નથી. એટલે કોઇપણ બાબત જુદી છે જ નહીં, સૃષ્ટિનું સર્જન એ પરમાત્માનું જ સ્વરૂપ છે. જેમ આપણા શરીરમાં અનેક કોષો છે, દરેકનું અસ્તિત્વ અલગ છે અને દરેક કોષો જીવે છે, એમ સમગ્ર બ્રહ્માંડના સ્વરૂપમાં પરમાત્માના

શ્રીઅંગના આપણે બધા કોષો છીએ, પરમાત્મા કૈવલ્ય એકમાત્ર સત્ય છે, એના સિવાય આ જગતમાં બીજું કશું પણ નથી, એટલા માટે મહાપુરુષોએ અનુભૂતિ કરીને કહ્યુ.

આ જગત આખું વિષ્ણુ છે, વિષ્ણુ એટલે વ્યાપક,

**''વ્યાપનોતિ ઇતિ વિષ્ણુઃ''**

સર્વત્ર વ્યાપક વિષ્ણુ છે, કે તત્ત્વનું આ એક જ સ્વરૂપ છે.

**''વિશ્વમ્ વિષ્ણુઃ''**

આ જગત એ જ વિષ્ણુ છે, અને વિષ્ણુ એ જ જગત છે.

**''ઉમા રામ ચરણરત વિગતમોહ કામ મદ ક્રોધ**
**નિજ પ્રભુ મય દેખહી જગત**
**સિયા રામ મય સબ જગ જાની''**

બસ આ વસ્તુ છે કૈવલ્ય. **તમે જેની ઉપાસના કરો છો એના મય જગત દેખાવું જોઇએ. જ્યાં પણ જુઓ ત્યાં તમને તમારા ઇષ્ટદેવનાં જ દર્શન થવાં જોઇએ,** આ જ મારા ઇષ્ટદેવ છે. એ જ કૈવલ્ય, સમસ્ત સૃષ્ટિનું એક જ તત્ત્વ છે, અને એ અદ્વિતીય તત્ત્વ છે, આ દુનિયા આ બ્રહ્માંડ, એનાથી કશું પણ અલગ નથી. વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવે છે. સૂર્ય ચંદ્ર નક્ષત્ર, પહાડ, નદીઓ, દરિયો પૃથ્વી, બધું જ અમાં આવી જાય. એ વિરાટ સ્વરૂપનાં આપણે અંગો જ છીએ, એમના જ શરીરના આપણે અંગો અને કોષો છીએ, જય મહારાજમાં પણ લક્ષ્મણદાસજી મહારાજને, મહાપુરુષોને, ભકતોને દર્શન થયાં

**'કૈવલ્યં''**

માત્ર અમારા માટે તો આપ જ છો. કૈવલ્યનો અર્થ

સર્વસ્વ.

**''સાધુ સંત કહે અમારા તાત છે જો,**

**ગરીબ લોક જાણે ભગવંત છે જો,**

**વારી જાઉં રે સંતરામજી રામજીના નામને જો''**

કેટલો સરસ ભાવ છે. સમર્પિત થઇ જઇએ છીએ, અમારા માટે તો આપ સર્વ છો, ભગવાન છો સ્વયં.

**''ગુરુમ્ ઇશમ્ અહમ્ નમામિ''**

મારા ઇશ્વર, મારા ઇષ્ટદેવ, એ મારા જય મહારાજને હું વંદન કરી રહ્યો છું. એકલા જય મહારાજમાં નહીં, જય મહારાજમાં દર્શન થતાં સમગ્ર વ્યાપક વિશ્વને હું પ્રણામ કરું છું,

**'કૈવલ્યં''**

બીજું કોઇ નહીં

**''અનન્યચેતાઃ સતતં યો મામ્''**

ભગવાન કહે છે કે અનન્ય ભાવથી મારું ચિંતન કરો,

**''સ્મરતિ નિત્યશઃ''**

એ રીતે જે ઉપાસના કરે છે, કૈવલ્ય ભાવથી, અનન્ય ભાવથી, મારા માટે મારું સર્વસ્વ જે ગણો તે આ છે, મારા પરમાત્મા, મારા ભગવાન, બ્રહ્મ, આત્મા બધું જ જે ગણો તે આ. આવી નિષ્ઠા શ્રદ્ધા-ભક્તિ દ્રઢ બને છે, એ જ બળ આપે છે કોઇપણ એક જ જગ્યાએ તમે સંપૂર્ણ કેન્દ્રિત થાવ, એ શક્તિમાં અગાધ તાકાત હશે, ત્યારે તો તુલસીજી બોલ્યા,

**''એક ભરોસો એક બલ એક આશ વિશ્વાસ**

**તુલસી કહું રામ સો સાહીબ શીલ નિધાન''**

આવો ભગવાન કયાં મળવાનો છે? આવો માલિક, આવો શેઠ, આવો સાહેબ,

**''સાહીબ શીલ નિધાન''**

જેની પાસે આટલી સરસ વિશાળ નૈતિકતા હોય, ચારિત્ર્ય હોય, આ સમગ્ર વિશ્વનો વૈભવ જેની પાસે છે, જે સ્વજન છે, એ જ્યારે સમજીએ ત્યારે એમ થાય, કે ઓહો શુદ્ધ સ્વરૂપ પરમાત્માનું આ બધામાં? એ દ્રષ્ટિ કેળવવી પડે, ભગવાનનો સાક્ષાત્કાર કરવો હોય ત્યારે. જે અંતમુખ મહાપુરુષો છે, સિદ્ધ મહાપુરુષો છે, એ એમ કહે છે કે **ભગવાનનાં દર્શન કરવાં છે? સાક્ષાત્કાર કરવો છે? તો બહાર નીકળો ત્યારે જે પણ કોઇ મળે તેને પગે લાગતા લાગતા નીકળો, દંડવત પ્રણામ કરો, કુતરુ મળે તો પણ, ભેંસ મળે તો પણ, અરે એવું થતું હશે? બસ તમારી આસ્થા કૈવલ્યમમાં નથી. કૈવલ્ય એટલે કૈવલ્ય, બીજું કશું પણ જોવાનું નહીં, વ્યક્તિમાં રહેલા ગુણદોષોનો સહેજ પણ વિચાર કરવાનો નહીં, બસ મારા ભગવાન એનામાં બેઠેલા છે. જે સેવા કરીએ છીએ આપણે એ સંતરામ મહારાજની સેવા કરીએ છીએ, કે સંતરામ મહારાજ બધામાં બેઠેલા છે.**

**''ચૈતન્યં શિષ્યમધ્યે નિગમગતિગિરા કથ્યતે યદ્ બ્રુવંતં**
**શાંતં શ્રીસંતરામં પ્રણતજનમનોભીષ્ટદં નિત્યમીડે''**

આપ કોણ છો? જે પણ કોઇ દર્દી આવ્યો છે, એમાં ચેતના સ્વરૂપ મારા જય મહારાજ બિરાજેલા છે, હું કોઇ શરીરની સેવા નથી કરતો, એના શરીરમાં બેઠેલા જય મહારાજની સેવા કરું છું.

**'કૈવલ્યં''**

આ દ્રઢ નિષ્ઠા શ્રદ્ધા સેવામાં. સેવાનું સ્વરૂપ પણ પોતાના

ઇષ્ટદેવમય હોવું જોઇએ, કે **મારા ઇષ્ટદેવ સમગ્ર છે, બધામાં છે, એટલે કોઇના પ્રત્યે પણ મારાથી ભેદ રખાય નહીં. ગમે તેવો ગરીબ આવ્યો હોય, તો પણ એની સેવા સંતરામ મહારાજના સ્વરૂપની થવી જોઇએ.** નામદેવજી પોતે જમવા બેઠા હતા, અને જમવાનું બનાવતા જ હતાં, અને કૂતરું આવી અને લઇ ગયું રોટલી, ઉપર ઘી ચોપડ્યું ન હતું, એટલે ઘીનું થોલિયું લઇ અને પાછળ દોડ્યા, પ્રભુ પ્રભુ પાછા આવો, લુખ્ખો રોટલો ખાશો? ઊભા રહો હું ઘી ચોપડી દઉં, પણ પેલું કૂતરું તો ભાગે જ જાય.

**''સિયા રામ મય સબ જગ જાની''**

બસ આ ભાવ હોવો જોઇએ,

**''નિજ પ્રભુ મય દેખહિ જગત''**

સર્વમાં જય મહારાજના દર્શન થાય લક્ષ્મણદાસજી મહારાજે આપણને આ દ્રષ્ટિ આપી છે, આપણને આદેશ આપ્યો છે, શું?

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક સોહિ સુભગ તનુધારી**

**સમર મન સંતરામ સુખકારી''**

પુરણ બ્રહ્મ છે, ચરાચર વ્યાપક છે. જે પુરણ બ્રહ્મ હોય એ જ ચરાચર વ્યાપક હોય. તો જય મહારાજનાં દર્શન લક્ષ્મણદાસજી મહારાજને જે સ્વરૂપમાં થાય એ જ સ્વરૂપનાં દર્શન કરવા માટે આપણને માર્ગદર્શન આપ્યું છે, ચરાચર વ્યાપક છે, પૂર્ણ બ્રહ્મ છે, આવો સેવાનો ભાવ લઇને, જય મહારાજે સમાધિ લીધી મહા સુદ પર્ણિમાનો મેળો, તે વખતે આવવા-જવા માટે વાહનો ન હતાં, બધા બળદગાડાં લઇને આવે, ચાલીને આવે. મહારાજશ્રી ચૌદશની રાત્રે નીકળે, બધા ગાડાં લઇને આવ્યા

હોય, ભજન મંડળ બેઠા હોય, મહા મહિનો એટલે ટાઢ તો હોય જ. જે જે મંડળ આવ્યાં હોય, એમને લાકડાં અપાવે તાપણી કરો, બળદના ઓઢા બનાવ્યા હતા ઉનના, કંતાનના, કોથળાના, આ આપણે પણ જોયા હતા. બળદ બેઠા હોય ગાડાએથી છોડ્યા પછીથી, એ ઓઢા બળદને ઓઢાડી દે, કે એને ઠંડી ન લાગે, બળદને નાર લઇને અને ઘી પાવા જાય, તે દિવસોમાં તો ચોખ્ખું ઘી હોતું, કેમ કે જય મહારાજની સેવા છે, આ બધા જ મહારાજને ત્યાં આવ્યા છે.

**''પુરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

દરેકમાં જય મહારાજના સ્વરૂપનાં દર્શન થાય, લક્ષ્મણદાસજી મહારાજે આદેશ આપ્યો છે.

**''ગુરુ કૃપાળુ લીઓ આરતિ મોરી જન લછમન બલિહારી સમર મન સંતરામ સુખકારી''**

જો કૈવલ્યને સાચી રીતે સમજીએ તો માત્ર એક જ, બીજું નહીં.

**'કૈવલ્યં''**

આ કૈવલ્યનાં દર્શન કરવાનું માર્ગદર્શન લક્ષ્મણદાસજી મહારાજે આપણને આપ્યું. આપણે કેવી રીતે દર્શન કરીએ છીએ? ભીડ હોયે દર્શન કરતા હોય, ક્યાંક કોણીથી કોઇને ધકકો મારીને આગળ આવી જઇએ, અને કદાચ કોકનો ધકકો વાગ્યો હોય તો ગુસ્સે પણ થઇ જવાય, અરે ધકકો મારે છે? **અરે ભાઇ એ બધા જ જય મહારાજનાં જ સ્વરૂપો છે, એમની સાથે ગુસ્સે ન થવાય. કાંઇ વાંધો નહીં,** જગન્નાથપુરીમાં ચૈતન્ય મહાપ્રભુ નામ સંકીર્તન કરે, સવારમાં મંગળા ખૂલે તે પહેલાં મસ્તીથી નાચતા કૂદતા હરિ

બોલ, હરે કૃષ્ણ હરે કૃષ્ણ કરીને હાથ ઊંચા કરીને નાચતા હોય, પોતાના શરીરનું ભાન ભૂલી જાય. એક વખત એ રીતે દર્શન કરવા માટે ઊભા હતા ને, એક વૃદ્ધ માતા ત્યાં આગળ આવી, એને દર્શન થતાં ન હતાં, તો ચૈતન્ય મહાપ્રભુના ખભા ઉપર બેસીને દર્શન કરતાં હતાં, ચૈતન્ય મહાપ્રભુ કહે કે કાંઇ વાંધો નહીં એમને દર્શન કરવા દો, હરિ બોલ, એ ભગવાનના દર્શન કરે છે ને એ ભગવાનનાં દર્શનનો આનંદ, એ વૃદ્ધાના આંખમાંથી આંસુ પડે ભગવાનના દર્શન કરતાં કરતાં, એનામાં પણ ભગવાનનાં દર્શન થાય, આ છે મહાપુરુષોનાં દર્શન. જેમ ચૈતન્ય મહાપ્રભુજીને વૃદ્ધામાં જગન્નાથજીનાં દર્શન થાય, એમ લક્ષ્મણદાસજી મહારાજને આ ભજન મંડળીઓના ભકતોમાં જય મહારાજના દર્શન થાય.

**''ચૈતન્યં શિષ્ય મધ્યે''**

બળદો પણ બધાને લઇને સેવામાં આવ્યા છે ને, આ છે કૈવલ્ય ભાવ. મહાપુરુષોનાં કેવાં હૃદય વિશાળ હોય છે! સંતોમાં કેવી કોમળતા હોય છે, પણ એ કોમળતા અને મહાનતા કયારે આવે? જયારે દ્રષ્ટિ બદલાય, સમગ્ર સૃષ્ટિને માટે દ્રષ્ટિ બદલાય, કોઇપણ જાતના ભેદભાવ, રંગભેદ, ધર્મભેદ, ભાષાભેદ કશું પણ નહીં, માત્ર પોતાના ઇષ્ટદેવની જ સેવા કરું છું, એ જ અંદર હૃદયમાં રહેલું હોય, આવકારે કે આવ ભાઇ, આ લે, તરત જ એને આપી દે સદ્ભાવપૂર્વક, કમને નહીં. આપણે સેવા શોધવા જઇએ, કોઇક આવે કહીએ કે બાજુ એ બેસ, ખબર નથી? અરે ભાઇ, તું કોને અવગણે છે? એનામાં બેઠેલા જય મહારાજને? હા ભાઇ, શું કામ છે કહો, આવો જય મહારાજ, હાથ જોડી જય મહારાજ કહી એનામાં રહેલા જય મહારાજને પહેલાં પગે લાગી લો, બોલો

આપની શું સેવા કરું? જયારે અહીંયા સંતો આવે ત્યારે બોલીએ મહારાજજી આપકી કયા સેવા કરું? એટલે આવેલા વ્યકિતનો પૂરો ભાવ ભદલાઇ જાય, કે આટલી મોટી સંસ્થાના મહારાજ આપણી સાથે આટલો નમ્ર વિવેક કરે છે! એ આખી અસર જુદી લઇને જાય. એ સેવાના ભાવમાં નમ્રતાનો વ્યવહાર, એ નમ્રતાના વ્યવહાર દ્વારા જ કૈવલ્યનાં દર્શન થઇ શકે, કૈવલ્યનાં દર્શન એમને એમ ન થઇ શકે. ભગવાને ગીતામાં અર્જુનને વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં, ત્યારે ભગવાને કહ્યું કે અર્જુન મારા વિરાટ સ્વરૂપનાં દર્શન કરવાં છે તો તારી આ દ્રષ્ટિ કામ નહીં લાગે, દ્રષ્ટિ બદલવી પડશે, લે.

**''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્''**

મારા ઐશ્વર્યને તું જો, લે આ દિવ્યચક્ષુ, પણ એ શું? એમાંથી સ્વાર્થ કાઢી નાખ, માત્ર એ કૈવલ્ય સર્વત્ર એક જ બ્રહ્મ બેઠેલા છે, અને જયારે દર્શન કરાવ્યાં ત્યારે,

**''અમી ચઃત્વામ્ ધૃતરાષ્ટ્રસ્ય પૂત્રાઃ સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ વક્રત્રાણિ તે ત્વરમાણા વિશંતિ''**

આ બધા છે એ ભગવાનના સ્વરૂપમાં જ દેખાયા, અરે જેને હું મારા શત્રુ માનું છું એમનાં દર્શન મને ભગવાનના વિગ્રહમાં થઇ રહ્યાં છે. જ્યારે આવી દૃષ્ટિ આવે, દુશ્મનમાં પણ જય મહારાજનાં જ દર્શન થાય. સૌથી પહેલાં તો આ દ્રષ્ટિ જ કેળવવાની છે, કે ક્યાંય પણ ભેદ નહીં, મારા જય મહારાજ એકમાત્ર પરમ કૈવલ્ય છે, અનાદિ છે આદિ છે, સર્વસ્વ છે સર્વમાં છે. જય મહારાજ કોઇનાથી પણ વિખુટા નથી, જય મહારાજથી કોઇ અલગ નથી. જેમ દૂધ ભરેલું હોય મોટા વિશાળ પાત્રમાં, હવે

દૂધમાં ઘી છે જ, પણ એ આખા પાત્રમાં ઘી દેખાય જ નહીં. પ્રથમ દ્રષ્ટિએ આપણને ઘી દેખાય નહીં, પણ એમાં ઘી છે જ, એમ સમગ્ર વિશ્વમાં પ્રથમ દ્રષ્ટિએ સર્વમાં ભગવાન ન દેખાય, આ પેલો છે, આ આવો છે, આ જુગારીઓ છે, આ વ્યસની છે, પ્રથમ દ્રષ્ટિએ એમાં ઇશ્વર નહીં જ દેખાય, છતાં  દુધમાં ઘી છે જ નહીં એમ કહી શકશો ખરા તમે? વ્યાપક છે, આખા દૂધમાં ઘી સર્વત્ર છે, પણ એને પ્રક્રિયા દ્વારા એને મથવામાં આવે તો જરૂર એમાંથી ઘી મળશે જ, એમ સકલ સૃષ્ટિમાં, એનું મંથન કરવામાં આવે તો એમાંથી ઇશ્વર મળશે.

**''કો સંતે કહાડ્યો સભર મથી''**

આ સંસાર સાગરને મથી મથીને એમાંથી આત્મતત્ત્વ બતાવ્યું, ભગવાન બતાવ્યા જો આ ભગવાન છે. આખો સાર એક જ પંક્તિમાં મૂકી દીધો,

**''કો સંતે કહાડ્યો સભર મથી**
**એણે ધાર્યું હશે સહુ કથી રે કથી''**

કેવી રીતે એને સમજાવવું, કે આત્મતત્ત્વ, પરમ તત્ત્વ પરમાત્મા એક કૈવલ્ય છે, સમગ્ર મહાપુરુષોના ચિંતન, આપણા ધર્મગ્રંથોમાં જોઇએ આજ્ઞા છે, એ બધાનું દર્શન લક્ષ્મણદાસજી મહારાજ દ્વારા આપણા જય મહારાજમાં પ્રાપ્ત થાય છે, આપણા જય મહારાજ એક માત્ર સામાન્ય દેહધારી મનુષ્ય નથી,

**''સો હિ સુભગ તનુ ધારી**
**પુરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

એ પૂર્ણ બ્રહ્મ ચરાચર વ્યાપક છે, તે જ આ શરીર જય મહારાજનું વિગ્રહ આપણી વચ્ચે બિરાજમાન છે, એ કૈવલ્ય છે,

એટલે તો લક્ષ્મણદાસજી મહારાજ સ્તુતિ કરતાં કહ્યું,

**'કૈવલ્યં પ્રણમામ્યહં''**

એવા પરમ કૈવલ્યને હું પ્રણામ કરું છું. અને પ્રણામ કરવું એટલે પરમ કૈવલ્યને સમર્પિત થઇ જવું, માથું મૂકી દેવાનું એટલે સમર્પણ થઇ ગયું.

**''કર જોડીને હું જાચું રે**
**મન ચરણે મૂકીને રાચું રે''**

રાચવાનું એટલે એમાં આનંદ મોજ કરો. માથું જય મહારાજના ખોળે મૂકી મોજ કરો, પછી કોઇ ફિકર શી?

**''માથું તારે ખોળે મૂકયું રે શામળીયા''**

ફિકર ચિંતા કોની પછી? તો એ કહેવાય, પદ જે છે જય મહારાજના સ્વરૂપમાં એનાં દર્શન થવા એ બહુ જ મોટી તપસ્યા છે, બહુ જ મોટું જીવનનું ફળ છે. સેવા કરીએ, જય મહારાજનાં દર્શન કરીએ, પછી કોઇની સાથે વેરઝેર નહીં, કોઇની સાથે રાગ દ્વેષ નહીં, અહીં જે પણ કોઇ આવે છે તે બધા જ જય મહારાજનાં જ સ્વરૂપ છે, બધામાં જય મહારાજ બેઠેલા છે. **રાગદ્વેષ અને ઈર્ષા તમને શાંતિથી ભજન નહીં કરવા દે, રાગદ્વેષવાળા બધા જ પાત્રો તમારા મગજમાં દોડતાં હોય, તમારી આંખો સમક્ષ નાચતાં હોય, પછી તમે સેવા શું કરી શકવાના હતા?** નિત્યનિયમ કરવા બેઠા, પેલા એ મારું અપમાન કર્યું હતું, પેલા એ મારુ આ તોડી નાખ્યું હતું, પેલો મને ગાળો બોલી ગયો હતો, મને તમાચ મારી ગયો હતો, આ બધી જ બાબતો આપણા અધ્યાત્મની ઉન્નતિમાં આપણને ખૂંચ્યા કરે, આપણા સાધન ભજનની વચ્ચે આવી આપણને ખૂંચ્યા કરે.

કોઇ દિવસ એમ વિચાર્યું છે નિત્યનિયમ કરવા બેસીએ, માળા જપ કરવા બેસીએ, ભગવાનની સેવા કરવા બેસીએ, અને આવો કોઇ વિચાર અથડાયા કરે મગજમાં ત્યારે આપણી જાતનો વિચાર કર્યો છે ખરો કોઇ દિવસ? આ સેવા કેવી? મારું મન ક્યાં છે જય મહારાજની સેવામાં છે કે પેલાની અંદર ભટકે છે? કોઇ દિવસ આવો વિચાર કર્યો છે ખરો? વિચારો. **જો અધ્યાત્મના માર્ગે આગળ વધવું હોય, તો પહેલાં આપણી જાતને ચોખ્ખી કરવી પડશે, તપાસવી પડશે,** સૌથી પહેલાં આપણા પોતાનામાં દ્રષ્ટિ કરવી પડશે. પહેલાં પોતાની જાત તપાસીશું, પોતાની જાતને શુદ્ધ કરીશું, તો જ સેવામાં એકાગ્રતા આવશે, સ્મરણ થશે, મગજમાં પેલો કોક રમ્યા કરતો હોય, ભગવાનની સેવા કર્યા કરતા હોઇએ, એ નહીં પહોંચે, તમે કે ભગવાનની સેવા સુધી તમે જ નહીં પહોંચી શકો, કેમ કે તમે તો બહાર ભટકો છો. એટલે **સૌથી પહેલાં અભ્યાસ એ કરવાનો,** સાધન ભજન માળા સેવા કરીએ ત્યારે પ્રભુ, **કોઇના પ્રત્યે મને વેર ઝેર ન રહે, કોઇના પ્રત્યે મને ઈર્ષા ન રહે, કોઇના પ્રત્યે મારો દુર્ભાવ ન રહે. અતિશય આસક્તિનો લગાવ પણ મારો કયાંય ન બન્યો રહે, એવી રીતે તમારું ભજન થાય એવી મને શક્તિ આપો. આપણી પોતાની વૃત્તિઓ જયાં સુધી અન્ય જગ્યાએ ભટકતી હશેને, ત્યાં સુધી આપણને કૈવલ્યનાં દર્શન નહીં થાય, કૈવલ્ય પદ છે આત્મપદ એ પણ નહીં સમજી શકાય. એટલે સૌથી પહેલાં, ભજન સાધન કરતા પહેલાં રાગ-દ્વેષ છોડી, ઈર્ષ્યા છોડી શાંત થાવ, પ્રભુ મારા મનને આ રાગદ્વેષ અને ઈર્ષા રહિત, કલેશ રહિત કરો, કે જેથી આપના સાધન ભજનમાં મને આનંદ આવે.** કોઇના પ્રત્યે કુભાવ નહીં, સર્વ પ્રત્યે એવો સદ્‌ભાવ રાખીએ, એ જય મહારાજની સ્તુતિ કરતા હોઇએ, કે જય

મહારાજની સેવા કરતા હોઈએ, ત્યારે આપણું મન બરાબર રીતે જય મહારાજ સિવાય બીજે કયાંય પણ સહેજ પણ ડાફોરિયું મારવાની તક જ નહીં આપવાની.

**'કૈવલ્યં પ્રણમામ્યહં કવિવરં શ્રીપાદગંગાફલમ્''**

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૫

# શ્રીપાદ ગંગા ફલક

પરમાત્મા સ્વયં, જેમના ચરણોમાંથી ગંગાજીનું પ્રાગટય થયું છે, અને ભગવાન શિવના મસ્તક ઉપર ગંગાજી ધારણ કર્યાં છે, એ ગંગાનું ફળ જય મહારાજના ચરણોમાંથી પ્રાપ્ત થાય છે. શિવજીએ શરીર પર ધારણ કર્યાં, ભગવાન નારાયણ વિષ્ણુએ ચરણમાંથી પ્રગટ કર્યાં અને જય મહારાજના ચરણોમાં પણ ગંગાજીનું ફળ આપવાવાળા છે. તો જય મહારાજના ચરણોની સેવા, ચરણોદક, એ બધું જ ગંગાજીના જેટલું જ શીતળ છે અને મધુર છે. જય મહારાજને કવિવર કહી દીધા, કવિ શબ્દનો અર્થ આપણા વૈદિક પ્રમાણે સર્વજ્ઞમાં પણ જે શ્રેષ્ઠ છે, સર્વ જ્ઞાની, એને કવિ કહેવામાં આવે છે, અને કવિવર એટલે સર્વ જ્ઞાનીઓમાં જે સર્વશ્રેષ્ઠ છે. સર્વશ્રેષ્ઠ, જય મહારાજના સ્વરૂપને કૈવલ્યમાંથી પ્રાપ્ત થયેલું છે. પહેલાં ભગવાનને કવિ કહેતા, પછી બ્રહ્માજીને કવિ તરીકે ઓળખવામાં આવ્યા, ત્યાર પછી વૈદિક કાળથી નીચે ઉતરતાં ઋષિઓને પણ કવિ કહ્યા, જે આર્ષ દ્રષ્ટા છે, જેને સત્યની પ્રતીતિ થાય તેને આર્ષ દ્રષ્ટા કહેવામાં આવે છે, એમને કવિ કહેવામાં આવે છે. પણ શબ્દનો ઉપયોગ ધીરે ધીરે નીચે ઉતરતો ગયો, સામાન્ય માણસ પણ કવિતા લખ્યા પછી કવિ લખતો થઇ ગયો, અને આજે તો ગમે તેવું અગડમબગડમ લખે તો પણ કવિ

કહેવાય, કવિ શબ્દનો અર્થ છે જ્ઞાની. ગમે તેવાં ગતકડાં જોડકણાં લખી દે તેને કવિ કહેવાય, પણ એમાં જ્ઞાન ન હોય, સદાચાર ના હોય, ચારિત્ર્ય ના હોય, તો એવા લેખ લખવાવાળાને કવિ કેવી રીતે કહી શકાય? જેની કવિતામાં ચારિત્ર્ય ના હોય તેને કવિ કહેવાય ખરો? સારી કવિતાઓ લખવાવાળાને પણ કવિ માનવામાં આવતા હતા, એટલે કવિ શબ્દનો અર્થ છે જ્ઞાની, જય મહારાજ માટે કહ્યું છે કે,

**'કૈવલ્યં પ્રણમામ્યહં કવિવરમ્''**

જ્ઞાનીઓમાં સર્વશ્રેષ્ઠ જેને કહેવાય, એ જય મહારાજનું સ્વરૂપ છે, જ્ઞાન ભરપૂર, તત્ત્વજ્ઞાન છે પરબ્રહમનું, એ જ્ઞાનના જે જ્ઞાતા છે એ કવિવર છે. જેમણે આત્માનું દર્શન કર્યુ છે, જેમણે પોતાનું આત્મસુખ પ્રાપ્ત કર્યું છે એને કવિ કહેવામાં આવે છે. કવિ શબ્દનો પ્રયોગ, કવિવરનું સંબોધન શ્રેષ્ઠ જ્ઞાની માટે છે, અને શ્રેષ્ઠ જ્ઞાની એ છે જે બ્રહ્મજ્ઞાની છે. જય મહારાજના સર્વ શ્રેષ્ઠ જ્ઞાનની અંદર શું હશે? જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે લક્ષ્મણદાસજી મહારાજે. જય મહારાજ કેવા શ્રેષ્ઠ જ્ઞાની છે, સ્વયં તત્ત્વ છે. લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરતાં સંબોધન કર્યુ કે,

**''કવિવરં કૈવલ્યં''**

આપ કૈવલ્ય છો, આપ કવિવર છો. એટલે જય મહારાજની અવસ્થા પરબ્રહ્મ છે, કવિવર એટલે એમનામાં જ્ઞાનનું તેજ ઝળકતું હોય, જેમ સૂર્યમાં સૂર્ય પ્રકાશ જળહળે છે, આટલા મોટા વિશ્વમાં પ્રકાશ અજવાળું આપે છે, એમ કવિવર સંબોધન કરીને કહ્યું કે આપ એવા તેજસ્વી જ્ઞાની છો, કે સમસ્ત વિશ્વને જ્ઞાનનો પ્રકાશ આપી, હૃદયમાં જ્ઞાનનો ઉદય કરો છો. જે પણ કોઇ આપને શરણે આવે છે, એના હૃદયમાં આપના જ્ઞાનસ્વરૂપનો

ઉદય થાય છે.

'કૈવલં જ્ઞાનમૂર્તિમ્''

જ્ઞાનમૂર્તિમાં કવિવર આવી ગયા. જેની પાસે તત્ત્વનું જ્ઞાન છે, જે તત્ત્વવેત્તા છે, જે બ્રહ્મવેત્તા છે, જે આત્મવેત્તા છે એ કવિ શ્રેષ્ઠ છે. કવિ શબ્દનો અર્થ છે જ્ઞાન. જેની પાસે પરબ્રહ્મનું જ્ઞાન છે તે કવિ, જય મહારાજને કવિવર કહ્યું છે એકલા કવિ નથી કહ્યું, કે જ્ઞાની નથી કહ્યું, કવિવર, કવિઓમાં પણ સર્વશ્રેષ્ઠ, જ્ઞાનીઓમાં પણ સર્વોપરી, એ કવિવર. જય મહારાજમાં જે જ્ઞાનનાં દર્શન થયાં, એ જ્ઞાન કેવું છે?

**''અદ્વિતીયમ્''**

જે અદ્વિતીય જ્ઞાન છે, અદ્વિતીય સ્વરૂપ છે, અદ્વિતીય સૌમ્યતા છે, જયાં કૈવલ્ય પણ અદ્વિતીય જ છે,

**'કૈવલ્યં કવિવરમ્''**

કૈવલ્ય એટલે માત્ર પોતાના આત્માનું જ જ્ઞાન નહીં, એમાં પણ સર્વોપરિતા, અને સર્વોપરિતામાં આપણા જય મહારાજનાં દર્શન થાય. એ જ્ઞાનની કેવી પરાકાષ્ઠા હશે, એ જ્ઞાનનું સ્વરૂપ કેવું હશે કે જય મહારાજને કવિવર કહ્યા. કવિવર એટલે શ્રેષ્ઠ જ્ઞાની, અદ્વૈતનું શ્રેષ્ઠ જ્ઞાન જેની પાસે છે તે,

**''શ્રીપાદ''**

આપના ચરણોમાંથી મેળવી શકીએ. કોઇપણ જ્ઞાન જોઇતું હોય તો ભગવાને કહ્યું છે કે,

**''તદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા**
**ઉપદેક્ષ્યંતિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ''**

તત્ત્વદર્શીઓ પાસેથી જ્ઞાન કયારે મળે? એમના ચરણામાં

નમ્રતાપૂર્વક નિવેદનપૂર્વક પછી પ્રશ્ન પૂછે, કે પ્રભુ મને જિજ્ઞાસા છે,

**''પ્રણિપાતેન પરિપ્રશ્નેન''**

એ ક્રમ બતાવ્યો. પહેલાં વંદન કરી, પ્રાર્થના કરી, સેવા કરે, અને સેવા કર્યા પછી પૂછવાનું હોય, જય મહારાજની પાસે આવ્યા, અદ્વૈતનું પરમ શ્રેષ્ઠ જ્ઞાન કયું ?

**''શ્રીપાદ''**

આપના શરણે આવ્યા છીએ, આપના ચરણોમાં અમે વંદન કરીએ છીએ, અમારી જે પણ કાંઇ સેવા છે તે અમે અર્પિત કરીએ છીએ. જે કાંઇ અર્પણ કર્યું, વંદન કર્યાં, જેમના ચરણોમાં ગંગાજી જેવું પાવિત્ર્ય રહેલું છે, જીવન પથ ઉપર ચાલતા એ ચરણોએ પવિત્રતા પ્રાપ્ત કરી છે, એક એક પગલું આગળ જાય, એક એક પગલામાં એમાં પવિત્રતા હોય, એ માર્ગે કે ચરણોએ આપણે પગે લાગવું એટલે એમના માર્ગે આગળ વધવું. પગે લાગવાનો અર્થ છે. જે દિશા બતાવી. જે દિશાએ જય મહારાજ ગયા, એ પરમ તત્વ એ માર્ગે આગળ વધો, એ જ્ઞાનનો પંથ છે. તે ચરણમાં ગંગાજી જેવી પવિત્રતા છે, એમાં આગળ વધીશું તો અમને શીતળતા મળશે, મધુરતા મળશે. ગંગાજીમાં જે પણ કાંઇ ભાવો છે, તે બધા જ ભાવો જય મહારાજના ચરણમાંથી પ્રાપ્ત થશે. દૂર તીર્થ કરવાની કોઇ પણ જરૂર નથી, જય મહારાજના, મહાપુરુષોના ચરણો એ જ મોટામાં મોટું તીર્થ છે, ત્યાંથી જે મળશે એ તીર્થોમાંથી નહીં મળે.

**''શ્રીપાદગંગાફલમ્''**

પવિત્ર ગંગાની યાત્રા કરી હોય, સ્નાન કર્યું હોય, એના

જેટલું ફળ જય મહારાજ આપના ચરણોમાં બેસવાથી સાહજિક પ્રાપ્ત થઇ જાય છે. તીર્થની કોઇ પણ આવશ્યકતા ન પડે, આ તો જંગમ તીર્થ છે. **તુલસી રામાયણ પણ કહે છે, કે મહાપુરુષો, સંતો તપસ્વીઓ એ તો જંગમ તીર્થ છે, તેઓ જ્યાં વિચરણ કરી જ્યાં બિરાજે ત્યાં,** એ જગ્યા તીર્થસ્વરૂપ બની જાય. ભાગવત કથા બેસાડી હોય, કથાથી આખું વાતાવરણ સર્જાય, મંડપમાં જઇએ બહુ જ શાંતિ મળે છે, બહુ જ પવિત્રતા મળે છે. હવે એ જગ્યા તો ગામની બહાર વર્ષોથી હતી, રોજ જતા હતા અને આવતા હતા, પણ હમણાં કથામાં આનંદ આવે છે, શાંતિ મળે છે, મહાપુરુષો જ્યાં વિચરણ કરે ત્યાં એ ભૂમિને તીર્થ બનાવી દે છે, એટલે જય મહારાજે આ ધામને તીર્થ બનાવી દીધું, જય મહારાજના ચરણોનાં માત્ર દર્શન એટલે ગંગાજીનાં દર્શન. હિમાલય કે હરિદ્વાર સુધી પહોંચવાની કોઇ જરૂર નથી. જય મહારાજ જંગમ તીર્થ તરીકે અહીં આવીને પધાર્યા છે,

**''શ્રીપાદગંગાફલમ્''**

ચરણોની ભક્તિ, ચરણોની સેવા, ચરણોનું સાનિધ્ય, એ જેને જેને પ્રાપ્ત થતું હશે એને, કેવો લાભ મળતો હશે, કયાં ફળ પ્રાપ્ત થતાં હશે, કયાં એનાં પુણ્ય હશે આવા અદ્વૈત, પરમ કૈવલ્ય, પરમ જ્ઞાની એવા જય મહારાજનાં શ્રીચરણોમાં ગંગાજી જેવી નિરાંત મળે. જે ચરણોમાં બેઠા, ગંગાજીનાં શીતળ મધુર જળ પીએ તો તૃપ્ત થવાય, શીતળતા મળે, તરસ છીપાય. જય મહારાજના ચરણો પણ શીતળતા આપવાવાળાં છે, જીવનના કેટલાય તાપને શાંત કરી દે, ઓલવી નાખે.

**''શ્રીપાદગંગાફલમ્''**

એમના ચરણોમાં બેઠા છીએ તો ગંગાજીની મધુરતા પણ

ત્યાં જ પ્રાપ્ત થશે. પવિત્રતા જય મહારાજના ચરણોમાંથી વહી જ રહી છે, એમાંથી કેટલું આચમન કરી શકીએ છીએ, કેટલું પાન કરી શકીએ છીએ, એની ઉપર આધાર છે. જય મહારાજના આ સ્વરૂપનાં દર્શન, પ્રત્યક્ષ અનુભૂતિ જેમને થઇ એ વિભૂતિ લક્ષ્મણદાસજી મહારાજ કે જેમાં આપણે જય મહારાજના સ્વરૂપમાં જ દર્શન કરીએ છીએ. લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજનું સ્વરૂપ છે, એમાં જ એમનાં દર્શન, એમાં જ સેવા, તો એક આવો સરસ ભાવ જ્યાં લક્ષ્મણદાસજી મહારાજ સ્વયં પોતે આપતા હોય, આ સ્થિતિ પ્રાપ્ત થાય કેવું અહોભાગ્ય છે, કેવું પુણ્ય હશે કે ચરણોના સાનિધ્યમાં ગંગાજીનું જ સેવન થયા કરે, ગંગાકિનારે એટલી સવલતો નહિ હોય જેટલી સવલતો મહારાજશ્રીના શ્રીચરણોમાં મળી રહેશે. આ બધાને દૃષ્ટિમાં રાખીને લક્ષ્મણદાસજી મહારાજે આપણને તીર્થ બતાવ્યું, એ તીર્થે સદાય સ્થિર થઇ જજો, ત્યાંથી બીજે કયાંય જવાની જરૂર જ નથી. પરિચય કયો આપ્યો ? કે આપના ચરણો સાક્ષાત શ્રી ગંગાજી છે.

**''ગુરુપાદોદંકસ્યાપિ''**

જેમ ગંગાજીના જળ માટે કહે છે કે,

**''ગંગાજલ લવ કણિકા પિતા તસ્ય યમઃ કિં કુરુતે ચર્ચા.''**

શંકરાચાર્ય મહારાજે કહ્યું છે. જો ગંગાજળનું એક પણ ટીપું અંતકાળે મુખમાં મૂકી દેવામાં આવે, એને સદ્ગતિ પ્રાપ્ત થાય,

**''ગુરુપાદોદ કસ્યાપિ સહસ્ત્રાંશેન દુર્લભમ્''**

**''ગુરુનું ચરણોદક જેણે પીધું જાણે ત્રિલોકનું તીરથ કીધું''**

ત્રણ લોકના તીર્થ એવા જય મહારાજના શ્રીચરણોના ચરણોદકમાંથી જ પ્રાપ્ત થઇ જાય,

હજારોને પણ દુર્લભ છે. ન પ્રાપ્ત થાય એવું પ્રાપ્ત થઇ જાય. એટલે આ સ્તુતિના શ્લોકના શબ્દોના સંબોધનમાં જય મહારાજના એટલા સુંદર દર્શન કરાવ્યાં છે, સાક્ષાત્કાર કરાવ્યો છે, ગંગાજી તો હિમાલયમાંથી નીકળે છે, હિમાલય તો તપસ્વીઓનું ધામ છે, જય મહારાજ પણ એમનું જે તપ છે, જે કાંઇ સત્ત્વ છે, તત્ત્વ છે, એ બધું હિમાલય કરતાં પણ વધારે અડગ છે, સ્થિર છે. જેમ એ ઊંચા પહોળા લાંબા હિમાલયમાંથી ગંગાજી પ્રગટ થાય છે, એમ જય મહારાજ પણ તપના સદાચારના એ વૈભવના સ્વયં અડગ હિમાલય છે,

**''શ્રીપાદગંગાફલમ્''**

આપના ચરણોમાંથી જ ગંગાજી વહી રહ્યાં છે, જ્ઞાનગંગા છે, ભગવાન શિવજીએ જ્ઞાનગંગાને પોતાના મસ્તક ઉપર ધારણ કરી છે, ગંગાજીનું આટલું બધું માહાત્મ્ય બતાવ્યા પછી પણ વંદના કરતાં દેવતાઓ સંતો મહાપુરુષો એમ કહે, કે જય મહારાજ આપના ચરણોમાંથી પ્રગટ થયેલાં ગંગાજી અમને સુલભ થયાં, અહીંયા બેઠા બેઠા જ. એ કૈવલ્ય, પરમપદ, પરમ તત્ત્વ અને એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જ્ઞાનનું સ્વરૂપ, જય મહારાજના સ્વરૂપને જ્ઞાન પણ કહ્યું. એ જ્ઞાનમાં પવિત્રતા છે. જ્ઞાન શાશ્વત છે, દરેકના અંતઃકરણમાં જ્ઞાન પ્રકાશ કરે છે. અજ્ઞાનના અંધારામાં પાપ થયા જ કરતા હોય, પાપનો પાર જ ન આવે.

**''પાપાંધકારાર્ક પરમ્પરાભ્યાં''**

અને પાપના અંધકારમાં કુકર્મની પરંપરા ચાલ્યા કરતી હોય, એક પછી બીજું, બીજા પછી ત્રીજું ચોથું, જે મનમાં જાગ્યાથી સૂતા સુધી રાત્રે એક પછી એક વિચાર આવ્યા જ કરે, એક ક્ષણ પણ મન કામ કર્યા વગર નથી રહેતું. આ મન સતત ચંચળ હોય, કયારેય શાંત ન થતું હોય, એને જય મહારાજના

ચરણોમાં શાંતિ મળી જાય, શીતળતા મળી જાય, પવિત્રતા મળી જાય, એટલે કવિવર કહી જ્ઞાન શ્રેષ્ઠ કહીને, એમના ચરણોમાં બિરાજેલા સૌને શરણે ગયેલા આશ્રિતોને, જય મહારાજ ગંગા જળનાં દાન કરે છે, એ ગંગાજળનું દાન સૌને પાવન કરનારું છે.

''**શ્રીપાદગંગાફલમ્**''

આમ કહીને લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિને વિરામ આપ્યો.

।। જય મહારાજ ।।

# વયં અમૃતસ્ય પુત્રાઃ

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે પાદાબ્જયો રેણુભિરંકિતોહં**
**શ્વેતધ્વજં સદ્‌ગુરુ સંતરામંમ્ વંદેઽમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

પ્રભુ હું આપનો, આપની ચરણરજનો દાસ છું, આપની ચરણરજથી મારુ જીવન, મારું મન પાવન કરી શક્યો છું. આપની ચરણરજની પ્રસાદી પ્રાપ્ત થયેલો એવો હું આપના શરણમાં છું, બાકી મારી સ્થિતિ મારી અવસ્થા,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે''**

અત્યંત પીડાશીલ છે. આ સંસારમાં ગૃહસ્થીઓને ડગલે ને પગલે બધા જ  પ્રકારની પીડાઓની વેદના સહન કરવાની હોય છે.

**''પરિપીડિતસ્તે''**

જેની દુર્દશા હદ વગરની હોય, માણસ જ્યારે દુઃખી થાય, અતિશય દુઃખી થાય, અને જે સ્થિતિ આવે એની માનસિકતા, એનું દર્શન કરાવતાં કહ્યું છે સંસારની માયાઓની પીડાથી અત્યંત દુઃખી છું. જેમ કડકડતી ઠંડી પડી હોય, અને ખુલ્લા મેદાનમાં માણસને ઊભા રહેવાનું હોય, કેટલો દુઃખી થાય, કેટલી બધી ઠંડી સહન કરવી પડે એણે?

**''પરિપીડિતસ્તે''**

એવી પીડા કે જે પીડાની કોઇ હદ, કોઇ કિનારો જ ન દેખાય. આવાથી ત્રસ્ત થયેલો દુઃખી થયેલો અને દુઃખથી અત્યંત ત્રસ્ત થયેલો માણસ શું ન કરે ? આત્મહત્યા જ કરે ને? એને બીજું કશું પણ ના સૂઝે. સમસ્ત માનવજાત માટે આ એક એવી મોટી સમસ્યા છે, એ પોતાના દર્દ સહન કરી શકતો પણ નથી, અને જીવનને સારી રીતે જીવી શકતો પણ નથી. જીવન જીવવાની ઇચ્છા થાય છે, પરિસ્થિતિઓ સાથેનો સંઘર્ષ, એનો સામનો કરવાનો, અને જીવવાનું એની સામે ઝૂઝવાનું, લક્ષ્મણદાસજી મહારાજના શબ્દોથી,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે''**

ભયંકર રીતે પીડાતો, આમ કહી દીધું છે

**''રેણુભિરંકિતો અહમ્''**

લક્ષ્મણદાસજી મહારાજ તો જય મહારાજના શરણે આવી એઠા છે, એમના શરણમાં એમને તો કશું પણ નથી, પણ આપણા સહુના વતીથી જય મહારાજ આગળ વ્યકત કરે છે, કે બાપજી અમે તો આપને સંભળાવવા માટે આપના શરણે આવ્યા છીએ.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે''**

ભયંકર પીડા. આ સંસાર, એની પ્રસ્તુતિ કરવા માટે લક્ષ્મણદાસજી મહારાજને આ શબ્દો આ સ્તુતિની અંદર વાપરવા પડ્યા, જય મહારાજનો પરિચય તો આખી સ્તુતિમાં મળ્યો, હવે અમારો પરિચય પણ આપ જય મહારાજ મેળવી લો, અમે કેવા છીએ કેવી સ્થિતિવાળા છીએ,

**''મારા અવગુણના ભંડાર ભર્યાં**

**મારા વિકાર તો ના જાય કહ્યા''**

છેક કિનારાની વાત મૂકી દીધી છે, આ અમારો પરિચય.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે''**

ભયંકર પીડા છે આ સંસારની, ડગલેને પગલે શ્વાસે શ્વાસે પીડાઓ સહન કરવાની આવતી હોય, કેદારનાથના પૂરની ઘસડી જવા માટે આવતી હોય, કેવી હોનારત છે? જેણે દ્રશ્યો નજર સમક્ષ જોયા છે ધ્રુજી જાય, એમ આ સંસારની માયા અને આ સંસારનું જીવન માણસને ધ્રુજાવી નાખે. તો બાપજીને અરજ કરે છે કે બાપજી આ બધાને સંભાળજો.

**''માયાદિદુઃખૈઃ''**

અમે તો દુખી છીએ, આપને શરતે એટલા માટે આવ્યા છીએ.

**''આવ્યો શરણ તમારે તે સાચો''**

દુનિયાને સંસારની તો બીક લાગે છે. આપના ચરણ તો અભય સ્થાન છે, ગમે તે ઉપાય કરો.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

આપના ચરણની રજથી અંકિત થઇ ગયેલા છીએ, બહુ જ સીધી સાદી વાત છે. કોઇ પૈસાદારના ઘરની અંદરનો સરસ પાળેલો કૂતરો હોય, અને પટ્ટો બાંધેલો હોય, એનો પરિચય કેવો મળશે ? આ તો ફલાણા શેઠના ઘરનો કૂતરો છે, ગાડીમાં બેસાડે, સામાન્ય માણસને કહે કે ઊભો રહે. આઘો ખસ, માણસના જીવનમાં જ્યારે આ બધું દેખાય છે, કોઇ સામાન્ય વ્યકિત નહીં

પણ કુતરા માટે આ? પણ હા,

**''પાદાબ્જયો રેણુભિરંકિતો અહમ્''**

હું આપની ચરણરજથી ઓળખાણવાળો છું. જેમ શેઠના ઘરના કૂતરાને પટ્ટા ઉપરથી ઓળખે, કે આ તો આમનો કૂતરો છે, રંગ અવધૂત મહારાજ ભગવાનને કહે છે, પ્રાર્થના કરે છે,

**''મુરખ ને નાદાન તોય સમર્થ ઘરનું શ્વાન''**

ભલે મૂર્ખ છું નાદાન છું, પણ આપના ઘરનું કૂતરું છું. કેટલી ઊંચી વાત છે,

**''પાદાબ્જયો રેણુભિરંકિતો અહમ્''**

અમે ગમે તેવા તો પણ આપના છીએ, આપના ચરણોની રજથી અમે અંકિત થઇ ચૂકેલા છીએ, જેમ પટ્ટો પહેરાવી દીધીલો હોય એમ અમે પણ આપના જ છીએ, આપના નામથી અમે તરવાના છીએ, કોઇક અમને જય મહારાજના કહેશે, આ તો જય મહારાજના, આ છે આપણા પોતાનો પરિચય,

**''પાદાબ્જયો રેણુભિરંકિતો અહમ્''**

આપના ચરણોના આશ્રિત છીએ, આપના જ છીએ અને આવા દુ:ખી છીએ,

**''પરિપીડિતસ્તે''**

આપ એક શરણું છો અમારા માટે,

**''ના આધાર મળે બીજો જગમાં''**

માત્ર આપ જ શરણ છો અમારું, એટલે આપના શરણે આવેલા છીએ, આપને પ્રાર્થીએ છીએ

**''શ્વેતધ્વજં સતગુરુસંતરામમ્''**

હે ધોળીધજા વાળા, અમે ગમે તેવા પણ આપના છીએ, આપનાથી ઓળખાઇએ છીએ, આ તો જય મહારાજ ના. અમે આપને આર્ત ભાવથી પ્રાર્થના કરીએ છીએ.

**''રેણુભિરંકિતો અહમ્''**

પણ કેવા ?

**''દુઃખૈઃ પરિપીડિતસ્તે''**

દુઃખથી પીડાયેલા અમે છીએ. કોઇ પણ બાપ પોતાના છોકરાને પીડાયેલો જોઇ શકે ખરો ? શરણ આપ્યું છે, શરણ સ્વીકારી લીધું છે, અને છતાંય માયાના દુઃખોથી, આ સંસારના દુઃખોથી દુઃખી હોઇએ, તે તો

**''લાજ તમારી જાશે રે મહારાજ સંભાળજો રે''**

અમે તો તમારા છીએ, હવે બાકીનું તમારે જોવાનું.

**''કલેશહંતાસિભો ત્વં ત્વં મે માતા પિતા મે''**

આપ તો અમારા માબાપ છો, કલેશને દૂર કરવાવાળા છો. માબાપ જ છોકરાના કલેશ દૂર કરે ને? નાનું બાળક હોય, દુઃખી હોય, તો તરત જ માબાપ એ દૂર કરશે, માબાપ એનો સહારો, એની ઓથ, આપ તો અમારા માબાપ છો, અમારા જીવનના જે પણ કંઇ કલેશ છે, એ આપે દૂર કરવાના છે, એ ફરજ આપની છે. ઇર્ષ્યા, ક્રોધ, વિકૃતિઓ, વાસનાઓ, આ બધા જ કલેશ છે. જેમ કોઇ આરોગ્યવાળો માણસ હોય, એનું શરીર વિકૃત થઇ જાય રોગોથી, એનો દેખાવ પણ બદલાય જાય, શરીર વિકૃત થઇ જાય રોગોથી, તો જય મહારાજ અમે પણ આ દુઃખોથી વિકૃત થઇ જઇશું, શું આપની પાસે ઔષધ નથી? આપ તો ભવરોગ વૈદ્ય છો. એટલે જય મહારાજને શરણે અમે સર્વસ્વ મૂકી દીધું, અને

જય મહારાજને પ્રાર્થના કરીએ કે અમે

**''પરિપીડિતસ્તે''**

આવા દુઃખી છીએ, બાકીનું આપ સંભાળો, અને સ્તુતિ કરતાં કહી દીધું કે

**''કલેશહંતાસિ ભો ત્વંમ્''**

આપ અમારા જીવનના કલેશોને દૂર કરવા માટે સમર્થ છો, કેટલું સરસ સંબોધન વાપર્યું છે ?

**''કલેશહંતાસિ ભો ત્વંમ્''**

અમારા કલેશોને હણવાવાળા છો આપ. જય મહારાજની પાદુકાસ્તુતિમાં શું છે ?

**''કામાદિસર્પવ્રણભંજકાભ્યામ્''**

ખતમ કરી નાખો એને, વિકૃતિઓ અને વાસનાઓ ને,

**''નમો નમઃ શ્રીગુરુપાદુકાભ્યામ્''**

જો જય મહારાજનો સાક્ષાત્કાર લક્ષ્મણદાસજી મહારાજ દ્વારા થતો હોય, એ આવા છે કે જેને જય મહારાજના આખા સ્વરૂપની સમજ પડી, અને બધું જ આપણી સમક્ષ મૂક્યું, કે સત્સંગ કરજો, રોજ નિત્ય નિયમ કરજો, અને એમાંથી સમજજો. આપને શરણે છીએ, આપણા ચરણોની રજમાં મારું બધું જ સમર્પિત કરી દીધું છે હે ધોળી ધજાવાળા,

**''શ્રીપાદગંગાફલમ્''**

હે શ્રીચરણોમાં ગંગાજીને સ્થાપિત કરવાવાળા, જેમના શ્રીચરણોમાં શીતળતા રહેલી છે, એ ચરણની શરણમાં મધુરતા રહેલી છે, એ ચરણની શરણમાં જ, આ સંસારની માયાને આપ

સંભાળી લેજો, બહુ જ દુઃખી કરે છે, અને બહુ જ દુઃખી છીએ

**''પાદાબ્જયો રેણુભિઃ અંકિતો અહમ્''**

જય મહારાજના ચરણો જ્યાં ગંગાના સ્વરૂપે છે ત્યાં પહોંચ્યા પછી આ દુઃખ ક્યાં રહેવાનાં હતાં? આપના શ્રીચરણો ગંગાજીના સ્નાનનું, દર્શનનું, એ તીર્થોનું ફળ આપી દેનાર છે. જો ગુરુ મહારાજના ચરણોની રજ થકી અંકિત હોઇએ, તો સ્વાભાવિક છે કે ત્યાં ગંગાજી મળવાના જ છે, અને જય મહારાજના શ્રીચરણોની ગંગાજી અમને પાવન કરવાની જ છે, કારણ કે જ્ઞાનગંગા વહી રહી છે જેમ ભગવાન દત્તાત્રેયના ચરણોમાં ચાર વેદ બેઠા છે સ્વાનનું રૂપ ધારણ કરીને, જય મહારાજના ચરણામાં સાક્ષાત ગંગાજી, આવીને બેઠાં છે, જય મહારાજના ચરણોની ગતિ ગંગાજી જેવી પવિત્ર છે, ખોટા માર્ગે હોય જ નહીં.

**''કુપથં તં વિજાનીયાદ્ ગોવિંદરહિતાગમમ્''**

કુપંથ, કુમાર્ગ, એ છે કે જય મહારાજને છોડીને અવળે માર્ગે જઇએ, પાપના માર્ગે, દુરાચારના માર્ગે, એનું નામ છે ભગવાનથી વિખુટા પડવું. અહીં કહ્યું કે અમે તો

**''પાદાબ્જયો રેણુભિરંકિતો અહમ્''**

આપની ચરણ રજથી અંકાયેલા છીએ, પણ દુઃખી છીએ, માયાથી. પણ આપના ચરણોમાં આપના શ્રી ચરણોમાં ગંગાજી બિરાજેલા છે, અમારે શું ફિકર છે? એટલા માટે લક્ષ્મણદાસજી બોલ્યા છે,

**''પાદાબ્જયો રેણુભિઃ અંકિતો અહમ્''**

ધોળી ધજાવાળા છો

**''શ્વેતધ્વજમ્''**

સાથે એટલે જ રાખવાની ધોળી ધજા માથા ઉપર, બીજો ના સંભાળે ત્યાં સુધી એ ધજા માથે રાખવી પડે, ફરકતી રહેવી જોઇએ, જેમ રાષ્ટ્રધ્વજ, એકે ગોળી ખાધી અને પડ્યો, એ પહેલા બીજાએ ઉઠાવી લીધો.

**''શ્વેતધ્વજમ્ સદ્ગુરુ સંતરામંમ્''**

એ સદ્ગુરુદેવ ધોળીધજાવાળા આપનો સરસ પરિચય આપી દીધો લક્ષ્મણદાસજી મહારાજે.

પછી છેલ્લે શું કહ્યું, ખબર છે ?

**''વંદે અમૃતમ્''**

હે અમૃત આપને અમારા નમસ્કાર છે. જય મહારાજ સાક્ષાત, સંસાર સાગરના મંથનમાંથી નીકળેલું અમૃત છે, અને એ અમૃતને શરણે બેઠા પછી,

**''અમૃતને પીધે જો રોગ ના જાય**

**ત્યારે શો અમૃતનો મહિમાય''**

આ માયાનો રોગ જે બધાને છે, રાગદ્વેષ ઈર્ષા છળકપટ, બધું જ, એ બધા રોગો. જો આપના અમૃત સમાન શરણમાં આવેથી દૂર ન થાય તો પછી આપનું શું મહાત્મ્ય? એટલે નિષ્ઠાપૂર્વક શ્રદ્ધાપૂર્વક જેને શરણ મળ્યું છે, જેણે શરણ સ્વીકાર્યું છે, તેના માટે પણ આપણે આપણી જાતને, જય મહારાજને છોડીને સહેજ પણ બીજા માર્ગે જવાય નહીં, ભગવાન વગરનો માર્ગ,

**''ગોવિંદરહિતાગમમ્''**

આપ સ્વયં અમૃતસ્વરૂપ છો. અમૃત એટલે સંસારનું મંથન કર્યા પછી જે સારરૂપ નીકળ્યું એનું નામ અમૃત, અને અમૃત કયારે નીકળે? છેક છેલ્લે. જીવનમાં ઝેર સૌથી પહેલા નીકળે. સંસારનું મંથન એટલે આપણા જીવનનું મંથન, ઝેર કેટલું નીકળશે? હવે એ ઝેરને ઝીલે કોણ? શંકર ભગવાન પાસે જવું પડશે. પ્રભુ આપ કૃપા કરો, અમૃતસ્વરૂપ કહ્યા છે જય મહારાજને. અને વેદનું એક સૂત્ર છે મંત્ર છે,

**''વયં અમૃતસ્ય પુત્રાઃ''**

આપણે બધા અમૃતના સંતાનો છીએ, આપણો બાપ અમૃત છે.

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

આપના શિષ્ય એવા અમે, અમે અમૃતના સંતાનો છીએ, આપ સ્વયમ્ અમૃત છો, અને આપના અમે બાળકો છીએ, બસ પછી કોનાથી બીક રાખવાની ? અને આ બધાં દુઃખોથી અમારે ક્યાં દુઃખી થવાનું રહ્યું?

**''શ્વેતધ્વજમ્''**

જય મહારાજની ધજા પણ શ્વેત સાત્વિક છે. સફેદ રંગ સાત્વિકતાનું પ્રતિક છે, શાંતિનું પ્રતિક છે.

**''શ્વેતૈઃ કાષાયવસ્ત્રૈ''**

જ્ઞાન અને વૈરાગ્ય, સરસ્વતીજીનું પરિધાન શું છે? શ્વેત.

**''શુકલાંબધરંદિવ્યમ્''**

શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં છે. હે શ્વેત ધજાવાળા, જ્ઞાનનું પ્રતિક છો તમે. આપના જ્ઞાનની ધજા ફરક્યા કરે છે, એટલે આપ

જ્ઞાનગંગા છો, અમૃત છો, અમે આપના શિષ્યો, આપના સેવકો છીએ.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

આપની ચરણ રજથી તો અમે અંકિત થયેલા છીએ, જેમ ચંદનની ચર્યા કપાળમાં અર્ચિત થયેલી છે, અંકિત થયેલી છે. ચરણરજ અને કપાળમાં? ધુળને તે કાંઇ માથે ચઢાવવાતી હશે? જય મહારાજના ચરણની રજ છે, અને એ ચરણની રજ એટલે આ રસ્તે ચાલ્યા આવજો, અને તે ચરણરજ લઇને આપણે આપણા ભાલ કપાળને અંકિત કરવાનું છે, કેમ? જ્ઞાનગંગા છે એ. **જ્ઞાનની ગંગા આ ત્રીજા નેત્રમાંથી, આ વિચારોમાંથી પ્રગટ થતી હોય છે, એટલે પવિત્રતા જ્ઞાનગંગા, અમૃત સ્વરૂપ એવા આપના ચરણની રજ અમારા ભલામાં આજ્ઞાચક્ર પર ધારણ કરી, એટલે સાચી સમજણ, જ્ઞાનનો પ્રકાશ લલાટમાંથી જ નીકળવાનો છે. લલાટમાં ત્રીજું નેત્ર રહેલું છે, અને ત્રીજું નેત્ર એટલે આપણી સાચી સમજણ, સાચું જ્ઞાન, એના વડે આપણે અંકિત થયેલા છીએ.** અને ક્યાં? જ્ઞાન ચક્ષુ ઉપર. આપના ચરણની રજ સ્પર્શ થયેલી છે અને ત્રીજું નેત્ર ખુલે, એનું નામ જ જ્ઞાન. જ્યારે આ ચર્મચક્ષુ છે, ખુલ્લા હોય આખી દુનિયા જુએ વિકૃતિ અને વાસનાઓ જુએ, રાગ અને દ્વેષ જુએ, ઈર્ષા જ હોય. બે આંખથી દેખાય એ બધું જ, રાગ દ્વેષ, ઈર્ષા અને છળ કપટ, વિકૃતિઓ અને વાસનાઓ, પણ ત્રીજું નેત્ર ખુલે, ક્યારે?

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

**એ જ્યારે ગુરુ ભગવાનના ચરણની રજ કપાળમાં અંકિત થાય, ત્યારે સમજણનું સાચું નેત્ર ખૂલે, કે સમજણની દ્રષ્ટિ ગુરુ મહારાજ આપશે,** ગુરુ મહારાજનો માર્ગ આપશે સમજણની દ્રષ્ટિ,

એટલા માટે જ એ માર્ગની ચરણ રજ લઇને

**''પાદાબ્જયોરેણુભિરંકિતોહમ્''**

એનાથી અંકિત એવા અમારા જીવનમાં સાચી સમજણ બની રહે, અમારા જીવનમાં જે સાચુ જ્ઞાન જોઇએ તે અમને મળે,

ચરણરજથી અંકિત થયેલાંને આ પ્રસાદી મળે છે, ચરણ રજની પ્રસાદીનું આ મહાત્મ્ય છે. દર્શન કરતાં જય મહારાજના ચરણસ્પર્શ કરી કપાળે એમને એમ નથી મૂકતા, બાપજી, આપના ચરણ પવિત્ર પાવન જ્ઞાનને માર્ગે જઇ રહ્યા છે, એ ચરણની રજને અમારા સમજણની દ્રષ્ટિની આંખમાં આંજી તો અમને પણ એ માર્ગ સ્પષ્ટ થાય, અને અમે પણ પહોંચી શકીએ, અમે પણ એને પ્રાપ્ત કરી શકીએ, આવા ઊંડા સાત્ત્વિકતાના ભાવથી લક્ષ્મણદાસજી મહારાજે ચરણરજ દ્વારા ઉઘડતી ત્રીજી આંખ,

**''અજ્ઞાનતિરિરાન્ધસ્યજ્ઞનાંજનશલાકયા''**

અજ્ઞાનનો ઘોર અંધકાર આંખો ઉપર લાગી ગયેલો છે.આંખમાં દ્રષ્ટિ જ ન આવે, પણ

**''પાદાબ્જયોરેણુભિરંકિતોહમ્''**

પણ જ્યાં,

**''ચક્ષુરુન્મિલિતમ્''**

જ્યારે આંજણ અંજાઇ ગયું, જેમ સુરમો આંખમાં નખાય તો આંખમાં તેજ આવે, આંખની વિકૃતિઓ દુર થાય, જ્યાં કાજળ આંખમાં અંજાય, એટલે ગુરુ મહારાજના ચરણની રજ પણ આપણી આંખ માટે એક અંજન છે, જ્ઞાનાંજન જેમ સુરમો એક અંજન છે, મેશ એક અંજન છે, એમ ગુરુ ભગવાન જય મહારાજના ચરણની રજ, એ પણ આપણા જ્ઞાનચક્ષુ ખોલવા માટે

એક અંજન છે, એટલા માટે કહ્યું કે અમે આપના ચરણ રજથી અંકિત છીએ, અને અમારા જીવનની દ્રષ્ટિ આપના માર્ગ તરફ સદાય બની રહે. આપ અમૃત છો, અને અમે અમૃતનાં સંતાન છીએ, આપને વંદન કરીએ છીએ.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૭

# યોગક્ષેમ વહામ્યહમ્

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે પાદાબ્જયો રેણુભિરંકિતોહં**
**શ્વેતધવજં સદ્ગુરુસંતરામં વંદેઽમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે''**

માયાદિ દુઃખોથી પીડાતો માણસ, વાસનાઓથી, વિકૃતિથી પણ પીડાતો હોય, વ્યસનથી પીડાતો હોય, કોઇક પોતાના માનસિક તનાવથી પીડાતો હોય, ઇર્ષાથી પણ પીડાતો હોય, રાગ-દ્વેષથી પણ પીડાતો હોય, માન અપમાનથી પીડાતો હોય, આ બધી સંસારની માયા છે. **સંસારની કોઇ પણ પરિસ્થિતિ માણસને દુઃખી કર્યા વગર રહેતી નથી,** વધતા-ઓછા અંશે આ જગતની માયા, આ સંસારની માયા, માણસને દુઃખી કરે જ. ભલે સંતાન પ્રાપ્તિ થઇ, કે હાશ મારે ત્યાં બાળક જન્મ્યું, પણ એ ઉપાધિઓ લઇને જ જન્મતું હોય છે,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

જ્યાં છે આસક્તિ છે ત્યાં માયા છે. જ્યાં આસક્તિ છે, ત્યાં દુઃખ છે છે ને છે જ. જે વસ્તુને આપણે આપણા જીવનમાં સ્વીકારી લીધી, એને આપણે વળગી પડ્યા. તે ઊભી કરેલી

પરિસ્થિતિ છે, જ્યારે તેનાથી મુકત તો હતા જ એ સાહજિક અવસ્થા હતી, તમે સાહજિક જીવનમાં તો જીવતા જ હતા. પણ ઉપાધિઓને માયાને તમે લઇ આવ્યા છો વ્યવહારમાંથી લઇ આવ્યા, સમાજમાંથી લઇ આવ્યા, ક્યાંકથી તો લઇને આવ્યા જ છો. તમારું સહજ સ્વરૂપ છે એ આત્મસ્વરૂપ બ્રહ્મસ્વરૂપ એ સાહજીક જ છે, સવારના પહોરમાં ઊઠીએ ત્યારે મન બિલકુલ શાંત હોય, નિર્વિકાર હોય, કોઇપણ આવેશ કે આવેગ વગરનું હોય, મન શાંત થઇ ગયું હોય, પણ સવારમાં ઉઠીને ચેન ન પડતું હોય, **અને આખી દુનિયાની ઉપાધિઓ અને અશાંતિ ત્રણ રૂપિયામાં ખરીદીને લઇ આવીએ, કયા પાને શું કોનું આવ્યું છે, એ બધી અશાંતિ જ હોય ને?** એ ત્રણ રૂપિયાનું કે અઢી રૂપિયાની કિંમતનું લઇને આવીએ સવારના પહોરમાં, અરે ભાઇ ભગવાને તમને આખી રાતમાં આટલી શાંતિ બક્ષી છે, અને તમે સવારના પહોરમાં ઊઠીને એ શાંતિની કિંમત નથી ગણતા, અને જગત આખાની અશાંતિઓ અઢી રૂપિયામાં લઇ આવો છો, અને વાંચવા બેસી જાવ છો. એ છે અશાંત સ્થિતિ. ભગવાને શાંતિ આપી છે, મન શાંત છે, આનંદ છે, સુખ છે, પણ પેપરનું એક એક પાન વાંચતા જઇએ અને બબડાટ કરતા જઇએ, કચવાટ કરતા જઇએ, આ માયાઓ આપણે સામેથી ખરીદીને લઇ આવીએ છીએ, આમંત્રણ આપીએ છીએ, કે ચાલો મારા ઘરે. સાંસારિક જીવન પણ એ જ છે, લઇ આવીએ છીએ પછી જુઓ, થોડોક સમય ચાલે છે, પછી તમે આમ નથી ને તું આમ નથી, તારે આવું નથી,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

આસક્તિને કારણે ઊભા કરેલાં માયાનાં બંધનો, સંસારનાં બંધનો, આ છોકરો મારો છે મારે એને ભણાવવો પડે, માંદો હોય

તો દવાખાને લઇ જવો પડે એ આસક્તિનાં બંધન થઇ ગયા, સંસારના એવા અનેક સંબંધો છે, પરિબળો છે, કે જેનો આપણે સાહજિક રીતે હસતા મોઢે સ્વીકાર કરી લીધો હોય, અને એની પાછળ સતત મહેનત, સમય, પૈસાખર્ચી, શક્તિખર્ચી, આખરે માણસને પોતાને એમ થાય કે આમાં હું આટલો હેરાન થયો, કે આટલો ખર્ચો થઇ ગયો, કે આટલો સમય બગાડ્યો. એ બધી જ પરિસ્થિતિઓ ને, આસક્તિના સંબંધો કહેવાય. સાધુ જીવન જીવનારો માણસ છે, એને સાંજે કોઇ પૂછનાર નથી કે મોડો કેમ આવ્યો છું કે કયાં ગયો હતો, નહિતર સાંજે મોડા જઇએ તો તરત જ પૂછાય કે કેમ મોડું થયું? ક્યાં ગયા હતા? જવાબ આપવાં પડે ઘરમાં. આ બધાં બંધનો દુઃખ રૂપ છે, બંધનોમાંથી મુક્તિ એ જ આપણું સહજ સ્વરૂપ છે. સહજ સ્વરૂપે આપણે પોતે હતા જ, પણ એકબીજાના સંબંધોમાં માયા અસક્તિ દેહાધ્યાસ, વડે આપણે ધીરે ધીરે બંધાતા ગયા. રેશમનો કીડો છુટ્ટો જ ફરતો હોય, પણ પછી એ વૃક્ષનાં પાંદડા ઉપર કે ડાળી ઉપર પોતાના તંતુ ગાંઠે, પોતાના મોઢાની લાળથી આમાં ફેરવતો ફેરવતો કોશેટો બનાવે, પોતે અંદર બેસી જાય અને ગૂંથ્યા કરે ગૂંથ્યા કરે, એ ગૂંથતાં ગૂંથતાં પોતે જ અંદર પુરાઇ જાય, પછી પેલો ખેડૂત આવે એટલે એને લઇને ગરમ પાણીમાં નાખી દે, અંદરનો કીડો મરી જાય, શું કર્યું? હાથે કરીને માયાના બંધનો ઊભાં કર્યાં. એ બંધનો જ એને માટેના નાશનું કારણ બની ગયાં. બસ, તો માણસના જીવનમાં તેનું પતન થાય છે, નાશ થાય છે, મૃત્યુ તરફ ધકેલાય છે, એનું મુખ્ય કારણ આ છે.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

માણસ ત્રસ્ત છે છતાં જીવન જીવે છે, સંસારમાં રહે છે,

ભયંકર ત્રસ્ત છે, તમારા બધાના અનુભવ કહો. ત્રાસ ખરો કે નહીં? વધતો ઓછો, નાનો-મોટો, આર્થિક, કૌટુંબિક, આરોગ્યનો, વ્યવહારનો છે, પેલાએ આમ કહ્યું, અને હજુ ઉઘરાણીવાળો આવે છે, એ પણ એક કલેશ જ થઇ ગયો. શું છે? પોતાના જીવનમાં, પોતે તો બિલકુલ શાંત સ્વરૂપ હતો. આ બાળક છે, એ અત્યારે એના જીવનમાં સહજ સ્વરૂપે જીવી રહ્યો છે, કોઇ બંધન નથી, કોઇ જવાબદારી નથી, મુકત છે. જેમ પરમાત્મા બધાને સઃભાળે છે, એમ એને સંભાળનાર એના મા-બાપ છે, કારણ કે એને કાંઇ પણ થશે, એને કંઇ પણ જોઇતું હશે તો એનાં મા-બાપ તરફ દોડશે, મા-બાપ એ વસ્તુ બાળકને લાવી આપશે, એમ ભગવાન પણ. તમારા જીવનમાં તમે બાળકની માફક સાહજિક સ્થિતિમાં રહેવાનો હંમેશાં પ્રયત્ન કરો, ભગવાન તો જગતપિતા છે, દુનિયાનો બાપ છે. જેમ બાળકની જરૂીરયાતો માટે એ એના માતા-પિતા પાસે પહોંચી જાય, એની બધી જ જરૂરિયાતો મા બાપ પૂરી કરે છે, એમ શુદ્ધ ભાવથી, પોતાના સ્વરૂપના ભાવથી તમે ભગવાન પાસે જાવ, બીજે ક્યાંય આશા ન રાખો. જેમ મા-બાપ એમના બાળકની જરૂરિયાતો પૂરી કરે છે, એમ ભગવાન પણ એની બધી જ જરૂરિયાતો પૂરી કરે છે.

**''યોગક્ષેમ વહામ્યહમ્''**

એનો યોગક્ષેમ હું પૂરો કરું છું, એને જે પણ જોઇતું હોય તે. તો જો ભગવાન આપણી બધી જવાબદારીઓ સંભાળી લેતા હોય, તો આપણને કષ્ટ કયાં છે? પણ આપણે એ બાળકની સહજ સ્થિતિને છોડી દઇને,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

ચૂલામાંનું લાકડું બળતું હોય, ધીરે ધીરે સંકોરાતું હોય અને બળતું હોય, સંકોરાતું જાય બળતું જાય, અને આખરે લાકડું બળીને પૂરું થઇ જાય. એમ આ માયાના ચૂલામાં સંકોરતા જવાનું, અને બળતાં બળતાં માયામાં છેવટે એમાં ખલાસ થઇ જવાનું. પણ જો સહજ સ્વરૂપમાં જઇને ઊભા રહીએ તો માયાનો અગ્નિ આપણને બાળી શકવાનો નથી. લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

અમે આવા દુઃખી છીએ, આટલી ભયંકર પીડા અમારા જીવનમાં અનુભવી રહ્યા છીએ. તો આખો સંસાર આવી રીતે ગળાડૂબ છે આ બધી પીડાઓથી, આ બધી જ ઉપાધિઓથી, ફક્ત નાક એકલું જ ખુલ્લું રહ્યું છે જીવવા માટે, બાકી આકંઠ ડૂબેલો જ છે માયાના કીચડમાં.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

એનાથી ભયંકર દુઃખી થઇ રહ્યો છું, પીડા પામી રહ્યો છું, પણ બહાર નીકળવાની ઇચ્છા થતી નથી, બહુ જ સારું લાગે છે, પણ પાણી નાક સુધી આવી ગયું હોય, ડૂબું ડૂબું થઇ રહ્યો હોય. ભગવાને તો એની સહજ અવસ્થા આપી જ છે, પણ જાણી જોઇને અંદર ડૂબવા માટે પડ્યો હોય આસક્તિમાં માયાનાં દુઃખોમાં. માયા એટલે એકબીજાનાં બંધનો થવાં, પરસ્પર સાથે જીવવાનું, અને એમાંથી દુઃખ કલેશ સમસ્યાઓ, ઉપાધિઓ, એ બધું જ માથે લઇને ફરવાનું, આવા દુઃખોથી પીડિત એવા અમે, જય મહારાજને શરણે પહોંચી ગયેલા છીએ, એમને તો પૂર્ણ સ્વરૂપની સ્વતંત્રતા મળેલી છે, કોઇ બંધન નહીં કોઇ ઉપાધિ નહીં, તે છતાં લક્ષ્મણદાસજી મહારાજ સમસ્ત સંસારને સાથે રાખીને કહે કે,

બાપજી અમારી આટલી પ્રાર્થના છે, અમે કેવા છીએ? લક્ષ્મણદાસજી મહારાજને બધુ સોંપીને જય મહારાજે તો સમાધિ લીધી, એટલે બધી જ જવાબદારી, જે પણ કાંઇ બધાની ફરિયાદ હોય તો લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને કહેવાની હોય, આપણે તો એટલે સુધી રહેવાનું કે, આપે તો જય મહારાજના પડખાં સેવ્યાં છે, આપ ખૂબ જ નજીક રહેલા છો, તમને જે મળ્યું છે તે અમને આપો, લક્ષ્મણદાસજી મહારાજને પ્રાર્થના કરવાની.

**''ગુરુ વેણ ને ગુરુની ભક્તિ સમજાવી મને કહેજો''**

એ આપે કહેવાનું છે. તો અહીંયા લક્ષ્મણદાસજી મહારાજ આપણા સહુના પ્રતિનિધિ સ્વરૂપે બોલી રહ્યા છે કે,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

અમે દુખી છીએ, આ આખો સંસાર દુઃખી છે આ બંધનોથી, આ દુઃખોથી હવે અમારે શરણું ક્યાં લેવું? આમાંથી બહાર નીકળવા માટે અમારે કોની સામે હાથ લાંબો કરવો? કોને અવાજ કરવો? કોને ધા નાખવી કે બચાવો, અમને કાંઇ ન સૂઝ્યું, તો ચાલો જય મહારાજના શરણે, જય મહારાજના ચરણોમાં બેસી જઇએ.

**''પાદાબ્જયો રેણુભિઃ''**

આપના ચરણની રજનો આશરો અમને મળી ગયો. ચરણની રજનો આશ્રય, શરણ, એટલે અમને કંઇક મળવાનું હતું, અમારે કાંઇક મેળવવાનું હતું, તે અમને મળ્યું. આપની ચરણ રજથી તો અમે અંકિત થયેલા છીએ. જેમ કોઇપણ વસ્તુ ઉપર એક સિકકો મારી દેવામાં આવે, એટલે સિકકા ઉપરથી એનો પરિચય મળે. એમ અમારી ઉપર તો આપની ચરણ રજના સિક્કા વાગેલા

છે.

**''પાદાબ્જયો રેણુભિઃ અંકિતઃ અહમ્''**

મહોર વાગી ગઇ છે આપના ચરણોના રજની. અમારો પરિચય કે અમે જય મહારાજના, બસ આવી ગયું એમાં બધું જ.

**''પાદાબ્જયો રેણુભિઃ અંકિતઃ અહમ્''**

સ્ટેમ્પ વાગી ગયો અમારો. આપની ચરણરજનો આધાર લઇને અમારે તરવાનું છે, એના માટે ઉત્તરકાંડમાં ગરુડજીએ બહુ જ સરસ કહ્યું કે,

**''સદ્‌ગુરુ દ્રઢ નાવા''**

સદ્‌ગુરુ એ તો દ્રઢ નૌકા છે, નૌકાના સુકાની છે, એમાં બેસી જઇએ આપણે,

**''પાઇ ને જેહિ પરલોક સવારા''**

જ્યારે ગુરુ મહારાજનું શરણ પ્રાપ્ત કરીને પરલોક અને આલોકને સુધાર્યા.

**''સો આત્મા ના ગતિ જાહેહિ''**

ગુરુ મહારાજ આપણી નૌકાના સુકાની છે, અને આપણને સામે કિનારે ઉતારવાવાળા છે, એટલે એમના થઇને એમના સાંનિધ્યમાં,

**''રેણુભિઃ અંકિતઃ''**

અમે આપના થઇ ચૂક્યા છીએ.

**''શ્વેતધ્વજમ્''**

આપની ધજા શ્વેત શાંત છે, સૌને શાંત કરનારી છે, માયાના દુઃખોથી પીડાતા જીવને પણ આપ શાંતિ આપવાવાળા

છો.

**''શ્વેતધ્વજમ્''**

શ્વેત રંગ છે ને એ શાંતિનો રંગ છે, સાત્ત્વિકતાનો છે, સંયમનો છે, સદાચારનો છે, અને કાશાય રંગ છે એ ત્યાગનો છે, એટલે જય મહારાજની પાસે તો બંને રંગ છે.

**''શ્વેતૈઃ કાષાયવસ્ત્રૈઃ''**

આપની પાસે જ્ઞાન છે. જ્ઞાનનો રંગ શ્વેત છે, સરસ્વતીજીના વસ્ત્રો,

**''શુકલામ્બરધરમ્''**

જ્ઞાન પણ, જ્ઞાનની ધજા પણ સફેદ છે.

**''શ્વેતધ્વજમ્ સતગુરુ સંતરામંમ્''**

શ્વેત ધજાનો અર્થ જ એ છે, કે જય મહારાજ સ્વરૂપ સૌમ્ય છે, શાંત છે, સાત્ત્વિક છે, જ્ઞાન સ્વરૂપ છે. જય મહારાજનાં દર્શન કરવા માટે દૂરથી ધજાનાં દર્શન કરો. જય મહારાજની ધજા  શ્વેત છે.

**''યુક્તૈઃ શ્વેતૈર્ધ્વજૈઃ''**

આપ તો શ્વેત ધજાથી યુકત છો. એટલે શ્વેત વસ્ત્ર એ જ જ્ઞાનનું પ્રતીક છે, જેને આપણે Symbol કહીએ છીએ. એ જ્ઞાનના પ્રતીક વડે આપોઆપ જ એ ભાવના ઊઠે, જેમ તિરંગો લહેરાતો હોય અને દેશભક્તિના ભાવો હૃદયમાંથી ઊઠે, એને વંદન કરતા હોઇએ, રાષ્ટ્ર વંદના કરતા હોઇએ, તો તે વખતે કેવા ભાવો જાગે છે, એમ જય મહારાજની શ્વેત ધજાનાં દર્શન, એ શ્વેત ધજાને લહેરાતી જોતાં જ જય મહારાજના સાત્ત્વિકતાના ભાવ

આપણામાં ઊઠે.

**"શ્વેતધ્વજમ્ સતગુરું સંતરામમ્"**

આપના શરણે બેઠેલા છીએ, આપની ચરણ રજના સિક્કાથી અમે અંકિત થઇ ચૂકેલા છીએ, મહોર વાગી ગયેલી છે અમારી ઉપર જય મહારાજના ચરણોના રજની, એટલે આટલા બધા દુઃખોથી પીડા પામેલા અશાંત હોવા છતાં, શ્વેત ધ્વજના શરણે, ધોળી ધજાના છાંયે આવીને અમે બેઠેલા છીએ, ધોળી ધજાના છાયડે કેવી નિરાંત હોય? કેવી શાંતિ હોય? આપણે કાંઇ આઘે શોધવા જવાનું છે? એક વસ્તુ સમજવાની કે જય મહારાજે જે સ્વરૂપ આપણને બતાવ્યું છે, આત્માનું, એ આપણે પોતે જ છીએ, અને એ આપણી સાહજિક અવસ્થા છે, બંધનમુકત અવસ્થા છે, અને એ જ આપણું સાચું સ્વરૂપ. પણ આપણે અનેક ઉપાયો વડે કાંઈક દૂર નીકળી જઇને આપણો પરિચય જુદો જ કરાવીએ છીએ, કે હું ઘડિયાળી છું, હું સોની છું, હું મિસ્ત્રી છું, હું આ કામ કરું છું, ક્યાંક દૂર નીકળી ગયા, પણ જ્યારે આત્માની સમીપમાં ઊભા રહીએ ત્યારે આપણું મૂળ સ્વરૂપ સમજાય, કે હું આ શરીર નથી, હું આ અમુક ધંધાવાળો નથી, હું આત્મા છું. એ મારું સહજ સ્વરૂપ છે, અને સહજ સ્વરૂપવાળો માણસ પોતાના સહજ સ્વરૂપમાં પાછો આવે તો એ સુખી. અને સહજ સ્વરૂપથી દૂર ગયો તો ઉપાધિઓને કારણે દુઃખી. તો જય મહારાજની શ્વેત ધજાની નીચે અમે તો બેઠા છીએ, જ્ઞાન સ્વરૂપની સાથે બેઠા છીએ, આત્મ સ્વરૂપની સાથે અમે તો નિરાંતવાળા શાંતિવાળા છીએ. માયાદિ દુઃખોની જે પીડા છે, એ પીડા અમને સહેજ પણ સ્પર્શે નહીં, અમે જય મહારાજે આપેલી સમજણપૂર્વક જીવી રહ્યા છીએ. જય મહારાજે જે પણ કંઇ જ્ઞાન આપ્યું, જે પણ કાંઇ

સમજણ આપી, એના વડે જીવીશું તો આ ઉપાધિઓ, આ દુઃખો, આ માયા તમને નહીં વળગે, નહીં સ્પર્શે, પણ માણસ પોતે ધીરે ધીરે ધીરે ધીરે પોતાના સ્વરૂપથી દૂર ખસી જઇને ઉપાધિઓની વચ્ચે બેસી જાય, અને ઉપાધિઓને પોતાનામાં સમાવી દે, પોતાના મય કરી નાખે, અને એ ઉપાધિઓ પોતાનામાંથી છૂટે જ નહીં, જુદી પડે જ નહીં પછી, કે આ તો મારી છે, આ તો હું જ છું, એને લીધે એ દુઃખી થતો હોય. પોતે દુઃખ સ્વરૂપ નથી પોતે તો આનંદ સ્વરૂપ છે, સુખનું સ્વરૂપ છે, પણ ઉપાધિઓની નજીક જઇ ને એમાં ભળી જઇને, જેમ ખાંડની ગુણ અહીં છે, ત્યાં જઇ અને થોડીક વેરી દીધી, ધૂળમાં ભેગી થઇ ગઇ, શું થાય ? એ ખાંડ ખાંડ રહે જ નહિ, કામમાં પણ ન આવે, એમ જીવન પોતાના હાથમાંથી છોડી, સ્વરૂપથી છોડીને દૂર ગયા, પછી કશા પણ કામના ન રહીએ. એમ આત્મભાવ છોડીને જયારે દેહભાવથી આ વ્યવહારોની વચ્ચે રચ્યાપચ્યા રહીએ, એમાં ઊંડા ખુપી જઇએ, ત્યાર પછી એમ લાગે કે કાદવ એ જ હું છું, એ કાદવમાં ખૂપી ગયા પછી, આ છે માયાદિ દુઃખ. પણ જય મહારાજ ઊભા છે કિનારે, જેને પણ ઇચ્છા થઇ કે મારે બહાર નીકળવું છે, આવ, હાથ લાંબો કરો, જય મહારાજ ઊભા જ છે.

**''તેષામહં સમુર્દ્ધતા મૃત્યુસંસારસાગરાત્''**

એનો ઉદ્ધાર કરી લઉં છું, પણ શું કહ્યું ો

**''ભવામિ ન ચિતાતૃ પાર્થ''**

સહેજ પણ વાર લગાડ્યા સિવાય. હું તમારો છું એમ કહી દીધું સર્વ રીતે, તો તરત જ ભગવાન એનો હાથ પકડી ને,

**''દોડીને દરવાજો ખોલે એવો એનો ધારો રે**

**એક વખત જો મુખથી બોલે નાથ હું તમારો રે''**

બસ ખરા હૃદયપૂર્વક અંતઃકરણથી બોલો કે હું તમારો, તો ભગવાન તરત જ સંભાળી લેશે.

**''તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્''**

પણ આપણે ભગવાનને એવી રીતે સંપૂર્ણ કહેવાને બદલે બીજી દિશામાં, કે હું બધાયેલો છું, તમારો છું, તમે મારા જ છો, આમ ઉપાધિઓમાં ફર્યા જ કરો, પણ પોતાના સ્વરૂપથી, આત્માથી છૂટીને દૂર ગયો ઉપાધિઓના કીચડમાં, એ ઉપાધિઓને આ જીવનભર માથે મૂકી ધીરે ધીરે, પેલી સ્ટીમર ડૂબી ગઇ હતીને, ટાઇનેનિક, એમ બધા જ વૈભવ સાથે ત્યાં ને ત્યાં આ માયાના કીચડમાં જવાનું, પણ આપણે માટે તો જય મહારાજ બેઠેલા છે,

**''શ્વેતધ્વજં સદ્‌ગુરું સંતરામમ્''**

આપ સદ્‌ગુરુ સ્વરૂપ અમારી માટે તો સુલભ છો, અને આ દુઃખો, આ પીડા, આ મૃત્યુનું દુઃખ અમને હોય?

**''વંદે અમૃતમ્''**

હે અમૃત, આપ તો અમૃત છો,જેવા તેવા નથી, અમને પ્રાપ્ત થયેલા છો. હવે જેને અમૃત પ્રાપ્ત થયું હોય, એને મોતની બીક લાગે ખરી? આ માયાની ઉપાધિઓની  બીક લાગે ખરી? બસ આપણે તો,

**''ગરીબ લોક કહે અમૃત કૂપ છે જો**
**વારી જાઉં રે સંતરામજીના નામને જો''**

અમૃતનો કૂવો છે, ચાલો પહોચી જઇએ, અમૃત મળશે સુખી થવાના છીએ.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

આવા સ્વરૂપના ભાવથી જે પોતાના સ્વરૂપની નજીક રહે છે, ક્યારેય આ દુનિયાદારી સંસારની માયા તરફ દોટ મૂકતો નથી, એ જ જય મહારાજના અમૃત કૂપને પ્રાપ્ત કરી શકે છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૧૮

# જીવનમંથન.....અમૃત

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્**
**શ્વેતધવજં સદ્‌ગુરુ સંતરામંમ્ વંદેઽમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

પરમાત્મા પરબ્રહ્મ સ્વરૂપ જય મહારાજમાં અનંત શક્તિ છે, એ અનંત શક્તિની અનંત લીલાઓ છે, યુગો સુધી સત્સંગ કરીએ તો પણ એ પાર ન પામી શકાય. જય મહારાજની ગુરુ ભગવાનની અનંત શક્તિ આપણા સહુમાં એક ઓજસ એક શક્તિ એક ઊર્જા પૂરે છે, જય મહારાજ પોતાના તરફથી એમાં પ્રાણ પૂરે છે, કે જેના વડે એક નવી ઉર્જા નવું ઓજસ શિષ્યને પ્રાપ્ત થાય છે. લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે,

**''વંદેઽમૃતઃ લક્ષ્મણદાસશિષ્યઃ''**

સંબોધન કેટલું સરસ છે. જય મહારાજને લક્ષ્મણદાસજી મહારાજે અમૃત કહ્યા, હે અમૃત, વંદે, અમે આપને પ્રણામ કરીએ છીએ. હવે અમૃત એટલે શું? સહજ રીતે દુનિયા તરફ દ્રષ્ટિ નાખીએ, કે શરીર જ્યારે છૂટી જાય ત્યારે એને મૃત્યુ કહેવામાં આવે છે, અને મૃત્યુ એટલે એનો વિનાશ થયો એમ માનવામાં આવે છે, એમ કહેવામાં આવે કે નાશ થઇ જાય. પણ એનો નાશ ન થવા દે, મૃત્યુમાંથી બહાર કાઢી લાવે અમૃત. અમૃત, જે મૃત્યુ

નહીં એ અમૃત. શરીર તો મૃત ધર્મા છે, **દરેકને ભય લાગે છે મોતથી, જંતુથી માંડી અને માણસ સુધી બધા જ ડરતા હોય છે.** એ મૃત્યુ ઉપર વિજય કેવી રીતે મેળવવો, મૃત્યુથી દૂર કેવી રીતે રહેવાય, આ વિષય છે. અને મૃત્યુ દૂર રાખવા માટે તો, વિજ્ઞાન આજે કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે, છતાં મૃત્યુ એક વખત નિશ્ચિત છે જ, પણ ભય તો સદાય રહ્યા કરે છે, એટલે ક્યાં જવું? અમૃત ક્યાંથી મળશે? **જીવનમાંથી જ અમૃત મળે છે, સમુદ્રમંથન છે એ આપણા જીવનનું એક મંથન જ છે. જીવન મંથન કરવા બેસો તો એમાંથી સૌથી પહેલાં ઝેર જ નીકળશે,** જેમ બંધ ઘર હોય, અને સૌથી પહેલાં એની ઉપર તો છેરંટો હોય, જાળાં હોય, એમ જીવનમાં પણ શરૂઆતમાં ઉપરનું જેને કહેવાય, એમાં વેર ઝેર હોય, પછી જેમ જેમ જીવનમાં મંથન થતું જાય, ભણતા જાવ, કમાતા જાવ, કંઇક સર્જન કરતા થાવ, કંઇક લાવીને સંઘરતા થાવ, આ બધું છે હાથી ઘોડા ઐરાવત લક્ષ્મી, આ બધું નીકળે, તો એ માત્ર સમુદ્ર મંથન નથી, એ મંથન છે આપણા પોતાના જીવનનું. છેલ્લે અમૃત નીકળ્યું, મંથન કરતાં કરતાં અમૃત આવ્યું, એ અમૃત શું? અમૃત એટલે, સમજણ વડે અભય થાય, નિર્ભય થાય, પીઢ થાય, સમજણો થાય, જેમ વલોણું કરીએ અને એમાં માખણ આવે, એમ જીવનમાં પણ પ્રૌઢતા આવે, પીઢતા આવે, અનુભવતા આવે, ઠરેલપણું આવે, ત્યારે એમ કહેવાય કે આ સંસાર સાગરમાં મંથન કરતાં કરતાં અમૃત છેલ્લે નીકળે. સંતોષ, હું સફળ થયો, જીવનમાં પરવારી ગયો, આ છે અમૃત. અને એ અમૃત છેલ્લે, **કેમ કે માણસને જીવન જીવતાં જીવતાં આખરે સંતોષ થઇ જવો જોઇએ, બસ બધું જોઇ લીધું, બધું ભોગવી લીધું, હવે કશું પણ કરવાનું રહેતું નથી, આમ માણસના જીવનમાં જેને કહેવાય કે**

**સંતોષ, એ પાછલી ઉંમરે આવી જાય છે, અને સંતોષ એટલે પછી કોઈપણ દોડાદોડ નહીં, ઓછામાં ઓછી ઉપાધિઓ, ચિંતા ઓછી, અને જીવનમાં હાશ હળવાશ હોય, એને જીવનનું અમૃત કહેવાય. નિરાંત હોય, સુખ હોય, શાંતિ હોય, પરવારી ગયા. આ જીવનના મંથનમાંથી એ અમૃત સૌથી છેલ્લે નીકળ્યું,** પણ એમાં જીવનની બે વૃત્તિઓ વચ્ચે સંઘર્ષ ઊભો થયો. સદ્ અને અસદ્, રાક્ષસી અને આસુરી, શાંત અને વ્યાકુળ, આવા દ્વૈત સ્વરૂપની વૃત્તિઓ ઊભી થઇ. ખેંચતાણ થઇ, આ જીવનમાં જે અમૃત નીકળ્યું એ કોણ લે? એનો અધિકારી કોણ? દેવ દાનવોમાં સંઘર્ષ થયો, આમ જીવનના એક ટાણે માણસની સદ્-અસદ્ વૃત્તિઓ ટકરાય. પીઢતા, સમજણ અને ઠરેલપણું આસુરી વૃત્તિઓને હરાવે, અને એ અમૃતનું પાન કરે, એને કહેવાય સાચી સમજણ. અમૃતથી મોત ન આવે, દુઃખી ન થવાય, સુખી થવાય, સશકત થવાય. જે જીવનમાં સમજણનું અમૃત છે, એ માણસને દુઃખી નહીં થવા દે, કલેશ નહીં થવા દે. સાચી સમજણ હશે. ચાલો આપી દો, એ કલેશમાંથી બહાર નીકળી જાય, આ છે જીવનનું મંથન. અને જીવનમંથનના અંતે નીકળેલું અમૃત એટલે શાંતિ, સાચી સમજણ અને નિરાંત, બધો જ અનુભવ લઇ લીધો, જાણી લીધું, હવે કશું પણ બાકી રહેતું નથી, એનું નામ છે અમૃત, અને અહીંયા કહ્યું કે,

**''વંદે અમૃતમ્''**

જય મહારાજને સંબોધન કર્યુ છે, કે હે અમૃત, આપને અમારા વંદન છે. જય મહારાજ આપ અમૃત છો. જય મહારાજ તીર્થ છે, તપસ્વી છે, પરબ્રહ્મ છે, એટલે એમની પાસે જીવનની સાચી સમજ અને બધું જ તત્ત્વજ્ઞાન છે, અને એટલે સુધી કે, આ શરીરમાં રહેવાવાળો આત્મા, પરમ બ્રહ્મ તત્ત્વ છે જે હું પોતે જ છું

બીજું કોઇ નથી, ભગવાન મારાથી અન્ય નથી જુદો નથી, આમ જય મહારાજે પરમ તત્ત્વને પ્રાપ્ત કર્યું એ અમૃત છે, એટલે લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે આપની પાસે તો જ્ઞાનામૃત છે, એટલે જે કથા સત્સંગ થતો હોય તે સાંભળવાનો એ સત્સંગમાં સાચી સમજણ, સાચી દિશાઓનું માર્ગદર્શન મળ્યા કરે.  આ રીતે સંયમથી જીવીશું, સદાચારી થઇશું, આ રસ્તે ચાલીશું તો આપણે સુખેથી રહીશું, કોઇપણ જાતનું દુઃખ નહિં આવી પડે. આ છે જીવનનું અમૃત, તેમાં પણ આત્માનું જ્ઞાન થઇ જાય, આત્માનુંભૂતિ થઇ જાય, તો એ પછી અમર થઇ ગયો, એને સ્વર્ગના દેવોના જેવું અમૃત પ્રાપ્ત થઇ ગયું, કેમ કે શરીર મરે છે આત્મા ક્યાં મરે છે? અરે, આત્મા પણ નથી મરતો અને શરીર પણ નથી મરતું. જેમ આપણે ઘરમાં કોઇ પ્રસંગ લઇને બેસીએ, બ્રાહ્મણને બોલાવીએ, એ સ્થાપન કરે-આહ્‌વાન કરે, આપણી પાસે પૂજા કરાવે, પૂજાનું કાર્ય પૂર્ણ થાય એટલે પછી વિસર્જન કરાવે, કે દેવો, હવે આપ સૌના સ્થાને પાછા પધારો, એટલે એ જે પણ કાંઇ સોપારી, પાન, શ્રીફળ, લોટો એ બધાને, કહેશે કે તુલસીએ રેડી આવો, પીપળે રેડી આવો, આ શરીર પણ આવાહિત થયેલું છે, એ આવ્યું છે આહ્‌વાન થઇને, અને જેમ દેવોને વિસર્જિત કરી દે છે એમ આ શરીરનું વિસર્જન થઇ જાય, માટી માટીમાં ભળી જાય, પાણી પાણીમાં ભળી જાય, અગ્નિ અગ્નિમાં ભળી જાય, જે જગ્યા રોકીને બેઠા છીએ એ જગ્યા છૂટી થઇ જાય એટલે આકાશ આકાશમાં ભળી જાય. એવી જ રીતે આપણો આત્મા પરમાત્મા વ્યાપકમાં ભળી ગયો. દરેક પોત પોતાના સ્થાનેથી આવાહીત થયા હતા શરીર જ્યારે છૂટવા માંડ્યું ત્યારે માટી માટીમાં ભળી ગઇ, પાણી પોણા ભાગનું છે એ બધું

ઊડી અને પાણીમાં ગયું, તો આમ બધા જ પોતપોતાના સ્થાને જતા રહ્યા. **આ સમજણ કેળવાય, કે હું મૃત્યુ નથી પામતો, હું પરમાત્મામાં વિરામ પામી રહ્યો છું, એ જે સમજણને કારણે મૃત્યુનો ભય ટળી જશે, અને મૃત્યુનો ભય ટળવાની સાચી સમજણ મળી, એનું નામ જ્ઞાન, એનું નામ જ્ઞાન અમૃત, એનું નામ અમૃત.** જય મહારાજ તો પરબ્રહ્મ સ્વરૂપ છે, એ આત્મા પરમાત્મા તત્ત્વ છે, તો શરીર પ્રત્યેની આસક્તિ છે, અધ્યાસ તો હતો જ નહીં, અને એટલા માટે જ જય મહારાજને સંબોધન કર્યું લક્ષ્મણદાસજી મહારાજે,

**''વંદે અમૃતમ્''**

હે અમૃત આપને અમારા વંદન છે. અમૃત એટલે શું? દેવો પણ જેને ઇચ્છતા હોય, રાક્ષસો પણ ઇચ્છે છે અમૃત અમારે જોઇએ છે, સાચું જ્ઞાન અમારે જોઇએ છે, જીવન જીવવાની સાચી સમજણ અમારે જોઇએ છીએ, એ તો રાક્ષસો પણ માગે છે અને દેવો પણ માંગે છે, કોણ લે? બહુ જ સત્ય બાબત છે, એનો સ્વીકાર કરવો જ પડે, કે આ સમજણ આ જ્ઞાન બધાને જોઇએ છે, ભલે શરીર તો નાશ પામવાનું જ છે, જે જન્મ્યું છે તે જવાનું જ છે, તદ્દન સત્ય વસ્તુ છે, કેમ કે માટી છે, માટીમાંથી તમે ગમે તેવા રમકડાં બનાવો, વાસણો બનાવ્યાં, વાપર્યાં, તૂટીફૂટીને ફરી પાછાં માટીમાં જતાં રહ્યાં, પાણી તમે જુદા જુદા વાસણમાં ભર્યું, એના જુદા જુદા આકાર થયા, પ્યાલા પ્રમાણે રકાબી પ્રમાણે લોટા પ્રમાણે, જેવું વાસણ હતું એવો પાણીનો ઘાટ થઇ ગયો. પછી બધા પાણીને એક જગ્યાએ રેડી દીધું, પછી બધા જ ઘાટ સમરસ થઇ ગયા, એક જ જળ થઇ ગયું. એમ આ આત્મા પણ, આ શરીરની પાંચ ભૌતિકતા પણ પોતપોતાનામાં ભળી જઇને સમરસ થઇ ગઇ, શોધવા જાવ તો પણ ન મળે. શરીરનો અગ્નિસંસ્કાર

કર્યો, એમાંથી પાણી ઉડ્યું, આકાશમાં વાદળ થઇ ગયું, એ વરસાદ રૂપે પડે એટલે આપણે પાછું એને ઝીલીએ અને પીએ પણ ખરા. એવા તો કેટલાય મરતા હશે અને પાણી વાદળ થતું હશે. એમ આ સૃષ્ટિમાં કેટલાય માણસો પશુઓ પક્ષીઓ જન્મ્યા અને મર્યા, આ બધી હવા જે છે તે કેટલીવાર શ્વાસોશ્વાસમાં ગઇ હશે, આ પાણી દરિયાનું કેટલા શરીરોમાં ગયું હશે અને પાછું દરિયામાં જતું રહ્યું હશે, આ શરીરની માટી કેટલીવાર ખાતર થયું એ ખાતરમાંથી અનાજ પાક્યું, ખાધું એનું કાળચચક્ર ચાલતું જ રહે છે, એમ આ સૃષ્ટિનું કાળચક્ર ચાલુ જ છે, પણ એક આ ચક્રથી ઉપર ઉઠીને સમજણપૂર્વક, કે આ બધાય ઘાટ ઘડાય છે, અને ટુટે છે, કશું પણ શાશ્વત નથી, જે છે તે બધું જ ક્ષણભંગુર છે, ક્ષણે ક્ષણે બદલાતું જાય છે અને નવું થતું જાય છે, ભાગવાનું અને સર્જાવું, એના ઉપરથી એક શબ્દ આવ્યો છે ભાંજગડ, ભાગવું અને ઘડવું, ઘડવું અને ભાગવું, એનું નામ ભાંજગડ. **આ જગત કેટલી વાર ભગાય છે અને કેટલી વાર ઘડાય છે, આ સમજણ કેળવી લીધી જેણે પોતાના જીવનમાં એણે અમૃત પ્રાપ્ત કરી લીધું.** ભાગવતની કથામાં પરીક્ષિતને શાપ મળ્યો, સાતમે દિવસે તારું મૃત્યુ થશે, ગંગા કિનારે જઇને બેસી ગયો પરીક્ષિત, શુકદેવજી ત્યાં આવ્યા પરીક્ષિતે પ્રાર્થના કરી ત્યારે કહ્યું કે હું જાણું છું કે સાત દિવસ પછી મારું મૃત્યુ છે, તો શુકદેવજીને કહ્યું કે સત્સંગ કરાવો. ભગવાનની કથા સંભળાવો જેથી મન શાંત રહે, મૃત્યુનો ભય ન લાગે. શુકદેવજી કથાની શરૂઆત કરતા હતા ત્યાં દેવો આવ્યા, પરીક્ષિત ઊભા રહો, સાત દિવસ પછી તમારું મૃત્યુ છે. અમે એક યોજના લઇને આવ્યા છીએ, આ સ્વર્ગનું અમૃત છે તે અમે તેને આપી દઇએ, અને આ જ્ઞાનનું જે અમૃત છે એ અમને આપી દો.

આ કથાનું અમૃત અમારે લઇ જવું છે. સ્વર્ગનું અમૃત પીને અમર થઇ જવું છે, કે ભગવાનની કથાનું અમૃત તારે જોઇએ છે? શુકદેવજી તો બેઠા જ છે, નિર્ણય પરીક્ષિતે કરવાનો છે, પરીક્ષિતે સાચી સમજણપૂર્વક કહ્યું કે પ્રભુ જ્ઞાનામૃત હશે તો પાપ નહીં થાય, દુર્ગતિ નહીં થાય, પણ જો આ સ્વર્ગનું અમૃત પીશ તો ત્યાં આગળ અનેક પ્રપંચ અનેક વિકૃતિઓ અનેક વાસનાઓ આવશે, એટલે મારે સ્વર્ગનું અમૃત નથી પીવું, મારે તો આપની પાસે જે જ્ઞાનામૃત છે ભગવાનની કથાનું, એ મારે પીવું છે. **જય મહારાજ અમૃત છે. એમની પાસે જ્ઞાન છે, એટલે જ લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને કેટલું ઊંચામાં ઊંચું સંબોધન કર્યું, આપ તો જ્ઞાન સ્વરૂપ છો આપ તો અમૃત સ્વરૂપ છો.**

**''વંદે અમૃતમ્''**

હે અમૃત ! આપને અમારા નમસ્કાર, અમારા વંદન. એ જ્ઞાનના અમૃતનો કુંભ-કળશ અમારી પાસે હશે, તો એમાંથી જ્યારે પણ અમારે જોઇશે ત્યારે મેળવી લઇશું. જય મહારાજનું શરણ મળ્યું છે, જય મહારાજના સાનિધ્યમાં છીએ, સેવામાં છીએ, સત્સંગમાં બેઠા છીએ, જે પણ સેવા હોય તે કરીએ છીએ, સાધન ભજન, એટલે જય મહારાજનું અમૃત અમને પ્રાપ્ત થવાનું છે, કેટલું સરસ સંબોધન છે. ગઇકાલે કહ્યું હતું ને

**''ગરીબ લોક કહે છે કે અમૃતકુંભ છે જો''**

અમારા માટે તો જય મહારાજ અમૃતનો કળશ છે, **મૃત્યુનો ભય ટળી ગયો એટલે જ એનું નામ પડ્યું અમૃત. સત્સંગથી, ભજનથી, સાચી સમજણથી મૃત્યુને સારી રીતે સમજી લીધું, મૃત્યુ કોઇને મારતું નથી પણ એમાં પરિર્વતન થઇ જતું હોય છે, એટલા માટે મૃત્યુનો ભય**

**ટળી ગયો અને એને કારણે એનું નામ પડ્યું અમૃત,** જે મરે નહીં તે. બાકી ગીતામાં તો ભગવાને બહુ જ સ્પષ્ટપણે, સિદ્ધાંતપૂર્વક સ્થાપિત કરી દીધું.

**''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ''**

**જે જન્મેલો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે જ,** કોઇ પણ હોય પછી મોટો સમ્રાટ હોય રાજા હોય કે રંક હોય.

**''ધ્રુવં જન્મ મૃતસ્ય ચ''**

**મરેલાનો જન્મ પણ એટલો જ નિશ્ચિત છે. જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે, બરાબર એ જ રીતે મરેલાનો જન્મ પણ એટલો જ નિશ્ચિત છે.**

**''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ''**

એટલા માટે,

**''અપરિહાર્યમ્''**

**મૃત્યુને આજ સુધી કોઇ પણ ટાળી શક્યું નથી.** ભલે વિજ્ઞાને ગમે તેટલી દોટ મૂકી હશે, ભલે ગમે તેટલી ઊંચી ફલાંગો મારી હશે, પણ આજે વિજ્ઞાન પ્રકૃતિની સામે હારી ચૂકેલું છે. વિદેશોમાં, જંગલોમાં આગ લાગે છે, આટલાં મોટાં વાવાઝોડાં આવે છે, પ્રકૃતિના આટલા મોટા ભૂકંપો થાય છે, મોટી મોટી સુનામીઓ આવે છે, કોઇ રોકી શક્યું? ભલે તમે મંગળ ઉપર પગ મૂકવા જતા હો કે પછી ચંદ્ર ઉપર જતા હો, આખરે વિવશ જ છો પ્રકૃતિની સામે. બુદ્ધિશાળી માણસ લાચાર જ છે, એનું કશું પણ ઉપજતું જ નથી, પ્રકૃતિની સામે એનું કશું પણ ચાલતું જ નથી. ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ, આ વરસાદ આવે છે આ વાદળાં આટલાં બધાં કહેવાય છે એ બધો જ વરસાદ તો એક જ

જગ્યાએ તૂટી પડે, તો છે હિંમત કે આટલાં વાદળો આવ્યાં છે એને નહીં વરસવા દેવાનાં, વિજ્ઞાન પાસે છે કશું? જો માણસ વિજ્ઞાન ઉપર આટલો બધો અહંકાર કરતો હોય તો બતાવો તમારો અહંકાર કેટલો ટકી શક્યો? આગ લાગે ત્યારે વિમાનમાંથી પાણી છાંટે છે, છતાં પણ નથી ઓલવાતું, એ જંગલોમાં કેટલું બધું પાણી છાંટવામાં આવે છે તો પણ આગ કાબુમાં નથી આવતી, આ પ્રકૃતિ છે. આટલા વરસાદનું પાણી આપણે સહન નથી કરી શકતા, પણ એ દરિયામાં જાય તો જણાતું પણ નથી. આમ પ્રકૃતિ આગળ માણસ વિવશ છે. મૃત્યુનો ભય એને લાગ્યા જ કરતો હોય છે, આટલી મોટી હોસ્પિટલો છે આટલા મોટા દવાખાનાઓ છે, દવાઓ અને ઓપરેશનો બધું જ શોધી કાઢયું, છતાં પણ જયારે મૃત્યુ આવીને ઊભું રહે ત્યારે હોસ્પિટલો પણ લાચાર થઇ જાય, ડોકટરો પણ હાથ ધોઇ નાખે, મૃત્યુની સામેની છાવણી ક્યાં છે, લક્ષ્મણદાસજી મહારાજે આપણને ચોખ્ખો રસ્તો બતાવી દીધો, કોણ?

**''વંદે અમૃતમ્''**

હે અમૃત ! આપને અમારા નમસ્કાર. આપણને પરિચય કરાવી દીધો, આપણને અમૃતની ઓળખાણ કરાવી દીધી, કે આપણે મરવાનું નથી, ચાલો જય મહારાજને શરણે

**''વંદે અમૃતમ્ લક્ષ્મણદાસશિષ્યઃ''**

હું આપનો લક્ષ્મણદાસ શિષ્ય, આપ અમૃત છો અને એમનો હું શિષ્ય છું.

**''સાચા સદ્‌ગુરુ જેને મળ્યા તેને શું ભય છે''**

**''મૃત્યુસંસારસાગરાત્''**

મૃત્યુને આવવું હોય તો આવે અને જવું હોય તો જાય, અમે અમારી સ્થિતિમાં બિલકુલ આનંદમાં છીએ, એટલે જય મહારાજને અમૃતસ્વરૂપ કહ્યા, અને અમૃતને શરણે જઇએ એટલે આપણને પણ એ અમરત્વનું જ્ઞાન આપી દીધું, પછી છો ને પાંચ ભૌતિકતા વિખૂટી પડી જતી. પાંચ ભૌતિકતાનું વિસર્જન થાય છે, મૃત્યુ કશાયનું નથી. આજનું વિજ્ઞાન પણ એ જ કહે છે, કે કોઇ પણ વસ્તુનો નાશ થતો નથી તેનું પરિવર્તન થાય છે, શરીરનો આકાર જતો રહે, પણ શરીરમાંના જે પંચ તત્ત્વો છે, એ પોતાનામાં ભળી જાય અને આગળ વધે, એ પ્રકારની જે સાચી સમજ. મૃત્યુનો ભય ન રહેવા દીધો, અને જે સાચી સમજનું જ્ઞાન આપ્યું એનું નામ જ્ઞાનામૃત, એ જ અમૃતનું સ્વરૂપ છે.

**''જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તં''**

જય મહારાજ તો જ્ઞાન સ્વરૂપ છે, એ જ્ઞાન એ જ અમૃત. રાક્ષસોને સમુદ્રમંથનમાંથી અમૃત નથી મળ્યું, એ શું છે ? એમને સાચી સમજણ જ મળી નથી, સાચી સમજણ મળી હોય તો આવા બોમ્બ ફોડે, આવો આતંકવાદ ઊભો કરે ખરા? જે દયાહીન ક્રૂર છે, એમને જ રાક્ષસ કહ્યા છે, એમના માથે કાંઇ શીંગડા નથી ઊગતાં, આ બધા રાક્ષસ શું છે? જેનામાં માત્ર ક્રૂરતા જ છે. મૃત્યુને સમજવા માટે જે સાચી સમજણ મળે એનું નામ જ્ઞાનામૃત, એનું નામ અમૃત. અજ્ઞાનને કારણે જે લોકો આસુરી વૃત્તિઓવાળા છે એમને આપણા ધર્મગ્રંથોમાં રાક્ષસો કહ્યા. દેવોને અમૃત મળ્યું, જે સાચી સમજણવાળા છે, તેઓને અમૃત મળે, જે રાક્ષસો છે, આસુરી વૃત્તિઓવાળા છે, એમનામાં સંયમ પણ નથી, સદાચાર પણ નથી, અત્યંત વિષયી છે, ભોગી છે, એમને અમૃત ક્યાંથી મળવાનું હતું ? કોણ આપવાનું હતું? ભગવાન વહેંચવા બેઠા તો

દેવોને અમૃત પાયુ, કોઇ પક્ષપાત નથી કર્યો, રાક્ષસોમાં અમૃતની યોગ્યતા જ ન હતી, એમને જ્ઞાન આપો તો પણ એ લેવાના ના હતા. **આજે ડોંગરેજી મહારાજની આટલી સરસ કથાઓ થતી હોય તો પણ જે દુરાચારી હોય વ્યસનીઓ હોય, આ કથાનું અમૃત વહેંચાતું હોય, તો એ અમૃત લેવા માટે આ રાક્ષસો બેસી શકે ખરા ?** એ તો કથામાં ખિસ્સા કાતરવા જ આવવાના. કથાના મંડપમાં એ આવી ને બેસે પણ ખરા, જેમ પેલા રાહુ અને કેતુ આવ્યા હતા. એમ છતાં પણ એમને અમૃત ન મળ્યું, આ છે સમુદ્રમંથન અને અમૃતનો પ્રસંગ.

।। જય મહારાજ ।।

## સત્સંગ–૧૧૯

# વો ફરે આપ સમાન

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે**
**પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્**
**શ્વેતધવજં સદ્‌ગુરું સંતરામંમ્**
**વંદેઽમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

નિરંતર સ્વરૂપમાં જ પોતાની વૃત્તિઓને સ્થિર કરેલી છે, એવા ગુરુ ભગવાનના ચરણોમાં સત્સંગની સેવા આપણે સહુ કરી રહ્યા છીએ. સત્સંગ વડે સ્વરૂપને પામી શકાય છે, અને સ્વરૂપ એ આત્માનુસંધાન, પરમતત્ત્વ પરમાત્માની પૂર્ણ સ્થિતિ અવસ્થા. લક્ષ્મણદાસજી મહારાજ ગુરુ મહારાજના ચરણમાં વંદન કરતા કહે છે, કે પ્રભુ આપ અમૃત સ્વરૂપ છો. અમૃતસ્વરૂપનું ક્યારેય પણ મૃત્યુ હોતું નથી, અને જન્મ પણ હોતો નથી, પણ આ જન્મ થયો છે માટે મૃત્યુ છે, અને મૃત્યુનો ભય પણ છે, માટે અમૃત ક્યાં છે, ભયનો માર્યો અમૃત શોધવા નીકળે છે, સમગ્ર સૃષ્ટિનો એક એક જીવ, એક એક જંતુ જે જન્મેલો છે અને એ જન્મેલા માટે મૃત્યુ પણ નિશ્ચિત છે. **કોઇ પણ સર્જન થયું હોય એનું વિસર્જન નિશ્ચિત છે, જે જન્મ્યું છે એનું મૃત્યુ છે.**

**''જે ઉગે તે આથમે ખિલ્યું તે કરમાય**

**એહ નિયમ અવિનાશનો જે જન્મ્યું તે જાય''**

તો આટલું મોટું ચિંતન ભગવાને ગીતાની અંદર પણ કહી દીધું સ્પષ્ટ કે જન્મનારનું મૃત્યુ નિશ્ચિત છે, અને મરનારનો જન્મ નિશ્ચિત છે, અને એ અપરિહાર્ય છે, એને કોઇ પણ રોકી શકતું નથી.

**''નૈ વં શોચિતુમર્હસિ''**

એટલે એને માટે સહેજ પણ ચિંતા કરવાની આવશ્યકતા નથી. જે વાસ્તવિકતા છે એનો અસ્વીકાર કરીશું તો પણ વાસ્તવિકતા રહેવાની છે, તો એ જે વાસ્તવિકતા છે એ **વાસ્તવિકતાનો સંપૂર્ણપણે સ્વીકાર કરી લઇશું તો બીક નહીં લાગે, મૃત્યુનો અસ્વીકાર કરવા માટે આપણે બધા જ સતત પ્રયાસ કરીએ છીએ, અને એટલા માટે મૃત્યુનો ભય લાગતો હોય છે, પણ જો મૃત્યુ નિશ્ચિત છે જ, એમ સમજી અને આપણે નિશ્ચિંત થઇ જઇએ તો મૃત્યુનો ભય નહીં લાગે, જ્યારે આવવું હોય ત્યારે આવવા દો.**

**''મૃત્યુઃ સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્''**

એને આવવું હોય તો અત્યારે આવે અને જ્યાં જવું હોય ત્યાં જાય, હું આત્મા છું, હું આત્મા છું એટલું જ.

એને આવવું હોય તો અત્યારે આવે અને જ્યાં જવું હોય ત્યાં જાય, હું આત્મા છું, હું આત્મા છું એટલું જ.

**''વંદે અમૃતમ્''**

હે અમૃત ! આપને અમારા વંદન, અને હું આપનો શિષ્ય છું, અમે અમૃતના શિષ્યો છીએ, જેમ ઉપનિષદ અને વેદોના ઋષિઓએ કહ્યું

**"વયં અમૃતસ્યપુત્રાઃ"**

અમે અમૃતનાં સંતાન છીએ અમૃતનાં સંતાન એટલે **આખા વિશ્વમાં ભારત દેશ એક એવો છે, જેના ઋષિઓએ, એના આર્ષદ્રષ્ટાઓએ, એ દિવ્ય ચેતનાએ, અમૃતને શોધી કાઢયું છે, અને બધાને અમૃત વહેંચી પણ આપ્યું છે.** જ્યારે વિશ્વમાં એવો કોઇ પણ દેશ નથી કે જેણે અમૃતનું સંશોધન કર્યું હોય, તત્ત્વચિંતન એ જ સાચું અમૃત છે, જેણે તત્ત્વ મેળવ્યું, જેણે આત્માને ઓળખ્યા, એણે અમૃતને મેળવી લીધું, કેમ? આત્માની અનુભૂતિ કરી લીધી, પોતાના સ્વરૂપનો પરિચય કરી લીધો, એટલે શરીરને ભલે ગમે તે થતું હોય, શરીર તો જવાનું જ છે, એ વાસ્તવિકતાનો સ્વીકાર આપણે કરવો જોઇએ. એક કથાકાર મૃત્યુની વાત તેનુ દ્રષ્ટાંત બીજાને લઇને કરશે, પણ એ કથાકાર પોતાના મૃત્યુની કયારેય પણ કોઇ પણ વાત નહીં કરે, વાસ્તવિકતાનો સ્વીકાર કરાવવા માટે વક્તા તરીકે શ્રોતાઓને સમજાવશે, બીજા દ્રષ્ટાંતો આપશે, પણ હું પોતે આ શરીરથી મર્ત્ય છું, એમ નહીં કહે, અને વાત પણ સાચી છે. એક વૃધ્ધા હતાં, લગભગ ૯૫-૯૬ વર્ષની ઉંમરનાં. એને કોઇક નજીકના માણસે કહ્યું કે ડોશી મરને હવે ! હવે પેલો જુવાન છોકરો હતો, હું શું કરવા મરું, તું મર. હવે ૯૫-૯૬ વર્ષની ઉંમરે એ પેલા છોકરાને કહે કે તું મર, જે હજુ જુવાન છે, હું શું કરવા મરું? આમાં જાણે-અજાણે પણ, કદાચ અજ્ઞાન અવસ્થામાં પણ પોતાના આત્માના સ્વરૂપનો સ્વીકાર છે, કે હું મરનાર નથી, શરીરને ભલે છન્નું વર્ષ થયાં હોય પણ આત્મા તરીકે હું મરવાવાળો નથી એમ અંદરથી બોલાતું હોય, એક સાહજિકતા જેને કહેવાય, કે જે સનાતન છે. જે સાહજિક છે, જે છે, જેનો સ્વીકાર, પણ આપણે અજ્ઞાન વશ થઇને એનો સ્વીકાર કરવા માટે

જલ્દી તૈયાર થતા નથી, કારણ કે શરીર સાથેનો એટલો બધો અધ્યાસ, એટલો બધો મોહ થઇ ગયેલો છે, કે હું આત્મા છું એ ભૂલી ગયા, અને એ શરીરના અધ્યાસને કારણે પોતે અમૃતનો શિષ્ય છે, અમૃતનો પુત્ર છે એ ભૂલી ગયા. **સમગ્ર ભારતવર્ષ ઋષિઓની, આર્ષદ્રષ્ટાઓની, ચિંતકોની, ભૂમિ છે, અને એમણે સહુએ આપણા માટે આત્માની અનુભૂતિ બહુ જ સ્પષ્ટ કરી અને ખુલ્લી મૂકી દીધી છે, આત્માની અનુભૂતિ જે જાણે છે તેને અમૃત મળે છે, કેમ કે આત્મા તો મરતો નથી.**

**''ન જાયતે મ્રિયતે વા કદાચિ-**
**ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ**
**અજે નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે''**

શરીર હણાય તો પણ આત્મા હણાતો નથી. હું તો આત્માનું સ્વરૂપ છું, આ જે સમજણ આપી દીધી, જે જ્ઞાન સમજાવી દીધું એનું નામ અમૃત, અને એટલે જ લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરતાં કહ્યું કે બાપજી,

**''વંદે અમૃતમ્''**

હે અમૃત આપને અમારા વંદન, કેમ કે આપ તો સાક્ષાત જ્ઞાન સ્વરૂપ છો.

**''જ્ઞાનસ્વરૂપં નિજબોધયુક્તમ્''**

ગુરુ મહારાજ જ્ઞાન સ્વરૂપ છે, અને એ જ્ઞાન એ જ અમૃત, એના કઇ મોટા સમુદ્ર ન હોય. આજીવન મંથન કરે ત્યારે અમૃતના કળશ નીકળે. મધુર છે, સુખદ છે, અને એટલા માટે સહુને પ્રિય લાગે. ગઇ કાલે આપણે છેલ્લે વાત કરી હતી, કે

ભગવાને પણ અમૃત દેવોને જ પીવડાવ્યું, અને રાક્ષસોને ના પાયું, કેમ કે ત્યાં રાક્ષસી વૃત્તિ જ છે, ત્યાં રાક્ષસી ભાવ જ છે, આત્મભાવ છે જ નહીં, ત્યાં ક્રૂરતા છે, હિંસા છે, તો એમનામાં શાંતિ ક્યાંથી હોવાની ? આત્માની અનુભૂતિ કરવા માટે એમની પાસે સમજણ જ ક્યાં છે? રાક્ષસી વૃત્તિને અમૃત ક્યાં મળે? તો ભગવાને દેવોને અમૃત પાયું, કારણ કે એમની પાસે સાચી સમજણ છે, આત્માના અનુભૂતિની એમની પાસે શક્તિ છે, એટલે દેવો અધિકારી થયા, પણ રાક્ષસો અમૃતના અધિકારી ન થયા. રાક્ષસને માથે શિંગડાં નથી ઊગતાં,

**''ના શૃંગ શૃંગે ના પદ્મપાણૌ**

**યદા યદા મુંચતે વાક્યબાણં**

**તદા તદા જાતિકુલપ્રમાણમ્''**

એના વ્યવહાર વર્તન અને બોલચાલ ઉપરથી લાગે કે આ માણસ તો રાક્ષસી વૃત્તિવાળો છે, આ ભાઇ તો બહુ જ શાંત અને સૌમ્ય છે, દેવ જેવો છે. એટલે દેવ અને દાનવ આ ધરતી ઉપર પણ છે જ. પણ **જ્યાં પ્રેમ છે, દયા છે, સદ્ભાવ છે, સેવા છે, સમજણ છે, એમની પાસે અમૃત છે જ્ઞાનનું,** પણ જ્યાં આતંક, ક્રૂરતા, હિંસા, મારો-કાપો, એ જ રાક્ષસ. આ બધા રાક્ષસો નથી? કોઇપણ માણસ નિર્દોષ હોય, છતાં પણ એમને મારી નાખવા. આપણા ગ્રંથોમાં કથાઓ આવે છે, જંગલમાં રાક્ષસો માણસને પકડીને ખાઇ ગયા. એ માણસનો કોઇ બીજો કશો પણ વાંક નહીં, કોઇ અપરાધ પણ નહીં, તમારું કશું નુકશાન પણ નથી કર્યુ, અમે રાક્ષસ છીએ માટે જે  મળે એમને મારી નાખીને ખાઇ જઇએ. આજે પણ એવા રાક્ષસો છે, કાંઇ ગુનો કર્યો ન હોય, કાંઇ અપરાધ ન કર્યો હોય છતાં પણ એમને મારી નાખે, એનું નામ રાક્ષસ, એ

રાક્ષસોને અમૃત ક્યાંથી મળવાનું હતું? **જ્ઞાન ત્યાં જ હોય જયાં ધર્મ હોય, જયાં દીનતા હોય, દયા હોય, સેવા હોય. આપણી પાસે એ અમૃત છે, એ અમૃતની ઉપલબ્ધિ આપણા ઋષિઓએ આપણને ખૂબ જ સરસ રીતે આપી છે, અને એટલા માટે જ કહ્યું કે આપ અમારા ગુરુ ભગવાન છો, આપ સ્વયમ્ અમારા માટે અમૃત છો,** અમે બીજે ક્યાં લેવા જઈએ? આત્માનું દર્શન આપે અમને કરાવ્યું છે.

**''સુરત શબદ એક તાર હુઆ હૈ અબ શબદ રહા કે સુરતી**
**સદ્ગુરુ મોએ આન મિલે જબ આપો આપ મૂર્તિ''**

સ્વયંનાં આત્મદર્શન કરાવી દીધાં. ગુરુ ભગવાન સ્વયં અમૃતસ્વરૂપ છે, અને એ શિષ્યને પણ અમૃત બનાવે છે, અને એટલા માટે જ કહ્યું કે,

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

આપ અમૃતના શિષ્ય એવો લક્ષ્મણદાસ હું આપને વંદન કરું છું. કેટલો સરસ ભાવ છે? વંદે અમૃતમ્ કહ્યું અમાં હે અમૃત આપને અમારા વંદન છે, કેમ? અમને સજાગ રાખવાના છે, અમને સદાય જાગ્રત રાખશે, અમને જ્ઞાનમય બનાવશે, અજ્ઞાનના અંધકારમાંથી અમને બહાર કાઢવાના છે, એટલે આપ અમારા માટે અમૃત છો. આટલું મોટું ધામ છે, અને દૂર-દૂરથી જય મહારાજના નામથી આટલા બધા લોકો આવે છે, જય મહારાજ અમૃત સ્વરૂપ છે, એ અમૃત શામાં કામ લાગે? શું ઉપયોગમાં આવે? અજ્ઞાન દૂર કરવામાં, મૃત્યુના ભયને ટાળવા માટે, અને વાસ્તવિક શાંતિ અને સુખવાળું જીવન જીવવા માટે અમૃત કામ લાગે છે, આત્માની અનુભૂતિ, આત્મા સુખ સ્વરૂપ છે. જો આત્મા જ સુખ સ્વરૂપ હોય, તો પછી એને છોડીને શરીર પાછળ

ક્યાં જવું? વિકૃતિઓ અને વાસનાઓને લઇ શરીર પાછળ ફર્યા કરીશું, તો પણ એનો પાર નહીં આવે, પણ આખરે શરીર એ શરીર છે, વાસનાઓની ભૂતાવળમાં જ ભટકવાવાળું છે, એટલે એમાંથી બહાર નીકળીને પરાત્પર પરબ્રહ્મ સ્વરૂપ છે, ત્યાં સુધી પહોંચવાનું છે, એના માટે જય મહારાજને અમૃત કહ્યા છે, કેમ? આ સંસાર સાગરમાંથી બહાર નીકળીને તપથી જ્ઞાનથી પોતાના જીવનને અમૃત બનાવી દીધું છે, જે પણ કોઇ એમને શરણે આવે, એમના દર્શનથી એમની દ્રષ્ટિથી એમના આશીર્વાદથી, એમની સેવાથી, સાચી સમજણ પ્રાપ્ત કરીને અમૃત થવાનું છે, અને એટલા માટે જ મહારાજનું સ્વરૂપ અમૃત છે, હવે અમૃતનો અધિકાર માત્ર અમેના જે શિષ્યો છે, એ શિષ્ય સમાન દેવતાઓ અને દેવતાઓ સમાન એ શિષ્યો અમૃતના અધિકારીઓ છે, અને શિષ્ય સ્વરૂપ એ દેવોને એ અમૃત પાવા માટે ભગવાન જાતે આવે છે. **માયાવી સ્વરૂપ લઇને ભગવાને દેવોને અમૃત પાયું, એમ જય મહારાજ અમૃતસ્વરૂપ છે,** તેમના શિષ્યોને, જે અમૃતના અધિકારી છે, એટલે આ સત્સંગ દ્વારા ગુરુ ભગવાન સ્વયં બધાને અમૃત પાય છે, કે આ જ્ઞાનનું અમૃત પી લો, તમે મુક્ત છો, તમે સ્વતંત્ર છો, તમે આત્મા છો શરીર નથી, આટલો સ્વીકાર કરી લો, પણ એ બહુ જ કઠણ છે. જે શાશ્વત છે એનો સ્વીકાર કરવા માટે તૈયાર નથી, અને જે નાશવંત છે તેને બાથમાં ભીડીને બેસી રહ્યા છીએ, કે આ શરીર હું છું, આ મારું છે. આ શરીર તારું નથી, એ નાશવંત છે, પણ ના, આત્મા તો સમજાતો નથી, શરીર તારું નથી, એ નાશવંત છે, તું તો આત્મા છું, પણ ના, આત્મા તો સમજાતો નથી, દેખાતો નથી, શરીર તો દેખાય છે, હા, અજ્ઞાન જ પહેલું દેખાયા કરે. હંમેશાં અજ્ઞાન જ પહેલા સામે આવીને ઊભું રહે,

એમાંથી હટાવીને જ્ઞાન સુધી પહોંચવાનું છે. શરીર એ તો માત્ર અજ્ઞાન જ છે, આ ભાવ થાય ત્યારે જય મહારાજના સાચા શિષ્ય કહેવાય, કે આપણે અમૃતના અધિકારી છીએ, કેમ કે સદ્‌ગુરુ ભગવાન સ્વયં અમૃત પાવા બેઠા છે, જેણે આસુરી વૃત્તિઓ છોડી, જેણે વિકૃતિઓ અને વાસનાઓ છોડી, દેહાધ્યાસ છોડ્યો, એને જ્ઞાનનું અમૃત જય મહારાજ ગુરુ ભગવાન તરીકે બધાને પીવડાવ છે. જેનામાં શ્રદ્ધા નથી, સમજણ નથી, માત્ર અજ્ઞાનવશ દેહાધ્યાસને જ વળગી રહ્યો છે, એ રાક્ષસી વૃત્તિવાળો છે, એને અમૃત ક્યાંથી મળવાનું હતું? એ અમૃત પ્રાપ્ત નહીં કરી શકે. લક્ષ્મણદાસજી મહારાજે પોતાની અનુભૂતિ પ્રમાણે જય મહારાજને અમૃત કહ્યા, કે આપ અમૃત છો, આપના સાનિધ્યમાં, આપના શરણમાં અમે પણ અમૃત થયા છીએ, અમૃત બની ગયા.

**''અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

કેટલો સરસ ભાવ છે, પણ આગળ શું કહ્યું ?

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

અજ્ઞાન અવસ્થાવાળા છીએ, અમારા મનમાંથી, અમારા જીવનમાંથી માયા નથી હટતી,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

સખત દુઃખી છીએ, જન્મોજનમના પીડિત છીએ, પણ આપના ચરણરજની અમને જે પ્રસાદી મળી એના વડે અમૃતના શિષ્ય કહેવાયા. સંસારની માયામાં ડૂબકાં ખાઇએ છીએ, પણ આપના ચરણની પ્રસાદી મળી, સેવા મળી, સ્મરણ મળ્યું દર્શન મળ્યા, સત્સંગ મળ્યો, એનાથી અમે અમૃતના અધિકારી બની ગયા, લક્ષ્મણદાસજી મહારાજે એ બધાને અમૃત બનાવી દીધા.

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

બધા જ શિષ્યોને, એમના મય એમના સ્વરૂપ બનાવીને એમના પોતાનામાં જ સમાવી દીધા. જ્ઞાનામૃત જેને જેને આપ્યું એ બધા જ અમૃત સ્વરૂપ બની ગયા જુદાપણું રહ્યું જ નહીં.

**''વો લોહા કંચન કરે ઓર વો કરે આપ સમાન''**

આમ પોતાનું નિજ સ્વરૂપ આપી દે. પારસ એ પારસ જ છે, **પારસ વહી હૈ વો પુરા નહી હૈ, પૂરા તો સદગુરુ કે બીના કોઇ હો હી નહીં શકતા,** જે પોતે પણ પૂરા છે અને બીજાને પણ પૂરા બનાવી દે છે, માટે લક્ષ્મણદાસજી મહારાજે વંદનામાં પણ એક જ વાત કહી કે,

**''વંદે અમૃતમ્''**

અમે તો માયાથી દુઃખી હતા, ખરડાયેલા હતા, પીડાતા હતા, પણ આપનું શરણ મળ્યું, આપે જ અમને અમૃત બનાવ્યા છે.

।। જય મહારાજ ।।

# તવાસ્મિ તવાસ્મિ નાથ હું તમારો છું.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે**
**પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્**
**શ્વેતધવજં સદગુરુ સંતરામંમ્**
**વંદેડમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

પરબ્રહ્મના આપણે થયા છીએ, જેનાથી આપણને આશ્રય મળ્યો છે, આપણે આશ્રિત થયા છીએ.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

**ભગવાનને કહીએ કે, તવાસ્મિ તવાસ્મિ, હું આપનો છું હું આપનો છું, અને આપ મારા છો, બસ જય મહારાજની ભક્તિમાં આટલો જ મંત્ર બસ છે, હું આપનો છું અને આપ મારા છો,**

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

ભક્તિભાવપૂર્વક આપના ચરણોના રેણુની છાપ, એનો સિક્કો મારી ઉપર વાગી ગયેલો છે.

**''એક વાર મુખથી બોલે નાથ હું તમારો રે**
**દોડીને દરવાજો ખોલે એવો એનો ધારો રે''**

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

હું આપના ચરણની રજથી લિપ્ત થયેલો છું, મારું સર્વસ્વ, એની ઉપર આપનો જ સિક્કો, એની મહોર વાગી ગયેલી છે. જેની મહોર વાગી ગઇ એના તરફથી સંપૂર્ણ સ્વીકૃતિની ખાતરી અપાઇ ગઇ, આપણા પોતાનામાં એ ભાવ સદાય બન્યો રહેવો જોઇએ, ભલે બધો જ વ્યવહાર આપણો હોય, સંસારનો પરિવારનો કુટુંબનો બધો જ વ્યવહાર, પણ મનથી હૃદયપૂર્વક આપણી વાસ્તવિકતાનો આપણે સ્વીકાર કરી લેવાનો છે, આ સંસાર અને આ વ્યવહારમાં હું છું પણ એ મારામાં નથી, આ ભાવના દ્રઢ કરવાની છે. **ભલે હું ઘરમાં છું પરિવારમાં છું વ્યવહારમાં છું, પણ એ પરિવાર મારામાં નથી, એ જે ભાવ છે એ જ સાચો ભાવ છે.** બાકી માણસ ક્યારેક-ક્યારેક કર્તુત્વપણાના પાગલપનથી પણ એમાં આવી જતો હોય છે, બહાર નીકળી શકતો નથી. એ પોતે નથી, પોતાનું નથી, પોતાનામાં નથી, છતાંય એને એ એમાં ભળી જઇને સ્વીકારી લે છે, કે હું જ છું મારું જ છે એને લીધે દુઃખી થવાય છે. પણ આ વ્યવહાર આ સંસાર એ હું નથી અને મારું નથી. એને માટે મારે પ્રયત્ન અને પુરુષાર્થ કરવાનો છે પણ એના વડે મારે દુઃખી નહીં થવાનું, અશાંત નહીં થવાનું. આટલો બધો વરસાદ પડે છે, ભગવાન તારી મરજી છે, તું તારી મરજી પ્રમાણે કર, ભગવાન ઉપર આપણો કોઇ પણ હુકમ ચાલે ખરો? એની ઇચ્છા પ્રમાણે જ આ આખા વિશ્વને એ ચલાવી રહ્યો છે, આપણો કોઇ અધિકાર નથી, કે પ્રભુ તું આમ કેમ ના કરું અને વરસાદ કેમ બંધ ન કરું, નુકસાન થઇ રહ્યું છે તો તારી ઇચ્છા. સરસ ખેતી પાકશે તો તારી ઇચ્છા, આ ભાવ સ્વીકારી લેવો પડે. વ્યવહારમાં, અતિ મમત્વ રાખીને આમ કેમ ન થાય? આ બધું સર્જન કરવાવાળો, પાલવવાવાળો વિસર્જન કરવાવાળો એ પોતે જ છે.

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

એ એનામાંથી, પોતે જ પોતાની શક્તિથી આ જગતનું સર્જન કરે છે, એનું પાલન કરે છે, અને પોતાનામાં જ પાછું વિલય કરી દે છે, જેમ કરોળિયો પોતાની જાળ પોતે જ બિછાવે છે, અને પછી પોતે જ પાછો આટોપી લે છે. કરોળિયો જાળ બનાવે પણ ખરો, એમાં રહે પણ ખરો, અને પછી પાછો એને સંકેલી પણ લે. તો પરમાત્મા પણ આ સંસારની જાળ, એનું સર્જન પણ કરનાર છે, એનું પાલન પણ એ જ કરે છે અને વિસર્જન પણ કરનાર એ જ છે, બસ આપણું કાંઇ ન ચાલે. અને આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લઇએ તો જ આપણે સુખી થઇ શકીશું. આપણું ધાર્યું કરવા જઇશું તો થાય પણ ખરું અને ન પણ થાય, તો એ વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ આપણે, જગતનિયંતા જે પણ કંઇ કરી રહ્યો છે એ એની પોતાની મરજી પ્રમાણે જ કરી રહ્યો છે, મારાથી કોઇ વિક્ષેપ ન થાય, આ ભાવ સદાય બન્યો રહેવો જોઇએ.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

હું તો આપના ચરણોની રજથી જ આપની પ્રસાદી બની ચૂક્યો છું, હવે મારું પોતાનું કશું પણ નથી, જે છે તે આપનું જ છે, પણ આગળ શું કહ્યું?

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

માણસો સંસારનાં બંધનોમાં એટલા બધા દુઃખી થાય છે, પીડા પામે છે, કે એને પોતાને જ એ કર્તવ્યપણાના ભારથી અંદર ડૂબી જઇને, એમાં ને એમાં પોતાની જાતનું વિસર્જન કરી દેતા હોય છે. જીવનના છેલ્લા છેડા સુધી કાંઇ પણ પરિણામ ન આવે, એટલે એની એ જ સમસ્યાઓમાં વિલીન થઇ ગયા. આજે કાંઇ સાંસારિક વ્યાવહારિક, જે પણ કાંઇ ઉપાધિઓ અને દુઃખો છે, એ

બધા આપણા પોતાના વ્યક્તિગત સર્જનો છે. અશાંતિ, ઉપાધિ, આવેગ, આવેશ, આક્રોશ, ગ્લાનિ, નિરાશા, ઈર્ષા, આ બધાં જ આપણાં પોતાનાં જ સર્જન છે. જો વાસ્તવિકતા સમજાય, કે આ બધું તો વ્યવહારને કારણે છે, સંબંધોને કારણે છે, હું મારી પોતાની સમજણ પ્રમાણે વિચારી લઉં કે આમાં મારું પોતાનું કશું પણ નથી, એ આક્રોશ આવેશ કે ઈર્ષ્યા આપોઆપ હળવા થઇ જશે. મારાથી જેટલું શક્ય હતું તેટલું મેં કરી દીધું, એનાથી ભાગી નહિ જવાનું, એનાથી પાછા પણ નહીં હટી જવાનું, દિલ દઇને કરવાનું, પુરુષાર્થપૂર્વક કરવાનું, પ્રભુ આપની માયા છે, જે પણ કંઇ થવાનું છે તે થવાનું જ છે.

**''અનહોની હોની નહીં હોની હોય તો હોય''**

**તુલસીદાસજી લખે છે, કે જે નથી થવાનું તે ક્યારેય નથી જ થવાનું, ક્યારેય નહીં થાય, પણ જે થવાનું છે તે તો થઇને રહેવાનું જ છે,** કેટલી સરસ વસ્તુ છે. ગમે તેટલો પ્રયત્ન કરીશું, ગમે તેટલો પુરુષાર્થ કરીશું અને પરસેવો પાડીશું, પણ જે તુલસીદાસજીએ પોતાના અનુભવ તરીકે સિદ્ધ પુરુષ તરીકે લખ્યું કે નથી થવાનું તે ક્યારેય નહીં જ થઇ શકે, અને જે થવાનું છે તે થઇને જ રહેશે, તમે ગમે તેટલો પુરુષાર્થ કરો અટકાવવા માટે કે સફળ થવા માટે. તેનો સ્વીકાર પોતાની જાતે કરી લેવો પડે, કે આ વસ્તુ આપણી ક્ષમતાની બહારની છે, પ્રયત્ન કર્યો, પણ એમાં પ્રવચન કર્યા પછી પણ મનોવૃત્તિ જ્યારે અકળાય દુઃખી થાય રડવા બેસે ત્યારે એનું નામ છે,

**''માયાદિદુઃખૈ પરિપીડિતઃ''**

આ માયાદિ અધ્યાસ અને આસક્તિ છે એના કારણે જે પીડા ઉત્પન્ન થાય છે એનાથી હું દુઃખી છું, અને એ પીડાઓ એ

માયાનાં વળગણો, બધાં મેં સ્વીકારી લીધાં છે, મારાં છે એમ કરીને મારા જીવનની સાથે એને ઓતપ્રોત કરી દીધાં છે. આ તો મારું જ છે ને મારે કરવાનું જ છે, અને મારા સિવાય થાય જ નહીં, હું  કરી નાખીશ, પણ એમાં જગતનિયંતાને સાથે રાખીએ કે પ્રભુ તું મારી સાથે છું, જય મહારાજ આપને આ સોંપેલું છે, હવે આપની જે ઇચ્છા હોય એ પ્રમાણે કરો, ભગવાનની ઉપર પૂરો ભરોસો મૂકીને જ તુલસીજીએ લખ્યું છે કે,

**''જેહિ બિધિ હોય હિત નાથ મોરા**

**કરહુ સો બેગી દાસ મેં તોરા''**

હે પ્રભુ જેમાં મારું શ્રેય થવાનું હોય, એ તમે જલ્દી કરજો. આપણે પણ, જ્યારે દિક્ષા આપવાનો નિર્ણય કર્યો મહારાજશ્રીએ ત્યારે આ મંત્રથી નવા પારાયણ કર્યું હતું, કે દીક્ષા લેવી કે ન લેવી મહારાજશ્રી આગળ મૂકી, કહ્યું કે આપ નિર્ણય આપો હવે કે,

**''જેહિ બિધિ હોય હિત નાથ મોરા**

**કરહુ સો બેગી દાસ મેં તોરા''**

મારું હિત જેમાં થવાનું હોય એ પ્રમાણે નિર્ણય તમે લો.

**''કરહું સો બેગિ''**

આપને જ કરવાનું છે,

**''દાસ મે તોરા''**

જે હશે તે. સંસ્થાના ઇતિહાસના કેટલાય વર્ષોની સેવા હશે, તો જે હિત હતું તે મહારાજશ્રીએ સામેથી આપ્યું. પણ પૂરેપૂરી સ્વતંત્રતા ભગવાનની જ છે, મારી પોતાની ઇચ્છાને સહેજ પણ સ્થાન નહીં, પોતાની ઇચ્છાને જરા પણ સ્થાન નહીં, તમારી ઇચ્છાની જગ્યા નથી, માત્ર ભગવાનની ઇચ્છા માટે જ

જગ્યા છે,

**''કરહું સો બેગિ''**

બસ સમર્પણ,

**''દાસ મે તો''**

હિત અહિત તો જય મહારાજ જોવાના જ છે, કે આનું હિત ક્યાં છે, એ પ્રમાણેનો નિર્ણય આપી દીધો. ભગવાન સર્વોપરી છે, આપણા ગુરુ ભગવાન જય મહારાજ સર્વોપરી છે, પરમાત્મ તત્વ છે, અને એ જે મારા માટે નિર્ણય લેશે તે મારા માટે સંપૂર્ણપણે સ્વીકાર્ય છે, એમાં બીજી કોઇ વાત જ નથી.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ''**

આવો સમર્પણ ભાવ છે, જેને devotees કહેવામાં આવે, સમર્પિત, આપની જે ઇચ્છા હોય તે કામ લો, તે છતાં પણ બે વસ્તુ મૂકી, એક તો કહ્યું કે

**''માયાદિદુઃખ પરિપીડિતઃ''**

અને બીજું કહ્યું કે,

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ''**

સંસારની માયા વચ્ચે તો છું જ, એની વચ્ચે જ જીવી રહ્યો છું, અને આપના ચરણોની પ્રસાદી મને પ્રાપ્ત થઇ છે. બે છેડા છે, જેમાંથી એક તો માત્ર દુઃખનો છેડો છે, કે જેનાથી જીવનભર ક્યારે પણ બહાર નીકળી ન શકાય, અને બીજો છેડો છે,

**''રેણુભિરંકિતોહમ્''**

આપની ચરણરજથી હું આપનો થઇ ચૂક્યો છું, એટલે ઉપનિષદની ભાષામાં કહીએ તો, જય મહારાજના ગુરુ ભગવાનનું

શરણ, એ આત્યંતિક સુખની પ્રાપ્તિ, અને સંસારમાં છીએ તો ત્યાં આગળ અત્યંત દુઃખની પ્રાપ્તિ, બે છેડા છે. પણ મંત્ર એવો છે, આત્યંતિક દુઃખની નિવૃત્તિ અને શાશ્વત સુખની પ્રાપ્તિ, આ છે ઋષિના શબ્દો. શાશ્વત સુખની પ્રાપ્તિ એટલે સુખ ક્યારેય પણ ઓછું થાય જ નહીં, અને આત્યંતિક દુઃખની નિવૃત્તિ, ક્યારેય પણ જીવનમાં દુખ આવે જ નહીં, પણ બે છેડા છે, એક છેડો તો અમારા વ્યવહારિક જીવનનો બતાવી દીધો,

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

સંસારમાં બેઠા તો છીએ ઉપાધિઓ તો બધી છે, સાજું માંદુ બધું જ, અને બીજે છેડે જય મહારાજને બેસાડ્યા છે, ત્યાં આપ છો,

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ''**

બે છેડા ભેગા કરવાના, દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ. અમારી પાસે તો કોઇ ઉપાય નથી, છતાં પણ આપને શરણે છીએ, બાપજી એનું નિવારણ શું કરશો? આપ તો અમૃત છો. એ અમે આપને શરણે આવેલા આપના શિષ્ય છીએ,

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

આપ અમૃતસ્વરૂપ છો, અમે આપના શિષ્ય છીએ, આપને શરણે આવેલા છીએ, એ બંને છેડે આપને જે રીતે કરવા હોય એ રીતે અમને ગોઠવી આપો. કેટલો સરસ હૃદયપૂર્વકનો ભાવ છે, શરણાગતિનો ભાવ છે, જે છે તે અમારા જીવનની આ સ્થિતિ છે, પરીક્ષા આપી આવ્યા છીએ શું પરિણામ આવશે એ તો મહારાજશ્રી જાણે, અને મહારાજશ્રીને શરણે છીએ એટલે પરિણામ આપની પાસે છે, જે હશે તે. અમે જીવનમાં પણ

અટવામણ અનુભવાય અને એ અટવામણમાંથી બહાર ન નીકળી શકાય રસ્તો ન જડે, મહારાજશ્રી આપને શરણે છીએ અમારી વહારે ધાજો, તે આપને શરણે છીએ,

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

આપ તો અમૃત છો, અમારી અશાંતિઓ, ઉપાધિઓ કલેશ છે, એ બધું જ આપ સંભાળો. ઉતરાયણ હોય, ત્યારે, દોરી ગૂંચવાઇ એટલે છોકરાઓ નાખી જાય, એટલે ઘરમાં જે વડીલ વૃદ્ધ હોય એ એ દોરી ઉકેલીને ફરી પાછો પીલો વીંટી આપે, એમ આપણું જીવન જ્યારે ગુંચવાય અને ગૂંચળું થાય, જય મહારાજ પાસે મૂકી દીધું, જય મહારાજ એ ઉકેલી આપે. એ જે આવો ભાવ છે સમર્પણનો ભાવ, નાનું બાળક કાંઇક ઉપાધિ આવી અને રડે છે, બીજા કોઇથી ન સમજે, બીજા કશાથી ન માને, પણ મા એને ઉઠાવી લે એટલે તરત જ ચૂપ થઇ જાય, પણ કદાચ એ બાળકને કાંઇક રમકડાં આપીને મીઠાઇ આપી દે, અને જો એનાથી એ રાજી થઇ જતું હોય, રડતું બંધ થઇ જતું હોય, તો મા એટલા રમકડાં અને મીઠાઇ આપીને ત્યાંથી ખસી જાય, પણ જો સાચા ભાવથી માત્ર મા માટે જ રડતો હોય, તો પછી એ રમકડાં પણ કામનાં નહીં એ મીઠાઇ પણ કામની નહીં, મારે તો મા જ જોઇએ છે, આ બધાં રમકડાં એ કાંઇ પણ જોઇતું નથી, મારે તો મારા જય મહારાજ મા સ્વરૂપે જોઇએ છે, એ રીતની આપણી પોતાની આદત પાડી હોવી જોઇએ. બાળક રડે, આજુબાજુવાળા પણ કહે કે, અરે આ રડે છે, તને અક્કલ નથી કામ મૂક એક બાજુએ અને છોકરો સંભાળ પહેલાં, કહો તો જેમ આજુબાજુ વાળા પણ માને કહે કે આમ કર, તો ભગવાનને પણ જો આપણે સાચા દિલથી હૃદયપૂર્વકના રૂદનથી જો એમના માટે જ રડ્યા હોઇશું, તો પછી ભગવાન

આપણને છેતરશે નહીં. બાકી ભગવાન પણ છેતરે, જો આટલાથી માની જતો હોય તો આમ નાખી દે, કે લે રમ, છોકરા પણ રાજી થાય, મોટરગાડી મળી ગઇ, ઘર મળી ગયું, બાળકો મળી ગયા, પત્ની મળી ગઇ, બહુ થઇ ગયું, ભગવાનની બહુ જ મહેર છે અમે તો બધી જ રીતે સુખી છીએ. જાણે રમકડાં ઢગલો નાખી દીધા, એમાંથી જે ગમે એ વાપરે અને રમે, પણ એનાથી ભગવાનની નજીક પહોંચાય નહિ.

**''માયાદિદુઃખૈઃ''**

દુઃખમાં સાચી ભાવનાથી પ્રાર્થના કરતો હશે તો એને ભગવાન મળશે, પણ કોઇ ને કોઇ પ્રકારનાં રમકડાં તમારી ઇચ્છા પ્રમાણે તમારી આજુબાજુ વેરીને મૂકી દીધાં, રમ્યા કરો જીવન પૂરું થઇ ગયું, પણ હૃદયના ભાવથી કહીએ કે આ બધું જ છે છતાં પણ આપના જ છીએ, આપના શરણમાં આવ્યો છું, એ જ મારી લાયકાત, બાકી બીજું બધું સંભાળવાનું તમારે. બીજી કોઇ લાયકાત નથી પણ આપના સાનિધ્યમાં પહોંચી ગયો છું એટલી જ મારી લાયકાત છે, બાકીનું હવે આપ સંભાળો.

**''અધિકારી કેમ હટે પાછો''**

અધિકાર કેટલો? આવીને ઉભો રહ્યો છું એટલો, લો કરો, હવે બીજી કશી પણ વાત જ નહીં,

**''વંદે અમૃતમ્''**

શરણાગતિ આપી દીધી, પગમાં પડી ગયા. આપ અમૃત છો, બધી જ શક્તિઓ અમૃતની પાસે છે. અમૃત સ્વયં પરિપૂર્ણ પરમાત્મા છે, એને કશાયની પણ ઊણપ નથી, સર્વત્ર એનો જ અબાધિત અધિકાર છે, એને કોઇ પણ રોકી ન શકે. **ભગવાનને જે**

**સમયે જે કરવું હોય તે બધું જ ગોઠવી આપે, કોઇ એને વારી શકે નહીં,** કોઇ એને તોડી શકે નહીં, એ જે સર્વાધિકાર પરમાત્માનો છે, એને શરણે જતા રહીએ. આપ અમૃત છો અને અમે અમૃતને શરણે આવેલા આપના શિષ્યો છીએ, માયાનાં ભરાયેલા છીએ, આપના ચરણની રજથી અમે પલ્વિત થયેલા છીએ, એક શ્લોકમાં આખું ચિત્ર પોતાનું રજૂ કરી દીધું, જે છે તે આ છે, હવે બાકીનું જે કરવાનું છે તે આપે જ કરવાનું છે, આવું ન ચાલે,

**''તારા મનનું કાંઇ ના ચાલે''**

આ શ્લોકમાં બધું જય મહારાજ ઉપર મૂકીને આપણે મુક્ત થઇ ગયા, અને જે બધું કઇ સંભાળવાનું છે અને જે પણ કંઇ કરવાનું છે એ બધું જ જય મહારાજના માથે, આપ અમારા ભગવાન, જે છે તે અમે ખુલ્લુ કરી દીધું.

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતઃ''**

આ અમારી પરિસ્થિતિ છે, છતાં પણ આપના ચરણમાં આવી પડ્યા છીએ, આપના ચરણની રજ અમારા માથે સ્પર્શી ગઇ છે.

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

અને આગળ, કેવા છો?

**''શ્વેતધ્વજમ્''**

ધોળી ધજા વાળા છો.

**''સદ્ગુરું સંતરામમ્''**

સદ્ગુરુ સફેદ ધજાવાળા છે, એટલે જ્યાં માત્ર સાત્વિકતા જ છે, શાંતિ છે, અને એ ધવલતામાં પરિપૂર્ણતા રહેલી છે. એમાં

માત્ર જ્ઞાન સિવાય બીજું કશું પણ નથી, અજ્ઞાન કે અંધારું છે જ નહીં, અને સદ્‌ગુરુ તરીકે આપ અમને પ્રાપ્ત થયા છો, હવે અમારે બીજે ક્યાંય જવાનું ક્યાં રહ્યું? અમારે કશું વિચારવાનું પણ નથી.

**''પાદાબ્જયોરેણુભિરંકિતોહમ્''**

હે અમૃત આપને અમારા વંદન, અમૃતનું નામ પડતાની સાથે જ માણસને અમરત્વ પ્રાપ્ત થઇ જાય. જય મહારાજનું શરણ જ, એ જ્ઞાન જ અમૃતસ્વરૂપ છે, જ્ઞાનામૃત કહ્યું છે. જ્ઞાન એ જ અમૃત છે. હા જ્યાં સત્સંગ છે સાત્ત્વિકતા છે સંયમ છે સદાચાર છે એનું નામ સ્વર્ગ, એ સ્વર્ગની અંદર ક્યાંય પણ ઈર્ષા નહીં દ્વેષ નહીં, એ સ્વર્ગ અને અમૃત ક્યાં મળે? દેવોની પાસે જ મળે, દેવો કોણ? જેનામાં સદ્‌ભાવ છે, પ્રેમ છે, દયા છે, માનવતા છે, એ દેવ. એટલે દેવોની પાસે જ અમૃત છે, અને એને કારણે દેવાને અમર કહ્યા છે, અસુરો અમર નથી. તો આ જે જય મહારાજમાં અમૃતના દર્શન થાય, ઓહો જય મહારાજ આપ સાક્ષાત અમૃત છો,

**''જ્ઞાનસ્વરૂપમ્''**

તો હવે જો અમૃત અહીંયા જ હોય, જય મહારાજનું જ સ્વરૂપ હોય, તો પછી આપણે સ્વર્ગમાં જવાની કે વૈકુંઠમાં જવાની ક્યાં જરૂર છે? આપણું વૈકુંઠ આપણું સ્વર્ગ આપણું અમૃત, એ આપણા જય મહારાજ. લક્ષ્મણદાસજી મહારાજે આપણને ચોખ્ખું બતાવી દીધું, કે ક્યાં જશો ક્યાં ભટકશો, ચાલો બહાર કયાંય ભટકવા જવાનું નથી, આવો આપણા પોતાના જ ઘરમાં

બેસો, મહારાજશ્રીના ચરણમાં, એમને શરણે બેસીશું એટલે, એ તો અમૃત સ્વરૂપ છે જ અને અમે આપના શિષ્યો છીએ, અમે અમૃતના સંતાનો છીએ, અમૃતના બાળકો છીએ, અમૃતની શરણે આવેલા છીએ, એટલે જે પણ કાંઇ અમારી સમસ્યાઓ છે, જે પણ કાંઇ અમારા જીવનના અધૂરા નિર્ણયો છે, એ આપે લેવાના છે, આમ કહીને લક્ષ્મણદાસજી મહારાજે સદ્‌ગુરુ તરીકે જય મહારાજને સંપૂર્ણ શરણાગતિ સમર્પિત કરી દીધી.

।। જય મહારાજ ।।

## સત્સંગ-૧૨૧

# શ્વેતધ્વજં સંતરામમ્

**''માયાદિદુઃખૈઃ પરિપીડિતસ્તે**
**પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્**
**શ્વેતધવજં સદગુરું સંતરામમ્**
**વંદેઽમૃતં લક્ષ્મણદાસ શિષ્યઃ''**

**''શ્વેતધ્વજમ્ સદગુરું સંતરામમ્''**

બસ જય મહારાજના નામનો સિકકો આપણી ઉપર વાગી ગયો છે,

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

જેમ મહોર વાગી ગઇ હોય એમ,

**''સદ્ગુરું સંતરામમ્''**

જય મહારાજ એ તો સત્યનું જ સ્વરૂપ છે, પછી

**''સત્યસ્વરૂપમ્ અચલમ્''**

અચલ સત્ય છે જય મહારાજનું સ્વરૂપ, તો એ સત્ય સ્વરુપને પામીએ, તો કહ્યું છે કે

**''સદ્ગુરું સંતરામમ્''**

પરમ સત્ય છે, અનાદિ સત્ય છે, જેને શાશ્વત સત્ય કહેવામાં આવે. પરમાત્મા સ્વરૂપ આપ સ્વયં છો, અને અમે, આપના સ્વજન તરીકે અમારો પરિચય થઇ ચૂક્યો છે, આપના સ્વજન તરીકે આપે અમને પૂર્ણ રીતે સ્વીકારી લીધા છે,

**''શ્વેતધ્વજં સદ્‌ગુરું સંતરામમ્''**

સદ્‌ગુરૂ એટલે પરમ શ્રેષ્ઠ સત્ય કયું? આપણો પોતાનો આત્મા. શરીર વ્યવહાર સંસાર બધું જ નામરૂપ અને આકારવાળું છે. એટલે જય મહારાજને કહ્યું કે,

**''સદગુરુંસંતરામમ્''**

પરમ શ્રેષ્ઠ સત્ય એવા સંતરામ આપ છો, અને એ રીતે નો આપનો સિક્કો અમારી ઉપર વાગી ગયો છે.

**''પાદાબ્જયોરેણુભિરંકિતોહમ્''**

અમે જય મહારાજના તરીકે જે ઓળખાઇએ છીએ, અમે જય મહરાજના છીએ, બસ આ મહોર વાગી ગઇ, એનો આનંદ લક્ષ્મણદાસજી મહારાજે વ્યકત કર્યો છે, બાપજીએ અમને શરણું આપી દીધું છે, અમને પરિપૂર્ણ રીતે સ્વીકારી લીધા છે, આપ પરમસત્ય, શ્રેષ્ઠ સત્ય છો, શ્રેષ્ઠ સત્ય આગળ બીજું કોઇ પણ સત્ય ઊભું રહી જ ન શકે. જો લૌકિક દ્રષ્ટિએ જોવા જઇએ કે સાંસારિક કે આ શરીરની રીતે, તો બધું જ બદલાયા કરતું હોય છે, પરિવર્તનશીલ છે, એ કોઇ શાશ્વત નથી, સાચું પણ નથી, જે છે તે બદલાઇ જાય છે એટલે એનો આકાર રહેતો નથી એટલે સત્ય નથી. તો સત્ય માત્ર છે પરમ તત્ત્વ પરમાત્મા, અને એમના અમે અંશ આત્મા તરીકે, એટલે અમારામાં જે બિરાજી રહ્યું છે ચેતન, એ શ્રેષ્ઠ સત્ય સદ્‌ગુરુ સ્વરૂપ સંતરામ મહારાજ પોતે જ છે.

**"ચૈતન્યં શિષ્યધમ્યે શાન્તમ્ શ્રી સંતરામમ્"**

જીવનની અંદર મધ્યમાં હૃદયના સ્વરૂપે આપ બીરાજો છો, પરમ સત્ય સ્વરૂપે આપ બીરાજો છો. તો આમ પરમ સત્યસ્વરૂપ જય મહારાજ જો આપણી પાસે જ આપણા પોતાના જ હોય, આપણા પોતાના જય મહારાજ હોય, અને આપણે પણ જય મહારાજના જ છીએ, તો પછી આપણે બીજે કયાં કંગાળ થઇને ગરીબ થઇ અને ભીખ માગવાની હતી? કે જય મહારાજ શાશ્વત છે, સાક્ષાત્ છે, અને જય મહારાજ પોતે જ આપણા છે, આપણા પોતાના છે. તો આમ કહ્યું કે,

**"વંદે અમૃતમ્"**

હે અમૃત આપને અમારા નમસ્કાર છે. આવી ઊંચી સ્થિતિ ઊંચી અવસ્થા આપણને જય મહારાજ દ્વારા પ્રાપ્ત થઇ છે. જય મહારાજ તો એટલી ઉંચાઇવાળા છે જ અને આપણ ને પણ,

**"સહિતં શરણમ્ જનાનામ્"**

શરણે આવેલાને પણ આપ એટલી જ ઊંચાઇએ લઇ જાવ છો, તો જય મહારાજનું શરણું એટલે ઉચ્ચ કક્ષાનું, એટલું કિંમતી છે. જેટલી આધ્યાત્મિક ઊંચાઇ જય મહારાજની છે એટલી જ ઉંચાઇએ જય મહારાજ આપણને લઇ જવા ઇચ્છે છે.

**"સહિતં શરણમ્ જનાનામ્"**

શરણે આવેલા જનને, પોતાના જનોને પણ એટલા જ ઉપર લઇ જવા માટે તૈયાર છે. તો આપણે જેના બની ચૂક્યા છીએ. જેણે આપણને સ્વીકારી લીધા છે એવા સૌમ્ય સાત્ત્વિક શાંત, જેમની ધજાનું ચિહ્ન ઓમકાર છે, જેમની ધજાનો રંગ શ્વેત

છે, શ્વેત એટલે શાંતિ સદાચાર, પરમ ચૈતન્ય અને પરબ્રહ્મ પણ એ સૌમ્ય અને શુભ છે, એટલે જ આત્મા પોતે પરમાત્મા સ્વયં શુભ છે તો પરમ તત્ત્વ પરમાત્મા શુભ સફેદ હોય તો એના અંશો પણ એટલા જ શ્વેત સૌમ્ય સાત્ત્વિક અને શાંત હોય, એટલા માટે જ કહ્યું કે,

**''શ્વેતધ્વજં સદ્ગુરું સંતરામમ્''**

શ્રેષ્ઠ સત્ય ખરું પણ કેવું? સાત્વિક સૌમ્ય, એટલે અમારા માટે તો પવિત્રતા એ પણ આપનું જ સ્વરૂપ છે, અને પવિત્રતાનું સ્વરૂપ અમને પ્રાપ્ત થાય તો અમે પણ આપની માફક શ્વેત સત્યને પામી શકીએ.

**''શ્વેતધ્વજં સદ્ગુરું''**

ગુરુ એટલે શ્રેષ્ઠ, અને શ્રેષ્ઠ સત્ય કયું? આપણો આત્મા, એ શ્રેષ્ઠ સત્ય છે. તો આપણા આત્માને ઓળખી લઇએ એટલે, સદ્ગુરુ સ્વયં આપણા પોતાનામાં બિરાજી રહ્યા છે. આગળ કહ્યું છે કે,

**''ચૈતન્યં શિષ્યમધ્યે નિગમગતિગિરા કથ્યતે''**

ઉપનિષદો વેદો શાસ્ત્રો અને સરસ્વતી પણ આ જ કહે છે, ગીરા એટલે સરસ્વતી આવું કહે છે, અને એ પ્રમાણે બોલે છે પણ ખરા.

**''કથ્યતે ય દ્ બ્રૂવન્તમ્''**

જે પ્રમાણે કહે છે એ પ્રમાણે બોલે છે. તો આ જય મહારાજના વાસ્તવિક શાશ્વત સ્વરૂપને આપણે પહેલા જાણીએ. તો જય મહારાજ આપણાથી જરાય દૂર નથી, એમ કહીએ કે મહારાજ તમે આવો, તો છેક નડીયાદથી જવું પડે, પણ કહે કે

બાપજી આપ છો જ અમારી સાથે, જે પણ કંઇ કરવાનું હોય તે તમે કરો, તો તરત જ પ્રગટ થઇ જશે.

**''જેવો જેનો ભાવ છે તેવી ભક્તિ આપે છે**

**ભાવ ભૂખ્યા ભકતોને વાલો હૈયા સાથે ચાંપે છે''**

તમે કેટલી દૂરથી ભક્તિ કરો છો એની ઉપર આધાર છે, કેટલી નજીકથી તમે ભગવાનની ભક્તિ કરો છો તેની ઉપર આધાર છે. અંતઃકરણમાં એમ કહેવાનું કે પ્રભુ આપ છો તો આ બધું સંભાળી લો. જેમ ઘરમાં કંઇ ગરબડ થઇ હોય અને કહે કે તમે સંભાળી લો, તો બીજી વ્યક્તિ તરત જ સંભાળી લે, પણ ફોન કરીએ કે તમે વહેલા આવજો ઘરમાં આમ થયું છે, તો આવતા વાર તો લાગશે જ. પણ જો આપણામાં જય મહારાજ છે આપ અમારામાં જ છો

**''ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મહારાજ**

**કાંઇ દાસ પાસ રાખી તાર્યા''**

દરેકમાં બેઠેલા આપ પોતે સ્વયં છો, બીજા નથી, તો અમારે ક્યાં બીજે બૂમ પાડવા જવું ? આ જીવન બસ આપને સોંપી દીધું.

**''મારી જીવન કેરી નાવ તારે હાથ સોંપી છે''**

ગુરુ ભગવાન આપને સોંપી દીધી છે, હવે આપ સંભાળો. તો જો સદ્‌ગુરુને આપણી જીવન નોકા સોંપી દીધી પછી નિશ્ચિંતતાથી સૂઇ જાવ. એનો સુકાની છે જ. એમ જો એ આપણા પોતાનામાં છે અને એમને જો સંભાળવા માટે કહીએ, તો તરત જ અંદરથી અને અંતરથી જ પ્રેરણા મળશે, આ ખોટું છે આ ન થાય, સારું તો નથી, અને આપણે જય મહારાજના થયા પછીથી

આપણાથી થાય ખરું? મારામાં જ બેઠેલા છે, એ અંદર બેઠા બેઠા બધું જ જુવે છે, એટલે આ બાજુ જવાય જ નહીં.

**''શ્વેતધ્વજંમ્ સદ્ગુરુંસંતરામમ્''**

આપ સાક્ષાત્ છો પ્રત્યક્ષ છો અમારામાં જ છો, પણ એટલી દઢતા એટલો દ્રઢ વિશ્વાસ આપણે કેળવવો પડે, કે જય મહારાજ આપણાથી જરાય આઘા છે જ નહીં, મારી જોડે જ છે, મારા રુદિયામાં બેઠેલા છે, એ જ પ્રેરણા આપે છે એટલે મારાથી ખોટું તો થાય જ નહીં. હું જય મહારાજ જે પ્રમાણે કરાવશે એ પ્રમાણે જ કરીશ, પણ પછીથી જય મહારાજે જે આદેશને આજ્ઞા આપે એ પ્રમાણે ચાલવું પડે.

**''ગુરુને વચને રહેજો રે''**

**''ગુરુ વચનનો લોપ કરે તો દેવતા સર્વે કોપે''**

પણ જો અંદર બેઠલા જય મહારાજને અવગણી અને કાર્ય કરો તો બધા જ દેવતાઓ કોપે, જય મહરાજ તો શાંત બેસી રહે, પણ દેવો કોપે, ગુરુ મહારાજનું આવું અપમાન કરે છે? એટલે ક્યાં તો પછી

**''હું ને મારું મૂકી દઈને ગુરુ વચને ઠરજો રે''**

એમના વચનને વળગી રહેવાનું, એ પ્રમાણે જ રહેવાનું. આમ સર્વતો ભાવે સમર્પિત થઇ ગયા પછી એ સત્ય સ્વરૂપ આપણા પોતાનામાં જ છે, અને મારું બધું જ જય મહારાજના ચરણોમાં સમર્પિત છે સોંપી દીધું છે,

**''મન મુકયુ મેં તમ ચરણે રે''**

કેટલો સરસ ભાવ છે, બસ

**''મન મુકયુ મેં તમ ચરણે રે''**

બસ તમારા ચરણે મારું મન મૂકી દીધું છે, એની પાસે જે કામ લેવું હોય તે લો, જે સેવા કરાવડાવી હોય તે સેવા કરાવડાવો, આ આપને સોંપ્યું. સ્વાભાવિક છે, મન જય મહારાજને સોંપ્યા પછી મનની પાસે ખોટું કામ તો કરાવશે જ નહીં, એની પાસે ખોટું કામ થવા જ નહીં દે ને, આ કરવાનું જ નથી, જેમ ઘરમાં આપણે વડીલ હોઇએ અને ઘરમાં જો છોકરા તોફાન કરતા હોય, તો તરત જ કાન પકડીએ, કે એય આમ નથી કરવાનું, એટલે તરત જ છોકરો એ કામ મૂકી દેશે, કે આ ખોટું થાય છે, એમ ભગવાન જો આપણામાં હશે ને તો એ આપણને તરત વારી લેશે કે આ કામ ખોટું છે, જય મહારાજ આપણને પાછા વાળી લેશે, આ કામમાં આગળ ન જવાય, અંદર બેઠા છે મને ના પાડી છે, આ સત્યસંકલ્પ રહેવો જોઇએ. સંતરામ ! અમે આપના જ છીએ, આપના ચરણોમાં બેઠેલા છીએ, અને આપના થઇ જ ચૂકયા છીએ, એટલે અમારે કોઇ ચિંતા નથી. આપ તો અમૃતસ્વરૂપ છો, અને એવા અમે આપના છીએ.

**''વંદે અમૃતં લક્ષ્મણદાસશિષ્યઃ''**

એટલે લક્ષ્મણદાસ શિષ્ય તરીકે અમૃત બની ગયા જય મહારાજના સાન્નિધ્યમાં જેમ ચાસણીની અંદર આબળું નાખીએ, પંદર દિવસ પછી એ મીઠું થઇ જવાનું છે, અને એકલં આંબળું ખાવ જોઇએ, દાંત ખરાબ કરશે, અને ચાસણીની અંદરથી કાઢેલું આંબળું ખાવ જોઇએ, બે-ત્રણ વધારે લેવાની ઇચ્છા થશે, માધુર્ય છે. તો એ છે જ્યારે આપણી જાતને આંબળાની માફક એમાં ડૂબાડી દઇએ, તન-મનથી એમાં ડૂબી જઇએ બસ જય મહારાજ જ મારું સર્વસ્વ છે, વિચારો વ્યવહાર બધું જ એમાંથી ચાલ્યા કરે, એ જ ચાલ્યા કરે, વિચાર એનો એ જ હોય બીજો કોઇ વિચાર ન

આવે, મારા જય મહારાજ આવા છે, મારા જય મહારાજ આવા છે, જય મહારાજના પદો છે, જય મહારાજમાં સ્વરૂપ છે, સતત તમે કાંઇક ને કાંઇક, મન એમાં લગાવેલું સતત રાખો. દિવાળી આવી હોય, મીઠાઇ અને એ બધું કરવાનું હોય, તો ઘરનુ આગળનું કામ આટોપવા માટે, જલ્દી કરો આ કરવાનું છે આ કરવાનું છે, હમણાં બધા વણવા આવશે, લોટ કૂટવાનો છે, એટલે મન આખું દિવાળીમય થઇ ગયું, એવું જ થાય છે ને? ભલે ઘરનું બીજું કાંઇ પણ કામ કરતા હોઇએ, પણ મન જય મહારાજમાં છે હું જય મહારાજનો છું મારા જય મહારાજ છે, હું જય મહારાજના દર્શન કરું છું, હું જય મહારાજની પ્રદક્ષિણા કરું છું, હું જય મહારાજને પગે લાગું છું, પાઠ કરું છું, સેવા કરું છું, આવું સરસ એમનું સ્વરૂપ છે, આવી પંકિતઓ છે, આવું પદમાં કહ્યું છે, એમ જેમ પહેલા મઠીયા મગજમાં રહે તેમ જય મહારાજ જ મગજમાં રહે છેક સુધી, ત્યારે દિવાળી થાય, એમને એમ દિવાળી ન થાય, એમ સતત સ્મરણમાં આપણામાં રહે ને તો જય મહારાજ જ એ જ્ઞાનના દીવા પ્રગટાવી દે, લો દિવાળી આવી ગઇ, આપણા ઘરમાં અંધારું થાય જ નહીં. જેમ દિવાળી વખતે ઘરના આંગણે દીવા પ્રગટાવી દીધા હોય ને પાંચ દસ પંદર, એમ આ બધા જ દીવા થઇ જાય બસ ઘર આંગણે જ, આપણા અંતઃકરણમાં જ દિવાળી થઇ ગઇ. તો એટલા સરસ ભાવો પૂર્વક આપણે આપણા જીવનને ઉજ્વલ કરીએ.

**''સમજ્યા તેણે દિવાળી અને દેવદિવાળી સંગ**
**અંગે એ નવ નોરતાં દશરા દશમે અંગ''**
**''સમજ્યા તેણે દિવાળી અને દેવદિવાળી સંગ''**

જે આ રીતે પોતે સમજ્યો પોતાના જીવનને, જય

મહારાજના સ્વરૂપને સમજ્યો, એના જીવનમાં દશેરા પણ આવી ગયા નવરાત્રી પણ આવી ગઇ દિવાળી અને દેવદિવાળી બધું જ આવી ગયું, તાત્પર્ય એને સદાય આનંદ આનંદ.

**''સદાય આનંદમાં નિજાનંદ સ્વામી સંતરામ સુખદાયક**

**ગુર્જર ખંડમાં મમતા મારી સેન શિલ વ્રત ધારી**

**સદાય આનંદમાં''**

બસ સદાય આનંદમાં, પછીથી બીજો કોઇ સાંસારિક કલેશ સ્પર્શે જ નહીં ને. જય મહારાજ જ અંદર બેઠા હોય, બીજા કોઇને અંદર પેસવા જ ન દે ને. જય મહારાજને એવા બેસાડી દો કે આજુબાજુ કયાંય જગ્યા જ ન રહે, કે બીજું કાંઇ અંદર ના પેસી જાય, બરોબર અડકીને જ, જો બીજો વિચાર પેઠો તો કંઇક ગરબડ આવવાની. બને ત્યાં સુધી જે પણ કાંઇ કાર્ય કરતા હોઇએ, જે પણ કાંઇ પ્રવૃત્તિ કરતા હોઇએ, ધંધો નોકરી રોજગાર એ કરતા જઇએ અને અંદર જય મહારાજને બાજુમાં એવા રાખીએ કે બીજું કશું પણ બેસી ન શકે, પણ સતત રાખવું પડે. હાથ પગ ચાલ્યા કરે અને અંદર મહારાજ બેઠેલા હોય, જય મહારાજ બેઠેલા હોય પછીથી બીજો અંદર પેસતાં જ બીવે કે અંદર બેઠેલા છે, આપણે બહાર જ રહો, જય મહારાજ જોશે અહીંથી નીકળીશું તો, એટલે એને રસ્તો બદલીને જતું રહેવું પડે. એટલે જે વિકૃતિઓ છે, જે પણ કાંઇ દુરાચાર છે એ આપણામાં બેઠેલા જય મહારાજને જોઇને ભાગી જાય, એ બધા જ પાછા ભાગી જાય જય મહારાજનું નામ સાંભળતા જ. તો આવી એક આપણી દૃઢતા શ્રદ્ધા, એ જ આપણને બચાવી શકે છે. જય મહારાજમાં જેટલી નિષ્ટા રાખીશું,

**''શ્વેતધ્વજં સદ્‌ગુરુંસંતરામમ્''**

ધોળી ધજાવાળા મારા ગુરુ મહારાજ, કેટલો આનંદ આવે છે બોલતા, હે ધોળી ધજાના ધણી બાપજી, અંદરથી આમ ઉમકળો ઊઠે. તો આપણે એ શ્વેત ધ્વજમ્ સદ્ગુરુ સંતરામને એટલા ભાવથી એટલા હૃદયથી આપણા પોતાના જીવનમાં જ સાથે બેસાડી દઇએ, બીજું કશું પણ જોવાનું જ ન હોય. જેમ કોઇ કોઇના ઘરની અંદર પતિ-પત્ની તરીકે ગોઠવાઇ જાય એકબીજાની સાથે, પછી એમનો જીવન વ્યવહાર એમાંથી ને એમાંથી ચાલ્યા કરે, જો સારી રીતે અને સચવાઇને ચાલે તો. આપણો જીવન વ્યવહાર પણ એ પ્રમાણે જય મહારાજની સાથે એવો ગોઠવી દેવાય, કે બધું જ એની મેળે ચાલ્યા કરે, એક આ સંભાળે તો બીજુ પેલું સંભાળે, આપણે આપણો વ્યવહાર સંભાળી લઇએ પછી જય મહારાજ આપણું બધું જ આંતરિક સંભાળી લે, તો એ છે

**''શ્વેતધ્વજં સદ્ગુરુંસંતરામમ્''**

મારા જય મહારાજ મારું પરમ સત્ય છે, અને તે પ્રતીક કયું છે? સફેદ શ્વેત સૌમ્ય. તો એ સાત્ત્વિકતાની અંદર જ ગળાબૂડ ડૂબે એ પણ સાત્ત્વિક બનવાનો જ છે. ચાસણીમાં ડૂબેલું તુરૂ ખાટુ આંબળુ ગળ્યું થઇ જવાનું છે, એમ શ્વેત એવા જય મહારાજના સ્વાભાવિક ભાવની અંદર એ આમળાની માફક મધુર થઇ જવાનું છે, એની ખટાશ કે કડવાશ આપોઆપ નીકળી જશે, એનું પ્રારબ્ધ હશે તે પણ એક બાજુ થઇ જશે, કેમ કે જય મહારાજ આપણામાં પધાર્યા છે. જેમ આંબળામાં છેક અંદર સુધી ચાસણી ઘૂસી જાય, છેક અંદર સુધી, કયાંયથી ખાટુ કે તુરું લાગે છે? નહીં, એમ આપણું જીવન પણ, આપણને અંદર સુધી જય મહારાજના ભાવથી એવું જણાય કે કયાંય ખટાશ કે તૂરાશ આપણને પોતાની અંદર ન અનુભવાય, પણ ત્યાં સુધી જવું પડે.

**''તમો ગુરુ વેણ સમજ્યા ભારી**

**તમને ઓળખશે કોઇ બડભાગી**

**તમારા ચરણ કમળ પર જાઉં વારી''**

સમર્પિત થઇ જાઉં આપના ચરણ માં બસ,

**''ધન્ય લક્ષ્મણદાસ''**

કેવી સેવા કરી હશે અને કેવી ઓતપ્રોતતા કેળવી હશે જય મહારાજમાં કે

**''ગુરુ સંતરામ બોલ્યા રીઝી ધન્ય લક્ષ્મણદાસ''**

બાપ દીકરાને કહે કે બેટા ધન્ય છું, તો દિકરાની છાતી કેવી ફૂલે? આમ કહા તૂટી જાય, કહા એટલે સમજો છો? જે દોરીઓ બાંધે છે તે. એ અહંકાર ન આવે, પણ ગર્વથી છાતી ફૂલે, બસ જય મહારાજે મને પૂરેપૂરો અપનાવી લીધો અને પોતાનો બનાવી લીધો. તો એ સદ્‌ગુરુ તરીકે તેમને આપણે આપણા જીવનમાં સ્થાપિત કર્યા એ તો છે જ, પણ આપણે શ્રેષ્ઠ સત્ય તરીકે સ્વીકાર કરી લીધું, કે અમારું પરમ શ્રેષ્ઠ સત્ય આપ છો. પહેલું આપણને સમજાવું જોઇએ કે આપણા માટે પરમ શ્રેષ્ઠ સત્ય છે ખરું ? પછી એને સ્વીકારવું પડે, પછી એને પ્રસ્થાપિત કરવૂં પડે, કે પૂરેપૂરી રીતે મારા જય મહારાજ સદ્‌ગુરુ છે, અને અમારા સૌની ઉપર,

**''પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

જેમ સિકકો વાગી ગયો અને એની ઉપર મહોર વાગી ગઇ, એમ અમારા ઉપર જય મહારાજના ચરણ રજની મહોર વાગી ગઇ છે, હવે અમે તો, અરે આ તો મંદિરના છે, આ શિષ્યો મંદિરના છે. તો એમ જય મહારાજના થવા માટે આપણે પોતે પણ

એ સત્ય સ્વરૂપનો સ્વીકાર કરવો પડે, એ પરમ મારામાં છે અને એ પરમ સત્ય જય મહારાજ એ મારું પોતાનું જ છે, અને એ પરમ સત્ય જય મહારાજનો હું છું.

**''શ્વેતધ્વજં સદ્ગુરુંસંતરામમ્''**

એ કોણ? તો સંતરામ મહારાજ, જય મહારાજ. તો આ શ્લોકના એક એક શબ્દની અંદર જે આપણને લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજના સ્વરૂપના દર્શન કરાવ્યા, એ આપણે અત્યારે દર્શન કર્યા. તો આનંદ એ વાતનો થાય કે જય મહારાજની આવી ઊંચી સ્થિતિ, આવી અવસ્થા એ આપણને લઇ જાય, અને જય મહારાજનું સ્વરૂપ આપણા પોતાનામાં પણ આવી જાય, એવા ભાવથી આપણે જય મહારાજને ભજીએ તો અવશ્ય આપણે જય મહારાજના બની શકીએ, જય મહારાજ આપણા થઇ જાય.

**''શ્વેતધ્વજમ સદ્ગુરુંસંતરામ્**
**પાદાબ્જયો રેણુભિરંકિતોહમ્''**

|| જય મહારાજ ||

|| જય મહારાજ ||

# પૂ. રામદાસજી મહારાજ દ્વારા લિખિત અન્ય પુસ્તકો

(૧) પદ પંક્તિ રસાસ્વાદ

(૨) પ્રાતઃ સ્મરણ (જય મહારાજની અપરોક્ષાનુભૂતિ)

(૩) પરાધીન સપનેય સુખ નહીં.

(૪) શિવ સ્મરણ

(૫) જીવન ચિંતન

(૬) રામ મસ્તી

(૭) શ્રી સંતરામ સૌરભ (ભાગ – ૧ થી ૧૬)